જવાબુલ - જવાબ

આ " જવાબુલ – જવાબ " ખાસ

અતબાએ મલક વકીલ માટે છે.

જવાબુલ – જવાબ

જવાબુલ-જવાબ

તસનીફ મીન-જાનીબ વલીયુઝ-ઝમાન સાહેબના અદના મમલુકો

મોહમ્મદ જાફર ઇસાભાઈ તપયા
તૈયબજી અબદુલહુસેન રેશમવાલા
અમીરૂદ્દીન સીરાજુદ્દીન વાસી
તૈયબી અલીભાઈ અમીરૂદ્દીન
અમીર રીદાઅલી વારાવાલા

આવૃત્તી પહેલી

હીંદ પ્રીંટીંગ વર્કસ, ગીરગામ, મુંબઇ.

કીંમત રૂ. ૧-૪-૦

મુદ્રક અને પ્રકાશક :

જયવંત મોરેશ્વર માહીમકર, બી. એ.

હિંદ પ્રિંટીંગ વર્ક્સ, રાજબાગ સ્ટેટ, ગિરગામ, મુંબઈ.

બી. ર. મો. સા.

હમ્દો સના

તમામ હમ્દ અને વખાણ વોહ ગૈબુલગુયૂબ ખુદા કાદિરે મુટલક વાસ્તે કે બનાયા આફાકો અફલાક ને બીછાયા ઝમીનોના વિસ્તારને; પછી મુકર્રર કીધા સુરજ અને ચંદ્રમા અને સિતારાઓ અને મખસૂસ ફરમાયા તેમાંહી પોતીકા અસરાતને; પછી રવાં ફરમાવી તેની રફતાર અને મોહય્યા કીધા મનફઆતને કે મુકમ્મિલ થઇ કારરવાઇ ઝમીનોની નશાઅત વાસ્તે.

પછી વરસાયુ પાણી કે જારી રહ્યું તે પાણી અન્હારો ચશ્માઓની સૂરતમાંહી, મગર જમ્આ થયું તે પાણી દરિયાઓ તાલાબના મજમુઆમાં; પછી મીઠું રહ્યું પાણી અને ખારૂં થયું પાણી; પછી ખેચ્યું તેને વાદલોમાંહી–ફીરાયુ ચકરાવામાંહી–અને વરસાયુ બારીશની સૂરતમાં, ઝમીનોની નશોનુમા વાસ્તે.

પછી જારી થયું દોહરાન આ આફાકો અફલાક અને ઝમીનોના દરમિયાનમાં; પછી નીગાહમાં આયા અજરામો અજસામ, મગર ગૈબ રહી કુવ્વત કે ફીરાયુ આ દોહરાનને. પછી મૌજુદા છે અજરામો અજસામ અને મૌજુદા છે ગૈબી કુવ્વત કે સબબ બને છે આ દવ્વારને ફીરવાનો.

પછી આકારમાં છે કે આવે છે નિગાહમાં; મગર ગૈબ છે કે બખ્શી તેયે હયને; પછી નહિ આવે તે નિગાહમાં ; પછી નિરંજન છે તે અને નિરાકાર છે તે.

પછી એક છે મુકય્યદ છે કસીફ આકારમાં, પછી દેખે છે તેને કસીફ આંખો. પછી બીજી છે કે નથી કૈદ આકારમાં પછી લટીફ છે તે કે ઓળખે છે તેને લટીફ સમજ. પછી કસીફ છે કે દેખાય છે, અને લટીફ છે કે સમજાય છે.

પછી હતું અસલ કે ગીરો તેનો છાયો. પછી દેખવું છે આકારનું, મગર માઅરેફત છે નિરાકારની. પછી અસલ છે સાહેબે હિદાયત અને નિરાકાર છે હિદાયતનો મફહૂમ; પછી ગીરો તેનો છાયો ઈબાદતોની અમસાલ અને અજરામો અજસામની પરસ્તીશમાં.

પછી આફતાબો કમર અને સિતારાના માનીંદ આ હાદીઓ હુદાત છે કે રોશન થયા ઝમીરો ઉપર પોતીકા જૂદા એહસાનસી. પછી મખસૂસ ફરમાયુ હીદાયતનું નૂર ઝમીરો વાસ્તે, કે મુખાટિબ થઈ; મગર વાકેઅ થઈ ઝમીરો અંધકારમાં કે ના મુખાટિબ થઈ તે ઝમીરો અને ખડી કીધી દરમિયાનમાં કોઈ આડને.

અને ફાયદો બખ્શો વોહ બુલંદ હસ્તીઓયે ખાલિસ ઝમીરોને કે ખુઝૂ કીધું અને કબુલ કીધા આપના લટીફો અકદસ અસરાતને.

પછી મોહય્યા થયું હિદાયતે પાકનું પાણી ખાસો આમ વાસ્તે—જમ્હૂરના જમ્આ થાવા પર, મગર જારી છે અને રવાં છે પાણી કે વેહેણુ છે તેની હિદાયતોના સિલસિલામાંસી પછી ખુશ થયું તે પાણી કે વહે છે તે અને બાકી છે તેની વેહેણુ; મગર કૈદ થયું પાણી કે જસીમ છે તેનો જથ્થો, મગર મુનકતેઅ થયો સિલસિલો. પછી તમસીલ છે તે ઈલ્મની કે બીના થઇ લુગતી જુમલાઓમાંહી, મગર દમી ગયું તે ઇલ્મ કિતાબોના મજમુઆમાં, કે નથી હવે બાકી તેના વાસ્તે તેના બાનીનું ફૈઝ અને નથી રવાં તાઈદે રબ્બાનીની વેહેણુ.

પછી ખાલીસ રહી હિદાયત ખાલીસ ઝમીરોમાંહી મીઠા પાણીની મિસલ, મગર તબદીલ કીધી હવસની ખુદદારીએ તેની તાસીરે ખૈરને.

પછી જારી છે દોહરાન હિદાયતોના ફૈઝનું સતર અને ઝુહૂરના ચકરાવામાંહી–મોસમે બારીશ અને ધુપકાળાની મીસલ. પછી નશોનુમા થઇ ઝમીરોની કે ખાલીસ થઇ અને ખુઝૂ કીધું; પછી પૈદા થયો મઆદ્દો જઝબીય્યતનો, કે ઉતરી તેમાં હિદાયત.

પછી લાએક છે અપને કે કુરબાન થઈએ વોહ પાક હસ્તીઓ ઉપર અને ગાળીએ અપની ઝાતને તે મોહસિનોની સિફતો સનામાંહી કે રવાં ફરમાયુ આ આલમ ઉપર–ફકત આપના એહસાનસી—આપની દિલનવાઝીને અને ગનીપણાને, આપની મેહરો મયા અને ફય્યાઝીને.

પછી જારી છે હિદાયતનો સિલસિલો ફતરતના બઆદ, સતરના ગિલાફમાં, અને શુરૂઅ થયો તે ઝમાન અપના સાબિરો શરીઅ મોહસીનો મુસફરી મૌલાના આદમ અ૦સ૦સી. પછી રવાં છે તે ચશ્મો આપના વસી અને અઇમ્મતુલ અટહારમાં.

પછી થયા એકના બઆદ એક અંબીયાએ પાક અને અવસીયાએ ફૈઝ–બખ્શ અને જારી છે હિદાયતની નેહેર તે સાહેબોના ઝાહેર થાવા પર અને પોતાના મા-કબલ સાહેબની હકીકતને પોશીદા કરવા પર પોતાની ખુશીના ગિલાફમાંહી.

પછી ચલો સિલસિલો હર અંબીયા અવસીયાના દૌરમાં આપના આઇમ્મતોમાં–આપની પાક ઝુરરિયતસી–વોહ હિદાયતના મફહૂમે પાકની પેશ-કદમી કરવા પર, મગર ઝમાનાના ગીલાફમાંહી, તાકે પહોંચ્યો ઝમાન દૌરૂસ સતરના ખાતેમુન નબીય્યીન મૌલાના મોહમ્મદ સ૦અ૦ ના ટુલૂઅ તક.

પછી અજબ ખુશબખ્તી અપની કે ઇશતિયાક થયો અપને સલાતો સલામ પઢવા પર–તેના હકીકી મફહુમમાં–વોહ મુનવ્વરો મુકદદસ હસ્તીઓ ઉપર. પછી વઝીફા હોજો અપના સલાતો સલામના તેના નિહાયતો અસ્લીયતમાંહી કે એહતેમાલ ફરમાયુ તે મોહસિનોયે

બેહિસાબ દુનિયાની મુશકિલો ઉપર અને દુશમનોને દિનની અઝિય્યત ઉપર–પોતીકા ફઝલો કરમ અને એહસાનના સબબ–તાકે જારી છે અને બાકી છે વોહ હિદાયતના ફૈઝ આજના દિન તક.

પછી વઝીફા હોજો અપના સલાતો સલામના તેના નિહાયતો હકીકતમાંહી વોહ મોહમ્મદનિલ મુસતફા ઉપર અને આપને ઇમદાદના પહોંચાવનાર આપના ભાઈ અલીયુલ–મુરટઝા ઉપર, કે પહોંચી ખુશ-ખબરી મુખલેસુનને કે : આવી ગયા કાએમુલ–કિયામા આપના સાથમાંહી, અને બાકી રહ્યો ઇંતિઝાર મુનતઝિર વાસ્તે કે આવશે તે સાહેબ આવનાર ઝમાનમાં.

પછી વઝીફા હોજો અપના સલાતો અલામના તેના નિહાયતો અસ્લીયતમાંહી વોહ પંજતને પાક ઉપર કે તહમ્મુલ ફરમાયુ આપયે ઝમાનાની સખ્તી અને બેહુરમતી પર, તાકે ફૈઝેયાબ થાય મુખલેસુન આપની જૂદો સખાની ફય્યાઝી વદલિક ફૈઝે બાકીય્યાના ફૈઝસી. પછી સઆદતમંદ થયો ઝમાન વોહ બુઝુર્ગો બુલંદ હસ્તીઓના જમ્આ થાવા પર, અને બની હૈકલ નૂરની.

અને વઝીફા હોજો અપના સલાતો સલામના તેના નિહાયતો હકીકતમાંહી વોહ પાક ઝુરરિયતના અઇમ્મતો ઉપર કે લઇને ચલા અપના આબાઓ અજદાદના અમરે ઇલાહીને, તાકે જારી રહે હર ઝમાનમાં વોહ હિદાયતે પાકનો ચશ્મો અને પહોંચે તેનું ફૈઝ મુસતહિક ઝમીર તક.

અને વઝીફા હોજો અપના સલાતો સલામના તેના નિહાયતો અસ્લીયતમાંહી વોહ મોહસીનો મુકર્રમ હસ્તીઓ ઉપર કે ઝાહેર થયા આપ એક ઝમાનમાં કે થયું સતર—ઝમાનાની મુનાસેબત ઉપર—ઇમામે નૈયબ અ૦સ૦ નું. પછી ઇખત્યાર ફરમાયા વોહ પાક હસ્તી-ઓયે દોઆતુલ-મુટલકીનના ખિદ્અતને; પછી જારી રહ્યો હિદાયતનો

ચશ્મો—આપના મેહરો અલ્ટાફસી—તાકે સૈરાબ થયા મુસતહિકૂન ફૈઝે બાકિય્યાના ફૈઝસી.

પછી વઝીફા હોજો અપના સલાતો સલામના તેના નિહાયતો હકીકતમાંહી વોહ મોહસિનો મુશફીક મુમલ્લેકીન સાહેબો ઉપર પછી હુરમતવંતી પાક હસ્તીઓ છે આપ અને સતરના હૈબતો જલાલમાં છે આપ; પછી લઇ ચલા અમરે ઇલાહીને—સબરો તહમ્મુલના સાથ, અપના એહસાનો કરમસી—મલક અને મુટલકીનના દરમિયાનમાંહી.

પછી હઝારહા શુક્રના સજદાત વોહ ખુદા જલ્લા-જલાલહૂની આલી જનાબમાં અને હઝારહા તહીય્યાતો તસ્લીમાત વોહ મલક સિફાત મોહસીનો મુકદ્દસ મલક શેહેનશાહની જનાબે અકદસમાં, કે તશરીફ ફરમાવે છે આપ ગૈબતમાંસી બશારત દેવા વાસ્તે પછી મુકમ્મિલ થઇ કારરવાઇ અને ફરમાવી બશારત આપયે. પછી પહોંચી ખુશ-ખબરી મુખલેસૂનને અને મુસતહિકૂનને. પછી તશરીફ ફરમાવી ગયા આપ ગૈબતમાં, અને હતી બશારત વકીલની.

પછી હતી વોહ હસ્તી વાલિદે કાએમની અને હતી વોહ હસ્તી હુજ્જતે કાએમની; પછી હતી વોહ હસ્તી અઝીમુશ-શાનની. પછી મબઉસ ફરમાયુ આપયે તને તન્હાની હાલતમાંહી અને હતો મુકાબલો અઝદાદોની એક હૌલનાક જમ્આતનો; પછી હતા આપ કરીમો રહીમ અને હતા આપ કાદિરો મુટલક; પછી તહમ્મુલ ફરમાયુ આપયે અઝીય્યત ઉપર અને ગાલિબ રહી આપની કુદરત.

પછી તમામ કરવો કે એક ઝમાન અને શુરૂઅ કરવો છે એક ઝમાન. પછી મીટાવુ છે અમસાલને અને કશ્ફ કરવું છે અસલને. પછી દૂર કરવા છે આકાર અને મોહકમ કરવું છે નિરાકાર. પછી મીટાવી છે જસામત અને કાએમ કરવી છે લટાફત. પછી લઇ જાવુ છે પસ્તીસી બુલંદીની તરફ કે શુરૂઅ થાસે ઝમાન રબના વલીનો. પછી

બશારત ફરમાવી આપયે વકીલની કે થાસે તે કારરવાઇ આપની યારી અને એહસાનસી અને આપના ફઝલો કરમ અને રેહમત વદલિક.

પછી વઝીફા હોજો અપના સલાતો સલામના તેના નિહાયતો હકીકતમાંહી વોહ મોહસીનો મુશરીક મૌલાનલ મુકદદસ વકીલ સાહેબ ઉપર કે તશરીફ લઈ આયા આપ કુલની સિફાતમાંહી. પછી કાએમુલ-કિયામા છે આપ અને 'અના'ના કહેનાર છે આપ અને વોહ બુઝુર્ગો બુલંદ હસ્તી છે આપ કે બુલંદ ફરમાવનાર છે એક મુબારક આવાઝને આપના નૂરે-હકને પહોંચાવવા વાસ્તે—વોહ હાલતમાંહી કે તને તન્હા છે આપ, અને મુકાબલો છે સામને એક બોફો ખતરનાક મજમાઅનો કે જારી છે તેની અઝિય્યત અને ચોમેર છે એક ઘટા મેહનતો બલાની.

પછી કહાં છે હોસલો અને કહાં છે કુદરત સિવાયે ઈન્ની અનર-રબના કહેનારની કે કાએમ થાય છે આપ આપનીજ રબ્બાની કુવ્વત વદલિક—વોહ બશારતે હકની તસ્દીકમાંહી. પછી મુંસાહેબત થઈ આપને આપના મુખલેસૂન ભાઈઓની. પછી હિજરત ફરમાવી આપયે અને તશરીફ લઇ આયા આપ એક મુનવ્વરે પાક આલમમાંહી, કે ઈબ્તિદાઅ થઈ કારરવાઇ કશ્ફના ઝમાનની.

પછી વઝીફા હોજો અપના સલાતો સલામના તેના નિહાયતો અસ્લીયતમાંહી વોહ અઝમતો હશમતની બુઝુર્ગ હસ્તીઓ ઉપર કે તહમ્મુલ ફરમાયુ તે હસ્તીઓયે એક ઝમાનએ ટુલ તક—પોતીકા જૂદો એહસાન અને રેહમતના ઈફિરાતસી–ઝમાનાના મુસીરપણા ઉપર અને તેની તકબ્બુરી અને એહસાન–ફરામોશી ઉપર, તાકે જારી રહે અને બાકી રહે, બસ, નૂરે હકનો સિલસિલો; પછી મુબારક હતી તે હસ્તીઓ, કાદિરો મુટલક હતી તે હસ્તીઓ; પછી જમ્આ થઈ તે હસ્તીઓ, કે બની હૈકલ નૂરની.

પછી હતી તે હસ્તીઓ અપના મોહસિનો મુશરીક બુઝુર્ગ શેહેનશાહ સાહેબોની, કે હતી તે હસ્તીઓ ખુદ પાક હતી, ખુદ સાફ

હતી, અને ઇતમિનાનો ઇસતિકલાલના આલમમાં હતી, પછી નહોતી ઝરૂરત અપના આપના વાસ્તે, કે અખત્યાર ફરમાવે તે સાહેબો બસર કરી લેવું પોતીકા ઝિંદગીઓના અય્યામને, સાબેરીન અને મઝલૂમોનની હાલતમાંહી. મગર, બસ, એક એહસાનનો સબબ હતો, કે તૈયાર થયા તે સાહેબો—માલિકો મુખ્તાર હોતાના હાલે—નમવા અને ખમવા ઉપર, તાકે, છૂટે છૂટનાર તેના કસાફતોના બંદસી અને અખત્યાર કરી લે રાહને, ચલવા ઉપર, તે છુડાવનાર સાહેબોના નકશે કદમ ઉપર, કે ચઢે વોહ મોહસિનોના એહસાનસી, લટાફતની તરફ, અપની કસાફતોસી છૂટીને, અને બકાની તરફ, ફનાઇયતસી છૂટીને.

પછી શુરૂઅસી દેખાએ, કે અર્પણ કરી દીધું તે મુકદ્દસ હસ્તીઓયે પોતાની કુલ અશ્યાઓને—આપની મબલગ દૌલતને અને ઇઝઝતને, આપની આઅલા સોસાએટી અને ખાનદાનની રિશ્તેદારીને અને આપના શાહી અસ્બાબ અને કારોબારને, બસ, પોતાના રબની ખુશીની રાહમાંહી, અને ગાળી પોતાની ઝાતે પાકને બસ, પોતાના રબની ખુશીની ઇતાઅતમાંહી, વોહ હાલતમાં, કે ખમતા રહ્યા, વોહ એક માહોલમાં, કે ચોમેર હતી અઝદાદોની અઝિય્યત અને તે સઘળાની તમાઅ, મગર નમતા રહ્યા આપ પોતાના માઅબૂદનીજ ખુશીને અને તે માઅબૂદની કારરવાઇને.

પછી તમામ થયે એક અરસો, પછી હિજરત ફરમાવી આપયે પોતીકા માઅબૂદે હકીકીની કારરવાઇની ઇસ્બાતમાંહી, વોહ હાલતમાં, કે પહોંચી ગઇ તેની ઇનતિહાને ઝમાનાની સખ્તી, મગર વહોરી લીધી તે સખ્તીને વોહ એહસાનના સાહેબોયે, બસ, આપના જૂદો એહસાન, અને લુટ્ફો કરમનાજ સબબ, નશાઅતના સાથ અને શજાઅતના સાથ, તાકે મુશ્કિલ કુશાઇ થાય ટાલેબૂનની, કે મુશ્કિલમાં હતા સઘળા અને ઝુલ્મતમાં હતા સઘળા—દૂર થઇ જાવાના સબબ અને બેખબર થઇ જાવાના સબબ, તે નૂરે હકની રેહમતસી અને તેની રોશન રેહનુમાઇસી.

પછી હતી તે હસ્તીઓ કુદરતો કરામતવંતી હસ્તીઓ, કે ખંખેરી નાખુ એક માહોલને તેના રૂહના પરવાઝ કરી જાવા પર, અને હિજરત ફરમાવી એક તનહાઈની હાલતમાં, બસ, પોતાની રબ્બાની કુવ્વત ઉપર, ગરચે ફરમાંબરદાર હતા આ દવ્વારે અફલાકના હર કુદરતો કાનૂનના કારોબાર આપના એક ચાહવાને. મગર હતા તે સાહેબો રેહમતુન-લીલ-આલમીન હતા, પછી એક મઝલૂમિયતની હાલતમાંહી લાઝિમ રહ્યા આપ પોતીકા ઇખત્યારિયતના કમાલને, અને મૂકા હર કોઇને, જેને તેના અખત્યાર પર, મગર રહ્યા આપ ખુદ પોતાની ઝાતે મુબારકસી ખાલિસ રહ્યા અને નિરાળા રહ્યા, કે ના કબૂલ ફરમાવી આપયે કોઇબી ઇમિદાદને કે પેશ કીધી તેને આપના ચાહનારાઓયે— આપની નેક નિય્યતી અને સાફગોઇના કદરદાનોયે.

મગર, તાહમબી, હમેશા આપ ઉદાવતાજ રહ્યા આપની હુજ્જતને અને જતાવતા રહ્યા આપના હકને, તાકે ઇમિકાન થાય તમીઝ કરવું હર ઝમાનમાં, હર આરેફીનના નઝદીક, એક નાહક અને હકના દરમિયાનમાંહી.

પછી નહોતી ઝાહેરમાં કોઇ માલ અને મિલકત અને દુનિયવી કોઇ અસ્બાબ આપના સાથમાંહી, સિવાયે લિબાસ—આપના જીસ્મ મુબારક ઉપર—અને નહોતો કોઇ સાથ યા સંગાથ, આપની સફરમાંહી, સિવાયે કે ખુદ તે સઘળા મુખલેસૂન અને ઇસ્મતવંતા ભાઇઓનો અને તે શેહેનશાહ સાહેબોના એહલે-બૈતનો.

પછી ઘટા ઘનઘોર છાઈ મુશ્કિલાતની, કે જુરઅત કીધી ઝમાનાયે અને આઝમાયા તેના ફનાના ઓઝારોને. પછી મુકાબલો થયો તે પાક હસ્તીઓને ઇફલાસ અને તંગીનો, મઆશની તદબીરની તકાલીફનો, બીમારીઓ અને દર્દો રંજનો, અઝદાદોની અઝિય્યત, મુનાફિકોની મુનાફેક્ત, રિશ્તેદારોની દૂરી અને દુનિયાદારોની નફરતનો.

મગર મુતમઇન અને ખુશો ખુર્રમ રહ્યા તે સાહેબો પોતે પોતાની ચીઝ ઉપર, અને નઝર ના આયો એક સલ વોહ મુબારકો મુનવ્વર પૈશાનીઓ પર. પછી દરાઝ થયો તે સબરનો ઝમાન, મગર મુતમઇન રહ્યા અને સાબેરીન રહ્યા વોહ બુઝુર્ગીના સાહેબો, વોહ બુલંદીના સાહેબો, તાકે ગુઝરે તે અરસો, ના કે એક ઝિંદગીના અય્યામ તક, મગર ઝિંદગીઓના અય્યામ તક.

મગર કોરા અને કંચન હતા વોહ ઝાતો પાક વોહ આઅલી સિફાતના સાહેબો, અને કોરા અને કંચન રહ્યા આપ હર મુસાએબટના મુકાબલામાં. પછી મુતમઇન રહ્યા વોહ કાદિરો મુટલક સાહેબો પોતે પોતાના માઅબૂદે હકીકીની શુક્રગુઝારીમાં અને પૂરા કીધા આપની મુબારક ઝિંદગીઓનાં અય્યામને તે માઅબૂદનીજ હમ્દો સનામાંહી.

પછીં નથી અપની મકદૂર અને નથી અપની મિકદાર કે શુક્રગુઝાર થઇ શકીએ વોહ બુઝુર્ગો બુલંદ, અઝમતો હશમતની પાક હસ્તીઓની જનાબે આઅલીમાં, યા શુમાર થઇ શકે એક ઝર્રાહનીબી મિકદારમાં વોહ મોહસિનોના એહસાનોના નિહાયતમાંહી. પછી બસ, ઝુકીએ અપને અપની વાજેબાતમાં, સુજૂદો સલામમાં, હઝારહા સુજૂદો સલામમાં—પછી બસ, હોજો તે નિરાકાર અને નિરંજન અને હકીકત અને અસ્લીયતમાંહીજ ઝુકવાના હરએક અપની કોશિશના કસ્દમાંહી હોજો.

પછી વઝીફા હોજો અપના સલાતો સલામના તેના નિહાયતો હકીકતમાંહી આ દૌરે કશ્ફના ઔલીયાયે પાક ઉપર કે બુઝુર્ગી અને બુલંદીના અસ્હાબો છે આપ પછી જારીના રાખનાર છે આપ વલીયુરરબની આલને—કે જે અટહારો કિરામ છે—અને કાએમના કરનાર છે નૂરે-હકના જલવાને વોહ રોશન આફતાબના માનીંદ કે ફરાર થાય છે રાતની ઝુલ્મત તેના ટુલૂઅ થાવા પહેલા, પછી ફેલે છે રોશની અને જારી થાય છે તપિશ હર દમ-બ-દમ, તેના ટુલૂઅ થાવા પર.

પછી હુમાયૂનો હારૂનો હાકીમ છે આપ અને અઝમતો હશમતની હસ્તીઓ છે આપ—આ દૌરે કાએમના. પછી અસ્હાબો છે આપ રોઝે હશરના અને માલિકો મૌલા છે જઝાના અને સઝાના; પછી તોડનાર છે આપ અસ્નામોને કે કાએમ થયા સતરમાંહી; પછી કહહારો જબ્બાર છે ઝાલેમીનના વાસ્તે; પછી એજ મિસલ છે આપ મુસતહિકૂનના વાસ્તે, કે છૂટવું છે તેને બુરી અવાદતસી; પછી આદત થઇ અનસત અને અનસત બની તબીઅત; પછી ગુઝરે છે છૂટવું તબીઅતના ખિલાફ અને મેહસૂસ થાય છે છુડાવનાર સાહેબ કહહારો જબ્બાર મેહસૂસ થાય છે.

પછી તે એક હાલત છે; પછી બાકી રહેશે હાલત, જો બાકી રહેશે તબીઅત; મગર બુલંદી પાસે તે હાલતસી જો છુટશે તે તબીઅતસી. પછી થયું ઇસ્કાન કે : ના, કરીમો રહીમ છે તે પાક હસ્તીઓ કે રવાં ફરમાવી કારરવાઇને અને છુડાવનાર છે એક આલમને ઝાલેમીનના ઝુલ્મસી, અને છુડાવનાર છે તે આલમને નફસની ઝુલ્મતસી—આપની રેહમતો સખા વદલીક. પછી બખ્શનાર છે મુસતહિકૂનને એક આબે-બકાનો ચશ્મો—આપની પાક ઝુરરીયતસી—આપના જૂદો ફય્યાઝીના સબબ. પછી હોજો અપના સુજૂદો સલામ, હઝારહા સુજૂદો સલામ તે મુબારક હસ્તીઓની જનાબે અકદસમાંહી.

પછી વઝીફા હોજો અપના સલાતો સલામના તેના નિહાયતો હકીકતમાંહી અપના હાઝીરો મૌજુદ મોહસિનો મુશફીક મૌલાનલ મુકદદસ રઝઝાક સાહેબ ઉપર કે જલવનુમા છે આપ વલીયુર-રબની મસનેદ મુનવ્વર ઉપર. પછી હાવી છે આપ અમરે ઇલાહીના અને માલીકો મુખ્તાર છે હિદાયતે રૂહાનીના. પછી જારી છે તે નેહેર અને ફૈઝેયાબ છે ફૈઝે બાકીય્યાના ફૈઝસી; પછી કદીમ છે તે ફૈઝ અને હૈબતો જલાલ છે અને બુઝુર્ગી છે તેના વાસ્તે તેની કદામતસી. પછી નસબ છે તે વોહ પાક નિસ્બતસી.

પછી અજબ ખુશબખ્તી આ રોઝે રોશનમાં કે ફેલસે રોશની દરજા-બ દરજા અને કવી થાસે તપિશ અને એહની તાસીર.

પછી ગની છે આપ, સખી છે આપ; પછી રેહમતુનલિલ-આલમિન છે આપ, કે ભરસે ઝોલી મોહતાજોની—કે ખાલી છે તે ખુદીસી ને થાસે તે મુખાતીબ ખુઝૂઅની હાલતમાંહી; પછી રોશન થાસે શફ્ફાફના થાનાર અને નવાઝિશ પાસે ખાલીસના થાનાર; પછી જમ્આ થાસે હરએક તે કોશિશમાંહી.

પછી મજમુઆ છે મુખતલીફ, મગર કારાગીર છે કુદરતના સાહેબ; પછી કરીમ છે આપ, રહીમ છે આપ, મોહતમિલ છે આપ, હલીમ છે આપ, પછી જોડશે પુરઝાઓને એક સુરતમાંહી. પછી બની સુરત કાએમી.

પછી અજબ સઆદત વોહ ટિફ્લની કે પાય છે પરવરી રૂહાની પછી લટીફ છે ગીઝા અને લટીફ છે તરબીયત; પછી લટીફ છે કારાગીરી તેના ઇખ્તયાર ઉપર. પછી કવી થઇ નફસાનીયત કે ઉભારવામાં આવી ખ્વાહિશાત—મગર સાયો છે સર પર વલિયે માઅસુમનો; પછી ગાલિબ છે આપનો અમર અને ગાલિબ છે આપની કારરવાઇ; પછી કાદિર છે આપ, કરામતના સાહેબ છે આપ, અને રવાં છે આપનું ફૈઝ આપના ઇખત્યારિયતના કમાલસી.

પછી વાજીબ છે મોહતાજને કે મીટાવે તે ખુદીને અને રૂજુઅ થાય તે ગની ઇબ્ને ગનીના દરબારે અલીયામાં અને ટલબ કરે તે યારી અને કુવ્વતને. પછી જારી છે ફૈઝ હર વખ્ત અને હરઘડી વોહ ચશ્મએ ફય્યાઝસી કે વહે છે ઇફરાત—નથી તેનો શુમાર અને નથી કોઇ કિનાર. પછી સખી ઇબ્ને સખી છે આપ અને બિસ્યાર છે આપનો ખઝાનો. પછી બખ્શે છે આપ વોહ જૌહરે લટીફને અને નેઅમતે બાકિય્યાને કે ફરમાવે છે માલામાલ મુસતહિક મોહતાજોને.

પછી સુજૂદો સલામ છે—તેના નિહાયતો અસ્લીયતની અદના કોશીશમાંહી વોહ માલિકે કૌનો મકાનની જનાબે અકદસમાંહી—હઝારહા આ મોહતાજોના, હઝારહા આ મમલૂકોના સુજૂદો સલામ છે.

ફેહરીસ્ત

	પાનુ
હુમ્દો સના	(v)
સેહતનામુ	(xix)
દીબાચો	૧
ખીતાબ	૩
જવાબ	૧૩
જવાબુલ-જવાબ	૨૫-૧૫૬
શુરૂઅમાં	૨૫
"પાછા વલવુ"	૨૬
તાઅરીફ	૩૧
શીર્ક	૩૩
નીય્યત	૪૮
કીસ્સએ આદમ	૫૧
માઝીની દલાલત	૫૩
યારીના દેનાર	૫૫
હકની તલાશ	૫૯
એહેલ	૭૨
હકીકતન	૭૫
મુતલકીનનો સીલસીલો	૭૭
મુશકીલ કુશાઇ...	૮૦
કારરવાઇ	૮૧

શાનો શૌકત ૯૦
ઝફરયાબી ૯૨
મોઅલ્લીમની ફર્ઝ ૯૪
શરીઅતે ઝાહેરા ૧૦૦
આમાલનામા ૧૧૪
નેમ ૧૨૭
વુરૂદે કીતાબ એહમદઅલી ઇબ્ને વલીભાઇ—વ જવાબેહા ૧૩૨
"નાસી પાસી" ૧૫૦
કશ્ફી કારરવાઇ... ... ... ૧૫૪
આખીરમાં ૧૫૬
શુક્રગુઝારી અને આરઝુ **૧૫૭**
ઇઝાફો ૧૭૧

એક અરઝ

સઘળા વાંચક ભાઇઓની ખીદમતમાં અરઝ છે કે આ મઝમૂને કિતાબમાં કોઈ તરેહની લફઝી યા માઅનવી ખતા પ્રગટ કરવામાં થઈ હોય અને તે ઉપર જે સાહેબ આગાહ થાય, તો તેને નઝરે ઇસ્લાહસી સાફ કરે.

સેહતનામું

પાનુ	લાઈન	ગલત	સહી
૩૨	૧૦	નજાસતમાં	નજાસતના
૩૬	૧૬	કરીસે	કીધું છે
૩૭	૧૧	મગર સમજવાની	મગર તે સમજવાની
૩૯	૨	બોહયાઇ	બેહયાઇ
૪૦	૧૪	ઘોરી	ઘોરીવાલા
૪૧	૫	યારે	ચારે
૪૫	૭	સરઝારી	સરકારી
૪૫	૮	ગચેલા	ગયેલા
૪૬	૭	બઠવા	બઢવા
૫૨	૭	ખદાનાઓસી	ખદાનસી
૫૩	૮	મઝીમાં	માઝીમાં
૫૩	૧૪	મુખતી	મુખથી
૬૨	૪	હઝામાંહી	હઝારમાંહી
૬૩	૧૧	ચાઅને	યાઅને
૭૮	૨	સતારમાં	સતરમાં
૮૫	૧	હાજી	હજી
૮૬	૮	સુરતુ – તહરીમ	સુરત્તહરીમ
૮૬	૯	સુરતુત્તહરીમમાં છે કે	છે કે
૯૧	૨	વાલીયુઝ–ઝમાન	વલીયુઝ–ઝમાન
૯૧	૧૫	તશતે ઈઝબામ	ટશત અઝ બામ
૯૩	૧૨	આશ્યાઓને	અશ્યાઓને
૧૦૧	૧૧	બેલાવસે	બોલાવસે

પાનુ	લાઈન	ગલત	સહી
૧૦૨	૪	તારો	તારી
૧૦૭	૫	મલેકતના	મમલેકતના
૧૦૭	૮	મલીક	માલિક
૧૧૪	૨	ઝમાનકુ ન–ફયકુનનો	ઝમાન કુન-ફયકુનનો
૧૨૧	૨૭	મુકરર્ર	મુકર્રર
૧૨૨	૧૨	દાઅઓ	દાઅવો
૧૨૩	૧૦	દાઅઓ	દાઅવો
૧૨૫	૩	કરાવાની	કરવાની
૧૨૬	૪	ફાઝલ	ફાઝિલ
૧૩૦	૩	ઉવર	ઉપર
૧૩૧	૫	થોડકા	થોડાક
૧૩૪	૧૮	રજીસ્ટના	રજીસ્ટરના
૧૩૫	૮	પલ	પર
૧૩૫	૧૧	ખોફે	ખોફ
૧૩૬	૧૪	જવારે	જીવારે
૧૩૭	૧૮	દર	દૂર
૧૪૩	૯	ધરબારને	ઘરબારને
૧૪૬	૨૧	હવુ	હુવુ
૧૪૬	૨૨	ભલાઓ	ભાલાઓ
૧૬૦	૯	રફાતાર	રફતાર

બી. ર. મો. સા.

દીબાચો

હમદીન ભાઇઓ ! હમારી આ કીતાબ લખવાની મતલબ એ છે કે હમારા મોહસીનો મુશરીક બુઝુર્ગો એક હકની તલાશમાં અને ઈમામુઝ-ઝમાનને પહેચ્છાનવાની કોશીશમાં, પોતાના ધન અને દોલત અને ઝીંદગીના અય્યામને પુરા કીધા, અને ઘણી કોશીશ કરતા રહ્યા-તે સાહેબોના ખ્યાલ મુજબ, જે આપ લોકો પોતાની હીનો હયાતમાં કરતા રહ્યા-તેને હમે સુનતા અને સમજતા રહયા, અને તે ખ્યાલ ઉપર હમનેભી એજ ખ્યાલ પૈદા થયો કે હમારો ખ્યાલ સહી છે અથવા ગલત છે, તેને જાણવાની કોશીશ કરીએ !

કેમકે, હરએક મઝહબનો પૈરૂ પોતાના મઝહબને, યાઅને ખ્યાલને સહી અને સચ્ચો માને છે. કોણે હક અને કોણે બાતીલ કહેવું-તે સમજવું દુશવાર છે. તે સમજના માટે હમારા શરીકો શરીઅ બુઝુર્ગોએ પોતાના હીનો હયાતમા જે ફેએલ કીધા તેને હમે એમ સમજા કે: બેશક ! તે સાહેબોની જાણ અને પહેચ્છાન સહી રહી ! અને તેજ માઅના ઉપર હમેભી હમારી ઝીંદગીમાં એજ જાણવાની કોશીશ કીધી.

હમે આ કીતાબ લખવાસી કોઇનેભી બાતીલ અથવા હક સમજાવ્વાની કોશીશ નથી કરતા. ફકત, હમને તો એજ ખ્યાલ છે કે: હમારા ખ્યાલ સહી છે અથવા ગલત-તેને સમજયે.

કેમકે, જો હમે મનમાં ખ્યાલ રાખીને બૈઠી રહીએ, તો હમો સહી છે કે બાતીલ-તેનો ખ્યાલ યકીન ના થઇ શકે. તેસી, હમે તે મુનસીફ મીઝાજોના સાહેબોના નઝદીક હમારા ખ્યાલોનો ઇઝહાર કરીએ છે, અને એમ દોઆ ચાહીએ છે કે: ખુદા ! એ સાહેબોને અને હમનેભી કુવ્વત આપે કે હમેભી

સમજી શકીએ, અને તે સાહેબે-મુનસીફ હમને સમજાવ્વા માટે બહાર આવી શકે ! કેમકે, જહાં તક કે, હમે ઇલતીજા નહિ કરીએ અને માંગીએ નહિ, વહાં તક કોઇ આપનાર આપસે નહિ, તે માટે આ હમારી માંગણી છે.

અથવા જે સાહેબોને એમાં હજી ઝીયાદા કંઇ સમજવું હોય—યાઅને હમારા સવાલ અને તે સવાલના જવાબની તસવ્વર, જે હમારા ખ્યાલને દુરૂસ્ત હાલતમાં ઝાહેર ના કરી શકા હોય—તો હમને તે મૌકો આપે, કે હમે હમારા ખ્યાલના ઈઝહારને સમજાવ્વાની કોશીશ કરીએ.

કેમકે, ભાઇઓ ! આ ઝમાનો તો અમનનો છે. હરએક હુનુદ અને નસારા, યાઅને હરએક કૌમ પોતાના મઝહબને જાણવા અને જણાવ્વાની કોશીશ કરે છે. અને અપના મોહસીનો મોહતમીલ બુઝુર્ગો, કે જે શાહી ઝુલ્મોના તેહેતમાંભી રહેતાના હાલે, પોતાના ઈઝહારે ખ્યાલને કરતા રહયા, પછી આ ઝમાન કયો ઝુલ્મનો ઝમાનો છે કે અપને ખામોશ રહીએ ? અને જો ખામોશ રહીસે તો અપને ઈમામુઝ-ઝમાન કેમ પરામસે ?

બસ ! એહવા ખ્યાલોના તાબેઅ થઇને હમોએ આ કીતાબને લખવાની કોશીશ કીધી. જો કદી, તે હમારા ઈઝહારે ખ્યાલમાંહી કોઈ સાહેબોને નાગવારા ગુઝરે, તે માટે હમો દીલગીરી ઝાહેર કરીએ છે. કોઈ સાહેબને બુરૂ મનાવ્વાની, યા બુરૂ જતાવ્વાની કોશીશ કરીએ—તે હમારી મકસદ નથી; હમને હમારી મતલબ સમજવાના માટે, તેજ કોશીશ કરવું-એજ હમારી મકસદ છે, બસ.

અને તેભી એક સબબ બનો કે ઇ. સ. ૧૯૪૪ ના માહે ઓગસ્તમ મેહદી-બાગના ભાઇઓને ખીતાબ કરીને એક ખત લખી મોકલવામાં આયો. તે ખત તથા તેનો જે જવાબ મલો—તે એવે, શુરૂઅમાં હવે બઆદના સફાઓ ઉપર વાંચી શકાસે, તેમજ, ખીતાબ કરવાનો સબબ તે 'ખીતાબ'ના મઝમુનથી સમજી શકાસે, અને તેનો જે 'જવાબ' મલો—ખૈર, પછી આ કીતાબનો મઝમુન, તે તે "જવાબુલ-જવાબ" છે.

ખીતાબ

બી. ર. મો. સા.

મુંબઈ તા. ૨૪-૮-૪૪

અઝીઝ ભાઈઓ, જોગ

બઆદ સલામના માઅલુમ થાય કે એક ઘણો અરસો થયો, કે અપને એક માઅબુદની હકકીયતની તલાશમાં રહ્યા, અને તે માઅબુદની હીદાયતમાં સમજવા અથવા સમજાવવા કમરબસ્તા રહ્યા, અને તે રહેનાર હસ્તીઓભી દુનિયાસી અદમ થઇ, હવે તો અપને-તે હસ્તીઓના માહોલમાં પરવરીશ થયેલા છીએ.

ફકત, એક ઇન્સાની હમદર્દીના જઝબાએ તકાઝો કીધો, તેસી મૈં મારા હમદર્દ ખ્યાલના તાબેઅ થઇને, મૈં મારા હમખ્યાલ ભાઇઓને ખીતાબ કરૂં છું કે: જો કદી, હું મારી સમજમાં ગૈર રાસ્તા પર હોઉં તો દુરૂસ્ત થાઉં, અથવા મૈં મારા ભાઇઓને કંઇ મદદ કરી શકું ! બસ, એ ખ્યાલથી આ ખત લખો છે.

મરહુમ મોહસીન મલક રે૦ સા૦ ના ઝમાનમાંહી બનેલો વાકેઆ-યાઅને એક સવાલનો જવાબ અપાયેલો છે કે જે, નઝમની સુરતમાંહી, મૌજુદ છે-તે નીચે મુજબ :

મૌલા મલકના કલામ—નકશ કરીને મુદામ-
સાદીર થયા જે તમામ, ઈબદાઇ છે યે ગૌહર.

અર્ઝ થયો એક સવાલ—એક દીન થકીનો નહાલ-
ઇખત્યારીયતના કમાલ, ઇબદાઇ છે યે ગૌહર.

શું છે જીસ્મ અને નફસ, અમલમાં શું છે સરસ,
તેહમાં શું છે નરસ ? ઇબદાઈ છે યે ગોહર.

જીસ્મ કરે છે અદા—વસ્લના હાલે સદા-
જે કે જેહને બખશીસે ખુદા-ઈબદાઇ છે યે ગોહર.

જવાબ ઇનાયત થયો,—હાલ થો તેજ કહયો,
બાકી ના કંઇબી રહયો—ઇબદાઈ છે યે ગોહર.

તાઅતની વાત કહાં—ઇનકાર બેહદ જહાં !
ના કંઈ છે ફરમાન વહાં—ઈબદાઇ છે યે ગોહર.

બદીમાં સબથી બુરો—હવસથી છે બીલકુલ ભરો—
અરકાનથી છે ખડો—ઇબદાઈ છે યે ગોહર.

હકની ના કંઇ બુદો બાસ-ના છુટવાની તલાશ;
એક દીન તે મૈયતની લાશ-ઇબદાઇ છે યે ગોહર.

રબનો શું શુક્ર કરે ! મુતલકના હકથી દરે !
જાને ના તે શું કરે ! ઇબદાઇ છે યે ગોહર.

ઉપરની અબ્યાતોમાં એક સવાલ છે કે—જીસ્મ અને નફસ શું ચીઝ છે ?—તો તેમાં પોતેએ એક જીસ્મની ખુબી અને ખરાબીની તફસીર સાથે જવાબ આપો છે. હવે એના નીચેની અબ્યાતોમાં બીજા જીસ્મની તરફ આપ ખીતાબ કરીને, તેની તશરીહ કરે છે, તે આ છે:—

લાખહા કાલીબ અયાં—જાવાથી દેખો અયાં
સનદ છે તે પર બયાં-ઇબદાઇ છે યે ગોહર.

જ્યારે થઇ આલી નઝર–મુબશશીરયે દીધી ખબર–
દીનના હાદી નશર—ઇબદાઇ છે યે ગૌહર.

ખાલીકની બખ્શીસ સુનો–જીસ્મના અંદર ચુનો,
રૂહ છે કુદસી ગીનો—ઇબદાઇ છે યે ગૌહર.

ગાફીલો, હુશીયાર થાવ! જે કે છે મુરીદ તે કમાવ!
રબે ના વાજીબ ગુમાવો! ઇબદાઇ છે યે ગૌહર.

ઇન્સાની કાલીબ અતા–રબની છે જો તું બજા
ઇખત્યારીની છે સતા–ઇબદાઇ છે યે ગૌહર.

વાજીબ નીદાને સુની–જાવું છે નઝદે ધણી–
તલબ છે અગર ધણી–ઇબદાઇ છે યે ગૌહર.

ચંદ સુની યે કલામ–દુનિયાને સમજી હરામ;
પહોંચા બર બાબે કીરામ; ઇબદાઇ છે યે ગૌહર.

જઇને, હુબ સાબીત કરી–ઇકરારો તાઅત કરી:
મતલબ જે, દીલમાં ભરી–ઇબદાઇ છે યે ગૌહર.

રહયાં તે સીધા ને સમા; ઇમતેહાનોને ખમા;
નમા તે રબને ગમા—ઇબદાઇ છે યે ગૌહર.

અનફુસ જે સાફ થયા, તાઅતમાં કામીલ રહયા:
હવસ ઉપર ના ગયા—ઇબદાઇ છે યે ગૌહર.

ઇસબાતે રબનું થયું, શક ને વેહેમ, સબ ગયુ;
રબ ઉપર હવે સબ રહયું—ઇબદાઇ છે યે ગૌહર.

જીસ્મમાં રબયે ગીના, તાખીર કંઇ કીધી ના,
હૈકલમાં તેહને ચુના—ઇબદાઇ છે યે ગૌહર.

જીસ્મ છે તેહકીક યે, નફસને લાહેક છે યે,
નફસસી વાસીલ છે યે—ઇબ્દાઈ છે યે ગૌહર.

તાબે ફરમાન રહે, સદા વીર્દમાં રહે,
પડે જે, તે સબ સહે—ઇબ્દાઇ છે યે ગૌહર.

નીદા જે વખ્ત કરી, થો હાલ ઝોઅફત, તે ધરી,
બલાબી ખુબ પરી, ઇબ્દાઇ છે યે ગૌહર.

આલમ જમે સબ હતા, તકરીરો કરતા હતા,
શરેઅમાં માહેર હતા—ઇબ્દાઇ છે યે ગૌહર.

તે વખ્ત કાદીર થાવુ, જવાબ હાઝીર દેવું,
ઉલુમો સાદીર કરવુ—ઇબ્દાઈ છે યે ગૌહર.

આપ થા રબથી વાસીલ-કીધુ ના ઝાહેર હાંસીલ;
થી રબથી તાઇદ નાઝીલ—ઇબ્દાઇ છે યે ગૌહર.

બાદ, ગયા કંઇ દીનો, મુરતદો થયા બદ ઝનો,
કીધા મકરના ફનો—ઇબ્દાઇ છે યે ગૌહર.

જીસ્મ થુ તે વખ્ત ઝઇફ, ટીકવુ ટીકાવુ થુ-સાંચે હરીફ,
લેકીન થા આકા શરીફ-ઇબ્દાઇ છે યે ગૌહર.

મુરતદોની શૈખ ના રહી; હકનું સુબુત થયુ સહી,
હવસથી ગયા મરી—ઇબ્દાઇ છે યે ગૌહર.

આકીલ થઇ કર ઇરફાન! —ફરમાને રબ્બે-અલાની છે શાન,
અમરને હલકો ન જાણુ—ઇબ્દાઇ છે યે ગૌહર.

અમર ગાલીબ રહયુ,—સાબીત એ સબ થયુ;
હર હાલે નફસ ગાલીબ રહયુ—ઇબ્દાઇ છે યે ગૌહર.

રબનું જે ચાહવું થયુ સહી, બનવાની શૈઅ બની ગઇ;
થયુ—તેમ થાસે સહી—ઇબદાઈ છે યે ગોહર.

બશરના કહાં છે મજાલ, એમાં કરે કંઇ ખ્યાલ!
જાણવું જણાવું મહાલ—ઇબદાઈ છે યે ગોહર.

બાતીનમાં પહોચી કરો—માઅરેફત અમલ સરો,
તો ના રહે જરો—ઇબદાઇ છે યે ગોહર.

આ બીજા જીસ્મની શરેહ થઇ; હવે આ એવે જીસ્મસી મુરાદ, મરહુમની શું છે, અને તે બે જીસ્મો કોણ છે?

હવે હરએક જીસ્મ—નેક અને બદનો ખ્યાલ કરે, અને હરએક પોતાના માટે ભલી નેકી અને મોહતાઇ લેસે; મગર આરીફે તાલેબુનને તેની સીફાતથી પહેછાનવું રહયું.

પહેલા જીસ્મની શરેહમાં આપયે ફરમાયુ: તે અરકાનથી ઉભેલું છે-ના તેને હકની તલાશ છે અને ના છુટવાનો ખ્યાલ છે; સઘળાનો હવસ અને ખુદદારી ઉપર—યાઅને "હમે સઘળા મુકરરબુન અને ઓલોમાઓ અને ફાઝીલો છે"—બસ, એજ ઘમંડ અને ખ્યાલમાં પોતાના માટે કનાઅત અને સબર કરી લીધું અને આગે ચલવાનું ને સમજવાથી બાઝ રહયા.

અને તે સઘળાએમાંહી દેખશો કે, તે સઘળાએ-સામીત જીસ્મની મીસલ-બેહીસોં બેહરકત છે. જે મીસલ કે જીસ્મ થકી નફસ પરવાઝ કરી જાવા બઆદ જીસ્મ સાકીત, યાઅને થંડુ પડી જાય છે, તે મીસલ એક દાઅવતનો હાલ છે.

હવે, જીસ્મના મફહુમને તો સમજા હશો—કે જીસ્મસી શું મુરાદ છે? આ ગોશ અને પોશના જથ્થાને જીસ્મ નથી કહેતા, મગર એક દાઅવતના જથ્થાને જીસ્મ—જેમ કે જુઝોનુ જામેઅનું નામ જીસ્મ છે, તે પ્રમાણે, આ દાઅવતોના નુફુસોનું જામેઅનું નામ જીસ્મ છે.

હવે જીસ્મમાંહી જો નફ્સ કેદ છે, તો તે હરકત કરી શકશે; અને જે વખ્ત કે તે દાઅવતમાંથી અમરે ઇલાહીનો નફ્સ પરવાઝ કરી જાસે, તો તે વખ્ત તે સાકીત થઈ પડશે-તે પ્રમાણે, એક જીસ્મ સાકીત થઇ પડું.

હવે બીજા જીસ્મની શરેહમાં આપ ફરમાવે છે કે: જે વખ્ત નીદાને સુની, તે વખ્ત તે હુશીયાર થયા; જે વખ્ત કે અમર સોપાયો, તે વખ્ત તે કમઝોર હતા; મગર અમરની કુવ્વત ઉપર તે ટીકી રહયા; અને તેજ કુદરત ઉપર આજ તક તેનું ટીકવુ છે.

બીરાદરો, ગોર કરો ! કયા જીસ્મમાં હરકત છે અને કયુ જીસ્મ સાકીત છે ?

આવો, માઝીના મલેકાની કારરવાઇને અને હાઝીરના મલકની કારરવાઈનો મુકાબલો કરીએ !

જે વખ્ત કે મોલાના આમીરએ મજીદને મુસતોદે બનાયા, અને મોલાતના હુરરતુલ-મલેકાએ ઇશારાઓસી મો૦ ઝોએબને મુસતોદમાં ઝાહેર કીધા—દેખો, બેવે ગેબ ઇમામના મુસતોદે છે; મગર ઇમામને સાબીત કરવા ઉપર, અને તે નફ્સ—કે જે અમરે ઇલાહી છે—કે જે જીસ્મમાં કેદ રહયું તેજ જીસ્મં હરકત કરતુ રહયું અને બાકી રહયું; અને જે જીસ્મ થકી તે અમરે ઈલાહી પરવાઝ કરી ગયું તે જીસ્મ ફના થઈ ગયું.

તેજ મોઆફીક, વહોજ મલકએ ઇમામને પરદે કીધા—તેજ મલકએ ઇમામને ઝાહેર કીધા. અને તેએ—જેમ માઝીમાં બે મુસતોદે કાએમ કીધા—તેજ મોઆફીક—હાઝીરમાં બી—બે મુસતોદે કાએમ થયા. હવે, જે જીસ્મ-માંહી નફ્સ કેદ હશે—તેજ હરકત કરી શકશે; અને જેમાં નફ્સ કેદ નહી હોય—તે ફના થઇ જાસે.

દેખો ! માઝીમાં, એક જીસ્મ કુલની સુરતમાં હતું, અને એક જુઝની સુરતમાં; અને ઝમાનાના ગુઝરવા બઆદ, ને અરસએ દરાઝના બઆદ, તે કુલ—જુઝમાં ફેરવાય ગયું—યાઅને ફના થઇ ગયું; અને તે જુઝ—કુલમાં

ફેરવાય ગયું—યાઅને, એક દાઅવતની સુરતમાં આજ તક એ સીલસીલો ચાલુ રહયો.

તેજ પ્રમાણે, હાઝીરના મલક સાહેબના બઆદ દેખશો—કે રીયા-સતી દાઅવત—યાઅને એક જથ્થાની દાઅવત—જુઝ જુઝની સુરતમાં-ફના થઇ રહયું છે.

બસ, હમને તો એજ ખ્યાલ છે—કે હમારા ને તમારા બુઝોર્ગોએ મહેનત કીધી, અને એક શૈઅની તલાશમાં તકલીફોને ઊઠાવીને, એક ચીઝને મુકી ગયા, મગર તે ચીઝના સમજવામાં નાકીસ પણ રહયું, તેસી તેના ગુંચવાડામાં ઝીંદગીના ઐયામ પુરા થયા, મગર મતલબ હાથ ના લાગી, તેસી એમ લોમ ના કરીએ કે : "તે સાહેબોએ-અપના માટે કોઇ દલીલ યા ઐયેનત ના મુકી ગયા કે જેમાં ગૌરો ફીકર કરીયે!"

નફરતથી પેશ ના આવો! અપના નફસને મોહતો ના સમઝો! દેખો! વોહ પાક ઝાતને, કે જે બુલંદ હસ્તીએ આ અમરની બુન્યાદ નાખી—તેને કોઇએ કરામતસી, યા ઇઝઝતસી પેશ આયા—કે તેસી, તે અમરને લઈ ચલવા ઉપર હીમ્મત કીધી? દુનિયાના જાહેલુનયે તો આપને તકલીફો પહોંચાવી!

આપ પોતાના નફસની તરકકીના કંઇ મોહતાજ નહોતા કે પોતે આ દુનિયાની મુશકીલો અને દુનિયાની ગદાગીરી લઇ ઊઠતા! મગર ના! એક તાલેબુનના ચોંકાવ્વા માટે, તે રહેમતના દરીઆમાં જોશ પેદા થયો અને તે તાલેબુનને હીદાયતના ઇરફાનસી સેઅરાબ કીધા.

હવે તમે એમ ખ્યાલ કરો—"બસ, હમે પહોંચી ગયા! અને પહોં-ચાવ્વાની કંઇ ઝરૂરત નથી!"—તો તે ખ્યાલ નાકીસ છે; કેમકે, જે પ્રમાણે લીધું, તેજ પ્રમાણે આપવું એ ઝરૂરી છે; જેમ પેદા થયા—તેજ પ્રમાણે પેદા કરવું લાઝીમ છે. તઅસ્સુબમાં ને તકબ્બુરીમાં કનારાકસી કરશો, તો ઝીંદગીના ફેરાને બરબાદ કરશો!

હકના હાદીઓ અને હુદાતો રેહમતુન-લીલ-આલેમીન છે; યે પોતાની હીદાયતસી કોઈ વખ્ત, કોઇ નફસને નુકસાન નહી પહોંચાવે ! એ તો અપના નફસની કસાફતો છે, કે તેસી તેના અસલ મફહુમને સમજતા નથી ! તેસી અપને, દુનિયાના તાલીઓ અને રીયાસતના ખ્વાહીશમંદોના ભમાવામાં અને સમજાવ્વામાં, બરબાદ થઇએ છે.

અકલના તરાઝુમાં સોંચો ! શું મરહુમયે ઝુહુરનો વાઅદો નહોતો કીધો ? અને શું અપના આબાઓયે તે ઝુહુરના ખ્વાહીશના ઊપર, અથવા તે ટાઇમની જલાલત, યા યકીનના સાથે તે અમરને કબુલ કીધો, કે વગર સમજે ? અથવા વગર સમજે ઝુકી પડા ? ના, એ વાત છે ! એક તો સમજનાર નાકીસ હોય, યા સમજાવનાર ખુદ-ગર્ઝ હોય—તોજ ફરક પડી શકે !

દેખશો, કે સમજાવનારયે, પોતાના કોઇ સ્વાર્થને ના રાખો; પોતાની ઝાતને, પોતાના ધનને, એહલો અયાલને-અમરને પહોંચાવ્વા પર કુરબાન કીધા. પછી હવે સમજનાર ઊપર રહ્યું, કે તે નાકીસ સમજો યે તે હકીકી ફરમાનને, અને તે ઈલાહી ઝીકરને ના સમજી શકા ! અને સમજવા માટે-વોહ લોકોનો આસરો લીધો, કે જે લોકો દુનિયાની મોહબ્બતમાં મુબતલા હતા. તેસી, તે લોકોએ-એમજ સમજાયુ, કેઃ તે સાહેબયે કરદ કીધો, મગર તમારા સવ્રળાની કસાફતના સબબ, તે અમરને પાછો પોશીદા કીધો !

અજબ એ લોકોનું સમજાવ્વું છે ! જે વખ્ત કે આપના સાથે એક નફસભી યારીનો દેનાર નહોતો, તે વખ્ત આપયે કૌમે બુરહાનીથી ઝુહુરની નીદા કીધી, અને પોતે પોતાના રબ્બાની કુવ્વત વદલીક એક જથ્થાને કાએમ કીધો. અને આપયે દસ વરસ તક કોશીશ કીધી, તો શું એક નફસનેભી તૈયાર ના કરી શકા—કે જે અમરને લઇ ચલત ?

અજબ અફસોસ છે સમજવા ઉપર અને સમજાવા ઉપર ! કેમકે, કૌમે-બુરહાનીભી એમજ લૌમ કરે છે કેઃ દાઅવતના લોકોમાં કસાફત ઝીયાદા થઇ, તેસી ઈમામુઝ-ઝમાનયે અપના તરફસી અમરને પોશીદા કીધો !

મગર તે સૈયદી સાદેકઅલી સા૦ યે પોતાની એક નસીહતમાં ફરમાવે છે—તે નીચે મુજબ :—

" સુન હીકાયત કાન દઇ–એહમાં હીદાયતની છે ખાન–
કાફલો જાતો થો ભારી–જંગલોના દરમીયાન—

ભોમયા હમરાહ થા, થી જેહને રાહોની પીછાન
તેહને મારી ને નીકાલા–આ સીતમ કીધો નીધાન.

કાફલો ભુલો પરો, ને કોલીયો આવી પરા
સબને લુટી લઇને મારા ખાસથી પાની વના.

કાફલો છે દોસ્તો, આ ઉમમતે આસી તમામ,
જંગલે વૈરાન—આ દુન્યા છે વૈરાનીનુ ઠામ,

ભોમયા તેહકીક છે–આલે નબી ખૈરૂલ–અનામ—
તેહને મારીને નીકાલા—સબ મીલી ગુમરાહ તમામ.

કોલીયો ઓલેમાઓ છે— એહના છે સરાસર એહલે કીન–
ખાય એહના માલને—મારા જહાલતથી યકીન."

હવે, ઉપરની બેતમાં સમજા હશો—કે સૈયદી સાહેબ—કોલીયો ઓલેમાઓને બનાવે છે—કે તે લોકોએ ભોમયાઓને મારીને નીકાલા, કેમકે, તે લોકોની તકબ્બુરી ને કસાફતયે ખુલુસ અને ખુઝુઅ ના કીધી. તેસી ઇમામુઝ–ઝમાનયે અમરને પરદે કીધો; અને તે અમરને પરદા થાવાના મુજીબ આલીમો બના, ના કે કૌમ !

હવે કૌમ અજબ ગાફીલ છે, કે સૈયદી સાહેબ બતાવે છે કે કોલીયોએ કાફલાને લુટા, યાઅને હકના તાલીબોને હલાક કીધા, તે સાથભી, પાછા વેપારીઓ આલીમોના ભરોસા ઉપર રહીને, તેનેજ પુછે છે, અને એમ ખ્યાલ કરે છે કે: "એ શું સઘલા ગલતી પર છે ?"

તેજ પ્રમાણે, તમો સઘળા ભાઇઓ તમારા સાથી આલીમોની બંધાવેલી તસવ્વરો ઉપર ગફલતમાં પડેલા છે-તેસી હુશીઆર થાવ ને કંઇ સોંચો ! બસ !

લી૦ અતબાએ—મલક,

મોહમ્મદ

જવાબ

(તા. ૨૪-૮-૪૪ ના ખીતાબનો મેહદીબાગથી જે જવાબ મલો તેની આ કોપી છે. મારજીનમાં લાઇનના નંબરો હમોએ મુકા છે તાકે તેના હવાલાસી 'જવાબુલ-જવાબ'નું સમજવું સેહેલ થાય.)

મોઝે-મુબારક મેહદી-બાગ.
તા. ૧૨ મી શેહરે રમઝાન
સને આબેદી ૫૫.

તા. ૩૦ ઑગસ્ટ-૪૪-ઇસ્વી.

أَعُوذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيمِ ○

જત, તમારા નાગપુરમાં તૈયાર કીધેલા અને મુંબઈ શહેરથી છોડેલા તા. ૨૪-૮-૪૪ ઇસ્વી તથા તે પછીના મુતફર્રીક તારીખોના-તરકટી, હીલા, મકર, ફરેબવંતા તથા શરારતી અને ઝેહરીલા વિર-ફોટક પદાર્થોવાલા ઉડન બમોના જવાબમાં જાણવુ યે કે રબ તરફથી શેતાનને જે મોહલત અતા કરવવાની છે તેહને ગનીમત સમઝી બંદાઓને બેહકાવાનુ અને જન્નતથી ખારીજ કરાવાનુ કામ કરતોજ રહ્યો છે. તમારા ઉડન બમોનો જવાબ દેવા બદલ ખામુશજ રેહવાનો ઇરાદો હતો મગર દીલયે તે વાત કબુલ રાખી નહિ. હમો શેરોના ફરઝંદો છે અને હમારી મા શેરનીયોનું હમે દુધ પીધેલુ છે. કેમ ખામુશ રહીયે ? હમારી દાઅવતે-હકની દીવાર માઝી અને આતી હાઝીર અંબીયા અવસીયા આઇમ્મતો દુઆતો હુદાતોના નુફુસોની બની હુઇ છે. અને હમો તે દીવારોના દરમ્યાનમાં વસનારા છે. તમો સરવે રબરના દરાની મીસલ છો. દરો દીવાર પર અથડાઇ પાછો તે જગામાં વલે છે તેમ તમો વલો

છો. હમો તમારા એક એક લફ્ઝ અને એક એક હુરૂફની લંબાન સાથ તશરીહ કરી જવાબોના શક્તીવાન છે, કે જેહના કીતાબોના કીતાબો ભરાઇ મગર ખઝાનો ખુટે નહિ. હમો બાખુબી સમજીયે છે કે નજાસતના ખાડામાં પત્થરા ફેંકવાથી નજાસતનાં છાટા હમોનેજ લાગશે. મગર એમ સમજીને કે આઇંદાહ એહવી શેતાનીયત ભરી અને તઆનતશની ભરેલા કલામોથી તમો સરવે બાઅઝ રહો અને મોહતા અઝાબોથી બચો.

તમોને જીવારે દાઅવતે-મલકીય્યાહ-બદરીય્યાહનો ઇકરારજ નથી અને તે જુમલા થકી અલાહેદા થઈ ચુકા છો, તો શું કરવા આકા બદરની તસનીફ મુબારક અને આકા મલકની ઝીકરે-આલીને કાગઝના ચીટથરા પર લખી તેહમાંથી તમારી ખુદ ગરઝી ભરેલી મતલબો નીકાલી હમોને હીદાયત દેવા પર કમરબસ્તા થયા છો ? માઅલુમ પડે છે કે તમારી કંપટી ખુન્નાઈ રહી છે. જેમ આકા મલકના ઝમાનામાં થુસ્સુનો હાલ બનો તેમ તમારો હાલ બનશે. બલકે તેથી વધુ નીપત્તર થશે.

હમોને હમારા આકા અને મોલા સૈયદના વ મોલાના મોહમ્મદ ઇબ્રાહીમ રીઝા મલક સાહેબમાં પુરો વિશ્વાસ અને ભરોસો છે. યેહ આકાની કારરવાઇ ગોયા રબ્બાની કારરવાઇ છે. દાઅવતે-મલકીય્યાહ-બદરીય્યાહ માટે જે નહેજ અને અમરો નવાહી વકતના મુકતઝા મુતાબીક મુકરરર કરશે તે હમારા ભલા માટેજ કરશે. અને તેજ અકીદા ઉપર હમારા બુઝુર્ગોએ દાઅવતે-હક અને સાહેબુલ-હકની ફરમાંબરદારી સાથ ખીદમત લઇ ઉઠા.

આદમ અલૈહીસ્સલામ અને નબી મોહમ્મદનો ઝમાન જાહેલીયતનો ઝમાન હતો. મગર યહાં તો ઇલમ સાથ માઅરેફત કરાવી છે તેથી સઘલા આલીમો ફાઝીલો યહાં જમાઅ થઇ આકા મલકો બદરની દાઅવતે-હકને ઇરફાન સાથ જવાબ આપો છે. તમો સરવે હસદથી જલેલા કીના કપટ બુગઝથી ભરા સીનાઓવાલાઓએ તરકટ

ખેલવામાંજ ગુમાયુ છે. નબી મોહમ્મદના ઝમાનામાં પણ અવ્વલ સાની અને સાલીસયે એક તુજુમીથી જાણવા બાદ કે નબી સાહેબના વફાત પછી તમોને રીયાસત અને મમલેકત અને શાહી મીલશે, તેથી તે ગરઝથી તેઓએ નબી મોહમ્મદની દાઅવતને જવાબ આપો હતો. તેજ પ્રમાણે તમોએ પણ યેહ ખ્વાહીશ રાખી આકા મલક બદરની દાઅવતને જવાબ આપો હતો. મગર તેહમાં તમોને નાસીપાસી થવાથી, હવે તમો તમારી તંગરી ઉંચી રાખવા માટે હમોને બેહકાવા લેહકાવા પર આમાદાહ થયા છો. આગલના અંબીયા અવસીયાઓના અકાવીલ યાદ રહે કે કતલલ મુઝી કબલલ ઇઝા.

આકા મલકો બદરનો સઆદતવંતો ઝમાનો એક બારીશની ઝરીના મોસમ મીસલ હતો. અને દાઅવતે-હક એક દરીયાની મીસલ હતી. પછી રબયે તેહમાં જીવદાઓ પેદા કીધા, યાઅની, આકા મલકયે લોગોને અઝાન દઇ જમાઅ કીધા. જે સઘલા ખાલીસ દીલના પાક સાફ મુનઝઝાહ હતા, તે સરવેએ બારીશના બુંદોને ઝીલી તેહને માણેક મોટી અને અમૃત બનાયા. જેહના સીના શૈતાની વસાવાસથી અને ખુદ ગરઝી ભરેલા હતા તેઓએ એક સાંપના મુંહમાં ઝહેર હોય છે તે મીસલ ઝહેર બનાયુ. અને આજ દીન કાલા નાગની મીસલ ફુંફા કરી કાટવાનુ કરી રહ્યા છે, અને તેજ જુમલો તમારો સમજવો.

જીવારે આકા મલકયે અઝાનનું કામ ખતમ કીધુ કે પછી તુરત આકા બદરે મોઅઝઝમ વ હુજ્જતે રબ્બીલ આઅઝમ વ શહેનશાહીલ આઅઝમયે ઇમામતની તવલ્લી કીધી અને સરવને હકીકી નમાઝના શરફથી બેહરવર કીધા અને તે નમાઝમાં ગુઝરેલા અકાવીલો અને હરકતોને જે લોગો સમઝી શકા નથી અથવા અરાકીન બરાબર અદા કરી શકા નથી, તેહને દાઇઝ-ઝમાન સમઝાવે છે અને તે ઉપર અમલ દર આમદ થવા તાકીદ કરે છે, અને આઇંદાહ પણ વકતના સાહેબ કરતા રહેશે.

તમોએ જે જે તમસીલો આપી છે અને તેહમાંથી તમારી મતલબો નીકાલી છે તે બેજા છે. તમો ખુદજ રાહે રાસ્ત પર નથી તો બીજાંને શું હીદાયત દઇ શકો છો? પહેલા તમો તમારા અમસાલમાં નઝર કરો, પછી બીજાને રાસ્તા પર લાવાની કોશેસ કરો.

ખાતીમ ઇમામ વ વાલેદુલ-કાએમ અલૈહીસ્સલામ મોલાના મુસા સ૦ રબ આકા મલક અને બદરયે ત્રણે હાઝીર ઇમામ મોલાના અબદુલ્લાહ હુમાયુન સ૦ રબના હુજજતોની કારરવાઇ કાંઇ એહવી તેહવી ના હતી. જે અમરે હકને તે કાએમ કીધો છે, તે માઝીની નકલ નથી કીધી, મગર અમરે હકને પેદા કીધું છે.

તમો સરવે અકલના દુશમનો અને ખરેખરા જાહેલો છો. જે ઇલમ તેહસીલ કીધુ તેહનો સદ ઉપ્યોગ કરવા બદલ બદ ઉપ્યોગ કરી રહ્યા છો. અને જાહેલીયતના દરયામાં ગોટા ખાઇ રહયા છો. અને હમારા બુઝુર્ગો કે જે રાહે હક પર હતા અને હમોંને જે અકીદા પર ઉઠાયા બલકે ત્યાંનીજ, યાઅની દાઅવતે-હકની, જનનતની મીટ્ટી આબોહવા અને અરબાઅ અનાસીરથી પેદા કીધા અને રબયે યાઅની સાહેબુલ-હકયે હમારામાં રૂહ ફુંકુ, ઝીન્દાહ કીધા અને તરબીયત કરી છોટાથી મોહતા કીધા, અને તાઅલીમ આપી, તેહનેજ જુદા લેમો કરવા લાગા. તમો બેશરમ નાક કટાઓને ગેરત નથી આવતી? રબ તમો સરવેને અઝાબે અઝીમમાં ગીરફતાર કરે. ઝાહેરમાંજ તો દેખુ જાય છે કે તમારા સીનાઓ હસદની આગોમાં જલતા રહયા છે અને દીલો બેચૈન રહે છે. ગોયા ઝીનદાહપણામાં તમો જહન્નમની આગોમાં જલી રહ્યા છો. હજીબી રબ તમોને એહવા અઝાબોમાં બાકી રાખે. અને હમોને સાહેબુલ-હકની પનાહમાં અમનો અમાનમાં રાખે.

ગર તમો દાઅવતે હકમાં બાકી રહેતા, તો ઝરૂર લાઅનત બદલ રેહમતે રબના મુસ્તહીક હોતા. તમોએ હમારી તરફ હમદરદી

ભરી દીલસોઝી બતાવી છે, તે તમોનેજ મુબારક થાય. તમારા અને હમારા બુઝુર્ગોએ હકના સાહેબની તલાશમાં એક અરસો દરાઝ ગુઝારી હક મીલાયુ. મગર જે આલીમ ફાઝીલ આરીફ અને હુશીયાર હતા તેઓ તો ઇરફાન વદલીક હકના સાહેબને વલગી રહ્યા. જેઓ ગાફીલ જાહેલ હતા, તે ડુબતો દરયામાં તંબાને વલગે છે અને આખીરમાં ડુબી મરે છે, તે મીસલ તમારો હાલ બનો.

. હવે આખીરમાં લખવાનુ કે ખાતીમ ઇમામ મુસા, મલક અને બદર ત્રણે પાક ઝાતો હાઝીર અને મોજુદાહ ઇમામના હુજજતે અકબર અને બાબે આઅઝમ છે. ત્રણે એકજ ઝાત હમસીફાત અને હમશાન છે. તેહમાં એક રતીનોભી ફરક કરવો ગોયા કુફર છે અને કુફરનો કરનાર દાએમનો લાઅનતી છે, તેહના ગેર સરવે બુતલાન છે. અને તે પાક ઝવાતે કીરામ હુજજતે રબ્બીલ અરબાબએ જે દાઅવતે -હકને કાએમ કરી દુઆતુલ-મુતલકીનનો સીલસીલો જારી કીધો છે તેજ હક અને હક છે. તેહના ગેર સરવે બાતીલ છે. હમારા રબ્બે હમને જે મકામમાં હાલતમાં અને ફઝીલતમાં બતાયા રાખા છે, તેજ હક છે. તેહના આગે હમોને કાંઇ પણ દેખવાની ઝરૂરતજ નથી. સાહેબુલ-હકની કારરવાઇ, યાઅની દાઇઝ-ઝમાનની કારરવાઇમાં અને હુજ્જતોની કારરવાઇમાં કાંઇજ ફરક નથી. અને તેહમાં નઝર કરવુ અને તેહનો બદ નઝરથી મુકાબલો કરવો એક મુતીઅ ફરમા બરદારની સીરત અને સીમાથી બઇદ છે. બલકે, તે શખસને લાઅનતી અને કાફીરથી બદતર કહીયે તો બજા છે, હક છે.

આકા મલકે મુકરરબયે એક સોનાના જથ્થાને બગૈર સાફ કીધે, યાઅની મીટ્ટી ગીલાઝત સાથનો, જમા કીધો; પછી બદરે મુનવ્વરયે કે જે આપના ખલીફા જાએનશીન અને વારીસે કુલ્લી હતા તે આકાએ-અકરમયે એક અરસા દરાઝ તક તાવનમાં નાખી જલાવી જલાવી સોનુ તથા મટ્ટી ગીલાઝત ને સાફ કરી જુદા પાડા. પછી સોનાને રાખી જે કચડો કારી અને ગીલાઝત હતી તેહને ફેંકી દીધી. જે દાઅવતે

હકમાં સાજીદ શાકીર બાકી રહયા તેહને આઅલા મરાતીબ મકામાતમાં ચઢાયા અને તેઓએ અજરે અઝીમને હાંસીલ કીધુ. જે દાઅવત થકી મુરતદ અને ખારીજ કરવવાના, તે સરવે અંધાધુંદી અને હયુલાના ચક્કરમાં ફરીથી ગરક કરવવાના છે. એહવીજ તરાહ આકા મલક-બદરના સઆદતવંતા ઝમાનામાં ઘણાસા નુફુસો આઅલા મરાતીબોમાં પહોંચી જનનતમાં પહોંચ્યા છે. જે આંખના ફુટા આંધલાઓ હતા તેજ આ ચરબીની આંખો થકી દેખી શકા નથી કેમકે તેઓને રીયાસતની હુબ હતી, ઝાહેરી મકામ અને મરાતીબોની ગરઝ હતી, અને ઝાહેરદારી ઉપર તે સરવેનો ઉમદો હતો. આકા મલક-બદરયે એક નહિ મગર બેશુમાર ગીનતી વગરના લોગોને નજાત અપાવી છે. જે મુસીર મુસતકબીર હતા તેજ હજી સુધી ગાફીલ પડા છે.

હવે ઝુહુરની બાબતમાં જાણવુ યે કે આકા મલકના ફરમાને આલી ઘણાજ ગામીઝ અને રમઝ ભરેલા હતા. તેહમાં નાકીસ બંદાઓનુ ગુઝર નથી. મગર જહાંતક હમારી નાકીસ નઝરયે દેખુ અને જાણું છે તે આજ કે આકા મલક મુકરરબયે દાઅવતે હકની નીંદા કીધી તે કબલ આકા બદરને ઇતલાકી મકામમાં કાએમ કીધા. જે લબએક કહેનારા હતા તે સરવેનો આકા બદરના નામ પર અહેદ તલબ કીધો. અને બદરની દાઅવતમાં દાખીલ કીધાં. આ બદર વોહજ બદર છે કે જે ઝોએબા સીલસીલામાં ૪૬ માં દાઇ છે. એજ બદર સતરમાં ગયા અને એજ બદરને મલકયે ઝુહુરમાં લાયા. અને તે બદરની શાનાત અને આઅલા મરાતીબોને કશફ કરતા કરતા આઅલા હદમાં ઝાહેર કીધા. ગોયા યે શહેનશાહ બદરના માટેજ આ દાઅવતને વુજુદમાં લાયા છે. આકા બદરમાં હમોએ ઇરફાન વદલીક રબનો જલવો અને ઝુહુર દેખુ છે. અને તેહનો જલવો તેહના દાઇમાં નુમુદમાં આવી રહયો છે. હમારી આંખોને કોઇ જુદાવી કે વહેમમાં પણ લાવી શકતુ નથી.

આકા મલક ફરમાવતા હતા કે દાઅવત મુશકેલીમાં છે તે અમર સચ્ચીજ થયો. આપની રેહલત બાદ વકીલના નામનુ રીયાસતી ચીથરૂ

હાથમાં લઇ ઉંચુ કીધુ. અને પ્રદદેઆ કીધો અને આગલની બધી મલકની કારરવાઇઓ જે વકત-દર-વકત આકા બદરની શાનો શોકત અને જાહોજલાલીની ઇશારત કરતા રહયા, તેને તો જાણી બુજી, અંધા બની ભુલી ગયા અને એક જીસમની રીયાસતની હુબબોવલા માટે વકીલના લફ્ઝને પકડી લઇ, ગોયા સાહેબુલ--હકનો દાઅવો કરી બેઠા. અફસોસ છે, એહવા જુઠા દાઅવાના કરનાર શયાતીનો મલાઇનો ઉપર અને હમોને પણ તેહની શૈતાની જાલમાં ફસાવા માટે હમારા બુઝુર્ગો પર લોમ મુકી દાઅવત કરે છે. એક શાએરનો કોલ છે કે "મર ગએ શાએર ઓર રહે ઉલ્લુકા બચ્ચા રહે ગયા" ની મીસલ હમારા ધણી અને આકા અને બુઝુર્ગોનેદીન તો જુદા રહ્યા અને તમો એકજ ઉલ્લુ હીદાયત દેવા હમોને નીકલા છો.

હર મુસલ્લી ઉપર નમાઝની નીય્યત કરવા તથા પઢવા કબલ વાજીબ અને લાઝીમ છે કે તહારત કરે. હરએક અંગવાઓને સાફ પાણીથી ધોઇ, પાકી સારી કરે, તે પછી નમાઝ માટે ખરા રહે. આ શરીઅતે નબવીની બાતીનની દાઅવત માટે ઝાહેરા તમસીલ છે. જીવારે હકના સાહેબના નઝદીક જવુ છે અને અમરને તેહકીક કરવો છે, તો પહેલા દીલના રીનાઓને સાફ કરે, બુગઝ કીના અને શૈતાનના વસાવીસને દુર કરો, પછી સચ્ચા દીલથી મુલતજી થાવા પરજ હક મીલાવી શકશો અને હીદાયત લેવા માટે રબ કોઇપણ બહાનો મુકરરર કરી આપશે.

સાહેબુલ-હક કોઇને હીદાયત દેવાથી અને રબ તરફની આયત થએલી ખીદમત લઇ ઉઠવામાં હરગીઝ બખીલ થાતા નથી. જે યે સાહેબની ફરીઝત છે તેથી હરગીઝ ચુકતા નથી. સાહેબુલ-હક હર શેઅથી આગાહ છે અને હર એકની ઝમીરને તેના મુનતહા સુધીના જાણનાર છે. અને તેઓનો કુલ દારો મદાર રબના અમર પરજ છે હોઇ છે. એક ચાવલની દેગ ચાવલ ભરી ચુલા ઉપર ચઢાવી ચુકા હોય અને અરધા પાકી ચુકા હોય તેહમાં બીજા નવા ચાવલ ચઢાવી શકતા

નથી, તેમજ દાઅવતમાં પણ આગલના લોગો પુખ્તા થાતા નથી વહાં તક નવાને દાખીલ કરતા નથી. અગર તેમ કરવામાં આવે તો જેહના અકીદાહ મઝબુત નથી અને નવા બાહેરના આવેલાઓના દીલોમાં શક શુકુહાત હોય અને જે વકત ખીલવતમાં તે બેવેની મુલાકાતો થાઈ અને એક બીજા પોતાના નાકીસ ખ્યાલો ઝાહેર કરે અથવા હરકતો કરે તો તે વકત નાકીસ અકીદાના લોગોને નુકસાન થાય, અથવા નવો આવનાર તેહનેબી પોતાના સાથે ખેંચી લઈ જાય, યાઅની એક નફસ છુટવા બદલ હલાક થાય, તેથીજ સાહેબુલ–હકની કારરવાઈમાં ઇરાદ ભરી નઝર કરવા માટે માઝીમાં પણ સઘલા આઇમ્મતુલ–અતહાર વ અવલીયા કીરામથી મુમાનેઅત કરવામાં આવી છે.

તમો હમોને દાઅવત કરો છો તો તમારા ત્યાં શરીઅતજ કોણસી છે, કે જેહની હમો પાબંદી કરીયે. તમો શરીયતે નબવી શરીયતે મોહમ્મદીને તો તીલાનજલી આપી દીધી છે. નમાઝ રોઝા મૈયતના ગુંસલો કફન દફનની કીરયાઓ તો કરતાજ નથી. કે જે ઝાહેરદારીના ઊમુરો છે, અને તેહની પાબંદી લાઝીમ કરવવાની છે. ખરેખર શું કરવા પાબંદી કરશો ? તમો તો નબી મોહમ્મદ અને પંજતને પાકની આલના દુશમનો છો. પછી શાની તમારી દાઅવત અને શાનો તમારો હક ? તમારી જમાઅતમાં તો બધા માઝી આતી હાઝીરના સાહેબુલ–હકના દુશમનોના નુફુસોજ જમાઅ થાશે. નમાઝ રોઝા અને શરીયતે મોહમ્મદીની પાબંદી ના કરવુ તે યઝીદીયોના ફએલ અને હરકતો છે તમો આકા મલકના શીયા અને અતબાઅ હોવાનો દાઅવો કરો છો મગર તે આકાની હીદાયત ઉપર છોજ કયાં ? અગર આકા મલકે મુકરરબયે શરીયતે મોહમ્મદીને ઉઠાવી દીધી હોતે તો નમાઝ માટે પોતાના દસ્તે મુબારકથી મસજીદના પાયાની બીના અને ઇમારત ખરી ના કરતે. આપ આઈમ્મતોના અસમાએ પાક તકરરૂબમાં પઢવા માટે અને કેટલી દુઆઓ જે મુકરરર કરી અરબી ઝબાનમાં તરજુમો કરાવી પઢાવતા હતા, તે ના કરતે.

આપએ બાઅઝ મુતવફ્ફા સાહેબો જે આપની હીનો હયાતમાં દારે બકા પહોંચ્યા, તેહના ગુસલો કફન દફનની ક્રીરયા તથા જનાઝાની તવલ્લી બઝાતે ખુદ ના કરતે. આ સરવે બાબતો આકા મલકની પાછ્લી કારરવાઇ માટે દલીલ બને છે. અને તમો લોગો એ આકાના ખરા મુતીઅ ફરમાં બરદાર નહીં પણ દુશમનો છો. તમારો દાખલો ખોતો છે. તમો મલકના નામને બદનામ કરવા પર આમાદાહ થયા છો. આજ સઘલી ઝાહેરી વાતોથી બાતીનની સરવે બાબતો માટે હમારા પાસે તમારી જમાઅતના ખીલાફમાં પકકી દલીલો મુકરરર થાય છે કે તમો લોગોયે આકા બદરના હકને છીનવા ચાહયુ હતુ. અને તમોએ જુઠો દાઅવો કીધો છે, કે જેહની સઝા તમોને રોઝે કયામતમાં મીલશે. તમારા જેહવા જુઠા શરીર અને ખોટા દાઅવાના કરનારા માઝીમાં પણ ઘણા થયા છે. અને તે સરવે હલાકીના......ને પહોંચ્યા છે. રબ એહવા લોગો ઉપર લાઅનત બોલજે અને હમારા રબ આકા બદર ઉપર અને દાઇઝ-ઝમાન ઉપર સલવાતના બારીશ સદા વરસાવજે અને તેહની બરકાતને દાઅવતે હકના કુલ અબનાઓ ઉપર જારી રાખજે.

હમોએ હમારા રબ આકા બદરને દેખા યાઅની માઝીના કુલ અંબીયા અવસીયા અઇમમતો દુઆતો હુદાતોને દેખા બરાબર છે. હમારા અકીદામાં કોઇજ દખલ કરી શકતુ નથી. જે કોઇ દખલ કરશે તો તેહની સઝા રોઝે કયામતમાં તો શું મગર યહાંજ મીલાવી લેશે.

સાહેબુલ-હકયે અબનાઓને પોતાના કદમો ઉપર ખરા રહી પોતાની કુત બશરી અને ગુઝરાન કરવા અર્થે જુદા કીધા છે, નાહ કે દાઅવતે-હકથી જુદા કીધા છે. તેહમાં પણ હીકમત સમાએલી છે, કે જે એક અરસા પછી ખુલશે. જેમ જંગલોમાં પત્થરો કંકરો ઉપર સુરજ ચાંદ અને સીતારાઓની રોશની એકસાં એક અરસા દરાઝ તક પડતી રહે છે, તેથી તેજ કીસમની તેહમાં જીલા આવી જાય છે. તે પત્થરો હીરા માણેક અકીક નીલમ વગેરે બની તે અંગુઠી તાજ

વગેરે ઘરેણાંઓમાં જડી તેહની તાસીરાત મુજબ ફલ આપે છે. મગર તમોએ તમારી આંખો પર બુરી તરાહના કાલા ચશમાઓ પેહની લીધા છે તેથી તમોને બધુજ કાલુ કાલુજ દેખાય છે. થોડા લખાણને વધુ સમજી કીફાયત લેશો. તમારા સુવાલ અને હમારા જવાબો, ઇલમ અને ઇરફાન નહિ હોય, તો તે પણ વબાલ થઇ પડશે.

આ લખાણ વાંચા પછી તમારા ફીતનતી લખાનોને મોકુફ કરજો, અને હમારા ભાઇઓ બેહનોને લેહકાવા બેહકાવાથી બાઅઝ આવજો. હેમોને હમારા મોલા અને આકા મોહમ્મદ ઇબ્રાહીમ રીઝા મલક સાહેબમાં પુરો એતીકાદ અને ભરોસો છે, જેહને હમોએ ઇરફાનો બસીરતથી હક સમજ્યા છે બસ તેજ હક છે. તેહના સીવા સબ મઝાહીબ બાતીલ છે. હમારા અકીદામાં ફરક લાવાથી તમોને ફાઇદા બદલ નુકસાન પહોંચશે.

જે લોગોએ સાહેબુલ-હક સાહેબુદ-દાઅવતથી જીસમાની રીશતો પૈદા કીધો છે અને તે મવાલીયોની ખીદમતમાં રહી વરસો સુધી હીદાયતો તાઅલીમ લીધી છે અને તે સાહેબ માટે વકતન-ફવકતન ઇકરાર કરતા રહયા છે અને તે ઉપર અમલ દર આમદ થયા છે અને તે પછી એક દુનયવી હુબ અને રીયાસતની તમાઅ માટે મુંહ ફીરાવી બેફરમાન થાય અને સાહેબુલ-હકના હકને ગસબ કરવા પર તૈયાર થાય તે વધુ અઝાબનો મુસ્તહીક છે, બનીસબત વોહ શખસ કરતા કે જેણે નીદાને સુની નથી તાઅલીમો હીદાયત લીધી નથી અને ઇકરાર પર આયો નથી. જીસમાની રીશતો પૈદાના કરનાર ઉપર આ વાત વાજીબ થાય છે કે તેઓ સાહેબુલહકના મદદગાર રહી તેહની કમા-હકકહુ ખીદમત કરી ગુઝરે યહાં તક કે મુશકીલના વકત પોતાના જાનોનેભી ફીદા કરી દે, જે મીસલ કે કરબલાના મૈદાનમાં મોલાના હુસેન અલૈહીસસલામના ખ્વેશો અકરૂબા અને દાઅવતના લોગોએ એ આકાના કદમે મુબારક પર પોતાના સરોને કટાવી દીધા, અને અજરે અઝીમ મીલાયુ. આજ દીન સુધી તે ઇબરતવંતો વાકેઓ લોગો પઢી ઇબરત લે છે.

જેમ ખાતીમ નબી મોહમ્મદનીલ મુસતફાના ઝમાનમાં બનુ કે મોલાના અલી ઇબને અબી તાલીબ અને મોલાતેના ફાતેમાહ બીનતે રસુલના જોડાનથી ઈમાન અને ઈસલામ જોડાયુ, તેમ આ અશરશીયતવંતા ઝમાનામાં, યાઅની ખાતીમ ઇમામ મોલાના મુસા સ. અ. ના ઝમાનામાં આકા મલક અને આકા બદરના મીલવાસી, તેજ ઈમાન અને ઇસલામ પુખ્તા થયુ. અને આપયે કશરી દાઅવતની કારરવાઈ કીધી, જેહની મીઆદ ૫૦ હઝાર વરસની મુકરરર કીધી છે. તેજ સીલસીલાના પહેલા દાઇલ–હક મોલાના લીવાએ હક સાહેબ છે, અને આપની ગૈબત પછી આપના સાની અને ખલીફા આકા મોહમ્મદ ઈબ્રાહીમ રીઝા મલક સાહેબ છે. સલવાતુર રબબે અલેહયે વ આલેહી અજમઇન.

આખીરમાં રબ કન ઈલતીજા છે કે એ રબ તું હમને શૈતાની વસાવીસથી હમેશા દુર રાખજે અને તુ તારી પનાહમાં અને ઝીલમાં હમને સાહેબુલ–હકની દાઅવતમાં બાકી રાખજે. આમીન.

લી. આકા મલક બદરની દાઅવતનો એક અદના મુસતજીબ
અને આકા રીઝા મલક સાહેબનો અદના ખાદીમે શાહકર
શૈતાનોની જાલથી દુર રહેવા ઇલતીજા કરે છે.

જવાબુલ-જવાબ

બી. ર. મો. સા.

મી૦ ખાદીમે રીઝા મલક,

જોગ મહેદી-બાગ, નાગપુર.

સલામ બઆદ, તમારા ૧૨ મી શેહરે રમઝાન સને આબેદી ૫૫ ના કાગઝના જવાબમાં માઅલુમ થાય કે :

શુરૂઅમાં

શુરૂઅમાં તમો اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ ना જુમલાસી લખો છો, તો તે જુમલાની માઅના: શૈતાનસી પનાહ માંગવું છે, તો તમો ભાઈ શૈતાનના સાયામાં ફસેલા છો, યા એક તાલીબે-આરીફ[1]-કે જે સમજવા માટે મુખાતીબ[2] થયેલો છે—તેને સમજો છો ? કેમકે, તાલીબે અરીફયે જે કોશીશ કીધી તે રબની યારી અને તૌફીક વદલીક અને તેના ઇસ્મસી શુરૂઅ કીધુ હતુ.

અને તમારૂ લખવું કે (લાઇન ૮-૯):

"હમો શેરોના ફરઝંદો છે અને હમારી મા શેરનીયોનું હમે દુધ પીધેલું છે. કેમ ખામુશ રહીયે."—

---

[1] સમજદાર કોશીશ કરનાર

[2] સામે રૂબરૂ

તો તમો ભાઇએ તમારી ઝાતમાં પડેલી કુવ્વતના ઉપર હરામ જાન-વરની તમસીલ[3] આપી. હમારૂં મસલ તો મોહલ્લલ[4] જાનવરોનું છે. હમો તો હકીકી ઇન્સાનોના જુઝઝી[5] ગીઝા બનવાના મોઆફીક છે.

નરેરાઓની ખાસીયત છે—કે તે મઝલુમ અને માઅસુમ જનાવરોને ફારી ખાવાની આદત છે—કે તેસી તેને કોઇ દાનીશમંદ મુકર્રબ[6] કરવાની કોશીશ કરતુ નથી, મગર, આ મોહલ્લલ જાનવર છે કે જે અશરફુલ મખલુકાતની[7] ખીઝમતને લઇ ઉઠે છે, તેથી તેને દાનીશમંદ મુકર્રબ કરે છે. તેમજ દિનમાહીબી, વહોજે ખુઝુઅના[8] લોગો મકબુલ[9] થાય છે.

મૌલાનલ મુકદ્દસ[1] મલક સાહેબનો બુરહાની કૌમના એક આલીમસી મુકાબલો થયો હતો—તે આલીમયે પોતાની તકબ્બુરીના ઘમંડમાં કહ્યું કે : "હું દરયા છું દરયા !" જવાબમાં મૌલાના મલક સાહેબએ ફરમાયું હતું કે : "હું નમક છું."

"પાછા વલવું"

હજી તમો લખો છો (લાઇન ૧૨–૧૩) :

"તમો સરવે રબરનાં દરાની મીસલ છો. દરો દીવાર પર અથડાઇ પાછો તે જગામાં વલે છે."

તે તમસીલ તમારી મનઘડત છે કે હમો 'પાછા વલા.' તેની તમસીલ સૈયદી લુકમાનજી સાહેબ પોતાની તસનીફમાં નીચે મુજબ ઝાહેર કરે છેઃ—

(નસીહત જીલ્દ બીજી, ચાલીસ સીખામન)

---

[3] મળતો દાખલો
[4] હલાલ કરવામાં આવેલા
[5] કંઇક થોડો ખોરાક
[6] નઝદીક
[7] હરેક પેદા કરવામાં આવેલી ચીઝોમાં ઉત્તમ; ઇન્સાન
[8] નમ્રતા; દયા
[9] કબુલ
[1] પાક; પવીત્ર

"કહાંથી તું આયો કહાં હતો — સા વાસ્તે આયો યહાં
કેવી તરેહ ત્યાં પહોંચવું — આવી મનખ[2] અવતારમાં
કઇ ઢોર થઇ જીવા અગ્યા ![3] — ગ્યાન હીરદે રાખ તું
ગાફીલ ન થા એ બેખબર — રહેજે સદા હુશીયારમાં
જો ત્યાં સરોપા[4] તું હતો — આ દેહ કેમ ધરવી પરી
કરતો ખુશી નવનંદ[5] તું — વોહ આલમુલ-અન્વારમાં[6]
કીલ્લાસ કરતો નીત ખુશી — તે જાગ પર રહેતો સદા
પરતો ન તું દરયાઓ આ — ઝુલમાતના અંધારમાં
આદમ ખલકના બાબ જો — ના ચાખતા વોહ ઝારને
પરવા ન આ દુન્યા સરવ — મેહનત બલાની ખારમાં
શું વેહેમ ગુઝરયા ત્યાં તને — તે વાસ્તે વાકેઅ થયો
આવી બલા મહેનત સખત — દુઃખ દર્દના બાઝારમાં
જે વખ્ત નીકલો ત્યાં થકી — ભારી તને લાગુ ઘણું
કેમ આફીયત સેહહત થકી — વાકેઅ થયો મંદવારમાં
થો તું સદા ત્યાં જીવતો — ના મોત તે ચાખા કદી
આવી યહાં ચાખા ઘણા — તેં મૌત કઇ અદવારમાં[7]
આવા પછી વીસરી ગયો — જાણે કે તું યહાંનો હતો
ભુલી ગયો અપના વતનની — વાત તું દીન ચારમાં
જેમ જહાઝ નારી લોગ સબ — આવી પરા જંગલ વખે
વસ્તા હતા ત્યાં વાંદરા — ડુંગર ગુફાની ખારમાં
તે વાંદરાને વસ થઇ — વીસરી ગયો અપના વતન
ઇઝઝત શરમ મુકી થયો — તે વાંદરાની હારમાં

---

[2] ઇન્સાની
[3] જાહેલ
[4] અશરફ
[5] નિત્ય નવા આનંદ
[6] તમામ નુરના આલમ
[7] દોરનું બહુ વચન; ઝમાનાઓ

કીતલાક થઇ તેહમા વનાવી — જહાઝ પર અસવાર થઈ
પાછા વલીને જઇ મીલા — અપના કુટુંબ પરવારમાં
ફર યાદ વોહ અપના વતનના — સાર દીલમાં રાખ તું
હુબ્બુલ વતન ઇમાન છે — જો હોય તું દીલ દારમાં
જે ઘર વગરની અસતરી — વોહ બેવફા છે મસખરી
જાસે ઉડાવી લઇ ઉરી — એક આંખની મીચકારમાં".

હવે, માઝીના સાહેબની અગાહીના મોઆફીક અને ઔલીયાયે હકની કારરવાઇના મોઆફીક હમારૂં "વલવું" થયું.

સૈયદી લુકમાનજી સાહેબ આગાહી આપે છે કે: ઝુહુરના સાહેબ ઝુહુર કરસે તેના પહેલે એના હુજ્જત આવસે, અને તે હુજ્જતને લાહેકના થાનારાઓ લાહેક થાસે; મગર, તે લાહેકના થાનારાઓની જમ્આતનો એમ ખ્યાલ હસે કે : હમો હમારી મકસદને પાયા, અને હવે હમને તેનેજ લાઝીમ અને વલગી રહેવું જોઇએ—તે ખ્યાલ નાકીસ છે. કેમકે, આવનારાઓનો ખ્યાલ એમ હતો કે : ઇમામુઝ-ઝમાન ઝુહુર કરસે અને હમો તેને લાહેક થઇએ ! તે મોઆફીક, મૌલાનલ મુકદદસ મલક સાહેબયે મૌલાનલ મોહકકીક[8] હુમાયુન સાહેબના હુજ્જતનો દાઅવો કીધો હતો, અને "૧૦ વરસ બઆદ ઝુહુર થાસે"—એમ વાઅદો કીધો હતો.

અને તે પ્રમાણે, આપયે ૬ અશખાસો પર સનદ કીધી કે: એ ૬ માંસી જહાં એક હસે વહાં ઇમામની ખબર હસે.

હવે, તે ૬ અશખાસોમાંથી તમારા બદર, અથવા પેહલા દાઇ, અથવા બીજા દાઇનું નામ નથી; તેમ "જહાં"ના જુમલાસી[9]—મેહદી-બાગની જમ્આતથી અલગ થઇને ખબર કરવું-તે ઝરૂરી છે. અને તે અમરના મોઆફીક, મોહસીન વકીલ સાહેબને તમારી જમ્આતસી અલગ થઇને ઇમામનું ખબર આપવું-પોતાના રબના અમરની પાબંદી કરવું છે.

હવે તમો "પાછા વલવાની" માઅના સમજા હસો, કે પાછા વલવું શું માઅના પર થયું ? "પાછા વલવાનું" મસલ—"જહાઝ પર અસવાર

[8] હક પુરવાર કરનાર [9] વાક્ય

થઇ" ને જનારાઓનું મસલ છે; અને રહેનારાઓનું મસલ—"વાંદરાઓ"નું મસલ છે કે જે વાંદરીઓની અનસતથી રહી ગયા.

અને દેખો, ગૌર કરો! ખુદાતઆલા કુરઆને શરીફમાંથી શું ફરમાવે છે :

وَلَقَدْ عَلِمْتُمُ الَّذِيْنَ اعْتَدَوْا مِنْكُمْ فِي السَّبْتِ
فَقُلْنَا لَهُمْ كُوْنُوْا قِرَدَةً خَاسِئِيْنَ ۝ (سورة البقرة)

"અને તેહકીક, જાણી ચુકા તમો તેઓને કે જેઓયે નાફરમાની કરી તમારામાંથી શનીવારના દીનમાંહી. પછી કહ્યું હમોએ તેઓ વાસ્તે કે થઇ જાવ તમે વાંદરાઓ—એહવા કે ઝલીલ."

હજી, માઝીના સાહેબના કૌલને અને આગાહીને દેખો, કે સૈયદના કાઝી નોઅમાન ક૦ રૂ૦ મેહશરની વાદીની સાએ યાઅને દોરવાની તાવીલમાં ફરમાવે છે કે :

"વોહ—બાતીલસી આડે આવનાર છે—કાએમ અ૦ સ૦ અને હુજ્જતના દરમ્યાન થાસે—લોકોને એ હુજ્જતસી રોકસે, તો લોકોને લાએક છે કે એ બાતીલ પર મુકીમ[1] ન રહે, ને એહનાથી ભાગે.

માઅલુમ થાય કે : હાજી અરફા ઉપરસી ૯મી તારીખ, સુરજના ગુરૂબના બઅાદ ઉતરી, મુઝદલેફા આવી, રાત ભર આરામ કરે છે. પછી ફજેર થયા બઅાદ કંકર લઇ મીના તરફ ચલે છે. મુઝદલેફાસી મીના આવતા રસ્તામાં એક ઉંચાન જગાથી નીચે ઉતરવામાં આવે છે; એ જગાનું નામ-'મેહશરની વાડી' છે. યહાં આવી દોરવાનો હુકુમ છે. યહાં હાજી દોરે, અને એમ કહે કે : 'હું બાતીલસી ભાગું છું'

મુઝદલેફાસી મુરાદ હુજ્જતુલ કાએમની છે; અને મીનામાં ૧૦ મી તારીખ કાએમ અ૦સ૦ ના ઝુહુરનું મસલ છે. બેવેના દરમ્યાન મેહશરની વાડીમાં બાતીલ આડે આવનાર છે.

---

[1] લાગેલો; જોડાએલો

યાઅને, હુજ્જત અને કાએમ અ૦સ૦ના દરમ્યાન એહવો એક શખ્સ છે, કે વોહ બાતીલ મોઆરીઝ[2] થાસે, લોકોને રોકસે; લોકોને લાએક છે કે એહના પર ફેરે નહી, મગર ભાગે."

ઉપરની તમસીલની ઝીકરમાં સમજા હસો કે માઝીના સાહેબની મકસદ શું છે, અને તે સાહેબને વલગનારાઓનો અમલ શું છે—તે દેખો ! ૯ મી તારીખના આફતાબના ગુરૂબના બઆદ—હાજીઓને એક જગા જમ્આ થાવું—યાઅને, તે હકીકીયે આફતાબ મૌલાના મલક સાહેબના ૯ વરસના બઆદમાં આ ઝાહેરી જીસ્મનું છોડવું છે.

હવે તે, તેના બઆદમાં સુકુન કરવું યાઅને એક રાત ફેરવું, તેનો મીનાના અરસાનો ઝમાન છે, કે તે હમારા મોહતમીલ બુઝુર્ગ[3] મોહસીનો તે અય્યામ તક સુકુન કીધો. અને તેના બઆદ, તે મુઝદલેફાસી મીનાનું જાવુ છે—યાઅને તે દાઅવતને મુકીને દુરનું થાવુ છે.

અને તેમાં એક આડના કરનારનું આડનું કરવું, યાઅને રોકવું, તે એક શખ્સની મુરાદ તમારા બુઝુર્ગોની છે, કે તે એક હુજ્જતને કીધી અને એક વેહેમની દલીલને, અને કમઝોર શખ્સ હોવાની દલાલતસી—એમ ભમાવા અને સમજાવ્વાની કોશીશ કીધી કે : શું મને વારીસ નથી કીધા ?

બસ, તેજ એક આડના કરનારના શખ્સની મુરાદ છે, કે તે આડ કરે છે. મગર પછી, હાજીઓને કાંકરાને મારવું અને ભાગવું છે—યાઅને હુજ્જતો અને દલીલસી તેને ખંખેરવુ છે, અને ભાગવું તેની અઝીય્યતસી[4] બચવું છે.

તે ઊંચાઇ પરસી ઉતરીને, તે વાડીની તરફ જાવુ છે—યાઅને તે મુતલકી દાઅવત અને હીજાબી દાઅવત કે જે બુલંદી મકામોના ઊંચાઇ પર ચઢી ગયા હતા, તેના પરસી ઉતરવુ છે—અને તે વલી અને વકીલના મકામ ઉપર કનાઅત[5] કરીને—તેમાંસી ભાગવુ કે દુર થાવુ છે.

---

[2] અટકાવનાર
[3] સબર કરનાર
[4] બેહદ દુ:ખ દેવાથી
[5] સંતોષ

હવે ભાગનાર—તે શું તેની ખુશીથી ભાગે છે, કે કહેનારના કહેવા પર ભાગે છે તે સોચવું જોઇએ.

હાજી પોતે પોતાના હજના પુરા અરકાનને લઈ ઉઠસે, તોજ તે હાજી કહેવાસે, તેજ પ્રમાણે, હમારા સાહેબોનું હકીકી હજ કરવુ થુ, અને તેના સહી અરકાનને લઇ ઉઠવુ થુ—તે સબબસર, આપનું 'પાછુ વલવુ' થયુ.

તાઅરીફ઼

તમો-તમારા કાગઝમાં હીમ્મત બતાવો છો કે (લાઇન ૧૪–૧૬):

" હમો તમારા એક એક હર્ફ઼ અને એક એક હુરૂફ઼ની લંબાન સાથ તશરીહ કરી જવાબોના શકતીવાન છે, કે જેહના કીતાબોના કીતાબો ભરાઇ મગર ખઝાનો ખુટે નહી" —

તો પછી, તમારા કાગઝમાં હમોને લખાણ કરવાસી કેમ રોકો છો કે (લાઇન ૨૩૬–૩૮):

" આ લખાણ વાંચા પછી તમારા રીતનતી લખાનોને મોકુફ઼ કરજો અને હમારા ભાઇઓ બેહનોને લેહકાવા બેહકાવાથી બાઅઝ આવજો " ?

હમારૂ લખાણ કરવું ફ઼કત એક ભાઇના ખ્યાલ પર હતું, કે તે ભાઇને એમ ખ્યાલ થઇ આયો કે હમે કોઇ લખાણને લખીએ અને તે મુજબ હમોએ તે ખતને લખો. મગર, જેમાં જે ચીઝ પડેલી હતી તેજ નીકળી આવી. હવે લખાણ પરસી આરેફ઼ુન[6] સમજી જાસે કે તમારા લખવા મુજબ (લાઇન ૧૯)—"તાઅન તશની ભરેલા કલામો," અને હલકા જુમલાઓનો ઇસતેઅમાલ[8] કોણ કરે છે? એ તો જે વાસણમાં જે ચીઝ હસે તેજ નીકળસે.

---

[6] જરૂરીઆતોને [7] સમજદારો [8] ઉપયોગ

મસલન, તમો (લાઇન ૧૫૬-૫૭)—એક શાએરનો કોલ જણાવો છો; હવે તે કયો શાએર છે તે તો તમો નહી જણાવી શકતા, મગર હમો તમને બતાવીયે—કે એક શએરના લખનાર સાહેબ શું ફરમાવે છે.

સૈયદી શેખ લુકમાનજી સાહેબ (ક૦ ૩૦) પોતાની નસીહતમાં આપ ફરમાવે છે કે:

"મુંહમાં ઝબાં બખ્શી છે રબયે—હમ્દ કરવા વાસ્તે,
આ સીફત મુકીને લાઝીમ—થાય છે બદ ગોઇને.[૧]"

હજી તમારૂ આ મીસલ લખવુ કે (લાઇન ૧૬-૧૭):

"હમો બાખુબી સમજીયે છે કે નજાસતના ખાડામાં પત્થર ફેંકવાથી નજાસતમાં છાંટા હમોનેજ લાગશે"—

તે તમસીલ બહેતર છે. મગર અંબીયાઓ અને ઔસીયાઓનું ફેએલ છે, અને તેજ મોઆરીક, મૌલાના મલક સાહેબયેબી, ગાલ ગાલોચ ને માર ઠોકના સાથબી, અમરને કાએમ કીધો.

હવે પાક અને નાપાક પાણી, બુ અને બદબુ, તે તો આરીફે-ઇન્સાફની[1] નઝર હસે તો દેખસે, તો ભાઇના લખાણમાં અને હમારા લખાણમાં માઅલુમ પડી આવસે, કે આ ઝમીરનાં[2] ખાડામાં કયુ પાણી છે? જેના લખાણમાં ખુશબુ આવે તેને ખુશબુ કહેજો, અને જેમાં બદબુ આવે તેને નજાસત કહેજો.

કેમકે, હમે હમારી તાઅરીફ કરીએ અથવા તમો તમારી તાઅરીફ કરો—તે ગલત છે; એ તો મુનસીફ આરેફીનને[3] સોંપો—તે પરખી લેસે.

---

[૧] નિંદા; જુઠી બદગોઇ
[1] સમજદાર ઇનસાફી
[2] મનના; અંતઃકરણના
[3] ઇનસાફી સમજદારો

શીર્ક

બઆદ તમો લખો છો (લાઇન ૨૧–૨૫):

" તમોને જીવારે દાઅવતે મલકીય્યાહ બદરીય્યાહનો ઇકરારજ નથી અને તે જુમલા થકી અલાહેદા થઈ ચુકા છો, તો શું કરવા આકા બદરની તસનીફ મુબારક અને આકા મલકની ઝીકરે આલીને કાગઝના ચીટથરા પર લખી તેહમાંથી તમારી ખુદગરઝી ભરેલી મતલબો નીકાલી હમોને હીદાયત દેવા પર કમરબસ્તા થયા છો ? "

મગર અફસોસ છે કે હુદુદો, હીદાયતના સમજવા અથવા સમજાવ્વા ઉપર, તે મલકે પાક ઝાતના કલામોને લીધા, તો તમને ભારી લાગે છે! તમારા આકા મલક બદરની યે તસનીફ[4] નથી; એતો તમારા બદરનો સવાલ હતો કે " શું છે જીસ્મ અને નફસ,"—તો તેનો તે પાક ઝાત મૌલાના મલક સાહેબએ જવાબ આપો—તેનો ખુદ તમારા બદર સાથે ઇકરાર કરાયો—કે જે તસનીફની સુરતમાં મૌજુદ છે.

એ તો એક તમારી ગલત તસવ્વર છે કે મલક, બદરને એક સમજો છો, ને બદરને મુકનારને એમ સમજો છો કે તે મલકનેભી મુકા ! મગર યાદ રહે કે જો તે બેવે એક ઝાત હોતી, અને તે દાઅવતના બાની અને મુબની[5] હોતા, તો બદર એમ ના લીખત—પોતાની તસનીફમાં-કે :—

"બદર થઇ સબ પર ફીદા—ખાદીમ થઇ રહે તું સદા,
ખીઝમતને કર તું અદા—ઇબદાઈ છે યે ગૌહર.
અબનાની ખીઝમત તું જાન—વાજીબ છે તુજ પર હર આન,
સબને સમજ તું સમાન—ઈબદાઈ છે યે ગૌહર. "

હવે યહાંકન તો, તે શખ્શ પોતાના મોહસીનોના શરીકનો ખ્યાલ તો કુજા, મગર તે સાહેબના અબનાઓ[6] થકીભી દુર છે, અને એમ ઈકિરાર કરે છે કે : મૈં એ સાહેબના અબનાઓની ખીઝમતનો કરનાર છું ! હવે તે બેવેને એક સમજવું તે દાનીશમંદી ને અકલમંદી છે?

---

[4] બનાવેલો લેખ [5] સ્થાપનાર અને પેદા કરનાર

[6] પેદા થએલાઓ

ઝાહેરમાંભી દેખસો, કે બાપ એક ઔલાદને પૈદા કરે છે, અને તે ઔલાદ કદી ઔલાદ પૈદા કરે, તો તે પૈદાનો કરનાર—પોતાના પૈદાના કરનારના બરાબરીમાં નથી આવતો; કાશ, તેભી પૈદાનો કરનાર છે, મગર તે પોતાના પૈદાના કરનારને પોતાના મોહસીનો મુનઇમજ સમજસે. એ એમ નહિ ખ્યાલ કરે કે : "હું અને મારા પૈદાના કરનાર બરાબર છે."

હવે, તમે તેના ફેએલમાં દેખો, અને કુરઆનમાં તે ફેએલના કરનારાઓના માટે શું લખાણુ છે તે દેખો :—

وَذَرِ الَّذِيْنَ اتَّخَذُوْا دِيْنَهُمْ لَعِبًا وَّلَهْوًا وَّغَرَّتْهُمُ الْحَيٰوةُ الدُّنْيَا وَذَكِّرْ بِهٖٓ اَنْ تُبْسَلَ نَفْسٌۢ بِمَا كَسَبَتْ لَيْسَ لَهَا مِنْ دُوْنِ اللّٰهِ وَلِيٌّ وَّلَا شَفِيْعٌ ۚ وَاِنْ تَعْدِلْ كُلَّ عَدْلٍ لَّا يُؤْخَذْ مِنْهَا ۭ (سورة الانعام)

" અને તજી દે તું વોહ લોગોને કે જે સઘળાએ તે સઘળાના દીનને રમત અને ગમત ગણી લીધું; અને છેતરૂ તે સઘળાને દુનિયાની ઝીંદગીએ.

" અને યાદ દીલાવ તું તે વદલીક, કે રખેને કોઇ જાન સપડાય જાય-વોહ ચીઝના સબબ કે જે કસબ[7] કીધું. નથી તેના વાસ્તે—સિવાયે ખુદાના—કોઈ વલી અને નહિ કે કોઇ શફાઅતના કરનાર, અને જો તે તેના એવઝ આપસે હરએક તરાહના મુબાદેલાને,[8] તો તે નહિ લે તેના થકી."

હવે તમે દેખસો, કે કોણુ આ દુનયાની ઝીંદગીના અંદર જાહો-જલાલી અને મોહમાયામાં સપડાએલા છે, કે જે દુનિયાની ઇઝઝતના માટે કોશીશ કરે છે તે ફેએલમાં તમે દેખો, કે તમે તમારા બુઝુર્ગોમાં દેખો, કે તે સાહેબોએ કોઇભી દિનની હુજ્જત કાએમ કરવા માટે કોઇભી ફેએલ ના કીધું, મગર દુનિયાની મોહ અને માયામાં સપડાએલાના મીસલ, રીયાસત-માંહી, તેમ અવામમાંહીભી ઇઝઝતને પૈદા કરવાની કોશીશ કરતા રહ્યા.

---

7 હાંસીલ કીધું; મેળવ્યું　　8 અદલા બદલાને

અને હમારા બુઝુર્ગોને દેખો, કે તે સાહેબોની આઅલા સોસાએટીના લોગો—હમદર્દ થઇને કરઝન ઇમદાદ[9] આપવાનેબી આયા કે: "ઝાહેરમાંબી તકાલીફો ના ઉઠાવીયે, અને ઇઝઝતના સાથે ઝીંદગીના અય્યામને બસર કરીયે "—મગર તે મોહસીનો મોહતમીલ સાહેબોએ, તેબી તે ચીઝને ના કબુલ કીધી, અને જે મુશકેલીઓમાં આપયે આપની ઝીંદગીના અય્યામને બસર કીધા, તે સઘળા બાશીંદાને નાગપુર—એહલે હુનુદ હો, કે એહલે ઇમાન—જે લોકો આપને જાણે છે અને પહેછાને છે અને આપના તાઅલુકાતમાં આવેલા છે, તે લોકોને ખબર છે.

હવે દેખસો કે તજવું કોણા માટે છે? જેને તજવું જોઇએ તેનેજ તજનારયે તજુ, યા ગલતી કીધી—તે તમે સોંચો!

અને ધર્મને રમતબાઝીમાં લાવ્વું: યાઅને તે ધર્મનોજ, યાઅને તે હીદાયતનો સબબ હતો, તો તેસી તમને વોહ કુવ્વત થઇ કે તમો હીદાયતને પહોંચાવ્વા માટે બાસુહુલીયત[1] કામ કરી શકતા, મગર તે ચાન્સને તમે તમારી રમતબાઝીમાં ગમાયો.

કેમકે તેજ ધર્મનો મતલબ છે, અને તેજ હીદાયતના તાલીબોના અમીર બનવાનો સબબ હતો કે તમે તે તમારી દુનિયાની ખ્વાહીશોને પુરી કરી શકો. જો કદી, તમે અમીર ના બનતા, તો તમે તમારી ખ્વાહીશને પુરી ના કરી શકતા.

હજી કુરઆનમાં આ મુજબ આયાતો છે, જેમાં તમોએ મલક અને બદરને એક ઝાત બનાવ્વાની કોશીશ કીધી છે—તેનો ઇઝહાર છે:

وَاِذْ قُلْنَا لِلْمَلٰٓئِكَةِ اسْجُدُوْا لِاٰدَمَ فَسَجَدُوْٓا اِلَّآ
اِبْلِيْسَ ؕ كَانَ مِنَ الْجِنِّ فَفَسَقَ عَنْ اَمْرِ رَبِّهٖ ؕ
اَفَتَتَّخِذُوْنَهٗ وَذُرِّيَّتَهٗٓ اَوْلِيَآءَ مِنْ دُوْنِيْ وَهُمْ لَكُمْ
عَدُوٌّ ؕ بِئْسَ لِلظّٰلِمِيْنَ بَدَلًا ۝ مَآ اَشْهَدْتُّهُمْ خَلْقَ

---

9 મદદ   1 આહેસ્તાઇથી

السَّمٰوٰتِ وَالْاَرْضِ وَلَا خَلْقَ اَنْفُسِهِمْ وَمَا كُنْتُ مُتَّخِذَ
الْمُضِلِّيْنَ عَضُدًا ۝ وَيَوْمَ يَقُوْلُ نَادُوْا شُرَكَآءِيَ
الَّذِيْنَ زَعَمْتُمْ فَدَعَوْهُمْ فَلَمْ يَسْتَجِيْبُوْا لَهُمْ
وَجَعَلْنَا بَيْنَهُمْ مَّوْبِقًا ۝ (سورة الكهف)

"અને જે વખત કે કહ્યું હમે મલાએકતોને કે સજદો કરો આદમને, તો પછી સજદો કીધો સઘળાએ—સિવાયે ઇબલીસના—કે હતો તે જીન થકી, પછી એફરમાની કીધી તેયે તેના રબના અમરસી. શું હવે તમે તેને અને તેની ઔલાદને ઓલીયાઓ ગણી લેશો—મારા દુન ? અને તે સઘળા તમારા વાસ્તે દુશ્મનો છે—બદ છે ઝાલેમીનના વાસ્તે બદલો.

"ના હાઝીર કીધા મેંયે તે સઘળાને આસ્માનની અને ઝમીનની પૈદાઇશની વખ્ત, અને ન તો તે સઘળાના જાનોની પૈદાઇશની વખ્ત, અને મેં વોહ નથી કે બાઝુ બનાવ ગુમરાહના કરનારને. અને વોહ દીન કે કેહસે: નીદા કરો[2] મારા વોહ શરીકોને કે જે તમારા ખ્યાલમાં હતા, પછી બુલાવસે તે સઘળાને; પછી નહિ જવાબ દે તે સઘળા તે સઘળાને; અને કરીસે હમે તે સઘળાના દરમ્યાન એક હલાકીની આડને."

યાઅને ઉપરની આયાતોમાં તમારા ખ્યાલનો ઇઝહાર છે, કે તમે એવે હસ્તીઓને એક કરવાની કોશીશ કીધી-કે એ એ ઝાતસી આ દાઅવતે હાદીયાની બુન્યાદ[4] મુસતકીમ[5] થઈ! મગર ના! તેમાં આપ ફરમાવે છે કે: મૈં એહવાને મારા બાઝુ નથી બનાવતો કે જે ગુમરાહનો કરનાર છે.

હવે તમે આદમની ઝીકરમાં સમજા હસો, કે સુજુદ દેવાનો અમર ક્યારે થયો, અને કોયે સુજુદસી ઇનકાર કીધો ?

---

[2] બોલાવો [3] નાશની [4] પાયો; સ્થાપના [5] મજબુત

મૌલાનલ મુકદદસ મલક સાહેબયે દાઅવતને કાએમ કીધી, અને ખાનબહાદુરને ઇતિલાકમાં કાએમ કરી દાઅવતના અમરને ચાલુ કીધો, તેમાં—તે ૧૦ વરસમાં—જે ૧૦ વરસ મૌલાનલ મુકદદસ મલક સાહેબના ઝમાનના ટાઇમ તક—મૌલાનલ મોહસીન વકીલ સાહેબ તે અમર ઉપર ખુઝુઅ કરતા રહ્યા, યાઅને તમને હીજાબમાં માનતા રહ્યા—તે તેનું સુજુદ દેવું છે.

મગર તમારા બદરયે, જે વખ્ત કે વકીલના અમરને મૌલાના મલક સાહેબયે ઝાહેર કીધો, તે વખ્ત તેના ખુઝુઅ માટે તૈયાર ના થયા, યાઅને સુજુદ ના દીધી.

અને આપના દાઅવા કરવા માટે કુરઆનમાંબી આગાહી છે કે: એક દાઅવતના સાહેબ દાઅવત કરશે, મગર તે સમજવાની કોશીશ ના કરતા, તેને તકલીફ આપશે—

يَوْمَ يُكْشَفُ عَنْ سَاقٍ وَّيُدْعَوْنَ اِلَى السُّجُوْدِ
فَلَا يَسْتَطِيْعُوْنَ ۝ (سورة القلم)

"વોહ દીન કે કશ્ફ[6] કરવ્વાસે પીંડલી થકી અને દાઅવત કરવ્વાસે સુજુદની તરફ, પછી નહિ કરી શકે તે સઘળા."

યાઅને કયામતના રોઝ કે જ્યારે તે અમરની હકીકત કશ્ફ કરવામાં આવશે, મગર નહિ કરી શકે તેઓ, યાઅને, આપ ફરમાવે છે, કે એક હકીકતને કશ્ફ કરવામાં આવશે. યાઅને મૌલાનલ મુકદદસ સાહેબની કારરવાઈ શું માઅના પર કશ્ફ કરવામાં આવી?—કેમકે, આપનો કોઈ નવો દાઅવો તો હતોજ નહિ—મરહુમ મૌલાના સાહેબની દાઅવતની કારરવાઇનેજ કશ્ફ કરવાની મુરાદ હતી, કે આપયે શું માઅના પર ઇમામુઝ-ઝમાનને ઝાહેર થાવાની આગાહી દીધી અને કેમ આપ ઝાહેર થયા, તે તાલેબુનને[7] સમજાવ્વું હતું. મગર તે લોકો

---

[6] પડદો ખોલવું [7] તલાશ કરનારાઓને

ના શકી શકા[8], તે મુજબ તમારા લોકોનો હાલ રહ્યો, કે તમે આજે તમારા હાદીયે વખ્તને-કોઈબી એક મકામમાં સમજી શકતા નથી !

જો માઝી કાદીરો મુતલક સાહેબની કારરવાઈને સમજતા, તો એવા મુગાલેતામાં[9] ના રેહતા.

અને સૈયદી લુકમાનજી સાહેબ પોતાની નસીહતની એક કરીમાં ફરમાવે છે :—

“ આદમ ખલકના બાબ જો—ના ચાખતા વોહ ઝારને,
પરતા ન આ દુનિયા સરવ—મેહનત બલાની ખારમાં.”

તેજ માઅના સહી થઈ, કે મૌલાનલ મોહસીન મલક સાહેબયે ખાનબહાદુરને હીજાબમાં, યાઅને બાબમાં કાએમ કીધા, મગર તે બાબએ સુજુદ ના દીધી, કે તેસી એક જમ્આત મુગાલેતામાં અને ખારમા પડી.

હવે તમે ખ્યાલ કરસો કે કોયે સુજુદસી ઈનકાર કીધો, અને બાબમાં કોણે કાએમ કીધા થા !

હજી કુરઆનમાં દેખો, કે તેમાં નીચે મુજબ ઝીકર છે :—

وَلُوْطًا اِذْ قَالَ لِقَوْمِهٖٓ اَتَاْتُوْنَ الْفَاحِشَةَ مَا
سَبَقَكُمْ بِهَا مِنْ اَحَدٍ مِّنَ الْعٰلَمِيْنَ ۝ اِنَّكُمْ
لَتَاْتُوْنَ الرِّجَالَ شَهْوَةً مِّنْ دُوْنِ النِّسَآءِ ۚ بَلْ
اَنْتُمْ قَوْمٌ مُّسْرِفُوْنَ ۝ وَمَا كَانَ جَوَابَ قَوْمِهٖٓ
اِلَّآ اَنْ قَالُوْٓا اَخْرِجُوْهُمْ مِّنْ قَرْيَتِكُمْ ۚ اِنَّهُمْ اُنَاسٌ
يَّتَطَهَّرُوْنَ ۝ فَاَنْجَيْنٰهُ وَاَهْلَهٗٓ اِلَّا امْرَاَتَهٗ
كَانَتْ مِنَ الْغٰبِرِيْنَ ۝ وَاَمْطَرْنَا عَلَيْهِمْ مَّطَرًا ۚ
فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُجْرِمِيْنَ ۝ (سورة الاعراف)

---

8 શક્તિવાન, યોગ્ય થઇ શકા 9 ભુલાવામાં

"અને લુતયે જ્યારે કહયું તેની કૌમને કે: શું તમે ઈખ્તિયાર કરો છો એવી બેહયાઈને કે ના સાબીક[1] થયા તે બેહયાઈ વદલીક કોઈ એક બી, આલમીન[2] થકી—તેહકીક, તમે ઈખ્તિયાર કરો છો મરદોને—શેહવતસી—બૈરાઓના દુન થકી, બલ્કે, તમે મુસરેફુનની[3] કૌમ છો.

"અને ના જવાબ દીધો તેની કૌમયે, મગર એમ કહયું: નીકાલો તે સઘળાને તમારા શેહેર થકી, તેહકીક[4], તે સઘળા લોગો છે—કે પાકી તલબ કરે છે સઘળા.

"પછી બચાયા હમે તેને અને તેના એહેલને, તેના બૈરોના સિવાય—કે હતા તે બૈરો રહી જાનારાઓ થકી—અને વરસાયો હમે તે સઘળા ઉપર વરસાદને, પછી દેખો, શું થઈ ગુન્હેગારોની આકેબત[5]!"

યાઅને કુરઆનમાં છે, કે ખુદાએ લુતને અને એહના મુતલકીનને[6] બચાવી લીધા, ને એહના બૈરોને મુકી દીધા, કે જે સઘળા ઉપર ખુદાએ અઝાબ નાઝીલ કીધો.

તેજ પ્રમાણે, હાઝીરમાંબી—મૌલાનલ મુસફ્ફી વકીલ સાહેબને ખુદાએ બચાવી લીધા, અને એહના મુતલકીન—એહના ભાઈઓનેબી, અને એહના બૈરો, યાઅને હીજાબને મુકી દીધા, કે જેના પર ખુદાએ અઝાબ નાઝીલ[7] કીધો.

અને ચાહયું મૌલાના વકીલ સાહેબના સાથીઓયે પાકીઝગીને, તો નીકાળવામાં આયા તે સઘળા સાહેબોને મેહદી—બાગની જમ્અતસી.

અને જે "મુસરેફીનની કૌમ" નો ઉપર ઈશારો છે, તેમા જાણો કે: તે, ઈશરાફના કરનાર, યાઅને હદસી બઢી જાનાર, યાઅને હીજાબસી ઈમામનો દાઅવો કરનાર છે.

---

1 પહેલાં 2 સૃષ્ટિ, પેદાઈશ 3 હદ બહાર જનારાઓની
4 ખરેખર 5 અંત 6 સંપૂર્ણ 7 ઉતારો

દેખો, મૌલાનલ મુકર્રમ[8] મલક શેહેનશાહ સાહેબયે, મોહર્રમની વાઅઝમાં આપયે ઝીકર ફરમાવી, તેમાં આપયે ફરમાયુ:

"સઘળા એમ ખ્યાલ કરે છે, કે ના! અમર તેજ બાકી રહેવો ચઇયે. અને તે અમર તો નહિ બાકી રહે, મગર જયારે વકીલ લઇ ચલાવસે; નહિ તો આદાઓ[9] તેને તફરીક[1] કરી નાખસે."

પોતાની વાઅઝો મેહદી-બાગના લીથો ન્યુસમાં છપાયેલી છે, અને આ ઉપર લખેલી વાઅઝની ઝીકર નં૦ ૪૬ ના ન્યુસમાં છે, જે ન્યુસની કોપી હમારા પાસે મૌજુદ છે.

હવે તમે દેખી શકસો, કે માઝી શેહેનશાહ સાહેબયે તમારા ખ્યાલોની જે આગાહી આપી તે સહી થઈ કે નહી? તમો સઘળા એમ ખ્યાલ કરી બૈઠા કે: આ હીજાબી અને મલકી સીલસીલો કાએમ રહેસે; મગર ના, તે બાકી ના રહ્યો; અને વકીલના અમરસી તે આજ તક મૌજુદ છે અને સાબીત છે.

હજી શેખ અલીમોહમ્મદ ઘોરી ઉજ્જેનીને મૌલાનલ મુકદ્દસ મોહસીન મલક સાહેબયે ફરમાયું: "કેમ શેખ! આ શેખ બદરૂદ્દીન, અને શેખ લીવાયે હક મુરતદ[2] થાસે—તો તમો શું કરસો?" તો મજકુરયે જવાબ દીધો કે: "એમ કેમ બને! એ કેમ મુરતદ થાસે?"

તે પરસી આપયે આ જમ્આતનો ખ્યાલ જાણી લીધો કે: જમ્આત એમ જાણી અને માની બેઠેલી છે, કે મારા બઆદ આજ લોકો જાનશીન[3] ને માલીકો છે— તેસી, આપયે ફરમાયું કે: ના! તે અમર તો બાકી નહિ રહે, મગર વકીલ અમર લઈ ચલાવસે.

અને તે આગાહીના મુજબ અમર બનો. તે આગાહીના મોઆરીઝ, હમે બદરને મુકા, ના કે મલકને.

---

[8] કરામત, પુજ્યભાવ ઉપજાવનાર [9] દુશ્મનો [1] વિભાગ
[2] સ્વધર્મ-પક્ષ ત્યાગી [3] પછીના આવનાર

હજી, સૈયદી સાદેકઅલી સાહેબ પોતાની નસીહતમાં આ મુજબ ફરમાવે છેઃ —

(જીલ્દ પહેલી, પાને ૫૪)

"રન પર જીવારે આ અલી અસગર થયા સવાર
ચારો તરફથી કુરીયોએ એમ કરી પુકાર

ભાનજ તમે યઝીદના છો શાહે નામવર
ઘોરો ફીરાવી આવો આ લશકરમાં શહે સવાર

પાણી પીલાવી આપને નેઅમત ખીલાવીયે
સુબા કરીને શામના જાનીબ ભીજાવીયે

બોલા તીવારે વોહ હમ-શાકલે મુસતફા
કુફફારથી નીપત છો તમો કુરીયો બુરા

આ કેહવી બેહયાઈ છે એ કૌમે બેહયા!
હુરમત નબીના બેશની નહી દેખતા ઝરા

ગોયા નબી યઝીદ તમારો છે કુરીયો
તે વાસ્તે યઝીદના બેશીયોને ચાહો છો!

મેં છું અલી હુસૈનનો ફરઝંદ દીલરૂબા
પોતો અલીનો પ્યારો છું હમ-શીબ્હે મુસતફા

બેઝાર છું યઝીદની નીસબતથી મેં બજા
પાણી પીલાઓ યા ન પીલાઓ એ અશકીયા[4]."

આ માઝીના વાકેઆના[5] મુજબજ તમોએ હમારા માટે એજ ખ્યાલ બાંધી રાખો છે કે જે બદરને માને તેજ મલક સાહેબને માનનાર છે! અને તે મલક સાહેબ અને બદરને એકજ સમજો છો! બલ્કે,

---

[4] અભાગિયાઓ [5] બનાવના

તમો મલકના ખેશીઓ કરતા બદરના ચાહનારાઓને વધારે જગા આપો છો—યાઅને તમારા નઝદીક જે કંઈ છે, તે ફકત બદરજ છે.

અને તમારૂ લખવું કે (લાઇન ૨૨-૨૪):

"શું કરવા આકા બદરની તસનીફ મુબારક અને આકા મલકની ઝીકરે આલીને કાગઝના ચીટથરા પર લખી"?

તો તેમાં જાણો કે: તમો તમારા આકાના ફોટોને મ્યુનીસીપાલીટીમાં તાંગેલો દેખવાને ઘણુ ખુશ છો!

કેમકે, જો તે હીદાયતના સાહેબ હોતે, અને હીદાયતની ઝીકરમાં એના નામને લેવાતે, તો તે ખુશ થાતે. મગર તે સાહેબ રીયાસતના છે, અને હત્તલ-ઇમકાન[6] જીતની કંઈ કોશીશ થઈ શકે ઈતની રીયાસતમાં બઢવાની કોશીશ કીધી, અને તમોબી રીયાસતના ચાહનારાઓ, તે રીયાસતના સાહેબ પર ફીદા થયા અને તે ફેએલને દેખીને ખુશ થયા અને તે કાગઝના ચીથરા પર ઉતારેલા ફોટોને દેખી દીલમાં ઝરાબી મલાલ[7] ના આયુ.

અને તે રીયાસતમાં બઢવા માટે શું શું કોશીશ કરવામાં આવી તે દેખો, ખુદ તમારા કીતાબ 'મેહદી-બાગ ઈનસ્ટીત્યુશન'માં, તમો તેને વઝન આપો છો, અને તે કીતાબના ચંદ ફકરાઓ હમો અહીં લીખીએ છે કે તેસી માઅલુમ થાસે કે તેઓની કોશીશ, બસ રીયાસતમાં આગે બઢવા માટે રહી:

પાનુ ૧૦૫/૧૦૬. "ગવર્નમેંટ તરફથી મળેલી સર્તીફીકેટની નકલનો ઉતારો....

"By command of His Excellency the Viceroy and Governor-General in Council, this Certificate is presented in the name of the Most Gracious

---

[6] બની શકે તેટલી [7] અફસોસ

Majesty King Edward VII, Emperor of India to Moulana Badruddin Gulamhusein in recognition of the interest shewn by him in all public movements and his zeal in the cause of agricultural movement."

પાનુ ૧૦૬ "નાગપુરમાં સને ૧૯૦૮ ના નવેમ્બર-ડીસેમ્બરમાં સેન્ટ્રલ પ્રોવીન્સીસ એન્ડ બરાર એકઝીબીશન......ભરાયાં હતાં તે વેળાએ પણ હાલના મી. મલક તેના એક Patron......હતા...... પ્રદર્શનના ફંડમાં રૂપીયા ભરવા ઉપરાંત ઘણા કામો પોતાને માથે ઉઠાવેલાં હતા જેવાં કે એક શોપનું ઉઘાડવું. જે તે પ્રદર્શનમાં બીલડીંગ હતી તે પોતાને ખર્ચે ઉભી કરી હતી."

પાનું ૧૦૬. "વલી એક refreshment room...મોહામેદન્સ સારૂ ઉઘાડવામાં આવ્યો હતો, તથા Exhibition તરફથી આતશબાજી યાને દારૂખાનું વલાયતી અને લોકલ બનાવેલું તૈયાર કરી છોડવા વગેરે માટેનો બધો બંદોબસ્ત મલક સાહેબને સુપુર્દ થયો હતો."

પાનું ૧૦૬/૧૦૭. "Present Mr. Malak ને સરકાર તરફથી ખાનબહાદુરીનું માન સને ૧૯૦૯ ની ૧ લી જાનેવારીએ મળ્યું હતું."

પાનું ૧૦૭. "Present Mr. Malak તે કોલેજના (મહોમેદન એંગ્લો વર્નાકયુલર કોલેજ, અલીગઢ) ટ્રસ્ટી તથા લાઈફ મેમ્બર છે."

પાનું ૧૦૯. "Khan Bahadur Malaksaheb પણ જેમ કોલેજના ટ્રસ્ટી તેમ All India Educational Conference ના Life member હતા અને છે, તેમ All India Muslim League ના એક Vice-President and member of the council હતા."

પાનું ૧૧૧/૧૧૨. " મી. મલક બધા લૌકીક કામોમાં (Public Movements) આગળ પડતો ભાગ ભજવે છે, અને એવણુ નાગપુરની મ્યુનીસીપલ કમીટીના છેલ્લાં છ વર્ષોથી મેમબર છે. પોતે મધ્ય પ્રાંતો અને બરારનાં પ્રદર્શનને લગતી કેટલીક કમેટીઓમાં આગળ પડતો ભાગ ભજ્યો હતો, જેમાં એમણે કેટલીક શુશોભીત ચિતઆકર્ષક હિંદુસ્થાનની પેદાયશની વસ્તુઓ, એક શોભાયમાન બીલડીંગ, જે ઘણું ખરચે ઉભી કરવામાં આવી હતી, તેમાં પ્રદર્શીત કીધી હતી. એપણુ વળી Mahomedan Educational Conference અને Muslim League ના મધ્ય પ્રાંતો અને બરાર તરફથી પ્રતિનિધી અને Life member છે. એવણુ ચુંટણીથી નાગપુરની અંજુમને હામીએ ઈસ્લામના પ્રમુખ છે, અને Mahomedan Community ને represent કરનાર તરીકે સરકારે એમને લેખ્યા છે. એપણુ અલીગઢ કૉલેજના ટ્રસ્ટી અને Muslim University Foundation Committee ના મેમ્બર છે, તથા Muslim League Council ના Vice President હતા. સને ૧૯૦૬ ઈસવીમાં Muslim Representation in the Imperial Legislative Council and Presentation of Muslim rights in the Political affairs બાબે જે Deputation મુસલમાનો તરફથી Late Viceroy Lord Minto ની સેવામાં હાજર થયું હતું તેમાં મધ્ય પ્રાંતો અને બરાર તરફથી પ્રતિનિધી થઈ પોતે પધાર્યા હતા, અને સને ૧૯૧૧ માં મુસલીમ યુનીવરસીટી બાબે, જે ડેપ્યુટેશન તે વેળાના વૉઈસરૉય નામદાર લૉર્ડ હાર્ડીંજની સેવામાં હાજર થયું હતું, તેમાં પણુ મધ્ય પ્રાંતો અને બરારના પ્રતિનિધી તરીકે પોતાની પધરામણી થઈ હતી. એવણુનું નામ શને ૧૯૦૮ માં ઉઘડેલી Indian Charitable Relief Fund ની Executive Committee માં પણુ જણુાય છે. વળી Imperial Indian War Relief Fund ની Committee ના એવણુ મેમ્બર છે. ટુંકમાં કોઈ પણુ Public movement નથી કે જેમાં એવણુનું નામ દરજ ન હોય. હજી એવણુ ચીફ

કમિશનરની દરબારમાં એક બેઠક ધરાવે છે; અને છેલ્લે સરવાળે એવણ Freemason Brotherhood ની નાગપુરની Lodge Corinth અને Royal Arch Mason ની બ્રાંચોના મેમ્બર અને Office-bearer છે."

પાનું ૧૧૨. "સને ૧૯૧૧ ની અખીરમાં હીંદુસ્થાનમાં King George V નું Coronation થયું અને તેની દરબાર દેહલીમાં થઈ હતી તેનું ધ્રઝન સરઝારી મેહમાન તરીકેનું આપેલું કબુલ રાખી Mr. Malak Delhi ગયેલા હતા."

પાનુ ૧૧૨–૧૧૩. Their Imperial Majesties નાગપુરમાં સ્ટેશન પર ઉતરી ત્યાંથી એક માઇલ દુર જે સીતાબરડી Hill Fort છે,...તે જગ્યા જાવા પધારયા હતા. તે વકતે તેટલા રાસ્તાને ઘણી સુશોભીત રીતે સણગારવામાં આવ્યો હતો, તથા જગ્યા જગ્યા પર આરકાંઓ અને કમાનો લગાવવામાં આવ્યાં હતાં. તેમાં એક આરકો Malak સાહેબ પણ પોતાના મેહદી–બાગ તરફની તથા મુસલમાનો તરફની બનાવ્યો હતો. વળી સ્ટેશન પર જે ચઉદ સાહેબોને Introduce કરાવવામાં આવ્યા હતાં,... મલક સાહેબ પણ એક હતા, અને એવણ સાહેબને પોતાના King and Queen નાં હાથોને હાથ લગાડવાનો અસાધારણ મોકો મળ્યો હતો, કે જે વકતે King and Queen એ હાથ મેળવતાં "I am much pleased to meet you" નાં લફ્ઝોથી વધાવ્યા હતા. આ માન ઘણું મોટું માન છે. ઘણાજ થોડા એવા હશે. કે જેમને એવું અસાધારણ માન નસીબ થયું હશે."

પાનું ૧૧૩. "His Excellency Lord Hardinge...... C. P. ની Golden Jubilee ઉજવવા Nagpur માં પધાર્યા હતા......Council માટેનો નવો હોલ બનાવવાનો હતો તેનાં Foundation Stone ની ક્રીયા થઈ હતી તે વકતે સ્ટેશન પર Mr. Malak ને બીજાઓના સાથમાં Introduce કર્યા હતા તથા

નાગપુર Municipality તરફથી બે Delegates હતા તેમાંથી એક...Khan Bahadur Mr. Malak, ને મુકરર કર્યા હતા."

પાનુ ૧૧૩. "સને ૧૯૧૦ માં એક મકાન Craddock Town જે નાગપુર Extension નું એક નામ છે ત્યાં... બાંધ્યુ છે તેને નામ Malak Manzil આવ્યું છે તે સારૂ દેખલામણું મકાન છે. ૨ મંઝીલા છે.'

હવે દેખો, શું આ સઘળા ફેઅલ હીદાયતમાં આગે બઢવા માટે હતા, કે ના, તેમાં જે નેમ હતી તે રીયાસતમાંજ આગે બઢવાની હતી–તેમાં તમીઝ કરો ! પછી આ ઝીકરોને જમાઅ કરવું કે તે એક કીતાબમાં લીખાઈ અને તેને ઝાહેરમાં લાવ્વા માટે કોશીશ કરવું, તેમાં ગૌર કરવું જોઈએ કે શું મકસદ હતી ! પછી જે મકસદસર તેને કાગઝો પર ઉતારવામાં આવી, પછી શું તે એક ખુશીનો મુજીબ[8] થયો, કે ના, તે એક સોંચ અને ફીકર કરવાની જગા થઈ અને સબબ બનો–તે ખ્યાલ કરો ! બસ.

મગર એકથી બીજાને શરીક[9] કરવાના બારામાં કુરઆને શરીફમાં ઝીકર છે :—

إِنَّ اللَّهَ لَا يَغْفِرُ أَنْ يُشْرَكَ بِهِ وَيَغْفِرُ مَا دُونَ
ذَٰلِكَ لِمَنْ يَشَاءُ ۚ وَمَنْ يُشْرِكْ بِاللَّهِ فَقَدْ ضَلَّ
ضَلَالًا بَعِيدًا ۝ (سورة النساء)

"તેહકીક ખુદા નહિ મોઆફ કરે આ વાતને કે શીક[1] કરવ્વાય તે ખુદા વહદલીક અને મોઆફ કરસે વોહ ચીઝને કે તેના સિવાય છે, વોહ શખ્સ વાસ્તે કે જેને ખુદા ચાહસે. અને જે શખ્સ કે શીર્ક કરસે ખુદા વહદલીક, પછી તેહકીક, ગુમરાહ[2] થયો ગુમરાહીને એવી કે દુર."

---

8. સબબ
9. શામીલ
1. ભાગીદાર
2. રસ્તો ખોનાર

દેખો! શીર્કના સિવાય બીજા ગુનાહ મોઆફ થાસે, મગર શીર્કના ગુનાહ નહિ મોઆફ થાય; અને તમે એ ઝાતને એક કરવાની કોશીશ કરો છો!

બઆદ, તે પેરેગ્રાફના અખીરમાં તમો લખો છો કે: (લાઇન ૨૪-૨૮) "હમોને હીદાયત દેવા પર કમરબસ્તા થયા છો? માઅલુમ પડે છે કે તમારી કંપટી ખુજાઇ રહી છે. જેમ આકા મલકના ઝમાનમાં થુસ્સુનો હાલ બનો તેમ તમારો હાલ બનશે. બલકે તેથી વધુ નીપત્તર થશે—"

તેમાં જાણો કે: મૌલાનલ મુકરરમ મલક શેહેનશાહ સાહબએ દાઅવતનો અમર કાએમ કરવા માટે કસ્દ કીધો, તે વખ્ત કૌમે બુરહાનીના આલેમાઓયે પોતાના સરદારને એજ સલાહ આપી કે મારઠોકસી કામ લો, અને તેજ પ્રમાણે કામ લેવાતું રહયું.

હમો થુસ્સુ સરીખા ગાળ ગળોચસી કામ નથી લેતા. હમો તો સવાલ જવાબના તાલીબ થયા, તેનો તમોએ રસ્તો આ લીધો—કે જે મોહસીનો મોહતમીલ મૌલાના મલક સાહેબના ઝમાનમાં તેના બાતીલ દાઅવેદારયે જે ઇલાજ લીધો, તે ઇલાજ લેવાનો હવે તમો કસ્દ કરો છો.

મગર તમોને યાદ નહિ હોય! હમારા શરીકો[3] કરીમ બુઝુર્ગ સાહેબોના ઝમાનમાં, તમારા તરફથી એક શખ્સને મોકળવામાં આયા, કે તે ઝાહરેમાં હમારી તાઅતનો ઇકિરાર કરે અને માંકાને દેખી નુકસાન પહોંચાવે. મગર તે, તે કામમાં ઝફરયાબ ના થયા, અને આખર, તે નફસનો તમારા યહાં શું હાલ થયો, તે તમારા બુઝુર્ગો તથા હાલમાં જે ઝઇફો બાકી હસે તેને માઅલુમ હસે.

તમો, અને તમારા સરદારોએ દુશમની કરવામાં અને તકલીફો આપવામાં કંઇભી કમી કીધું નથી.

---

3. માયાળુ

નીય્યત

બઆદ તમારૂ લખવું કે (લાઈન ૪૧-૪૬):

"નબી મોહમ્મદના ઝમાનમાં પણ અવ્વલ સાની અને સાલીસયે એક નુજુમીથી જાણવા બાદ કે નબી સાહેબના વફાત પછી તમોને રીયાસત અને મમલેકત અને શાહી મીલશે તેથી તે ગરઝથી તેઓએ નબી મોહમ્મદની દાઅવતને જવાબ આપો હતો. તેજ પ્રમાણે તમોએ પણ યેહ ખ્વાહીશ રાખી આકા મલક બદરની દાઅવતને જવાબ આપો હતો."—

તેમાં જાણો કે તમારા એતેકાદ મોવાફીક, તે ખુબી તમો તમારા બુઝુર્ગોમાંબી પાસો. કેમકે, તમારા બુઝુર્ગો રીયાસત મીલવા બઆદબી, હજી દીલમાં એ વસવસો બાકી રહ્યો કે આ રીયાસત બાકી રહેશે કે નહિ તે જાણવા માટે ઈંગલંડ અને અમેરીકાના "ફ્રેનોલોજીકલ[1] ઈન્સટીટયુટ"માં ફોટાઓ મોકલા, અને "મેહદી બાગ ઈન્સટીટયુશન" માંબી— ઈસાઈ નુજુમીઓની સરટીફીકેટો પેશ કીધી, કે તે સઘળા નુજુમના આલીમોએબી, તે ઈલ્મે કયાફાની[2] રૂએ એની તાઅરીફ કીધી.

હજી, શેખ વસીક મુનવ્વરઅલી તારમાસ્તર, કે જેને ઈલ્મે કયાફાનો શોખ હતો, અને તેના ઈમતેહાન આપવા માટે અમેરીકાવાલાઓએ ૨ ફોટો મોકલા થા, તેમ યહાંથીબી તમારા બદર તેમ લીવાયે હકના ફોટો અમેરીકા મોકલાયા, કે જેનો અમેરીકાસી જવાબ આયા બઆદ, તેને ઝાહેરમાં ન મુકતા, તેને સીગરીને હવાલે કરવામાં આયો—હવે તેમાં તમને મલાલ ના ગુઝરો, કે તમારા બદરના રીઝલ્ટને માથે ચઢાવાના બદલે, જલાવુ પસંદ કીધું ?

હવે તમે દેખસો, કે તમારા બુઝુર્ગોને નુજુમસી લેવા દેવા હતા કે હમારા બુઝુર્ગોને ?—તે તમારી સમજ ઉપર મૌકુફ છે.

---

[1] મસ્તકના જ્ઞાનને લગતું

[2] હાથ પગની નીશાનીઓથી નસીબ ભાખવું.

નહિ તો તમો જાણુવશો—કોઈ હાદીઓએ પોતાના ફોટાઓને મોકલ્યા હોય, અથવા નુજુમસી પોતાના મુકદ્દરને જાણુવાની કોશીશ કીધી હોય ? મગર નહીં ! એ તો રીયાસતના તલબગારોનેજ ફબે, તેસી, તે રીયાસતના સાહેબોયે કીધું હશે !

અને, તમો તમારા ' મેહદીબાગ ઈન્સટીટયુશન ' નાં અંદર લખો છો (જુઓ પાને ૩૯) કે જમ્આતમાં શામીલ થનારા લોકો જે દૌલત લાયા તે ઝીયાદા કરવા માટે : "યાને ટુંકમાં કહીએ તો ૧૦૦ ખરચી ૧૦૦૦ લે અને હઝાર ખરચી દશ હઝાર લે !"

મગર હમારા શરીકો કરીમ[3] બુઝુર્ગ સાહેબોની યે નીય્યત નહોતી. એ કોઈ કંપની સમજી શેર લેવા નહોતા આયા, એ તો પોતાના જાનની નજાતના માટે પોતાના રબ પર ફીદા થાવા આયા થા. મગર તમારા બુઝુર્ગોની નીય્યત—તે પોતાના થોડાને ઝીયાદા કરવાની નીય્યત હતી. તે પ્રમાણે, તે લોકોની ઉમ્મીદ પુરી થઈ.

કહાં નોકરી, અને કહાં ખાનબહાદુરી !

અને તમો લખો છો કે (લાઈન ૪૮-૪૯):

"આગલના અંબીયા અવસીયાઓના અકાવીલ યાદ રહે કે કતલલ મુઝી કબલલ ઈઝા."—

યાઅને "ઇઝા કરે તે પહેલા મુઝીને કતલ કરો"—તેમાં જાણો કે તમો તો ઔલીયાના કૌલને લો છો, તેબી કોના કૌલ છે તેબી નથી જણાવતા, મગર હમે વોહ ઔલીયાના ફેઅલને બતાવીયે છે તેમાં નીગાહ કરો :

મૌલાના અલી ઈબ્ને અબી તાલીબયે ઈબ્ને મુલજીમને ફરમાયુ કે : તું મારો કાતીલ છે. તો તે શખ્સયે કહ્યું : આપ મને કતલ કરીએ ! મગર

[3] માયા, શફકત ફરમાવનાર

આપયે ફરમાયુ કે: ફેઅેલ કરવા પહેલે ના થઈ શકે. તો આપ જાણુતાના હાલે તેને ઢીલા મુકા.

તેજ મુવાફીક, મૌલાના આમીર બાદશાહત ઉપર હતા, ને તે સાથભી, આપયે ઉતરૂજના ઉપર છુરી મારીને ઝાહેર કીધું કે: મારા દુશમનો આ મીસલ મને કતલ કરસે. તે સાથભી, આપયે કબલલ-વખ્ત[4] કોઈને કતલ ના કીધા.

અને તે સાથ, તમો જાણો, કે હમો તમોને કઈ ઈઝા પહોંચાવી, તો તમો હમોને મુઝી કહો છો ?

મગર તમો તમારા બુઝુર્ગોના ફેઅેલમાં દેખો, કે તેઓએ હમારા બુઝુર્ગો સાથે શું વહેવાર કીધો—કે તે લોકો નોકરીના કરનારા, અને બે રૂપીયાની ફીમાં ઘરેઘર જાનારા, લાખો રૂપીયાના ધન ઉપર બૈઠા, અને તે લાખોના ધણીને, અને તે દાવતના જાંફીશાં હમદર્દોને આંગના કપડાથી નીકાલા !

અજબ, તમારા સાહેબોનું રેહેમદીલીપણુ છે, અને હમારા સાહેબોનું ઈઝા પહોંચાવવુ છે ! કેમકે—તે દૌલતને મૂકી આયા, અને તે લોકો—ખાલી આવીને દૌલતના માલીક થયા.

કેમકે, હાશમી ખાનદાનનો વતીરો છે, કે જે મોહરે નુબુવ્વતના ઉપર કદમ રખીને બુતોને ગીરાવનારના ગલ્લામાં રસ્સા નખાયા તે પ્રમાણે, આ દાઅવતના ખીદમતના કરનાર શફીકો શફીઅ[5] મોહીબ્બોનો જે હાલ થયો, તે તમારા હાલના બુઝુર્ગોને રોશન હસે.

હવે મુઝી અને ઈઝાનો પહોંચાવનાર કોણ છે, તેને આરેફુન[6] સોંચી લેશે.

---

[4] ટાઇમ થવા પહેલા [5] માયાળુ અને સીફારશ ફરમાવનાર
[6] માઅરફત રાખનારાઓ

કીસ્સએ આદમ

હવે તમોએ તમસીલ આપી કે (લાઇન ૫૦–૫૭):

"આકા મલકો બદરનો સઆદતવંતો ઝમાનો એક બારીશની ઝરીના મોસમ મીસલ હતો. અને દાઅવતે-હક એક દરયાની મીસલ હતી. પછી રબયે તેહમાં જીવદાઓ પેદા કીધા ....જે સઘલા ખાલીસ દીલના પાક સાફ મુનઝઝાહ હતા તે સરવેએ બારીશના બુંદોને ઝીલી તેહને માણેક મોટી અને અમૃત બનાયા. જેહના સીના શૈતાની વસાવીસથી અને ખુદ ગરઝી ભરેલા હતા તઓએ એક સાંપના મુંહમાં ઝહેર હોય છે તે મીસલ ઝહેર બનાયુ."

તમો જે મસલ આપો છો, તે તમારી સમજની પુખતગીની[7] શહાદત છે! બારીશનું વરસવુ—ઝમીનના માટે છે કે તે ઝમીન નબાતાતથી હરી ને ભરી થાય. દરિયા તો પાણીના ઝખીરાને[8] જમાઅનો રાખનાર છે. બારીશ દરિયાને ભરવા માટે નથી આવતો, મગર ઝમીનને હરી કરવા આવે છે.

દરિયાનો મસલ તમે દાઅવતમાં આપો છો, મગર દરિયા બેસુરત છે—યે હયુલા[9] છે—તે, જે સુરત તેને કબુલ કરશે, તેનો તે માદ્દો બનશે, ન કે તે કોઈ સુરત બનનાર છે. દાઅવતે હાદીયાના નુફુસો તો સુરતો છે, કે તે મુકમ્મીલ[1] થાવા માટે જમાઅ થયેલી છે.

હવે રહ્યુ દરિયામાં રબને જીવડાઓનું પેદા કરવું-તે અજબ તમસીલ છે!

જહાલતના ને હયુલાની હૈરતમાં ગોતાના ખાનાર નફસ, પોતાની કસાફતના[2] સબબ, પોતાના ગુંચવાડાઓમાં ભટકે છે, મગર રબ તો તેને હીદાયતસી ઇતિમીનાનના, માઅરેફતના દરિયાઓમાં લાવે છે, કે તે

[7] પાકતપણાની [8] જમાવને [9] હર ચીઝનો માદ્દો [1] સંપૂર્ણ
[2] અંધકાર

મોહલલલ મચ્છીની સુરતમાં પૈદા થાય છે, કે તે સનદે યાફતા[3] તમસીલ, યાઅને તસવ્વુર, ઇન્સાનને ઇતમીનાન અને કરાર બખ્શે છે.

કસાફત અને જહાલતના જીવડાઓ પૈદા કરવું, તે રબનું કામ નથી.

તમે એકજ તમસીલ લેતા, ઇતિના મુગાલતામાં[4] ન જાતા! તમે કહીં તો લીખો છો કે પાણીના પડવાસી-મોતી અને માણેક પૈદા થયા! મગર, તે તમારૂ સમજવુ ગલત છે. માણેકનું પૈદા થવું તો ખદાનાઓસી[5] છે, ન કે પાણીસી.

મગર દાઅવતે હાદીયાહની તમસીલ, અને મૌલાનલ મુકદદસ મલક સાહેબના ઝમાનાનો નકશો, તો બાવા આદમના કીસ્સામાં પુરો છે. તે આસમાન પર શૈતાનનું જાવુ, અને તે આદમને ખુઝુઅ ન કરવી; તે આદમને મીટટીના પુટલામાંસી બનાવવું; હવે તે આસમાનસી મુરાદ અને તે મલાએકતોસી મુરાદ અને તે મીટટીસી આદમનું વુજુદ લાવવું —તે સઘળુ તમારા પેશેનઝર[6] બનેલો વાકેઓ છે.

ખુદાએ જીવડાઓ નહોતા પૈદા કીધા, તે તો મલાએકતોને અમર કીધો, અને તેની બીશારતસી મલાએકતો જમાઅ થયા, ના કે માણેક અને મોતી અને સાંપ અને વીંછુ!

હવે તે ઇબલીસ-ઇબાનો કરનાર-કે જે આદમને સુજુદ ન દીધી, તો શું તે હીદાયતનું પાણી, યાઅને બારીશનું પાણી તેની દાઢમાં ઝેહેર બનુ—કે જે કહેનારયે કીધુ કે તે સાંપ બનીને આસમાન ઉપર ગયો અને તેમાં જે ઝેહેર બનુ તે આ આસમાંની ફુયુઝાતનુ[7] પાણી હતું? મગર વીચારો, કે તે, કસાફતના ઝખાએરનું જોશમાં આવવુ થુ, ના કે તેને પૈદાના કરનારયે પૈદા કીધું.

બેશક! તમો તમસીલ આપી તે બારીશનું પાણી પડું, ને કોઇ શું બનુ ને કોઇ કંઈ બનુ-તેજ પ્રમાણે, આ વાકેઆતો ગુઝરા.

---

[3] સર્ટીફાઇડ [4] ભુલાવામાં [5] ખાણુમાંથી [6] નઝર સામે [7] બિસયાર ફૈઝનું

માઝીની દલાલત

બઆદ તમારૂ લખવું કે (લાઇન ૫૯–૬૧):

" જીવારે આકા મલકયે અઝાનનું કામ ખતમ કીધુ કે પછી તુરત આકા બદરે મોઅઝઝમ વ હુજ્જતે રબ્બીલ આઅઝમ વ શહેનશાહીલ આઅઝમયે ઇમામતની તવલ્લી કીધી. "

હવે તમો જાણો કે: કાદીરો મુતલક મૌલાના મલક સાહેબયે હુજ્જતજનો દાઅવો કીધો ને તેના બઆદ, પોતેયે તમારા બદરે મુનીરને હીજાબમાં કાએમ કીધા, મગર, તે હીજાબયે મૌલાના મલક સાહેબના ગૈબતના બઆદ, ઇમામતનો દાઅવો કીધો—કે જેમ મઝીમાં બનુ છે.

મૌલાના આમીર અ. સ. યે અબ્દુલ મજીદને મુસતૌદેઅમાં કાએમ કીધા પછી, તે એક ઝમાનો ગુઝરવા બઆદ, ઇમામતનો દાઅવો કીધો કે જેનો અંજામ કૌમે બવાહીર જાણે છે, અને તે સૈયદી સાદેકઅલી સાહેબ પોતાની નસીહતમાં (જીલ્દ પહેલી-પાને ૮ ઉપર) આ મીસલ ફરમાવી ગયા છે.

" શુરૂઅ દીનોમાં કહેતો મુખતી, તૈયબ ઇમામનો નાએબ છું,
છાક કીબરની ચરહી તીવારે, કહેવા લાગો સાહેબ છું

ઇમામી દાઅવો કરીને અબ્દુલમજીદ જલદી ફના થયો,
એહના પછી એહનો દીકરો ઝાફર અજબ પરો તે પર સદમો

કતલ કરી સંદાસના અંદર વઝીરયે તેહને નાખો,
ઝાફર પછી એહનો દીકરો ફાએઝ થયો તે તીફલ માંહી મુવો

ફાએઝ પછી એહનો ભાઇ ચચેરો આઝદથી અંજામ થયુ
મોઅજીઝો તૈયબ ઇમામનો આ છે દુશમનનું ના નામ રહ્યું. "

બસ, હવે માઝીમાં જેમ બનુ, પછી હાઝીરમાંબી બનતુ રહેશે, તેનું અપને યકીન રાખવું જોઇએ

પછી તમારૂ લખવુ કે (લાઇન ૭૪–૭૬):

" જે અમરે હકને તે કાએમ કીધો છે, તે માઝીની નકલ નથી કીધી, મગર અમરે હકને પેદા કીધું છે. "

તો દાઉદ નબીના કૌલમાં ગૌર કરો !

مَا كَانَ سَيَكُوْنُ وَمَا تَحْتَ الشَّمْسِ شَيْءٌ بِجَدِيْدٍ ۝

" જેમ થયું તેમ થાસે, અને સુરજના નીચે કોઇ ચીઝ નવી નથી "

અને કુરઆનની આ આયતમાંભી સૉચો !

كَذٰلِكَ نَقُصُّ عَلَيْكَ مِنْ اَنْبَآءِ مَا قَدْ سَبَقَ ۚ (سورة طٰهٰ)

" એજ મીસલ સુનાવીસે હમે તમારા ઉપર ખબરો થકી–કે જે સાબીકમાં[8] બની. "

કેમકે, માઝીનો બનેલો વાકેઓ, હાઝીરના માટે દલાલત છે.

તમે કુરઆનમાં દેખસો કે ઘણી તમસીલો આપેલી છે, કે દેખો, માઝીમાં બનું તેમ હાઝીરમાં બનુ; મસલન, આ આયત કે:

اِنَّ مَثَلَ عِيْسٰى عِنْدَ اللّٰهِ كَمَثَلِ اٰدَمَ ۚ خَلَقَهٗ مِنْ تُرَابٍ ثُمَّ قَالَ لَهٗ كُنْ فَيَكُوْنُ ۝ (سورة آل عمران)

" તેહકીક, ઇસાનું મીસલ ખુદાના નઝદીક આદમના મસલની મીસલ છે— કે પૈદા કીધા આપને મીટ્ટી થકી, પછી કહ્યું આપ વાસ્તે કે કુન (થાવ) ફયકુન (પછી થયા)."

યાઅને, ઇસાની પૈદાઇશને આદમસી તમસીલ આપી છે, કે ખુદાએ ચાહયું તેમ આદમને પૈદા કીધા–તેમ ઇસાને પૈદા કીધા.

પછી માઝી–તે હાઝીરના વાસ્તે દલાલત છે, અને તેનું અપને યકીન છે.

---

[8] અગાઉ

યારીના દેનાર

અને તમારૂ લખવું કે (લાઈન ૬૭–૬૯) :

"તમોએ જે જે તમસીલો આપી છે અને તેહમાંથી તમારી મતલબો નીકાલી છે તે બેજા છે. તમો ખુદજ રાહે રાસ્ત પર નથી તો બીજાને શું હીદાયત દઈ શકો છો ?"

તમો જાણો કે : હમારા મુશરીક સાહેબોને કહાં હીજાબમાં કાએમ કીધા–કે તેના બઆદ, ઈમામનો દાઅવો કરે ?

જે તમોયે તમસીલ આપી તે, અને અબદુલમજીદનો વાકેઓ બનો તે–કહાં દુરૂસ્ત થાય છે તે દેખો :

તમારા સાહેબયે એચ. એમ. મલકનું ટાઈટલ વાપરૂ, લોકોને ઝાહેર બતાવવાને; અને બાતીનમાં તમને ઈમામની તસવ્વર આપી. કહાં મૌલાનલ મોહસીન મલક સાહેબયે એહને ઈમામમાં કાએમ કીધા છે?

અને હમારા શરીકો શરીઅ બુઝુર્ગ સાહેબને તો વકીલના અમરમાં ઝાહેર કીધા. અને તે વકીલને કયા મકામમાં સમજવા તેને તમે કુરઆનસી જાણુવાની કોશીશ કરો, તેમાં શુ જાણાવેલું છે તે સમજો ! કેમકે, તમે એમ ના લૌમ[8] કરો કે વકીલ–વકીલના અમર પર બાકીના રહેતા, ઈમામતના અમરને કાએમ કીધો !

દેખો, આ આયતે કુરઆનમાં ગૌર કરો !

رَبُّ الْمَشْرِقِ وَالْمَغْرِبِ لَآ اِلٰهَ اِلَّا هُوَ فَاتَّخِذْهُ وَكِيْلًا ۝ (سورة المزمل)

"મશરીકના રબ અને મગરીબના રબ, નથી ઈલાહ મગર તે રબ છે—પછી લો તમે તેને વકીલ લો."

---

[8] તોહોમત

અને તમે દેખસો કે માઝીમાંહી દોઆનન અખીરમાંહી આ મીસલ પઢાવતા રહ્યા:—

حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ وَنِعْمَ الْمَوْلٰى وَنِعْمَ النَّصِيْرُ ٥

"હમારા બસ ખુદા છે, અને ભલા વકીલ છે, અને ભલા મૌલા છે, અને ભલા યારીના દેનાર છે."

તેજ માઅનાઓ ઉપર મરહુમ મૌલાનલ મુકદ્દસ સાહેબયે હમારા સાહેબના માટે વકીલના જુમલાને પસંદ કીધો; અને તેજ મુવાફીક, હમારા મોહસીનો મુસદ્દીક[9] સાહેબયે વકાલતના અમરસી તે મૌલાનલ મરહુમ સાહેબની કારરવાઇને સમજાવી આપી, અને તે માઝીના કૌલને સહી કીધો કે: ભલા છે વકીલ, યારીના દેનાર, અને તે મુવાફીક, તે સાહેબયે ફેઅલને કીધું.

વર્ના બતાવો તમે કે આજ તક કે જે દિનસી દોઆ મુકર્રર થઇ, તીવા તે ટાઇમમાં કોઇબી વકીલના અમરસી ઝાહેર થયું ? જો નથી થયા તો પછી તે વકીલસી શું મુરાદ છે ? અને જો તે વકીલ ના આવ-નાર હોત, તો પછી તે કહેનારાઓને એમ કહેવું શું માઅના પર હતું કે: ભલા છે યારીના દેનાર, તે વકીલ ? કેમકે, આજ તકના ઝમાન-માંહી—હીદાયતના અમરને લઇને ચલનારા તાલીએ ઇરફાનને પોતાની મતલુબને પહોંચાવનારા રેહનુમાઓ તો દાઈ, વસી, ઈમામ, નબી, એ સઘળા જુમલાઓસી કામ કરતા રહ્યા—વકીલના જુમલાસી કોઇએ કામ ના કીધું !

ત્યારે વકીલ હવે આવનાર છે, અને તેનીજ યારી અને મદદ મુરીદ ગુઝરસે—કે ઇવો એક ઝમાનો આવસે કે તેમાં હમે ઇમામુઝ-ઝમાનને પરામી નહિ શકીએ, કેમકે, માઝીના સાહેબોયે હમારી મકસદને

---

9 સચાવનાર

સમજી, અને એક ઝમાનામાં હમારાસી હબલુર-રબ[1] જાસે અને તે ઝમાનમાંહી હમે હમારા હબલુર-રબની તલાશ કરીસે, પછી, તે તેને પહેચાનવું અને ઇદિરાક[2] કરવું કોની મદદ વદલીક થાસે—તેને, તેના માટે, તે દોઆમાંહી વકીલના મકામને ઝાહેર કીધો, અને તાલીબે આરેફીનને ખબર કીધી કે: તમે તમારી મકસદની તલાશ કરસો, તો તમે વકીલના સહારાસી તમો પાય શકશો.

તેજ માઅના ઉપર હવે આરેફીનને એજ લાએક થયું કે પહેલે વકીલને દેખે, કે એનીજ યારી વદલીક પોતાના મતલુબને પાસે. અને જો પોતાની મતલુબને તતોલસે, તો પોતાની કુવ્વત નથી કે તે પરામી શકે. કેમકે, જો તેમ થઇ શકત, તો વકીલના માટે આગાહી ના આવત, અને એના તરફ મુખાતીબ ના કરવામાં આવત !

હવે ખૈર ! જે લોકો તે વકીલના અમરને નથી જાણુતા, તેને તો મૂકો, મગર મરહુમ મૌલાનાની કારરવાઈમાંહી દેખો:

આપયે આ ચીઝનો વાઅદો કીધો કે ઇમામુઝ-ઝમાન ઝુહુર કરસે, ને આપની રેહલતના અય્યામ તક તે અમર ઝાહેર ન થયો, તે આપના રેહલત બઆદ આરેફુનને મુગાલતો થયો કે: શું આપયે ઝુહુરના વાઅદાને પુરો ન કીધો ? તો તે વાઅદાને સમજાવવા માટે એક શખ્સને મુકર્રર કરવું ઝરૂરી થઇ પડ્યુ; કેમકે, હર તાલેબુનને એ મઆદદો નથી કે તે પુરી કારરવાઇને સમજી શકે; તે માટે, તે યારીના દેનારને મુકર્રર કરવામાં આયા, અને તે યારીના દેનારના ફઝલો કરમ વદલીક હમે હમારી મતલુબને પાયા.

અને મૌલાના મુસા સાહેબના મનસુસ તો મૌલાના હુમાયુન સાહેબ છે, અને એહના મનસુસ મૌલાના હારૂન સાહેબ છે, અને એહના મનસુસ મૌલાના હાકીમ સાહેબ છે, અને એ સાહેબોની સાલગીરાહ કરો છો—હવે તમે તમારા બદરને કયા ઇમામમાં સમજો છો ?

---

[1] રબની રસ્સી

[2] અકલથી સમજવું

અને મૌલાનલ મોહસીન મલક સાહેબયે તો એ સીલસીલા બતાયા–એકના આખીર મૌલાના મુસા સાહેબ અને બીજાના આખીર મૌલાના આદમજી તૈયબજી સાહેબ, જે "મુઅમીનો ગોર કરો" ની તસનીફમાં મૌલાના મલક સાહેબ નીચે મુજબ ફરમાવે છે—

" તે બઆદ આયુ સતર–સતરમાં ભેજે અમર
જયારે છુપા વોહ બદર–મુઅમીનો ગૌર કરો.

રેહમત મલકની તરફ–અમરનું જે થુ શરફ
પાહોંચો–રહ્યો ના હરફ–મુઅમીનો ગૌર કરો.

બઆદ, મોહમ્મદઅલી–દાઈ થયા વોહ જલી
દાઅવતની મસનદ મીલી–મુઅમીનો ગૌર કરો.

બદરૂદ્દીન હીપતુલ–ઈલાહ–બઆદ થયા આલીજહાં.
એહને રબની પનાહ–મુઅમીનો ગૌર કરો.

આદમજી તૈયબજી સુનો–ચોથા છે એ મુઅમીનો
ફઝલને એહના ચુનો–મુઅમીનો ગૌર કરો.

મસ્તુર ચારે થયા–મરતબા આલી રહ્યા
હુરરેહ મલકસી ગ્રીયા–મુઅમીનો ગૌર કરો.

તે બાદ ગૈબી નીદા–હાતીફયે[3] દીધી સદા[4]
કશ્ફ થયુ ઈબ્તીદા–મુઅમીનો ગૌર કરો.

કશ્ફના સાહેબથી આ–આયા મલક રેહનુમા
આલમના છે મુકતેદા[5]–મુઅમીનો ગૌર કરો.

મુસાથી કાએમ થઈ–કાએમની ખુશ ખબરી
સબને સુનાવી ખરી–મુઅમીનો ગૌર કરો.

---

[3] બુલાવનારયે [4] પુકાર [5] સર્વોપરી આગેવાન

આકા હુમાયુનના બાબ-કુરઆન નાતીક કીતાબ
હુકમ ને ફસલુલ ખીતાબ-મુઅમીનો ગૌર કરો. "

બસ, પછી રાહે રાસ્ત શું છે અને તે રાહને ઇખત્યારના કરનાર અને મુસતહીકુનને[6] તે ઉપર લઇને ચલનાર સાહેબો કોણુ છે-કે જેની ખુશ ખબરી આપવામાં આવી-પછી તે હરએક મુઅમીન ઉપર વાજીબ થયું કે તે તેમાં ગૌર કરે અને કોશીશ કરે, તાહત કે પરામે પોતાની મતલુબને ઇરિફાનસી—એક યારીદેનની યારી અને રેહમતો કુવ્વતસી અને તે ઝાતે અકદસના જુદો[7] એહસાન વદ્દલીક.

હકની તલાશ

તમો ઇકિરાર કરો છો કે (લાઇન ૯૪-૯૬):

"તમારા અને હમારા બુઝુર્ગોએ હકના સાહેબની તલાશમાં એક અરસો દરાઝ ગુઝારી હકને મીલાયુ"—

મગર તમારા બુઝુર્ગોયે શું કોશીશ કીધી અને કેમ મીલાયુ અને કેમ બાકી રહ્યા, તે તો તમો જણાવી શકતા નથી, મગર હમારા મોહસીનો મુશરીક બુઝુર્ગ સાહેબાને-દીન મુકદ્દસ હસ્તીઓયે હકની તલાશમાં જે અઝમ[8] કીધો અને લાહેક[9] થયા અને બાકી છે, તેની ચંદ ઝીકર આ પૈશતર, કીતાબ "બુરહાને બાતીનમાં" હમોએ લખી છે અને હજી નીચે મુજબ પેશ કરીએ છીએ:

હમારા હાઝીરો મૌજુદ મૌલાનલ મુકદ્દસ મોહસીન રઝ્ઝાક સાહેબના ફુવાજી સાહેબ તે શેખ હીપતુલ્લાભાઇ અને એના બાવાજી તે શેખ અબ્દુલઅલી ઇસુફભાઇ બુરહાનપુરી, અને હમારા મોહસીનો મુકદ્દસ બુઝુર્ગ શેહેનશાહ સાહેબોની રીશતેદારી હતી, તેમ હકની તલાશ અને જુસતજુ હતી, અને તે સાહેબો આલીમ અને બુઝુર્ગ હોવાથી, ઝમાનાના વાકેઆતો અને કીતાબોની દલીલોસી હમારા

---

[6] લાયક થનારને [7] ઉદારતા [8] કોશીશ [9] વલગા

મોહસીનો બુઝુર્ગ સાહેબોને આગાહ કીધા, તેમજ બીજા ઓલેમાબી હમારા મુશરીકો બુઝુર્ગ સાહેબોના સમાગમમાં આવતા રહ્યા, કે તે સબબ બનો કે હમારા સાહેબો આ અમરને વલગા.

વર્ના, હમારા મોહસીનો બુઝુર્ગ સાહેબોબી એજ કદીમ[1] દાઅ-વતને માનનારા હતા અને પોતાના ત્યાં શાદીમાં, તે વખ્તના કહેવાતા દાઈ-યુઝ-ઝમાનને ખાનદેશ લઈ ગયા અને હઝારો રૂપીયા ખર્ચ કીધા, તેમ દાઅવતને કરઝન રૂપીયાબી આપા, કે તે ઝાહેરી ખીઝમતસી વોહ દાઈ-યુઝ-ઝમાન ખુશ થયા, અને હાઝીર મૌલાનલ મુકદ્દસ સાહેબના દાદાબાવાજી સાહેબ શેખ ઈબ્રાહીમજી હબીબુલ્લાહ સાહેબને શેખનો ફેટો આપો. અને તે પોતાના જમાઈ શેખ હીપતુલ્લાભાઇને બે દીકરીઓ પરણાવી—પહેલા દીકરી જવરબાઈ અને તેના ગુઝરવા બઆદ સફીયાબાઈ આપા, અને તેના વારસાના હીસ્સામાં તે શેખને રૂ. ૧૦,૦૦૦ આપા. હમારા હાઝીર મોહસીન સાહેબના દાદાબાવાજી સાહેબની ઔલાદમાં ૬ દીકરા અને ૪ દીકરી હતા.

હવે જે દલીલોસી કે હમારા મોહસીનો મુશરીક બુઝુર્ગ સાહેબો આગાહ થયા, તેમાંસી ચંદ દલીલોને કીતાબ "બુરહાને બાતીન"ના પાને ૧૫/૨૮ ઉપર હમોએ પેશ કીધી, અને તેના ઈલાવા, હજી નીચે મુજબ તફસીરવાર[2] લખીએ છીએ:—

દેખો, ગૌર કરો તમે, નબીયે પાક સ૦અ૦ ની વોહ હદીસમાં કે:

الحديث :- عُمْرُ الدُّنْيَا سَبْعَةُ اٰلَافٍ بُعِثْتُ اَنَا فِيْ اٰخِرِهَا اَلْفًا۔

"દુનિયાની ઉમર ૭,૦૦૦ વરસની છે—મેં તેના છેલ્લા હઝારમાંહી મોકલવામાં આયો."

---

[1] જૂની

[2] વિગતવાર

હવે ઉપરની હદીસમાં આપ ફરમાવે છે કે: હું છેલ્લા હઝારમાં આયો, અને દુનિયાની ઉમર ૭,૦૦૦ વરસની છે, તેસી દુનિયાસી મુરાદ આ ઝાડ પાન અને આબોહવા અને આ ચરીંદા[3] પરીંદાની મખલુકની પૈદાઇશની ગીનત્રી – શું તેની મુરાદ છે—કે આપના ૬,૦૦૦ વરસ પહેલા તે પૈદા થઇ ?— અને પોતાનો ૧,૦૦૦ વરસનો ઝમાન, એમ મીલી ૭,૦૦૦ વરસમાં, આ દુનિયા–કે જે અપની તસવ્વરમાં છે કે આ ઝાડ પાન ને હૈવાન અને નબાતાત—તો તે શું ફના થઇ જાસે ?

જો કદી એમજ છે—જો તે પોતાના ૬,૦૦૦ વરસ પહેલાજ પૈદા થયેલી છે—તો હવે આ ૭,૦૦૦ વરસ બઆદ, તે ફના થઇજ જાવી જોઇએ. મગર તે ફના નહિ થઇ અને આજ તક તે બાકી છે.

કેમકે, આજે તો હવે ૭,૫૦૦ વરસ કરીબનો ઝમાનો થવા આવે છે, તો હવે ૬,૦૦૦ વરસ પહેલા આ દુનિયાની પૈદાઇશ થઇ— એમ તસવ્વર લેવું ગલત થાય છે, કેમકે, ૧,૦૦૦ વરસ બઆદ તે ફના ના થઇ. ત્યારે હવે, તેની માઅના શું થઇ તે સમજવું જોઇએ

હમારા મોહસીનો મુશરીક બુઝુર્ગ સાહેબોયે તેની માઅના અને તેની તસવ્વર એજ લીધી કે: તે, ઝમાને દૂન[4] રહ્યો, અને તે દૂનસી મુરાદ દુનિયાની છે.

અને હવે આ ઝમાનો હકીકતનો છે, તેસી તે "લા નબીયા બાઅદી"ના કૌલના મુવાફીક તે અમસાલનો ઝમાનો ખલાસ થયો – તે આમાલનો ઝમાનો પુરો થયો – અને આ હશરનો[5] રોઝ શરૂઅ થયો. હવે તે આમાલની હકીકત પુછવામાં આવસે, અને તે ઝમાનો આ ઝમાનો છે, અને તેજ માઅના સહી થાય છે.

નબીને, અને હાદી હોદાતોને આ દુનિયાની પૈદાઇશથી શું મતલબ ? એ સાહેબોને તેમાં શું દખલગીરી છે? એ સાહેબો તો નફસાની આલમના

---

[3] ચોપગા પ્રાણીઓ [4] નીચા દરજ્જાનો [5] હિસાબનો

માલીક છે, અને નફસની મૌજુદાતના ધણી છે, અને તે જે ઝીકર કરસે, તે નફસાની તઅલ્લુકનીજ હશે. બસ !

અને હજી, નબી મોહમ્મદ સ૦અ૦ની જે આ હદીસ છે કે: દૌરૂસ–સતરની ઉમર ૭,૦૦૦ વરસની છે, અને મેં તેનાં છેલ્લા હઝામાંહી મોકલવામાં આયો, તો તે છેલ્લા હઝારમાંહી આપ આયા — તે બારામાં સૈયદના દાઉદ બીન અજબશા સાહેબ (આ૦ કુ૦) ને પુછાએલો સવાલ— સૈયદી અમીજી બીન જલાલ સાહેબના મસાએલમાં નીચે મુજબ છે :—

مَسْئَلَةٍ مَوْلانَا الْقَائِمُ قُلْتُ لِسَيِّدِيْ يَقُوْمُ
مَوْلانَا الْقَائِمَ صَلَوَاةُ اللهِ عَلَيْهِ بَعْدَ تَمَامِ اَلْفَ
سِنَةٍ وَمَا بَقِيَ اِلَّا سَنَةٌ وَّاحِدَةٌ - فَقَالَ سَيِّدِنَا
اُطشيش نا - فَقَالَ: داروگینوج جاۓ چھے نا -

"મસઅલતે મૌલાનલ કાએમ" :— "કહ્યું મેંયે સૈયદી વાસ્તે કે : મૌલાનલ કાએમ સ૦ અ૦ એક હઝાર વરસના તમામ થાવા બઆદ ઉઠસે, અને નથી બાકી મગર એક વરસ." પછી કહ્યું સૈયદનાયે: "ઉઠશેશ ના !" પછી કહ્યું— "દારો ગીનોજ જાઇ છે ના !"

અને દેખો, સૈયદી કાઝીખાન ઇબ્ને અમીશાહ તે સૈયદના દાઉદ બીન કુતુબશાહ સાહેબ ક૦ ર૦ ના માઝુન સાહેબ પોતાની કીતાબ "તાવીલ સુરએ યાસીન"માં આપ શું ફરમાવે છે :—

كَاَلْفِ سَنَةٍ مِّمَّا تَعُدُّوْنَ - فی معنی - هُوَدَوْرُ
نَبِيِّنَا مُحَمَّدٍ -

"૧,૦૦૦ વરસની મીસલ કે ગણુતરી કરો છો તમે, તેની માઅના—કે તે હમારા નબી મોહમ્મદનો દૌર છે."

મગર હવે, અપને કુરઆને શરીફની આ આયતમાં સોંચીએ:

وَلَبِثُوْا فِيْ كَهْفِهِمْ ثَلٰثَ مِائَةٍ سِنِيْنَ وَازْدَادُوْا تِسْعًا ۝ (سورة الكهف)

"અને મુકીમ રહ્યા સવળા ગારમાં ૩૦૦ વરસ અને ઝીયાદા કીધા સવળાયે ૯ ને"—

તો નબી મોહમ્મદ સ૦ અ૦ નો દૌર તો ૧,૦૦૦ વરસમાં પુરો થવો જોઇએ, મગર યહાં તો ૩૦૯ વરસ ઝીયાદા બતાવવામાં આયા, તો તેનો શું સબબ ?

હવે દેખીએ કે સુરજ અને ચંદ્રમા, તે બેવેની રફતાર અને તે રફતારની ગણુતરી અને તેના તફાવતની તમીઝ આ મીસલ છે:

શમ્સી સાલ અને કમરી સાલમાં–યાઅને સુરજ અને ચંદ્રમાની ચાલમાં–તફાવત, દરએક સાલમાં, ૧૦ દિવસ, ૨૨ કલાક, ૩૧ મિનિટ અને ૩૫·૦૪ સેકંડનો છે.

હવે, દૌરૂલ-કશ્ફની તમામીયતના બઆદ, દૌરૂસ-સતરના પહેલા, દોરૂલ ફતરતના ૩,૦૦૦ વરસ, અને તેના બઆદ, દોરૂસ-સતરના ૭,૦૦૦ વરસ–જુમલે ૧૦,૦૦૦ વરસમાં–યાઅને તે ૧૦,૦૦૦ કમરી સાલના ચકરાવામાં, ઉપર બતાવેલી ગણુતરી મુજબ, ૧૦,૦૦૦ શમ્સી સાલને તમામ કરવા માટે, ૩૦૯ સાલનો તફાવત થયો—યાઅને ૧૦,૦૦૦ શમ્સી સાલની તમામીયતના માટે, કમરી સાલની ગણુતરી તે ૧૦,૩૦૯ સાલની થઈ, કે તેને તમામ કરવું ઝરૂરી થયું.

અને તે મોઆફીક, હવે દેખીએ કે નબી મોહમ્મદ સ૦ અ૦ ના ૧,૦૦૦ વરસના દૌરમાં તે ૩૦૯ ને ઝીયાદા કરવામાં આયા, અને તેને વોહ કુરઆને પાકની આયતમાં બતાવવામાં આયા કે તે ગારના અય્યામને પુરા થાવા પર, યાઅને હીજરી સન ૧૩૦૯ ના સાલમાં વોહ

બલીગ મોઅઝઝમ હસ્તીયે, યાઅને વોહ કાદીરો મુતલક મૌલાના મલક શહેનશાહ સાહેબયે-આપયે આપના એહસાનો કરમસી આપની કુવ્વત અને કુદરત વદલીક મબ્ઉસ ફરમાયુ.

હજી, તે ૧૩૦૯ની આગાહીમાંબી સમજવું જોઇએ, કે નબી સાહેબયે તો ૧,૦૦૦ વરસનો દૌર ફરમાયો અને પછી, ઝીયાદા કીધા ૩૦૦ અને ૯ ને, પછી હવે, તેમાં સમજવું રહ્યું-કે બે ભાગ કેમ કરવામાં આયા? જો એમજ કહેવામાં આવત કે: મારો દૌર ૧૩૦૯ વરસનો છે-તો તેમાં શું હરકત આવત?

મગર તેમાં કંઈ સબબ હોવોજ જોઇએ, અને તેમાં ગૌર કરો, કે તેમાં ત્રણ અદદ છે—એક, ત્રણ અને નવ. હવે તેમાં સમજો કે તે ત્રણ અદદસી શું મુરાદ રહી?

હવે ઝાહેરમાં દેખીએ કે વીલાદત[6] બે કીસમસી છે: એક ઇરિફાનના[7] લોગોના નઝદીક, અને એક ઝાહેરીન આંખસી દેખનારાઓના નઝદીક.

મતલબ યે કે આરેફુન નુતફાના ઠેરવા ઉપર યકીન રાખે છે, કે બેશક! વીલાદત થઈ, મગર ઝાહેરીન નીગાહના દેખનારાઓ તેના પૈદાઇશ થાવા પર યકીન લાવે છે, કે બેશક, તેની આજે વીલાદત થઈ.

પછી તેમાંબી બે ભાગ પડે છે: એક ભાગ તેના ટકી રહેવા પર યકીન લાવે છે કે બેશક, તે મુસતકીમ ચીઝ છે-યાઅને, એક અય્યામના ગુઝરવા બઆદજ તેનું પહેછાનનું નામ અથવા પોતાના મઝહબની ક્રીયાઓને કરે છે, તેસી માઅલુમ પડે છે, કે તે લોકોબી તેના ટકી રહેવાના એક અય્યામને ઈંતીઝારી કરે છે અને તેના બઆદ યકીન લાવે છે.

તે ત્રણ જમ્આતોનો આંકડો-તે ત્રણ અદદોના તરફ દલાલત આપે છે, તેજ પ્રમાણે, માઝીના સાહેબોની કારરવાઈ છે:

---

6 જન્મ

7 બસીરતના

એક ઝમાનો ઝમાનાની બુલુગીયતના ઉપર ગયો–તે, જેના માટે તુલ અરસો કહેવાયો.

પછી તેની પૈદાઇશની બુન્યાદ નખાય—કે તેને તેના માટે, મુકમ્મીલ થાવા માટે, એક ઝમાના તક આગાહી આપવામાં આવી.

પછી તે પૈદા થયા બઆદ તે ટકી રહેવા માટે તેને એક અરસા તક દેરી દેખવામાં આવી.

યાઅને, મુખતસર યે કે ત્રણ ઝમાન થયા: એક ઝમાન તક તો તે શરીઅતોનીજ પાબંદી કરાવવામાં આવી: પછી એક અરસા તક તેને હકીકત પર રોશની નાખવામાં આવી: અને પછી, એક ઝમાન તેને ઉઠાવી દેવા ઉપર ખબર આપનારનો આયો.

હવે, આ ગણુત્રીઓની ઝીકરમાં દેખીએ તો ઇખવાનુસસફાના સાહેબ મૌલાના એહમદીલમસતુર અ૦ સ૦ ફરમાવે છે કે: "કીરાને અકબર, યાઅને મોહતો દૌર, પચાસ હજાર વરસનો છે અને કીરાને અસગર, યાઅને નાહનો દૌર, સાત હઝાર વરસનો છે, આદમ અ૦ સ૦ ના કીયામથી અને એના બઆદના નોતોકાઓના કીયામથી, કાએમ અ૦ સ૦ સુધી. પછી હર નાતીકનો દૌર ૯૦૦ વરસનો છે."

મગર હવે દેખાએ કે સૈયદના મોહમ્મદ બીન તાહેર ક૦ ૩૦ પોતાની કિતાબ 'મજમુઅત-તરબીયાહ'માં નોતોકાઓના દૌરની ગણુત્રીમાં આપ શું ફરમાવે છે—કે:

આદમ અ૦ સ૦ નો દૌર	૨૦૮૦ વરસ	૪ મહિના	૧૫ દિનનો છે.
નુહ અ૦ સ૦ નો દૌર	૯૪૨ વરસ	૬ મહિના	૧૫ દિનનો છે.
ઇબ્રાહીમ અ૦સ૦ નો દૌર	૧૦૫૦ વરસ	૭ મહિના	૮ દિનનો છે.
મુસા અ૦ સ૦ નો દૌર	૧૧૩૦ વરસ	૭ મહિના	૨૮ દિનનો છે.
ઇસા અ૦ સ૦ નો દૌર	૬૭૦ વરસ		૧૬ દિનનો છે.

હવે આ ગણત્રીઓમાં ગૌર કરીએ કે ઝાહેરમાં તેમાં ઈખતીલાફ દીખે છે, લેકીન તે સાહેબોનો કૌલ સહી છે અને તેનું અપને કામીલ યકીન છે. પછી સઘળુ વુજુદ માઅરેફતથી છે, ગણત્રીપર નથી—સઘળી સમજવાની વાત છે. બસ.

આ પ્રમાણે વાકેઓ બનો—કે તેસી યકીન થયુ કે: બેશક, હવે તે ખુશ ખબરીના ઝમાનની ખુશ-આમદ[8] થઈ ગઈ.

હજી દેખો, કે સૈયદના હુબતે-ઈલાહીલ-મોઅય્યદ-ફીદીન શીરાઝી અ૦ કુ૦ પોતાના દીવાનમાં આપ શું ફરમાવે છે અને શું મફહુમને[9] ઈઝહાર કરે છે:

هَلُمَّ اُرِيكَ الْبَيْتَ تُوْقِنُ اَنَّهُ
هُوَ الْبَيْتَ بَيْتُ اللّٰهِ لَا مَا تَوَهَّمْتَا
اَبَيْتٌ مِّنَ الْاَحْجَارِ اَعْظَمُ حُرْمَةً
اَمِ الْمُصْطَفَى الْهَادِى الَّذِيْ قَدْ بَنِي الْبَيْتَا

"આવ તું! હું તને ઘર દેખાડું, કે યકીન લાવે તું આ વાતને કે તેજ ઘર બૈતુલ્લાહ છે, નહીં કે જે તારા વેહેમમાં છે!"

"શું પથ્થરોનું ઘર હુરમતોમાં[1] મોટું છે, યા મુસતફા કે જે હીદાયતના આપનાર છે—કે જે યે તે ઘરને બનાયા છે?"

આ ઝમાન અરબીનો હતો તેથી અરબી ઝબાનમાં સૈયદના મોઅય્યદ શીરાઝી સાહેબ ઈશારો કરી ગયા છે, મગર, હવે ગુજરાતીમાં ઝમાન બદલાયો, તે વખત તે ગુજરાતીના લુગતનાં[2] જાણુનાર સાહેબ-

---

[8] શુભસૂચક પ્રવેશ. [9] ભાવાર્થને [1] પુજ્યભાવમાં [2] ભાષાના

સૈયદી સાદેકઅલી સાહેબ પોતાની નસીહતની જીલ્દ પહેલી પાને ૧૧૬ ઉપર આ મીસલ ફરમાવે છે:—

" કાઅબાની છે રૂખ[3] ઉપર મસજીદની બીના[4] હર જા[5]
ઈંટો અને માટીથી કુલ મસજીદો થઈ બરપા[6]

સજદાને કરો છો વહાં માથાને ઘસી બર જા
કેમ જીવતી મસજીદમાં સજદાઓ નથી કરતા

જે દાઈ છે હકના તે કીબલાના વોહ કીબલા છે
આ મસજીદે મય્યતથી સજદા તેહને અવલા[7] છે."

હજી, સૈયદી સાહેબ ફરમાવે છે (જીલ્દ પહેલી પાને ૧૬૨ ઉપર):—

" કીબલાની છે રૂખ ચારો બૈતુલ્લાહ તરફ હર જા
બૈતુલ્લાહ ઝમીન ઉપર બારીતુ[8] છે ઘર યેકતા

જે નસના છે દાઈ તે મમસુલ છે કીબલાના
બૈતુલ્લાહ હકીકી છે આમીરના જીગર મૌલા."

સૈયદના હેબતે-ઈલાહીલ-મોઅય્યદ શીરાઝી સાહેબના ફરમાનને હમારા મુશરીક બુઝુર્ગ સાહેબોના નઝદીક પેશ કરીને શેખયે કહ્યું કે: "ભાઈ, તમે ઝુહુરની તાલાશમાં છે, અને એમ યકીન રાખો છો કે ઝમાનો બદલાસે અને ઝુહુર થાસે, મગર તમે ઝુહુરની માઅનાજ ભુલી ગયા કે ઝુહુર શું થાસે ? શું ઈમામનું ઝાહેર થાવુ તેજ ઝુહુર છે ? તો શું માઝીમાં ઈમામુઝ-ઝમાન તવાલત પર નહોતા ? તો ભાઈ, ઝુહુરની માઅના યે નથી.

---

[3] દિશા [4] સ્થાપના [5] જગા
[6] ઉભી; કાએમ [7] બેહતર [8] ખુદા

"ઝુહુરની માઅના એજ છે, કે અમસાલને મુકાવુ અને હકીકતને ઝાહેર થાવુ; અને માઝીમાં હકીકત ઝાહેર થાતી રહી અને તેનો સમરો, યાઅને ખુલાસો હતો—કે હીંદના દોઆતુલ-મુતલકીન કોઇ હજની તરફ કસ્દ ના કીધો, અને સૈયદના મોઅય્યદ શીરાઝીના કૌલના ઉપર આપનું અમલ રહ્યું.

"મગર, એક ઝમાનો સબરનો ટાઇમ હતો કે તેના માટે આપયે—મુસતઈકુનના સિવાય—ઝાહેરમાં એ ચીઝને ના મુકી. મગર હવે ટાઇમ આયો છે, અને એ અમસાલો મુકાસે, તે સતરના ટાઇમની તમામીયતની ગવાહી આપે છે, અને હવે ઝુહુર થાવુ જોઇએ."

દેખો, હઝ સૈયદના ઇદરીસ અ૦ કુ૦ પોતાના કીતાબ "ઝેહરૂલ મઆની"માં આપ શું ફરમાવે છે તેમાં ગૌર કરો:

فَضُرِبَ بَيْنَهُمْ بِسُوْرٍ لَّهُ بَابٌ بَاطِنُهُ فِيْهِ الرَّحْمَةُ
وَظَاهِرُهُ مِنْ قِبَلِهِ الْعَذَابُ ۝ (سورة الحديد)

"અને એ સવ્રળાના દરમ્યાન એક કોત મારવામાં આયો, કે તે કોત વાસ્તે એક દરવઝો છે, કે તેનું બાતીન, તેમાં રેહમત છે, અને તેનું ઝાહેર, કે એહના તરફસી અઝાબ છે."

મુરાદ—ઝાહેર શરીઅતની છે.

તો ગુજરાતી ઝબાનમાં સૈયદી સાદેકઅલી સાહેબ ફરમાવે છે:—

(નસીહત જીલ્દ ૨જી, પાને ૧૧૦/૧૧૧ ઉપર)

"શરીઅત મુસતફાની દોરતો દરીયાઇ નુદરત[9] છે
યે વોહ દીવાર છે કે જેહના નીચે ગંજે હીકમત છે

શરીઅતના હયુલામાં મીલેલી રબની સુરત છે
ગોયા યે જીસ્મ છે એહમાં છુપો રૂહે હકીકત છે

---

[9] અજાયબી

છે દાના એહની ઉબીમાં[1] તે દાનાને નીકાલી લે
છે મોતી એહની સીપોમાં તે મોતીને સંભાલી લે"

એભી, એ શહાદત આપે છે કે હવે હકીકત પર વલગવુ અને અમસાલને મુકવુ જોઇએ, કેમકે, ઝમાનાનો ટાઇમ કરીબ થયો, અને તે ટાઇમ કરીબ થાવા ઉપર, તે સાહેબોને આગાહી આપવુ ઝરૂરી થયુ. અને સૈયદના ઇદરીસ અ. કુ. ભી કુરઆનની એક આયતની તફસીરમાં ફરમાવે છે :

وَقَالَ الرَّسُوْلُ يَارَبِّ إِنَّ قَوْمِي اتَّخَذُوْا هٰذَا الْقُرْاٰنَ مَهْجُوْرًا ۝ (سورة الفرقان)

تفسير :-

وَقَدْ شَكٰى مُحَمَّدٌ قَوْمَهٗ بِقَوْلِ اللّٰهِ إِنَّ قَوْمِي اتَّخَذُوْا هٰذَا الْقُرْاٰنَ مَهْجُوْرًا وَعَلِيٌّ هُوَ الْقُرْاٰنُ مَهْجُوْرٌ وَهُوَ فِيْهِمْ وَالْكِتَابُ الصَّامِتُ بِاَيْدِيْهِمْ يُعَظِّمُوْنَ الدَّفَاتِرَ وَلَا يَشْعُرُوْنَ بِمَعْنَاهُ الَّذِيْ هُوَ اَمْرُ اللّٰهِ الْبَاهِرُ وَقَدْ قَنَعُوْا عَنِ اللُّبِّ بِالْقُشُوْرِ وَعَدَلُوْا عَنِ الظِّلِّ إِلَى الْحَرُوْرِ

"અને કહ્યું રસુલયે : એ રબ, તેહકીક લીધું મારી કૌમયે આ કુરઆનને દુર કરવવાનું લીધું."

તો સૈયદના સાહેબ આ આયતની તફસીરમાં પોતે પોતાના કીતાબમાં આ મીસલ ફરમાવે છે :

"અને તેહકીક, શીકાયત કીધી મોહમ્મદયે પોતાના કૌમની ખુદાના કૌલ વદલીક : તેહકીક, મારી કૌમયે લીધું આ કુરઆનને, દુર

[1] ઘઉંનું ડૂંડું

કરવવાનું લીધું—અને અલી તે કુરઆન છે, એહવા કે દુર કરવવાના, અને તે અલી તે સઘળામાં છે. અને કીતાબ એહવા કે ચુપકા, તે સઘળાના હાથોમાં છે—તાઅઝીમ દે છે તે સઘળા દફતરોને અને નથી જાણતા સઘળા તેની માઅનાને, એહવી માઅના કે તે ખુદાનો અમર છે, એહવો કે ગાલીબ.

"અને તેહકીક, કનાઅત[2] કીધી સઘળાયે મગઝ થકી[3] છુલ ટાઓ વદલીક, અને લેહકા સાયા[4] થકી[3] ગરમીની તરફ."

અને હજી સૈયદી સાદેકઅલી સાહેબનું ફરમાવવુબી તેજ મુનાસેબતનું[5] છે કે તેમાં તમે ગૌર કરો (નસીહત જીલ્દ ૨જી પાને ૯૩-૯૪.):

"ગૌરથી તું દેખજે દુનિયામાં છે લાખે કિતાબ
હર ફનોમાં હર ઇલ્મમાં છે રીસાલત એહિસાબ

સબમાં કુરઆન એક છે કુરઆન છે લુબબુલ-લુબાબ[6]
બાતેની કુરઆન છે સાહેબે ઝમાન આલી જનાબ

જેમ કીતાબોમાં નથી કુરઆનની હરચંદ મીસાલ
સાહેબે ઝમાંનો તે મીસલ દુનિયામાં છે સાની મહાલ

દુનિયામાં હોય કુરઆન ને ના હોય કેમ યારો ઇમામ
કુરઆન દફતર છે ને તે છે દફતરી આલી મકામ

જે હસે કોઇ દફતરી તેથી છે દફતરનું કીયામ[7]
દફતરી નહી હોય તો પુશતી છે યે દફતર તમામ

કુરઆનથી તેહકીક છે અશરફ ઝમાનાના ઇમામ
એહમદ એહની ઝાત છે યેહ છે નણુવવતના ખીતામ

---

[2] સંતોષ [3] બદલ [4] છાંવ; છાયા
[5] સરખામણીનું [6] ખુલાસો; માવો [7] હોવુ

જીતલા આમી[8] લોગ છે તે છે કીસમ હૈવાનની
ઝાહેરી રાખે છે સબ તાઅઝીમ આ કુરઆનની

દરયાફ્ત[9] એહને કંઈ નથી આલે નબીની શાનની
યે નીશાની છે યકીન સર્વેના કમ ઈમાનની

કુરઆનની તાઅઝીમ કહાં યે લોગને મનઝુર છે
કુરઆનના કુરઆન તો એહના સબબ રંજુર[1] છે.

દેખો, કે આ કીતાબે કુરઆનના માટે "ઝેહરૂલ માઅની"ના સાહેબ શું ફરમાવે છે! તેભી પોતાની ઝાતસી નહિ—નબી સાહેબના કૌલની તશરીહમાં!

અને એજ કિતાબના માટે એમ સમજાવવામાં આયુ છે કે: એ કિતાબ વોહ કિતાબ છે કે જેને આગ ન છીએ, પાણી ન ગલાવે, મુશરીક ના છીએ—મતલબ, મુખતસર યે, કે કોઇભી તરેહ તે ફના નહિ થઇ શકે! મગર, તમે આ કિતાબમાં દેખસો, કે તેમાં તે સીફાત નહીં પાવો. મગર હાદી હોદાત તે હકીકી કિતાબ છે, કે દુનિયાની ગીરદીશને, અને બાદશાહતના ઝુલ્મનેભી તાબેઅ થઇને, પોતાના નફસમાં જે નકશ થયેલી[2] હીદાયત છે તેના ઉપર સાબીત કદમ રહ્યા.

કિતાબનું લીખાવુ બે માઅના ઉપર છે—એક તો આ ઝાહેરી પાનાઓ ઉપર લીખાય, અથવા તે નફસ પર માઅરેફતના સાથ, ઇરફાનના સાથ, તે ઘડાય. પછી હવે તમે દેખસો—કે કોના માટે તે સીફાતને પાસો—કે તે નફસ ને હીદાયતનો પામેલો શખ્સ હીદાયતને મુકી દેસે, અને તે જાહેલીયતનીજ ઝમીનમાં ફના થઇ જાસે?

ના! તે નામુમકીન છે. કે ઝાલીમોની આગ જલાવી નહિ શકે, તેમ દુનિયાની તમાઅ અને એશો આરામની ઠંડક તેને ગલાવી નહિ

---

[8] જાહેલ [9] સમજ [1] નાખુશ [2] કોતરાએલી

શકે. તે પ્રમાણે મુશરેકુન ખ્યાલ—યાઅને પોતાના ખ્યાલમાં એમ તફાવત નહિ રાખે અને પોતાના આમાલમાં એ ચીઝ શરીક નહિ રાખે—કે ઝાહેરમાં કંઇ અને બાતીનમાં કંઇ—તે પોતાના નકશે હીદાયત પરજ સહી વ સાલીમ અને કવી રહેસે—તે ભુલાવામાં નહિ જાય.

અને તેજ માઅનામાં સૈયદી સાદેકઅલી સાહેબની પોતાની નસીહતમાં વોહ પાક ઝાત સાહેબ માટે શું ફરમાવે છે તે દેખો:-

(જીલ્દ ૧લી, પાને ૧૨૧)

"તેમજ બાતીનમાં જે હોય નસના સાહેબ
નવા જોઇ ચલન તેહના અજાએબ—

ન હરગીઝ લાવો દીલમાં વેહેમ કાઝીબ[3]
મુનઝઝાહ[4] જાણુ, વોહ બાવીંદને વાજીબ."

તેજ માઅના છે અને તેજ ખુદાનો કિતાબ છે અને તેજ હાદી હુદાતનો સીલસીલો છે કે તે ફના ના થયો, મગર બાકી છે. મગર આ પાનાના કિતાબમાં શું સીફાત છે—એ તો હર આલીમ અને આકીલ સમજી શકે છે.

એહેલ

તમો લખો છો કે (લાઇન ૧૦૦-૧૦૭):

"બાતીમ ઇમામ મુસા, મલક અને બદર ત્રણે પાક ઝાતો હાઝીર અને મૌજુદાહ ઇમામના હુજ્જતે અકબર અને બાબે આઅઝમ છે. ત્રણે એકજ ઝાત હમ સીફાત અને હમશાન છે. તેહમાં એક રત્તીનોબી ફરક કરવો ગોયા કુફર છે અને કુફરનો કરનાર દાએમનો લાઅનતી છે, તેહના ગૈર સરવે બુતલાન છે. અને તે પાક ઝવાતે કીરામ હુજ્જતે રબ્બીલ

---

[3] જાઠો [4] પાક સાફ

અરબાબએ જે દાઅવતે હકને કાએમ કરી દુઆતુલ-મુતલકીનનો સીલસીલો જારી કીધો છે તેજ હક અને હક છે."—

તેના જવાબમાં જાણો કે: મૌલાનલ મુકર્રમ મલક સાહેબના આઝાનના જુમલાને ભુલો છો.—આપયે બશારત[5] દીધી કે: મેં હુજ્જત છું, અને અનકરીબમાં, યાઅને ૧૦ વરસના બઆદ, ઝુહુર થાસે.

હવે જો કદી, પોતાના મફહુમમાં તમારા બદરજ ઇમામુલ-વખ્ત હતા, તો પછી હીજાબમાં કાએમ કરવાની શું મતલબ? અગર જો, પોતાની ગૈબતના બઆદ ઝુહુર થાવાનું હતુ, અને એજ ઇમામતના મકામમાં ઝાહેરના થાનાર હતા, તો પછી પોતાના ટાઇટલમાં હીજાબે મલક રાખવાની શું માઅના રહી?

અપને તો મૌલાનલ મોહસીન મલક સાહેબના પાસે ઇમામુઝ-ઝમાન જાણવાને આયા; અને આપયે ચાર દાઇઓને અને ત્રીસ ઇમામોને ગૈબમાં બતાયા; અને મૌલાના મુસા સાહેબને તો ઇમામ બતાયા છે; અને પોતે તો ઇમામનો દાઅવો નથી કીધો; અને આપયે મુસા સાહેબના મનસુસ હુમાયુન સાહેબને બતાયા છે! પછી તમો ત્રણે સાહેબોને હુજ્જત માનો છો! મૌલાના મલક સાહેબ તો હુમાયુન સાહેબના હુજ્જત છે, પછી મૌલાના મુસા, અને બદર કોના હુજ્જત છે?

અને હજી, તમો બદરને કહો છો કે તે યે "ઇમામતની તવલ્લી કીધી"?—કેમકે, મૌલાના મુસા સાહેબ તો ઇમામોની લાઇનમાં છે, અને મૌલાના મલક સાહેબયે હુજ્જતનો દાઅવો કીધો છે, અને તમારા બદરને હીજાબમાં કાએમ કીધા છે—તો શું ઇમામ, હુજ્જત, હીજાબ યે સર્વેની માઅના એકજ છે? અને જો અલગ છે, તો પછી તમો તે ત્રણે ઝાતને એક કેમ સમજો?

---

[5] ખુશ ખબરી

હજી તેમાં જાણો કે: સન ૨૩ આબેદીના વાકેઆ બઆદ, તે વખ્તમાંહી તમારા યહાં એક કમીટી મુકર્રર થઇ, કે જેની ઝરૂરત આ આવી–કે મરહુમ મૌલાના મલક સાહેબના મા સાહેબા, તથા જનાબ સાહેબ—જે મૌલાના મલક સાહેબના ભાઈ સાહેબ છે—તે બેવે સાહેબો તથા બીજા નઝદીકના કરાબતના સાહેબોને આ નાગવારા ગુઝરૂ–કે તમારા બદર મૌલાના મલક શેહેનશાહ સાહેબના એહેલને પોતાના એહેલ કરી નાખવાની કોશીશ કીધી, કે જે નફસાની·હીદાયતના તરીકાસી તમને સઘળાને બેવે એક ઝાત બતાવવાની કોશીશ કીધી—તે પ્રમાણે જીસ્માની નીય્યતમાંબી એક થવાની કોશીશ કીધી તે નાગવારા ગુઝરૂ. તે માટે, તમારા મૌલાનાને ઇકરારનામુ લખી આપવું પડુ, કે તેની ફોટો કોપી હમારા પાસે મૌજુદ છે.

તે વાકેઓ બનો તેમાં કામના કરનારા સાહેબોમાંસી ઝીંદા જાગતા એક સાહેબ હમારા સાથમાં છે, તેમ તમારા યહાંબી એક સાહેબ છે કે જે આ મુખાલેફતમાં આગેવાન હતા. અને તે મુખાલેફતનો બનાવ બનવા માટે તમારા સાહેબજ—યાઅને તમારા આકા બદરૂદ્દીનજ—મૂજીબ[6] હતા.

તમારા બદર પોતાના ઇકરારનામામાં લખે છે—યે હમારા પાસે મૌજુદ છે—કે: એહનુંજ એહસાન અને કરમનો સબબ હતો, કે જે દાઅવત પર એક મુશકેલી આવાની હતી, કે તેને આ કમીટીએ રોકી, ને તે દાઅવત પર એહસાન થયુ.

હવે તમો સમજા હસો કે જીસ્માનીયતમાં તો એક થાવુ નાગવારા ગુઝરૂ, અને મજકુર, યાઅને તમારા બદર, લખે છે કે એક થવાસી દાઅવત પર મુશકીલ નાઝીલ થાતે, કે જેને દાઅવતના સાહેબબી રોકવા ચાહતા, તો ના રોકી શકતા.

તો હવે ભાઈ, નફસાનીયત તો નફસાનીયત છે,—એ તો દાનીશ-મંદોનું કામ છે કે સમજે. જે પ્રમાણે, જીસ્માનીયતમાં એહના એહેલને

° સબબ

નાગવારા ગુઝરૂ, તેજ પ્રમાણે, જો નફસાનીયતના એહુલનેબી જો પહોંછાના હોત, તો એહને દેખતા, કે એહને યે ફેએલ નાગવારા ગુઝરૂ કે નહિ !

અને દેખો, હમારા મોહસીનો મુશરીક બુઝુર્ગ શેહેનશાહ સાહેબોને મેહદી બાગની તરફ આવવું—નજમી દાઅવતમાં બનનારા વાકેઆતમાંનો એક વાકેઓ યે ગુઝરો, કે મૌલાના બદરૂદ્દીન સાહેબના ગુઝરા બઆદ, થનાર દાઇયે પોતાના મોહસીનો મુનઇમના બૈરોને પોતાના નીકાહમાં લીધા. દેખો, "મોસમે બહાર"ના સાહેબ, જીલ્દ ત્રીજી પાને ૭૨૮ ઉપર આ મુજબ લખે છે :

"સકીના આઈ સાહેબના વફાતના બઆદ, મૌલાના બદરૂદ્દીન આઅલલ્લાહો કુદસહુના બે મહલ્લે ખાસ હતા—આઈ સાહેબા ખદીજા આઈ અને આઈ સાહેબા રતન આઈ—આ બેવેને હુઝુરયે પોતાના નીકાહમાં લીધા. બેવેસીબી જનાબે વાલાને પરવરદીગારે પાકયે ફરઝંદો દીધા—"

તેજ એક સબબ બનો, કે આઈ સાહેબને નીકાહમાં લાવવું તે નાગવારા ફેએલ છે, કે તે ૪૬ દાઇઓમાં કોઈ જગા એમ અમર ના બનો કે તે ૪૭ માં દાઇમાં યે અમર બનો, કે તેસી તેને મુકીને આ બાજુ આવવાનો ખ્યાલ થયો.

હકીકતન

તમો તમારા બદરે મુનવ્વર તરફ મનસુબ કરીને કહો છો કે (લાઇન ૧૨૦) ગીલાઝતને સાફ કરી—તો આ કુરઆનની આયતની તાવીલમાં સૈયદના કાઝી નોઅમાન (અ० કુ०) શું ફરમાવે છે તેમાં ગૌર કરો :

وَجَعَلَ مِنْهُمُ الْقِرَدَةَ وَالْخَنَازِيرَ وَعَبَدَ الطَّاغُوتَ ۞ (سورة المائدة)

" અને કીધા હમેએ તેઓને વાંદરા, ખીનઝીર અને તાગુતના[7] બંદગી કરનાર કીધા."—અને તેનું તાવીલ આપ અ. મીસલ ફરમાવે છે:

يعنى مسخهم قردة انقلاب صورهم التى كانوا
تصوروا بها فى الدين فانقلبت الى صور الكفر
التي هي اقبح الصور كما القردة والخنازير اقبح
صور حيوان فكثير ممن هو على هذا التنزيل خنزير
وهو في صورة البشر بين ه

(من اساس التاويل ـ لسيدنا قاضى النعمان)

" યાઅને, કીધા તેઓને વાંદરા, તેઓની સુરતના બદલાવા ઉપર, એવી સુરત કે તે સઘળા તસવ્વર લે છે તે વદલીક—દીનમાં. પછી ફીરી ગયા કુફ્રની સુરતની તરફ, કે તે સુરતોનું વધારે બદ છે, જેમકે વાંદરા અને ખીનઝીર હૈવાનની સુરતના વધારે બદ છે. પછી ઘણા વોહ શખ્સમાંથી કે જે આ તનઝીલ[8] ઉપર છે, ખીનઝીર છે—અને તે બશરી સુરતમાં છે."

હવે તનઝીલ અને તાવીલ અને હકીકત—એ શું માઅના છે તે તો તમો સમજતા હશો, અને ઝાહેરી શરીઅતોની પાબંદી કરાવવાનો શરફ તો તમારા બુઝુર્ગોનેજ છે, અને ઝાહેરી શરીઅતમાંજ હકીકત છુપાએલી છે—એ તો તમો યકીન રાખતાજ હશો—કે એક ઝમાનાના બદલાવા ઉપર એ હકીકત ઝાહેર થાસે.

અને બૈતુલ્લાહ ને મસજીદ વિગેરેના હકીકી મમસુલો કોણ છે, તે તો હરએક મોઅમીન જાણે છે, પછી તે પ્રમાણે, આજ ઝાહેરી શરીઅતોના અંદર હકીકત છુપાએલી છે, તેબી હરએક મોઅમીન યકીન રાખે છે.

---

[7] મૂર્તિ; મૂર્તિનું નામ [8] ઝાહેર

હજી તમો લખો છો કે (લાઇન ૧૨૪–૧૨૬):

" આકા મલક બદરના સઆદતવંતા ઝમાનામાં ઘણાસા નુફુસો આઅલા મરાતીબોમાં પહોંચી જનનતમાં પહોંચ્યા છે" અને કે (લાઇન ૧૨૯–૧૩૦): " આકા મલક બદરયે એક નહિ મગર બેશુમાર ગીનતી વગરના લોગોને નજાત અપાવી છે."—

તેમાં જાણો કે કુરઆનમાં જે કીસ્સો મૌલાના આદમ અ૦ સ૦ નો છે – કે જે જન્નતમાં એક શૈતાનબી મૌજુદ હતો—તો હવે આરેફુનને સમજવાનું છે કે આઅમાલે સાલેહાતની જઝા છે કે તે જન્નતમાં જાય, મગર આ વોહ એક જન્નત છે કે તેમાં શૈતાનબી છે, તો હવે તે ક્યા આઅમાલસી જન્નતમાં દાખલ થયો, અથવા તે જન્નત કઇ છે? શું આપ લોગો એ જન્નતસી મુરાદ રાખો છો—કે આકા બદરયે ઘણાસા નુફુસોને જન્નતમાં પહોંચાયા ?

મૌલાના મલક સાહેબયે ફરમાયુ થુ કે મૌલાના હુમાયુન સાહેબયે મુંબઇમાં એક ગાર બનાવી છે અને તેમાં એક અઝદાહને પાળો છે, કે તે રોજ એક નફસને ખાય છે. હવે તેજ, વહોજ જન્નતસી મુરાદ રહી કે જેમાં શૈતાનબી છે, અને તેજ જન્નતમાં પહોંચાવવા માટે ઝરીઓ તે અઝદાહનો છે, કે તે એક નફસને ખાય છે.

મુતલકીનનો સીલસીલો.

હજી તમો લખો છો કે (લાઇન ૧૩૨–૧૪૦):

" હવે ઝુહુરની બાબતમાં જાણવુ યે કે આકા મલકના ફરમાને આલી ઘણાજ ગામીઝ અને રમઝ ભરેલા હતા. તેહમાં નાકીસ બંદાઓનું ગુઝર નથી. મગર જહાં તક હમારી નાકીસ નઝરયે દેખુ અને જાણુ છે તે આજ કે આકા મલક મુકરરબયે દાઅવતે હકની નીદા કીધી તે કબલ આકા બદરને ઇતલાકી મકામમાં કાએમ કીધા. જે લબએક કહેનારા હતા તે સરવેનો આકા બદરના નામ પર અહેદ તલબ કીધો. અને

બદરની દાઅવતમાં દાખીલ કીધા. આ બદર વોહજ બદર છે કે જે ઝોએબી સીલસીલામાં ૪૬ માં દાઈ છે. એજ બદર સતારમાં ગયા અને એજ બદરને મલકયે ઝુહુરમાં લાયા."—

તેમાં જાણો કે—હવે તમો બદરને દાઈ માનો છે કે ઈમામ ? કેમકે, મૌલાનલ મોહસીન મલક સાહેબયે તમારા બદરને જો મૌલાના બદરૂદ્દીન ઇબ્ને મૌલાના સૈફુદ્દીન સાહેબના મકામમાં ઝાહેર કીધા હોય, તો માનવું જોઇએ. કેમકે, તેના બઆદમાંબી, તમો લીવાયેહકને દાઇ માનો છો, અને હાઝીરના સાહેબનેબી દાઇ માનો છો.

પછી તમો ત્રણે ઝાતને એક કેમ કહો છો ? અને મૌલાનલ મુકરરમ મલક સાહેબ ઈમામુઝ–ઝમાનની બશારત દેવા આયા હતા, કે દાઈ-યુઝ-ઝમાનના સીલસીલાને કાએમ કરવા આયા હતા ? કેમકે, અપને તો ઇમામના ઝુહુરની તલાશમાં આયા હતા !

અને જો કદી, મૌલાના મલક સાહેબ દાઈના સીલસીલાને પાછો ચાલુ કરવા આયા હોય, તો ઇમામુઝ–ઝમાન તો મૌલાના તૈયબજ હોવા જોઈએ ! કેમકે, વોહ બદર તો ઇમામે તૈયબનાજ દાઈ હતા, અને આ બદર તો ખુદજ ઇમામનો દાઅવો કરે છે—તમારા કહેવા ઊપર કે (લાઇન ૬૧) "ઈમામતની તવલ્લી કીધી." !

અને એહને દાઇના સીલસીલામાં ગીનતા નથી, તો હવે એ કોના હુજ્જત છે ? અને એહના બઆદના દાઈઓ કોનસા ઇમામના દાઇઓ છે ?

જો દાઇઓનો સીલસીલો, આપ મૌલાના મલક સાહેબ ચાલુ કરવાને આવતા, તો આપયે જે ખબર આપી કે ચાર દાઇઓ થયા—તે તેના બઆદમાં, આ દાઈ ઓને જોડી આપતા !

મગર ના ! આપ તો ઇમામોની ખબર આપવાને આયા, અને એકના બઆદ એક ઇમામના સીલસીલાને બતાયા; પોતાને ના દાઇના

સીલસીલામાં બતાયા, ના ઇમામના સીલસીલામાં; સતરમાંના આખીર મૌલાના મુસા સાહેબને બતાયા, ને ઝાહેરના થાનાર મૌલાના હુમાયુન સાહેબને બતાયા.

તો હવે આ દાઇઓ, જો ૪૬ ના સીલસીલામાં છે, તો તે લોકોને જહાં તક કે મૌલાના હુમાયુન ઝાહેર ના થાય, વહાં તક મૌલાના તૈયબનેજ ઇમામતના કાએલ રહેવું જોઇએ. કેમકે બદરૂદ્દીન સાહેબ તકના દોઆતો, જહાં તક કે ઝાહેરમાં ઇમામયે ઝુહુર ના કીધું, વહાં તક તે સઘળાયે ઇમામે તૈયબનોજ એહેદ લેતા રહ્યા, ગરચે માખફીમાં એકના બઆદ એક ૩૦ ઇમામો થઇ ગયા.

તેજ પ્રમાણે, જો હાઝીરમાં મૌલાના હુમાયુન સાહેબ ઝુહુર ના કરે તો જેમ મૌલાના મુસા સાહેબ તક ઇમામો થતા ગયા, તેમ આગે થતા રહેસે—ફકત, દાઇયોએ મૌલાના તૈયબનીજ ઇમામતને વલગી રહેવું જોઇએ.

કેમકે, તમારા કહેવા પ્રમાણે, (જુઓ લાઇન ૧૩૮-૧૪૦) મુતલકીનનો સીલસીલો કતેઅ થઇ ગયો હતો, તે મૌલાના મલક સાહેબયે જોડી આપો—યાઅને, મૌલાતના હુર્રતુલ-મલેકા સાહેબાયે મૌલાના ઝોએબને દાઇમાં ઝાહેર કીધા, યાઅને કાએમ કીધા, તેજ પ્રમાણે, મૌલાના મલક સાહેબયે તમારા બદરૂદ્દીનને એજ બદરના મકામમાં ઝાહેર કીધા!

તમે તમસીલને કબુલ નથી કરતા, અને તમે એમ કહો છો કે મૌલાના મલક સાહેબની કારરવાઇ વણીજ "ગામીઝ" હતી, એમ નહીં કે કોઇની નકલ કરે, મગર યહાં તો વહોજ મલેકાની નકલ કીધી,—કે જેમ આપયે ઝોએબને ઝાહેર કીધા દાઇમાં, તેજ પ્રમાણે, આ મલકયે નોહ ગુરૂબ થયેલા બદરને, આ બદરમાં ઝાહેર કીધા!!

મુશકીલ કુશાઇ

તમારૂ ખબર આપવું કે (લાઇન ૧૪૭-૧૪૮):

"આકા મલક ફરમાવતા હતા કે દાઅવત મુશકેલીમાં છે તે અમર સરચીજ થયો"—

તો પોતે, કોનસી વખત તે કૌલને ફરમાયો હતો, તે તમને ધ્યાન નહિ હોય. તમને યાદ દીલાવીએ છે કે તે કૌલ આપયે આએદી સન ૯ ના જમાદીલ-અવ્વલની ૫ મી તારીખ, પોતે બીમારીની હાલતમાં પોતાના મકાનમાંહી, પાંચ અશખાસોને જમાઅ કીધા તે વખત ફરમાયો, ને તેનાસી એહેદ લીધો કે: 'દાઅવત મુશકેલીમાં છે, ને તમે દાઅવતને વફાદાર રહેસો?' તો તે સઘળાયે ઇકરાર કીધો, કે: 'હમો વફાદાર રહીસું.'

તે શખ્સોમાં એક તમારા બદર છે, અને એક હમારા મોહસીનો મુશફીક વઝીર સાહેબ છે. હવે, દાઅવત શું મુશકેલીમાં આવી, અને કોયે વફાદારી કીધી—કે તમો દેખસો, કે તે એવે ઇકરારના કરનારાઓ પોતાના ઝીંદગીમાં જે કંઇ અમલ કીધા.

તો મુશકીલસી મુરાદ શું રહી? યહાંકન, મુશકીલની માઅના તો એ રહી, કે મૌલાનલ મુકદદસ મલક સાહેબના ગાએબ થાવા બઅાદ, જમ્આતને આ એક મુંઝવણુ ઉભી થઇ કે અપને મરહુમ સાહેબયે વાઅદો કીધો કે: ઇમામ ઝુહુર કરસે અને યહાં પર તો ઇમામ કોઇ ઝાહેર ના થયા? હવે કયો અમર બાકી રહ્યો—શું દાઇયુલ-મુતલક, યા હુજ્જતનો?—યે ગુંચવાડામાં સઘળા આરેફુન મુબતલા થયા—તે દાઅવતનું મુશકેલીમાં આવવું છે.

તે મુશકેલીને દુરના કરનાર કોણુ સાહેબ છે, તે હવે તમે પહોંચાની શકશો.

કારરવાઇ

હજી તમો આ મીસલ કહો છો કે (લાઇન ૧૪૮-૧૫૪):

મૌલાના મલક સાહેબની "રેહલત બાદ વકીલના નામનુ રીયાસતી ચીથરૂ હાથમાં લઇ ઉંચુ કીધુ. અને દાદદેઆ કીધો અને આગલની બધી મલકની કારરવાઇઓ જે વકત-દર-વકત આકા બદરની શાનો શોકત અને જાહોજલાલીની ઇશારત કરતા રહ્યા, તેનો તો જાણી બુજી, અંધા બની ભુલી ગયા અને એક જીસમની રીયાસતની હુબઆેવલા માટે વકીલના લફઝને પકડી લઇ, ગોયા સાહેબુલ-હકનો દાઅવો કરી બેઠા."

અને તમો એમબી લૌમ કરો છો કે (જુઆે લાઇન ૪૫-૪૬).

રીયાસતની ખ્વાહીશ રાખી દાઅવતને જવાબ આપો હતો. મગર તેહમાં તમોને નાસીપાસી થઇ.

હવે તમો જાણો, કે મોહસીનો મુકરરમ વકીલ સાહેબ, કે જે દીન અને દુનિયાના માલીક, ધન અને દૌલતને મેહદી બાગમાં અર્પણના કરનાર એકકા, કે જેની જોડ મેહદી બાગમાં કોઇ એક નથી, કે જે હલીમો કરીમ વકીલ સાહેબ, એ સાહેબના ભાઇઆેના મીસલ, મલકી દાઅવતની ખીદમતના કરનાર—જે કે પોતાના રબના અમરના મુવાફીક, પોતાની દૌલત અને પોતાની ખીદમતને પોતાના રબના ચાહવાને સોંપી—યાઅને, આપયે (યાઅને મૌલાના મલક સાહેબયે) ફરમાયુ કે: રીયાસતી વહેવાર માટે ખાનબહાદુરને મુકર્રર કીધા—કે જે લેન દેન અને ઇસટેટ એના નામ પર સોંપુ— અને વહેવાર તમે કરો.

દેખો ! તમો તમીઝ[9] નથી કરી શકતા કે રીયાસત કોને સોંપાય ! હવે પોતાના ઝમાનમાં, શું પોતેયે તમારા બદરને બેવફા સમજા, કે તેનાસી રીયાસત છોડાવીને વકીલ સાહેબને સોંપવાનો ઇરાદો કીધો, કે તેસી તમો ઝાહેરી કફાલત[1] માટે વકીલના અમરને રીયાસતી સમજો છો ?

[9] પારખ

[1] ઝીમ્મેદારી; જવાબદારી

મગર અફસોસ! રીયાસત તો સોંપાઇ ચુકી, હવે તો બાકી હીદાયત હતી, કે જેના ઝીમ્મેદારને મુકર્રર કરવું બાકી હતું, કે તે પોતેયે પોતાના આખીરના અય્યામમાં, વકીલની બશારતસી ઝાહેર કીધા.

તમારા હીજાબને વારીસમાં કાએમ કીધા બઆદ, આપયે ફરમાયું કે: 'હું કોણ, કે મુબશશીરે ઇમામ, વ વલીયુઝ-ઝમાન'. તે પ્રમાણે, આપયે વકીલની બશારત આપી.

હવે, આ વકીલની માઅના સમજા હશો, કે આપ શું માઅના ઉપર કાએમ કરે છે? હર નબી, વસીને કાએમ કરે છે શું માઅના ઉપર—મુકીમની માઅના ઉપર અથવા ખબર કરવાની માઅના ઉપર?—તેજ પ્રમાણે, આપ હુજ્જત હતા, આપ મુકીમ ન હતા, કે આપ ઇમામને કાએમ કરે.

આપ હુજ્જત હતા, તેસી આપ મુબશશીર કહેવાયા, યાઅને ખબરના કરનાર કહેવાયા. જો કદી, આપ કાએમ કરતા, તો મુકીમ કહેવાતા, અને મોહસીનો મુનવ્વીર[2] વલીયુઝ-ઝમાન, જે ઝાહેરના થાનાર છે, તે સાબીત ના થાત.

જો કદી, તે તમારા સમજવા પ્રમાણે, રીયાસતી હતા અને કફાલત-નાજ માટે મુકર્રર હતા, તો તમારા દાઇ બદરયે તે કામને વકીલ સાહેબને સોંપી દેવુ થુ, અને એમ કનાઅત કરતે અને આમમાં ઝાહેર કરતે કે: મેં મલકી મકામાતનો વારીસ છું, અને આ ઝાહેરી રીયાસતના સંભાળનાર વકીલ છે.

કેમકે, મોહસીન વકીલ સાહેબનીજ રીયાસત હતી, અને તે સાહેબજ ખુદ કામના કરનાર હતા, તે સાથભી, પોતાના રબના ચાહવા પ્રમાણે, તે રીયાસતને તમારા દાઇ બદરને સોંપી—હવે તે ખાએન[3] છે

---

[2] નુર બખ્શનાર [3] દગો કરનાર; ખ્યાનત કરનાર

યા અમીન[4] છે, તેનો કોઇ ખ્યાલ ના કીધો—તે તો ખુદ આગાહ-દીલ[5] હતા, મુસતહીકને ઇસતેહાકના મુવારીક[6] આપુ.

મગર તમારા દાઇ બદર વફાદાર વારીસ હોત, અને તમારા ખ્યાલ મુવારીક, વકીલ ઝાહેરી અમર માટે મુકર્રર કીધા હોત, તો તેને રીયાસત સોંપી દેવુ, તે પોતાના મુકીમના અમરની ફરમાંબરદારીનું સુબુત થાત ! હવે તેમાં ખ્યાલ કરવું કે તે વકીલ સાહેબ ખાએન છે, અથવા દાઅવતને નુકસાન પહોંચાવસે—એમ ખ્યાલ કરવું તો એક મુકીમ કરતા મનસુસની સમજની ઝીયાદતગીનું ફેએલ છે. હવે તમો સમજા હશો, કે વકીલનું ચીથરૂ લઇને ઊંચુ કરવામાં દુનિયાની "જાહોજલાલી" મીલાવી, કે વારીસના ચીથરાએ દુનિયાની જાહોજલાલી મીલાવી ?

યઝીદની ફતેહ ફતેહ નથી—તે યાદ રાખો ! નાકામ્યાબી હુસૈનના માટે નથી, મગર યઝીદના માટે છે ! કેમકે ઇસ્લામમાં દાખલ થયા—અને તે હીદાયતનો ઇનતેહા યે છે કે અમરને લઇ ચલવા ઉપર કાદીર બને, મગર તે કુદરત ખુઝુઅ અને ખુશુઅસી મીલે છે, ના કે ઝોર જબરીસી—અને યઝીદને રીયાસતની, બાદશાહતની જાહોજલાલી થઇ, અને મૌલાના હુસૈન ઇબ્ને અલી સ૦ અ૦ ની લાશ ધુપમાં પડી રહી, અને મૌલાના અલી ઇબને હુસૈન સ૦ અ૦ દુનિયાની મુશકીલો અને ઝાલીમોની અઝીય્યત સહેતાના હાલે, હુબલુર-રબને વલગી રહ્યા, તો તે સાહેબોની દુનિયાની મુશકેલીઓની તમોએ શું તસવ્વર લીધી ? શું હમારા બુઝુર્ગોયે તે મીસલની મુશકેલીઓ ના ઉઠાવી ? અને તે સાહેબોયે મુશકેલીઓ ઉઠાવી તેને તમો "નાસીપાસી" કહો છો ?

અજબ ઇન્સાફ છે—સફેદ ચશમાની ખુનની સફેદાઇના બરાબર છે ! જે વખ્ત કે ખુનમાં સફેદી આવે છે, તો કહેવત છે કે બાપ બેટાને

---

[4] વિશ્વાસ પાત્ર; વફા કરનાર [5] ખબરદાર

[6] લાએકને લાએકાત મુજબ

મોહબ્બત નથી કરતો, તે મુવાફીક, તમારા ખુનના સફેદીના સબબ, ઇન્સાફનું ખુન કરો છો!

ભાઇ, ભુલો છો! એક નહિ, અનેક દાખલાઓ આપી હમો હમારા બુઝુર્ગોના કૌલને અને ફેઅલને સાબીત કરીશું:

તમારી જમ્આતમાં વોહ શખ્સ મૌજુદ છે, કે જે શખ્સને સનદ કીધી છે કે: તમો ૬ માંસી એકને ઇમામની ખબર છે. પછી તે સનદના સાહેબને પુછો, કે ઇમામ કોણ છે? પોતેયે, ઝુહુરનો વાઅદો કીધો—અને તે સાહેબ ઝુહુર કરીજ ગયા.

તમારી જમ્આતમાં વોહ શખ્સબી મૌજુદ છે, કે જેગે મૌલાનલ મુકદ્દસ મલક સાહેબની વાઅઝની ઝીકર લખીને પેપર છાપતા હતા--તે શખ્સનેબી દુનિયાની કઇ લાલચયે મુબતલા કીધા, કે તે પોતાના કાને સુનેલા અને હાથે લખેલા કૌલને ભુલે છે—તે શખ્સને યાદ દીલાવો, કે મૌલાનલ મોહસીન મલક સાહેબયે વાઅઝની ઝીકરમાં, આપ યે શું ફરમાયું નથી—કે: "વકીલ અમર લઇ ચલાવસે, નહિ તો આદાઓ તફરીક કરી નાખસે"!

હવે બતાવો, કે તે વકીલસી કોની મુરાદ છે? યા શું તે કૌલ આપયે ફરમાયો નથી? અને જો તમોને શક હોય તો આવો, હમો તમને તે ખતને બતાવીએ.

તેજ પ્રમાણે, આપયે એક વાઅઝની ઝીકરમાં પોતાના વલીને ખીતાબ કરે છે અને બતાવે છે, કે: 'રબનો કૌલ—એ મારા વલી શૈતાનને ઇબ્દાઅ થકી નીકાલો! જે તબક ઇખત્યાર કીધું તેજ તેના ગલામાં નાખી દો! હવે હુશિયાર થાવ, નુરને ખેંચી લીધું, જેમ જાન જીસ્મથી નીકલે અને જીસ્મ મૈયત થઇ પરે'—તે મીસલ, રબના વલીયે અમલ કીધું, કે તમારા દાઇ બદરયે રીયાસતને ઇખત્યાર કીધું, તેજ "તબક" તેને સોંપી દીધું, "નુરને ખેંચી લીધું," યાઅને અમરને અલગ કીધો—તેજ પ્રમાણે, એવે દાઅવતનો અમર બનો.

અને હાજી તમો (લાઇન ૧૪૯-૧૫૦ માં) "આગલની બધી મલકની કારરવાઈઓ"ને પેશે નઝર રાખવાનો દાઅવો કરો છો, મગર મૌલાના મલક સાહેબ પોતાના બઆદમાં થનારા વાકેઆતની શું તફસીર કરેછે અને શું કારરવાઈ કરે છે તે દેખો :

આએદી સન ૯, જમાદીલ-અવ્વલની તારીખ ૫ મીએ, પોતે પોતાના મકાનમાંહી બીમારીની હાલતમાં, અને દરવાઝાઓને બંધ કરાવીને, યાઅને ખાસમાં, ૫ જનાથી એહેદ લીધો કે : તમે મારી દાઅવતના વફાદાર રહેસો ?—તે ઈકરાર લીધાના બઆદ, આપયે એમ ઝાહેર કીધું કે : મારા બઆદ બદરૂદ્દીન વારીસ.

તે બઆદ, જમાદીલ-અવ્વલની તારીખ ૨૦ મીએ, આપયે સફરનો કસ્દ કીધો, અને મેહદી બાગસી ગારીમાં સવાર થઈને સઘળા એહલે દાઅવતને સાથમાં લઈને, મેહદી બાગના ફાટકના[7] બહાર, કુહારીના રાસ્તા પર આપયે ઝાહેર કીધું કે : મારા બઆદ, માલ મીલકતના વકીલ, શેખ અબદુલકાદર, ખેતી ઓરીસર.

આ પ્રમાણે, આપયે ફરમાયુ, તે વખ્ત આપના પાસે ડો. લીવાયે હક બેઠેલા હતા, અને તે મજકુરયે તે મઝમુનને સ્લેટ ઉપર લખીને પોતેને બતાયુ : કે શું આપનુ ફરમાન આ છે ? તો પોતે "હા" ફરમાયુ, અને તે સઘળા એહલે દાઅવત, તે વખ્તમાંહી ગારીના પાસે રાસ્તામાં ઉભા હતા. પછી આપયે ચંદ નુફુસોને સાથમાં રાખીને, બાકીના સાહેબોને મેહદી બાગ જાવાનો અમર ફરમાયો.

હવે તમે દેખસો, કે નબી સાહેબની કારરવાઈમાં આપયે ગદીરે ખુમમાં, યાઅને શહેરના બહાર, રાસ્તામાં, મૌલાના અલી ઇબ્ને અબી તાલીબના અમરને ઝાહેર કીધો, અને ખલીફાઓ ખીલાફતના ઉપર આવશે તે આગાહી ખાસ બૈરાઓમાં ઝાહેર કીધી, અને તેનો મુજીબ[8] એમ બતાવવામાં આયો કે તે બૈરાઓ ખુશ થાય. અને તેની આયત

---

[7] દરવાજાના [8] સબબ

કુરઆનમાં મૌજુદ છે, અને તે આયતનો ઉતરવાનો સબબબી તફસીરના કરનારાઓયે તેમાં લીખો છે—જે "ગુલઝારે હકીમી"માં છપાએલી કીતાબ "હીદાયતનો સીતારો"ના પાને ૧-૩ ઉપર નીચે મુજબ છે :—

"ધ્રુજમાઅના લોગોનો દાવો એ છે કે નબી સા૦ એ પોતાના કાયમ મકામને જાહેર ન કરવાથી કહેવાતા સહાબી લોગોએ પોતાની હવા નફસીથી અબુબકરને ખીલાફતમાં કાયમ કરીને એના મુરીદ થયા. નબી સા૦ની એના ઉપર નસ ન હોવા છતાં મોકદ્દમ થવાની જુરઅત કરવાના સબબના બયાનને સુરતુ-તહરીમમાં ખુદાતઆલા ફરમાવે સુરતુત્તહરીમમાં છે કે :—

يَاأَيُّهَا النَّبِيُّ لِمَ تُحَرِّمُ مَا أَحَلَّ اللَّهُ لَكَ ۖ
تَبْتَغِي مَرْضَاتَ أَزْوَاجِكَ ۚ (سورة التحريم)

"એ નબી ! શા વાસ્તે જે ચીઝને ખુદાએ તમારા વાસ્તે હલાલ કરી છે તેને તમારી બૈરોની ખુશી વાસ્તે હરામ કરો છો ?"

હજી પછી, ખુદા ફરમાવે છે કે :—

وَإِذْ أَسَرَّ النَّبِيُّ إِلَىٰ بَعْضِ أَزْوَاجِهِ حَدِيثًا ۚ
فَلَمَّا نَبَّأَتْ بِهِ - (سورة التحريم)

"જ્યારે નબીએ એક ભેદની વાતને પોતાના બૈરોના નઝદીક ઝીકર કીધી, તે પછી તે બૈરોએ તે ભેદને ઝાહેર કરી દીધો."

"ત્યારે ખુદાતઆલાએ નબી સાહેબને તે બાબતથી જાણીતા કીધા."

"તે બાબતમાંથી તે બૈરોને થોડી ખબર કીધી, અને થોડી ના કીધી. જ્યારે આપએ તેણીને ખબર કીધી, ત્યારે તેણીએ પુછ્યું કે

'કોણુ શખશએ આપને આ વાતની ખબર કીધી?' આપએ ફરમાયું કે 'મને ખુદાએ ખબર કીધી.'"

તફસીરૂસ્સાફીના સાહેબ લખે છે કે આ સુરતના ઉતરવાનો સબબ એમ બનો કે : "રસુલુલ્લાહ સ૦ અ૦ આપ પોતાના બૈરોના બાઝના ઘરમાં હતા, અને આપની ખીઝમત વાસ્તે મારયતુલ કિબ્તીય્યાહ આપના સાથ હતી. તે દીવસની સાહેબા હફસા હતી. તે પછી આપ મારયતુલ કિબ્તીય્યાહથી નઝદીક થયા. હફસા તે વાત જાણુવાથી ઘણીજ ગુસ્સે થઇ અને નબી સા૦ ના સામે આવીને કહ્યું કે : 'એ રસુલે ખુદા ! મારા દીવસમાં, મારા ઘરમાં, અને મારાજ બિસ્તર ઊપર આ મિસલનું કામ?' રસુલે ખુદા એનાથી શરમાયા અને આપએ ફરમાવ્યું કે : 'તુ ચુપકી રહે. મેં મારી જાત પર મારીયાને હરામ કીધી, અને હું હવેથી એહના નઝદીક નહી થાઊં. અને મે તારા પાસે એક ભેદને ઝાહેર કરૂં છું અને જો તું એ ભેદને ઝાહેર કરીશ, તો તારા પર ખુદાની, ફીરીશતાઓની અને તમામ લોગોની લાનત છે.' તે પછી, આપએ ફરમાવ્યું કે : 'શક વગર મારા પછી અબુબકર ખેલાફતનો વાલી થાશે અને પછી તારો બાવા થાશે !'

"હફસાએ કહ્યું કે, 'આપને આ બાબતની કોણુ શખ્સએ ખબર કીધી?"

"આપએ ફરમાવ્યુ કે 'મને ખુદાએ ખબર કીધી.'

"હફસાએ તે વાતને તેજ દીવસ આઇશાને ખબર કીધી, અને આઇશાએ અબુબકરને ખબર કીધી.

"અબુબકરએ ઊમરના પાસે આવીને કહ્યુ કે : 'આઇશાએ હફસાની તરફ નીસબત કરીને એક વાતની ઝીકર કીધી અને મને તેના કોલ પર ભરોસો નથી. તુ હફસાને પુછીજો.'

"તેથી ઉમર હફસા પાસે ગયો અને કહ્યું કે : 'તારી તરફ આઇશા નીસબત લગાવીને આ પ્રમાણે વાત કરે છે તો શું આ વાત

ખરી છે?' હફસાએ "ના" કહી, અને કહ્યું કે : 'મેં એ તેના પાસે, કોઈ વાત કરી નથી.' તેથી ઉમરએ કહ્યુ કે : 'ના, આ વાત સાચ્ચીજ છે. તુ અમને ખબર કર કે અમે તે બાબતમાં કોશીશ કરીયે !' ત્યારે હફસાએ કહ્યું કે : 'હાં, મને રસલુલ્લાહ સ૦અ૦ એ ફરમાવ્યુ હતુ.' તે પછી ચાર જણ રસુલે ખુદાને ઝહેર પહોંચાવ્વા મલતા થયા. રસુલે ખુદા પાસે જીબરઈલ આવ્યા. અને ખુદાએ તે અમરને ઝાહેર કરી આપ્યો એટલે કે જે વાતને હફસાએ બીજાઓ પાસે ઝાહેર કરી દીધી હતી, તેને ખુદાતઆલાએ આપની ઉપર ઝાહેર કરી દીધી."

હવે હાદીઓ હુદાતોના ફેઅલ શું બૈરાઓને ખુશ કરવાને છે કે તાલીએ આરીફને, અને નસના અમરને ખાસમાં ઝાહેર કરવું તે દુરૂસ્ત છે કે આમમાં—તે ગૌર કરો !

અને હજી, જેમ પહેલા અને બીજા ખલીફાઓની આગાહી આપવામાં આવી, તેમ રસુલુલ્લાહયે તે ત્રીજા ખલીફાનીબી આગાહી આપી, અને તે કૌલને ઇખવાનુસ–સફાના સાહેબ એક વાકેઆની ઝીકરમાં આ મીસલ બયાન કરે છે :

من كتاب اخوان الصفا مصنفه الهمام الامام
مولانا احمد المستور صلع .
ومثل رضي عثمان ابن عفان لماد خلوا عليه
ليقتلوه فقام عبيده واسئلوا سيوفهم وقالوا
نقتل دونك فراجع فكره وذكر قول انس لما
قال رسول الله صلع افتح له الباب وبشره بانه
ولي هٰذه الامة بعد عمر ووعده ببلوي تصيبه
بهراقة دمه فقال لعبيده من رد سيفه الى

عمده فهو حر لوجه الله تعالى وقعد في مجلسه
واخذ المصحف في حجره فقراء سيكفيكهم الله
ورضي بقضاء الله وعلم انه مقتول وانقاد للمقادير
طيبة بها نفسه -

" અને ઉસ્માન બીન અફ્ફાનના ખુશ થાવાના મીસલ જે વખ્ત કે દાખીલ થયા લોકો તેના ઉપર કતલ કરવા વાસ્તે, પછી ઉઠા તેના ગુલામો અને નીકાલી સઘળાએ તલવારોને અને કહ્યું સઘળાએ કે 'જંગ કરીશું હમે તારા બચાવ વાસ્તે.'

" પછી વાલુ ઉસ્માનયે પોતાની ફીકરને અને યાદ કીધા તે યે રસુલુલ્લાહ (સ૦ અ૦) ના કૌલને કે જે ફરમાયા હતા આપયે અનસને—

" 'ખોલ તું તેના વાસ્તે દરવાઝાને અને ખબર કર તેને કે તે આ ઉમ્મતનો વાલી છે, ઉમરના બઆદ.' અને વાઅદો કીધો આપયે તેને કે : 'ઉતરસે તેના ઉપર મુસીબત તેના ખુન વહેવાની.'

" પછી કહ્યું ઉસ્માનયે તેના ગુલામો વાસ્તે કે : 'મીયાન કરશે જે શખ્સ પોતાની તલવારને, પછી તે આઝાદ છે ખુદાની રાહમાં' અને બેઠા ઉસ્માન પોતાની મજલીસમાં અને મુકા કુરઆનને તેના ખોળામાં, પછી પઢ્યું કે : 'નઝદીક છે કે કીફાયત કરશે તે સઘળાને ખુદા,' અને ખુશ થયા ખુદાની કઝા વદલીક, અને જાણ્યુ કે તે મકતુલ છે અને ખુઝુઅ કીધું કઝા કદર વાસ્તે કે પાક થાય તે વદલીક તેનો જાન."

મુખતસર હવે એ છે કે માઝીના ફેઅલના કરનારાઓને તો મુકો, હવે હાઝીરમાંજ દેખો, કે કંઇક એવે નસના સીલસીલાને માનનારાઓ આજે મૌજુદ છે, તે એવે, પોતે પોતાના સમજના મુવાફીક, કાતેઅ

દલીલસી પોતાની તસવ્વરને સાબીત કરી બતાવે—જે સાબીત કરી શકશે તેજ ખરી તસવ્વરનો સાહેબ કહેવાશે.

આ તો માઝીના વાકેઆતને એટલા માટે લીખા, કે હાઝીરમાં બનેલા વાકેઆતમાં ગૌર કરી શકાય અને બેવે મીલાવી શકાય, કે કયો વાકેઓ કોના સાથે બંદ બૈઠે છે. કેમકે, તે સાહેબભી હકના છે અને હાઝીરના સાહેબભી હકના છે—બેવેની કારરવાઇ એકજ હોવી જોઈએ।

શાનો શૌકત

અને તમારો આ એઅતેકાદ કે (લાઇન ૧૫૦–૧૫૧):

" મલકની કારરવાઈઓ જે વકત–દર–વકત આકા બદરની શાનો શોકત અને જાહોજલાલીની ઈશારત કરતા રહ્યા."—

તેમાં જાણો કે : માઝી ઝમાનમાં નબી સાહેબના ખલીફાઓને પોતે પોતાના ઝમાનમાંહી ઘણી ઇઝઝત કરતા રહ્યા—યહાં તક કે એના માટે પીછોરી બીછાવતા હતા, અને એ લોકોને પોતાના જીસ્માની તઅલ્લુકાતના શરફને બક્ષિસ કરતા રહ્યા, યાઅને, કોઇને દામાદ બનાયા અને કોઇને સુસર—તાહમભી, શીયાઓયે એ ચીઝને કબુલ ન કીધી. તો શું તમોભી એ ખ્યાલ પર છો ?

કેમકે, મૌલાના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબયેભી નજમુદ્દીનના માટે આગાહી આપી હતી, કે મારા મોહમ્મદના બઆદમાં, એ રીયાસતના માલીક થાસે, તાહમભી, આપ લોકો એનાસી ઇનકાર કરી ગયા !

દેખો, ' મોસમે બહાર'ના મુસન્નીફ, તે વાકેઆને (જીલ્દ ૩ જી પાને ૭૨૨ ઉપર) આ મીસલ બયાન કરે છે :—

" મૌલાના નજમુદ્દીન જે વખ્ત આલમે શુહુદમાંહી હોવીદા થયા કિબલગા આલી જાહ મૌલાના ઝૈનુદ્દીનના ખાનએ ઇસ્મતમાંહી અરશે-

મોઅલ્લાના તારા પેદા થયા. વાલીદે મમદુહ ટિફ્લે માઅસુમને વાલીયુઝ-ઝમાન મૌલાના અબદેઅલી સૈફુદ્દીનની ખિદમતમાંહી લાયા.

"મૌલાના સૈફુદ્દીનને અબરે દામનસી મૌલાના ઝૈનુદ્દીનયે, વો કોકબે-દુરરી દીખાયા, અને અરઝ કીધી કે: મૌલાના, આસીને હુઝુરની દોઆસી ખુદાવંદે આલમયે દીકરા અતા કીધા છે-આસીના કુસુરની તરફ વોહ મોહસીને હકીકીયે નીગાહ ન કીધી—અને હુઝુર, લા-મઅન-નુરની દોઆએ મુસતજાબની બરકતસી આ બચ્ચા દીધા છે. મૌલાના, એહના વાસ્તે સઆદત વ તુલે ઉમરની દોઆ કરીયે, અને લબ મુબારકસી ઝબાન વ દીલને બચ્ચાના પુર-નુર વ પુર-ઝીયા કરીયે! દેખતાના સાથ મૌલાના સૈફુદ્દીનયે ટિફ્લ મુબારકને ગોદમાંહી લીધા, 'તબારકલ્લાહો આહસનુલ ખાલેકીન' કહીને ખુબ પ્યાર કીધા, તે બઆદ, નામનું પુછ્યુ.

"મૌલાના ઝૈનુદ્દીનયે અરઝ કીધી કે મૌલાના આ બચ્ચાનું યુસુફ નામ છે. સુનીને મૌલાના સૈફુદ્દીનયે ફરમાયુ કે ટિફ્લ-માઅસુમનુ હુસ્ન તશતે ઇઝબામ છે, જમીએ મોહાસીનમાંહી બચ્ચા ફાએક છે, મમલુકે આલે મોહમ્મદના નઝદીક ઇસ્મે અબદુલકાદરસી આ બચ્ચા લાએક છે.

"તે બઆદ, મૌલાના સૈફુદ્દીનયે ઝબાને મુબારક બચ્ચાના દહન-માંહી દીધી, બચ્ચા પુસ્તાને માદરની તરાહ વોહ ઝબાનને ચૂસતા થા, ગોયા તશના ચશમએ હયાત ઘાટ પર સૈરાબી વાસ્તે ફરસતને લૂસતા થા. તે બઆદ, મૌલાના સૈફુદ્દીનયે મૌલાના ઝૈનુદ્દીનની તરફ નીગાહ ફરમાવી અને કહ્યું કે: શેખના ફરઝંદની શાન ઘણી આલી છે. ખુદાતઆલા શેખને આ બચ્ચા મુબારક કરે. મમલુકે આલે મોહમ્મદની ફરાસત ગર સાદેકા છે તો હમારા ફરઝંદ મોહમ્મદના આ બચ્ચા તાલી છે."

પછી દેખો, આ ઇઝઝત અને ઇશારત, આ શાન અને શૌકત તે અપના વાસ્તે કાફી ના થયું કે તેનાસીજ અપના નઝદીક અમરે

હકની પહેચ્છાન અને તેનું સુબુત થાય. ના, હકના સાહેબોયે તો—અઝદાદોની અઝીય્યત સહેતાના હાલે, સાબેરૂન અને મઝલુમીનની હાલતમાંહી—પોતાના ઝીંદગીના અય્યામોને બસર કીધા, મગર, ઝમાનએ તૂલ ગુઝરવા પરભી, આજ તક કે, વોહ હીદાયતના રોશન ચીરાગને બાકી અને રોશન રાખો, કે આલમમાંહી પોતીકા ફઝલો કરમ અને જૂદો એહસાનના નીશાને મુનવ્વર હમેશા બાકી અને કાએમ રહે.

ઝફરયાબી

હજી તમારૂ લખવું કે (લાઇન ૧૫૨–૧૫૪) :

એક જીસમની રીયાસતની હુબબોાવલા માટે વકીલના લફઝને પકડી લઇ ગોયા સાહેબુલ–હકનો દાઅવો કરી બેઠા. "—

તેમાં જાણો કે : તમો તમારા આકા બદરની પહેચ્છાન તમારી " મેહદી બાગ ઇન્સ્ટીટયુશન"ના પાને ૨૩ ઉપર જણાવો છો કે :—" જે વખત કે પ્રેઝંટ મી. મલક લેટ મી. મલકના સમાગામમાં આવ્યા તે વખતે પ્રેઝંટ મી. મલક પોતાના મુખતસર કુટુંબના પોતાની માસીક રૂ. ૨૫૦ ની આમદમાંથી ગુજરાન ચલાવતા હતા. "

અને હમારી જાણ મુજબ, તમારા બદર, તે ગુલામહુસૈન મીયાખાન હકીમના નામથી પહેચ્છનાતા હતા; અને સુરતમાં ગોપીપુરામાં રહેતા હતા; અને મુંબઇમાં હમામ સ્ટ્રીટ, કોટમાં સુલૈમાની વોહરા કૌમના જસ્ટીસ બદરૂદ્દીન તૈયબજીના ભાઇ નઝરમોહમ્મદની ઇનિડેંત બીઝનેસની ઓફીસમાં માસીક રૂ. ૧૦૫ ના પગારથી નોકરી કરતા હતા.

મગર તમો જાણતા હસો, કે હમારી રીયાસત તમારા દાઅવત કરતા ઝીયાદા હતી ; મગર હમો હમારા નફસની નજાતના માટે, તે

હમારી દૌલતને તેમાં રફેઅ[9] કીધી. હમો હમારી નોકરી મુકીને યહાં રીયાસત લેવા નહોતા આયા, હમે તો હમારી રીયાસતને આપી, અને હકના હુદાતોના મીસલ ગદાગીરીને લીધી.

જે મીસલ કે મૌલાનલ મુકરરમ મલક સાહેબ પોતાના માલ અને દૌલતને મુકીને દાઅવતના અમરને લઇ ચલવા ઉપર કમરબસ્તા થયા, તેજ મુવાફીક, હમારા મોહસીનો બુઝુર્ગ સાહેબોએ પોતાની દૌલતને પોતાના દુશમનોને સોંપી અને અમરને લઈ ચલવા ઉપર કવી અને કમરબસ્તા રહ્યા.

હવે તમે દેખસો કે મઝલુમ કોણ છે, અને ઝાલીમ કોણ છે! જેમાં જે સીફાત દેખાય તેને તેના મુસતહીક સમજજો. યાઅને, હમને છોડીને આવવું તકલીફ ઉઠાવવું છે, ન કે કુશાદગી; કેમકે, હમે હમારી કુલ આશ્યાઓને તમારા પાસે મુકીને આયા.

જનાબે અમીરયે ઇસ્લામની દાઅવતને જમાવવાની જે કોશીશ કીધી, તેને એહલે ઇસ્લામ જાણે છે અને માને છે કે : અલીની કુવ્વત થઈ તો ઇસ્લામની બુન્યાદ મોહકમ[1] થઇ. હવે દેખો, કે ઝીલ્લતમાં કોણ રહ્યું, "નાસીપાસ" કોણ થયું ?

શું મૌલાના અલી સ૦અ૦ ને ગદીરમાં ના બતાયા ? તેમ મૌલાના વકીલ સાહેબને શું પોતાના અખીર વખ્તમાં ઝાહેર ના કીધા ? પછી જેમ માઝીમાં બનુ તેમ હાઝીરમાં બનુ.

દુનિયા, યે સીજનુલ મુઅમીન વ જનનતુલ કાફીરની[2] માઅના સહી થઇ. દુનિયાના લોકોના માટે રીયાસત મલી—તે તેની ઝફરયાબી[3] થઇ અને દીનના સાહેબને એ અમર મલો—તે તેની ઝફરયાબી થઇ.

---

9 ખર્ચ
1 મજબુત
2 મુઅમીનની જહન્નમ અને કાફીરની જન્નત
3 ફત્તેહ; વિજય

મગર તમો ભુલો છો ! મૌલાનલ મોહસીન મલક સાહેબનો કૌલ છે કે : "કીલ્લતમાં[4] " હક હસે, કસરત[5] પર મત લુભાજો ! " આગાહીના આપનાર આગાહી આપી ગયા—કે જે મુસતકબલમાં[6] બનનાર હતું.

મોઅલ્લીમની[7] ફર્ઝ.

અને તમારૂ તમસીલ આપવું કે (લાઇન ૧૭૪-૧૭૭) ;

" એક ચાવલની દેગ ચાવલ ભરી ચુલા ઉપર ચઢાવી ચુકા હોય અને અરધા પાકી ચુકા હોય તેહમાં બીજા નવા ચાવલ ચઢાવી શકતા નથી, તેમજ દાઅવતમાં પણ આગલના લોગો પુખ્તા થાતા નથી વહાં તક નવાને દાખીલ કરતા નથી. "—

પછી તેમાં જાણો કે : સાહેબે દાઅવત દાઅવત કરે છે અને ટાલીબો જમ્આ થાય છે અને તેને હીદાયત આપવુ શુરૂઅ થાય છે. હવે તે ટાલીબો ચાવલ છે અને તે હાદીએ-વખ્ત ચાવલના પકાવનાર છે, તો તે પાકનાર ટાલીબો જહાં તક કે પાકતા નથી, વહાં તક બીજા ટાલીબો શામીલ થઈ શકતા નથી—તો પછી તે પકાવનાર હાદીએ-વખ્ત, ચાવલ પાકા પહેલા, યાઅને પુખ્તા થાવા પહેલા ગુઝર કરી જાય, અને બીજા હાદીએ-વખ્ત મુકરર્ર થાય-એમ થઈ શકે ? અને જે હાદીએ-વખ્તયે દેગને ચઢાવી અને પકાવાની કોશીશ કીધી, તે ભુખા ગયા—યાઅને શું તેની ઝીમનમાં કોઇ ના પહોંચ્યુ ?

અને શું પહોંચ્યું આ કૈદે હયાતીની મૌતસી છે—કે જે તે હાદીએ-વખ્તના ઝમાનમાં કૈદે હયાતસી છુટી ગયા, તે વોહ ઝમાનના ગુઝરનાર સાહેબના ઝીમનમાં જઇ મીલા, કેમકે તે હાદીએ-વખ્ત આ કૈદે હયાતસી

---

[4] Minority માં
[5] Majority માં
[6] ભવિષ્યમાં
[7] ઉપદેશકની; ગુરૂની

છુટી ગયા ? અજબ બાકીના રહેનારાઓ ખોટીઆ છે, કે મૌત, તે સવળાને વોહ ઝીમનમાં[8] પહોંચાવવા માટે જલદી ના આવી !

પછી, આ ઇમકાન છે કે હાદીએ-વખ્ત બદલાય—એકના બઆદ બીજા તવલ્લી કરે—મગર ટાલીબે-આરીફ ના આવે—જે આવી ચુકા બસ તેજ હીદાયતને લે ? ઘણી બેહતર તમસીલ છે! આ તમસીલના અસલ, એક ભાઇને જવાબ આપવામાં આયો હતો કે: હવે કારોબાર બંધ છે—તે વાત સહી થઇ.

હજી જાણો કે: જો કદી ચાવલના દેગનો મસલ દાઅવતના નુફુસોને પકાવાનું મસલ છે, તો પછી સીલસીલાની શું ઝરૂરત ? હાદીએ-વખ્ત આવશે, અને નુફુસોને જમ્આ કરશે, જે પાકવા લાએક હશે તે પાકશે—પછી એક સીલસીલાને જારી રાખવાથી શું મતલબ ?

કેમકે, સીલસીલો હમેશા કાએમ છે, એજ અપનો ખ્યાલ હતો અને તે ખ્યાલના ઉપરજ અપને મેહદી-બાગમાં જમ્આ થયા—અને તમેબી ઇકરાર કરો છો કે મુતલકીનના સીલસીલાને જોડી આપો !

આ તો તમારી ખામોશગીનો ઇઝહાર છે. હીદાયતના આપનાર યે હીદાયતને આપી ચુકા—ના હવે હીદાયતના લેનાર છે, ના હીદાયતના આપનાર—હવે તો જે, જે હાલતમાં છે તેમાંજ રહી જાસે, કેમકે, હવે ના કોઈ પકાવનાર છે, ના કોઇ પાકનાર—કીસ્સો ખલાસ !

અને હમે જે હમારા પહેલા કાગઝમાં તમસીલ આપી કે: જીસ્મ થકી નફસ પરવાઝ કરી[9] જાવા બઆદ, જીસ્મ સાકીત, યાઅને ઠંડુ પડી જાય છે—તે તમે તમારા સમજસી સમજી ચુકા બઆદબી, એક અપના ખ્યાલને સહી કરવા માટે, એક તમસીલ ચાવલના દેગની આપી: મગર યાદ રહે, કે હીદાયતના આપનાર સાહેબ હીદાયત આપવા માટે કસ્દ કરે છે, અને જે ટાલેબુન લાહેક થાય છે, તેને સવળાને જીસ્માની

---

[8] અંતર્ભાવમાં; સમાવેશમાં [9] ઊડી

યતની કૈદસી છુટવું—એક સાથમાં છુટવું—નામુમકીન છે. પછી આ દેગમાં ચઢાવેલા ચાવલ, યાઅને જમ્આ થયેલા નુફુસોને, એકજ સાથમાં પોતાના નજાતીના તેહને પહોંચી જાવુ, અથવા તે સાહેબને, યાઅને સાહેબુલ–અમરને, તે સઘળાની નજાતીના તેહ તક પહોંચવા તક બાકી રહેવુંભી—નામુમકીન છે; તેસી, તમારી તમસીલમાં તમે સોંચશો—કે તે સહી નથી.

હજી તમો એમ દાખલો આપો છો કે (લાઇન ૧૭૮–૧૮૨) :

"જેહના અકીદાહ મઝબુત નથી અને નવા બાહેરના આવેલાઓના દીલોમાં શક શુકુહાત હોય અને જે વકત ખીલવતમાં તે બેવેની મુલાકાતો થાય અને એક બીજા પોતાના નાકીસ ખ્યાલો જાહેર કરે અથવા હરકતો કરે તો તે વખ્ત નાકીસ અકીદાના લોગોને નુકસાન થાય, અથવા નવો આવનાર તેહનેભી પોતાના સાથે ખેંચી લઇ જાય."

યાઅને, નવા મુસતજીબુનનું[1] દાખલ કરવાનું મૌકુફ કરવામાં આવ્યુ, કે માઝીના મુસતજીબુનની હીફાઝત થાય! પણ હવે યહાં એક સવાલ એ રહેશે—કે આ તો એક નફસાનીયતના અખત્યારના ઉપર કાબુ કરવામાં આયો, મગર તે મુસતજીબુનના જીસ્માનીયતના ઉપર શું કાબુ કરવામાં આયો? કેમકે, હવે તેનાસી ઔલાદનું પેદા થાવુ તે તો તેના જીસ્માનીયતના તકાઝા મુજબ છે, અને તે થનાર ઔલાદના માટે તે મુસતજીબુનને ઝાહેર કફાલત હીફાઝતની ઝીમ્મેદારી તો રહેશે—તો હવે તેના નફસની નજાતી માટે શું કરશે? અને શું તેના નફસની નજાતી ને હીફાઝતની કોશીશ તેની ઝીમ્મેદારી પર નથી?

અને તે ઔલાદ તો બાલીગ થાસે, અને તેના ખ્યાલાત તો નાકીસ હશેજ, અને તેનું સાથમાં રહેવું તેના બુઝુર્ગોને નુકસાન કરતા થાસે–તો હવે તેનો શું ઇલાજ લીધો? શું હવે કોઇ એમ બંદોબસ્ત કરવામાં

[1] જવાબ દેનારાઓનું

આયો કે ઔલાદ થાયજ નહિ, કે જે નુફુસો હીદાયતને પહોંચી ગયા છે તેને નુકસાન ના થાય?

પછી અખીરમાં તમો ઇકરાર કરો છો કે (લાઈન ૧૮૩-૧૮૬):

"સાહેબુલ-હકની કારરવાઇમાં ઇરાદભરી નઝર કરવા માટે માઝીમાં પણ સઘળા અઇમમતુલ-અતહાર વ અવલીયા કીરામથી મુમાનેઅત કરવામાં આવી છે."

મગર કયા સાહેબએ, કઇ બાબત પર, કઈ ચીઝ મૌકુફ કીધી છે, તે તમે જણાવી શકતા નથી, મગર હમે તમને ખબર કરીએ:

સૈયદના એહમદ હમીદુદ્દીન અ૦ કુ૦—કે જે સાહેબ મૌલાના હાકીમ-એ-અમરીલ્લાહના બાબુલ-અબવાબ છે—આપ ફરમાવે છે:

બરકાત હુદુદની જેહેતથી[2] જારી કરવામાં આવે છે, કે જે બરકાતસી (ઇલ્મસી) મૌજુદાત કમાલને પહોંચે છે; હુદુદ એને રોકે નહિ—અને રોકતા નથી—પણ કબુલના કરનારાઓમાં અજઝપણુ[3] છે—પછી કબુલનો કરનાર પોતાની કુવ્વત પ્રમાણે બરકાત હાંસીલ કરે છે—બઆઝ થોડું થોડું અને બઆઝ પુરેપુરૂ—જેમ મુશરીક શીખાવનાર અને ચાલાક શીખનાર. કોઈ હદને જાએઝ નહિ કે ફાયદો ટલબના કરનારને રોકે, જહાં સુધી કે એમાં કબુલીયત હોય—એ બીકના મારે કે આ શખ્સ પોતાના મકામને પહોંચી જાસે.

પછી એ તો રૂહાની ફરઝંદનું કતલ કરવું છે, જેમકે ખુદા તઆલા ફરમાવે છે કે: મોહતાજગીના બીકના લીધે, તમારા બચ્ચાઓને કતલ ના કરો, અને જે કોઈ એ કામ કરસે તે પાપી છે, અને પોતાના રૂતબાસી ગીરી જાસે.

---

[2] તરફથી [3] કમતીપણુ

શરીઅતમાં હુકમ છે કે: જીવારે યતીમોમાં બુલુગની નીશાની દેખો, તો એનો માલ એના હવાલે કરો—તમો એને ઇશરાફ કરી ખાય ના જાવ!

દેખો, ખુદા તઆલા શું ફરમાવે છે:

وَلَا تَقْرَبُوْا مَالَ الْيَتِيْمِ اِلَّا بِالَّتِيْ هِيَ اَحْسَنُ حَتّٰى يَبْلُغَ اَشُدَّهٗ ۚ وَاَوْفُوا الْكَيْلَ وَالْمِيْزَانَ بِالْقِسْطِ ۔ (سورۃ الانعام)

"અને ના કરીબ થાવ તમે યતીમના માલને, મગર વોહ રીતસી કે જે બેહતર હોય—જહાં તક કે પહોંચે તે બુલુગીયતને, અને માપો તમે પુરૂ અને મીઝાનસી ઇન્સાફ વદલીક."

જીવારે ઝાહેરી માલનો આ હુકમ છે, તીવારે રૂહાની માલ, જે કે ઇલ્મ અને બરકત છે, તે એના હકદારોસી કેમ રોકવામાં આવે?

અને હજી કુરઆનમાં આ મીસલ ઝીકર છે.

قُلْ تَعَالَوْا اَتْلُ مَا حَرَّمَ رَبُّكُمْ عَلَيْكُمْ اَلَّا تُشْرِكُوْا بِهٖ شَيْئًا وَّبِالْوَالِدَيْنِ اِحْسَانًا ۚ وَلَا تَقْتُلُوْٓا اَوْلَادَكُمْ مِّنْ اِمْلَاقٍ ۭ نَحْنُ نَرْزُقُكُمْ وَاِيَّاهُمْ ۚ (سورۃ الانعام)

"કહો કે આવો, હું વોહ ચીઝો તમને સુનાવું કે જે હરામ કીધી તમારા રબયે તમારા પર—કે ના શરીક કરો તમે ખુદા વદલીક કોઇ શૈને, અને નેકી કરો તમે મા-બાપના સાથે અને ના કતલ કરો તમે તમારી ઔલાદને મોહતાજગીની બીકથી—હમે તમને અને તેઓને રોઝીના આપનાર છે."

હવે દેખો, જેમકે ઝાહેરી બચ્ચાઓની હીફાઝતમાં કમઝોરીના સબબ તે બચ્ચાઓને મારી નાખો છો—કે તે હરામ ફેઅલ છે—તેમ કુરઆનની આયતસી સાબીત થાય છે, મગર યાદ રહે, કે કુરઆન આ જીસ્માની તાઅલીમ યા તરબીયતના માટે નથી લખવામાં આયો, તે તો રૂહાનીયતના ઉપરજ છે, અને તે એક અમસાલમાં ઝીકર કરે છે, કે, જેમ એક આજીઝ મા-બાપ પોતાની કુત-બસરીની[4] કમઝોરીના સબબ, પોતે પોતાની ઔલાદને મારી નાખે છે, તેને યકીન રાખવું જોઇએ કે તે સઘળાનું રીઝક તેનાં હાથમાં નથી, તેના પૈદાના કરનારની તરફ મુખાતીબ થાય, અને કોશીશ કરે—**તે** સઘળાનો રીઝકનો આપનાર છે-તેજ પ્રમાણે, એક આલિમ પોતાના ટલેબતોને, પોતે પોતાના હદ્દે-મ્મિકાનના[5] ઇલ્મથી તેને પરવરિશ કરે, અને જો તે ફરઝંદ તેના સમજ કરતા આગે બઢતા દિખે, તો તે પોતાની તકબ્બુરીમાં ના આવી જાય, યાઅને એ ડરમાં ના આવી જાય કે: એ મારા કરતા અફઝલ થઈ જાસે!—તે માટે તેને રોકી લે!—ના! તેની ફર્ઝ છે, કે પોતે પોતાના હદના ફૌક[6] તેને દેખે, અને જો તે આગે જાય તો તે પોતાના હદ્દે-ફાઝિલની[7] તરફ વાલે.

અને જો ઝમાનો એવો ના હોય, કે પોતેથી પોતાના હદ્દે-ફાઝિલની પહેછાન ના હોય, તો પોતે તેને છુટો મૂકે, અને એને કહે કે: 'બસ મને યહાં તકનુંજ ઇલ્મ છે—તમો આગે હજી તાલાશ કરો, ખુદા તમને તેની નેઅમતસી બેહરવર[8] કરસે, મારી નાકીસ સમજ, જહાં તક હતી વહાં તક મેં તમને આગાહ કીધા.'

આ એક સહી મોઅલ્લિમની ફર્ઝ છે, કે ના જાણતો હોય, તો તે ના કહી દે, મગર મુગાલટામાં[9] નાખવાની કોશીશ ના કરે! બસ!

---

[4] ભરણુ પોષણુ; ગુજરાન
[5] બનવા જોગ હદના
[6] ઉપર, ઊંચે
[7] ઊંચા દરજ્જાના સાહેબની
[8] ખુશનસીબ
[9] ભુલાવામાં

શરીઅતે ઝાહેરા

તમારૂ મોતહય્યર થવું આ મીસલ કે (લાઈન ૧૮૭-૧૮૮):

"તમો હમોને દાઅવત કરો છો તો તમારા ત્યાં શરીઅતજ કોણુસી છે, કે જેહની હમો પાબંદી કરીયે."—

મગર તમો કિતના જલદી ભુલો છો! મૌલાનલ મુકદદસયે શરીઅતના બારામાં તમને શું તમસીલ આપી અને તમારા હાથે લખાવી અને પઢાવી, તે છતાં, તમે તમારા નફસને સાફ ન કરી શકો અને તેના હકીકતના સમજવા બઆદબી, અમલ કરવા કમરબસ્તા ન થઈ શકો, અને હવે તમો હમને સવાલ કરો છો? અજબ થવા જેવું છે! તમે દેખો, તમારા હાલના માઝન, તે તે વખ્તના ખાસ કાતિબ અને શાએર, મહમદઅલી તૈયબજીની બનાવેલી નસીહત કે જે છાપેલી છે તેમાંના ચંદ ફકરા નીચે મુજબ છે:—

"શૈતાન અમ્મારાહને તું બીલકુલ મીટાવીને,
જે મુત્તકી વલી છે તેહની ચાલ ચાલજે.

ઉમદો છે માઅરેફત પર વલીય્યોનો તું સમજ,
હર ફેએલમાં છે ભેદ તું એહને નીકાલજે.

ઝાહેર રૂસુમોની તું હકીકતને જાણજે,
મકસદ છે એમાં શું તે તું સોચીને ભાળજે.

જે કે શરીઅત ફીધી નબીએ વઝેઅ તે જો,
સબ જાહેલોને જકરા છે કાનોને ધાલજે.

... ...

મસીજીદ ને બૈત—ઈટ અને ચુનાથી જે બનું,
કહેવાનુ બૈતુલ્લાહ—યે ફના છે તે પાળજે.

તેમજ જીસ્મ આ લેહેમ અને દમ તે છે ફના,
ઔહામ સર્વે છે તેને દીલથી નીકાલજે."

અને હજી બીજી નસીહત, જે આબેદી સન ૭ માં માહે રમઝાનની તારીખ ૨૨ મીએ "લૈલતુલ કદર" વાસ્તે, શેખ મહમ્મદઅલી તૈયબજી સાથે તસનીફ કરાવવામાં આવી, તેભી તમે પઢી લેજો.

અને કુરઆનની આ આયતમાંભી ગૌર કરો :

يَوْمَ يَدْعُ الدَّاعِ إِلَىٰ شَيْءٍ نُّكُرٍ ۝ (سورة القمر)

"કીયામતના દિન બોલાવસે બોલાવનાર એક શૈની તરફ એવી કે નાપસંદ"

કે દાઈ બેલાવસે, મગર તમને પસંદ નહિ પડે—તો તમે ખ્યાલ કરો, કે હમારા મોહસીનો મુશરીક મૌલાના વકીલ સાહેબના સિવાયે કોણ દાઅવેદાર દાઈ દાઅવત કરે છે કે જેમાં નાપસંદગી દેખાય છે?

યાઅને, હરએક દાઈ દાઅવેદાર દાઅવો કરે છે, મગર તે સઘળાની દાઅવત મીલતી-ઝુલતી છે; મગર આ એક દાઈની દાઅવત છે કે તે સઘળા દાઈઓ કરતા નીરાળી છે, અને તે નીરાલાપણું ફકત એજ છે કે ઝાહેરી શરીઅતને મુકી દેવામાં આવી, અને તે શરીઅતના હકીકતને અમલમાં મૂકવામાં આવી; અને તે ઝાહેરી શરીઅતને મૂકવુંજ અવામના નઝદીક નાપસંદગીનું ફેઅલ છે.

અને તમારૂ કૌલ કરવું કે (લાઈન ૧૮૮-૧૮૯) :

"તમો શરીઅતે નબવી શરીઅતે મોહમ્મદીને તો તીલાનજલી આપી દીધી"—

તો કુરઆનની આ આયતમાં ગૌર કરો :

إِنِّيٓ أَنَا رَبُّكَ فَاخْلَعْ نَعْلَيْكَ ۖ إِنَّكَ بِالْوَادِ الْمُقَدَّسِ طُوًى ۝ (سورة طٰهٰ)

"તેહકીક, હું તારો રબ છું, પછી તું તારો જુતીઓને કાઢ; તેહકીક, તું ટોવાની પાક વાડીમાં છે."

આની શરેહમાં "તાવીલુદ-દઆએમ"માં સૈયદના કાઝીનોઅમાન (અ૦ કુ૦) ફરમાવે છે કે : જુતીસી મુરાદ શરીઅતની છે, કે તમે હવે ઝાહેરી શરીઅતને મૂકી દો, કેમ કે, તમે હવે બાતેની દાઅવતમાં દાખીલ થાવ છો.

હવે તફસીરના કરનારાઓયે તે વાકેઆતની તફસીર પોતે પોતાના ખ્યાલ મુજબ કીધી, કે તે નાપાક જુતા હતા કે તે પાક—યાઅને મુકરરબમાં મુકરરબ[1]—થાવાના માટે તેને તે જુતા કાઢી નાખવાનો અમર થયો. મગર હવે આજનો ઝમાનો અને આરેફુન સમજી શકશે કે નબી અને ખુદાની ગુફતગુ—તે ઓથામાં છે કે હકીકતમાં—એ જુતાને ઉતારવાની માઅના છે.

જો કદી, એમ ના હોય, તો શું એક થાનાર નબીને પાક અને નાપાક મોઝેઅની તમીઝ નથી, કે પાક જગામાંભી જુતા ઉતારવાનો ખ્યાલ ના રહ્યો ? મગર ના ! 'તાવીલુદ-દઆએમ'ની તશરીહ સહી છે, કે હકીકતન, તે જુતા શરીઅતે ઝાહેરી છે.

આ સીરાતુલ-મુસતકીમના રાસ્તા પર ચલવા માટે આ શરીઅતોની ઝરૂર છે; કે એજ શરીઅતોના ઓથાઓને રાખીને હકીકતને લઈને ચલીયે છે.

---

[1] નઝદીકમાં નઝદીક

જેમકે ઝાહેરમાં, ચલવા માટે જુતાઓને પહેનયે છે, તેજ પ્રમાણે સીરાતુલ-મુસતકીમના રાસ્તા ઉપર ચલનારી સમજને આ ઓથાઓની ઝરૂર છે, કે તે ઓથાઓની હીફાઝતમાં, તે હકીકતમાં કદમ મુકતા જાય છે અને પોતાના રાસ્તાને તેહ કરતા જાય છે.

અને તેજ માટે, તે નબીને—યાઅને મુસા (અ૦ સ૦) ને—એજ અમર થયો કે તે જુતાને મૂકે, યાઅને તે માઝી શરીઅતને મૂકી નવી શરીઅતને ખડી કરે. અને તેજ તે નબીનો ફેઅલ છે, તેજ માટે, તેને તે જુતા મુકવાનો અમર થયો.

અને તેજ પાક વાડીસી મુરાદ અને તે 'ટોવા'ની મુરાદ એ થઈ, કે ખુદાએ પોતાના એહસાન અને કરમ વદલીક તેની તૌબા કબુલ કીધી અને એહને કહ્યું :—

આવો, તમે મગફેરતમાં છો, હવે તમે તમારી આ શરીઅતને મુકો. કેમકે, તમે હવે હમારા મુકરરબ થયા—યાઅને હકીકતને જાણી.

અને તમારૂ લખવું કે (લાઇન ૧૯૬-૧૯૭) :

" નમાઝ રોઝા અને શરીઅતે મોહમ્મદીની પાબંદી ના કરવું તે યઝીદીઓના ફેઅલ અને હરકતો છે."—

તેમાં જાણો કે : શરીઅતે નબવીની પાબંદીનું કરવું એજ નબીના પૈરૂઓની[2] નીશાની છે, તો મૌલાના સલમાન અ૦સ૦ મસ્જીદમાં સુઈ રહેતા અને યઝીદીઓ તો નમાઝ પઢતા રહ્યા, તાહમબી તે લોકોની નજાત ના થઈ, અને શીઆઓ તેને નફરત કરે છે, અને તે સલમાનને એહલુલ બૈતમાંસી ગીણે છે.

બઆદ તમો લખો છો કે (લાઇન ૧૯૭-૨૦૧) :

---

2 અનુયાયીઓની; followers ની

"તમો આકા મલકના શીયા અને અતબાઅ હોવાનો દાઅવો કરો છો મગર તે આકાની હીદાયત ઉપર છોજ કયાં? અગર આકા મલકે મુકરરબયે શરીઅતે મોહમ્મદીને ઉઠાવી દીધી હોતે તો નમાઝ માટે પોતાના દસ્તે મુબારકથી મસજીદના પાયાની બીના અને ઇમારત ખરી ના કરતે."—

તો તમો બાવીસાની દોઆમાં વસીલો લવ છો તેમાં ગોર કરીએ :

وَاَتَوَسَّلُ اِلَيْكَ اَللّٰهُمَّ بِالْمَقَامَاتِ الرَّبَّانِيَّةِ
وَالْهَيَاكِلِ النُّوْرَانِيَّةِ مِنْ مَّوْلَانَا قَيْذَارَ
اِبْنِ مَوْلَانَا اِسْمٰعِيْلَ اِلٰى مَوْلَانَا اَبِيْ طَالِبْ اِبْنِ
مَوْلَانَا عَبْدُ الْمُطَّلِبْ -

"અને વસીલો લઉં છું તારી તરફ—એ પરવરદીગાર, સઘળા રબ્બાની મકામાત અને નુરાની હૈકલો વહલીક જે કે મૌલાના કૈઝાર ઇબ્ને મૌલાના ઇસમાઇલથી મૌલાના અબી તાલીબ ઇબ્ને મૌલાના અબદીલ-મુતતલીબ સુધી છે."

તો શું મૌલાના અબદુલ-મુતતલીબ અ૦સ૦ અને મૌલાના અબા-તાલીબ અ૦સ૦ યે ઇસ્લામ કબુલ કીધું—કે તેસી તે ઇમામુલ મુસતકર કહેવાયા?

અને તે ઇમામત અબી-તાલીબ અ૦ સ૦ બઆદ મૌલાના અલી સ૦અ૦માં આવી, તો પછી મૌલાના અબા-તાલીબના ફેઅલને દેખો, કે જે બુતોની હીફાઝતના કરનાર મોહાફીઝ હતા, અને તે અલી, કે જે અબા-તાલીબની ઇમામતના વારીસ હતા, તે બુતોને તોડા, તો તે મુકીમ અને મનસુસના ફેઅલમાં દેખો, અને માલીક અને મમલુકના ફેઅલમાં નીગાહ કરો.

હવે મૌલાનલ મોઅઝઝીઝ[3] મલક સાહેબનો કયો મકામ હતો—તે જાણવાની કોશીશ કરો. હીદાયતના અમરને લઈ ચલવું અને તવલ્લીનું કામ કરવું તો હર કોઈ કરે છે—યાઅને, વખ્તના દાઈ, ઈમામ, હુજ્જત, વસી, નબી—પછી તે સઘળાના નામોમાં શું ફરક છે કે અલગ નામ પડા?

મૌલાનાનો મરતબો શું છે, તે તમે નથી જાણતા. તમો સઘળાને "હમશાન" બસ સમજો છો. હુજ્જત ને હીજાબમાં તમીઝ કરો કે તેની શું માઅના છે? મૌલાનાનો કૌલ હતો કે ૧૦ વરસ બઆદ ઝુહુર થાસે, અને તે મુવાફીક ઝુહુર ના થાય, તેનો કૌલ બાતીલ થાય!?

શું એહલે ઈસ્લામ નબી ઈસા સ૦અ૦ ને નબી અને ખુદાના પૈગમ્બર નથી માનતા? મગર માને છે, તો તેની શરીઅતની પાબંદી કરે છે? હવે જો શરીઅતે ઈસવીની પાબંદી નથી કરતા તો તેને કહો કે તેબી ઈસાને નથી માનતા.

મગર યાદ રાખો, કે ઈસવી શરીઅતના પાબંદોને કહો કે એહમદના માટે આવવાનો ઈશારો છે, અને શું એહમદ આયા, યા શું એ કૌલ બાતીલ છે? પછી તે સઘળાની સમજ નાકીસ છે, કે ઝમાનાનો બદલાવાનો તો યકીન રાખે છે—ઈંતીઝાર કરે છે—મગર દેખે છે તો ઈનકાર કરે છે.

તમો એજ સમજતા કે હુજ્જતના મકામયે શું કરવું જોઈએ અને ઈમામનું શું કામ છે, કે તેમાં તમીઝ થઈ શકે કે આ હુજ્જત ને આ ઈમામ? યે તમીઝના તફાવતમાં સમજ ના પડવાથી તમો તમારા સાહેબોને ના પહેછાની શકા, અને તે લોકોયેબી પોતાના માટે કોઈ એક મકામ ઝાહેર ના કરી શકા.

---

[3] આઅલા મકામના સાહેબ.

કોઇ વખ્ત ઇતલાકી મકામસી દાઇ બનો છો, ને કોઇ વખ્ત "હુમશાન" થાવાના ખ્યાલસી હુજ્જત બનો છો, અને કોઇ વખ્ત સીલસીલાની કડી સંભાળી રાખવા માટે ઇમામતની તવલ્લી કરો છો !

આ રોશન ઝમીરનો કરીશમો છે. ઔહામ છે, ને તેને મૂકવું એ મૌલાનલ મુનવ્વરનો કૌલ છે. પોતેયે બારહા[4] ફરમાયું છે કે: મોહમ્મદના ઔહામ તો કસીફ હતા—તે મૂકાય ગયા—મગર મારા ઔહામ તો ગીલા[5] છે—ચીપકી જાસે—એ જલદી નહિ મુકાય, તે કૌલ સહી થયો. હવે, ના તમે યકીન કરી શકો છો કે તમારા હાથમાં દાઈનો સીલસીલો છે, અથવા ઇમામનો.

ઝાહેરી શરીઅતની પાબંદી કરવી, નમાઝની બીના માટે મસ્જીદની તાઅમીર[6] કરવી, યે દલીલ તમોયે પેશ કીધી, મગર યાદ રહે, કે અસહાબોની તાઅઝીમ નબી સ૦અ૦ યે કીધી, પાક મજલીસમાંહી મૌલાનલ મુકદ્દસ મલક સાહેબયે નાપાક કુત્તાને તખ્ત પર બીઠાયો, તેજ પ્રમાણે, નબી સાહેબયે ફરમાયું કે : મારા બઆદ મીમ્બર ઉપર કુત્તા, અને ખનાઝીરો રમતબાઝી કરશે—આ જાણતાના હાલે રીયાસતના ખ્વાહીશમંદો ઝાહેરી તખ્તને લીધું અને તેના ઉપર રમતબાઝી કીધી.

શરીઅતનું બદલાવુ ઝમાનાના બદલાવા ઉપર છે—નેક અને બદની પહેછાન ઝાલીમના ઝુલ્મ ઉપર અને મઝલુમની મઝલુમીયત ઉપર છે—મૂકીને ચલા ગયા, એ ખ્યાલ નાકીસ છે.

ઇસ્લામની જમહુર જમ્આતને મૂકી મૌલાના અલી ઇબ્ને અબીતાલીબ સ૦અ૦ જુદા થયા—રીયાસત ઉપર કોણ રહ્યું, દુનિયાની મુશકીલોમાં કોણ રહ્યું ?

---

[4] વારંવાર [5] બીના

[6] રચના

તેજ પ્રમાણે, મૌલાના આમીર અ૦સ૦ ના વહાં આમીરી રીયાસતના મુસતૌદેઅ—કે જે મૌલાના તૈયબનો દાઅવેદાર મજીદ—રીયાસતના માલીક થયા.

તેજ પ્રમાણે, ૪૬ માં દાઇ મોહમ્મદ બદરૂદ્દીન સાહેબના બઆદ નજમુદ્દીન—કે જે ઝાહેરમાં નાએબ, યાઅને મુકાસીર—તેમ મલેકતના માલીક થયા.

તેજ પ્રમાણે આ મલકી દાઅવતના નાએબ, અને હીજાબ—રીયાસતી દાઅવતના મલીક થયા.

હવે માઝીમાં જે સાહેબો રીયાસતનો સામનો કીધો અને મુશકીલોને ખમી, અદુઆેની અઝીય્યત ઉપર સાબીત રહ્યા, તે મસલ હમારો ને તમારો છે—જેમ થયું, તેમજ થાસે.

અને તમારૂ ઈનકાર કરવું આ મીસલ કે (લાઇન ૧૯૭-૧૯૯):-

" તમો આકા મલકના શીયા અને અતબાઅ હોવાનો દાઅવો કરો છો મગર તે આકાની હીદાયત ઉપર છોજ કયાં ?"

અને પછી દલીલોને પેશ કરવું કે (લાઇન ૧૯૯-૨૦૬):-

" અગર આકા મલકે મુકરરબયે શરીઅતે મોહમ્મદીને ઉઠાવી દીધી હોતે તો" મસજીદ ખરી ના કરતે, "અઇમ્મતોના અસમાએ પાક તકરરૂબમાં" તથા દુઆઓ ના પઢતે, " ગુસલો કફન દફનની કીરયા તથા જનાઝાની તવલ્લી બઝાતે ખુદ ના કરતે "—

તો આ માલીક અને મમલુકના ફેઅેલના તફાવતસી તમો ઈનકાર કરો છો—કે જે માલીકના ફેઅેલના મુવાફીક, જો મમલુકનું ફેઅેલ હોય, તોજ તે તેના તરફ મનસુબ[7] થાય, વર્ના, તે મમલુક તે

7 જોડાણ

માલીકની તરફ મનસુબ ના થાય, તે તમે તમસીલ લીધી—હમારા અને મોહસીન મલક શેહેનશાહ સાહેબના ફેઅેલના તફાવતમાં તમે દલીલ લીધી—મગર સૈયદના અબી યાકુબીસ-સીજીસ્તાની આપ શું ફરમાવે છે તે દેખો :

اثبات النبوة - سيدنا ابي يعقوب السجستاني -
فصل ٥ - مقاله ٦

في دور ابراهيم عليه السلام وأثاره ودرجة
قال انتهى العرب والعجم اليه اذ جعل اسمعيل
ابا العرب واسحاق ابا العجم وهذ من اعجب العجائب
من غفلة الناس عن طلب حقائقه لانه غير ممكن
ان يكون الأب عربيا والابن عجميا فما بال ابراهيم
عليه السلام ان كان من العرب قد تخلف عنه احد
ولديه وهو اسحق عن نسبة العربية اوكان من العجم
فما بال اسمعيل انتسب الى العرب هذ اشئ عجيب
اذا لم تكن له حقيقة شريفة فنقول في بيا نران دور
الكشف بجملة دور العرب ودور الستر بجملة دور
العجم ومعنى ذالك فان العاكفين على تقليد
ظواهر النطقاء هم العجم العاجمة والطالبين لحقائق
الاسس هم العرب العاربة اذ هو فى ظلمة التقليد
التمسوا المخرج من شبهات الظاهر ومن ظلمات التقليد -

"ઇબ્રાહીમ અ૦સ૦ના દૌરની બાબતમાં અરબ અને અજમની નિસ્બત ઇબ્રાહીમ અ૦સ૦ની તરફ છે, કારણ આપયે ઇસ્માઇલને અરબના બાવા અને ઇસહાકને અજમના બાવા મુકર્રર કીધા.

"અને ઘણું અજબ છે, અને એના કરતા ઘણું અજબ—યે અમરના હકીકત ટલબ કરવાથી લોગને ગફલત કરવું છે, કારણ કે આ ના-બનવા જોગ છે કે બાવા અરબી હોય અને દીકરો અજમી, યા બાવા અજમી હોય અને દીકરો અરબી હોય. પછી ઇબ્રાહીમ અ૦સ૦ નો શું હાલ? અગર આપ અરબી છે, તો આપના દીકરા ઇસહાક અરબી નિસ્બતસી પાછલ રહ્યા? અથવા આપ અજમ છે, તો ઇસિમાઇલનો શું હાલ—કે અરબની તરફ મનસૂબ થયા? જો એહના વાસ્તે હકીકત ના હોય, તો આ અજીબ શૈ છે!

"હવે, હમે એહનું બયાન કરીયે છે કે: દૌરલ-કશ્ફ દૌરલ-અરબ છે અને દૌરસ-સતર દૌરલ-અજમ છે. તે છતાં, નાટિકોની ઝાહેરી શરીઅતની તકલીદ[8] પર જે લોગ જમા હુવા છે—યાઅને મુકીમ છે—તે લોગો અજમે આજેમા છે, અને અવસિયાઓના હકાએકના ટાલેબૂન—તેઓ અરબે આરેબા છે—યાઅને ખલિસ અરબ છે, કારણ કે, યે લોગયે તકલીદની અંધેરીમાં, ઝાહેરના શુબોહાત અને તકલીદની ઝુલ્માતસી નીકલવાનો રસ્તો ઢૂંઢો."

એક બાપની ઔલાદમાં એક અરબ અને એક અજમ હોવાનો યકીન રાખો છો—તે માઝીના કૌલ પ્રમાણે—પણ હાઝિરમાં, એક માલિક અને મમલૂકના ફેએલમાં સમજ ના પડવાસી, તેને એક ઝાત સમજવું—યાઅને એ માલિકના મમલૂક છે એમબી નથી માનતા—તે હવે તમારા સમજ ઉપર મૌકૂફ છે.

હજી નસબમાં દેખો, કે ફાતેમૂન ઇમામ સઘળાએ ઇમામુલ-મુસતકર કહેવાયા—અને મુસતકરની માઅના વહોજ કે બાપ પછી

8 નકલ

બેટામાં ઇમામત આવવી જોઇએ—મગર મૌલાના અલી ઇબ્ને અબી-ટાલિબ સ૦અ૦ના બઆદ, મૌલાના હસન અ૦સ૦માં ઇમામત આવી, મગર તેને ઇમામુલ-મુસતકર નથી માનતા! હવે યહાં ગૌર કરો કે નફસન વ જીસ્મન, નસલ અને નસબ બેવે છે, મગર તેને મુસતકર નથી માનતા. હવે શું માઅના પર તમારા ખ્યાલ છે, અને માલિક અને મમલૂકને શું સિફાત પર એક સમજી શકો છો, તે તમારી અકલ પર મૌકૂફ છે.

હવે, શું મૌલાનલ મોહસિન મલક સાહેબનો આ કૌલ નહોતો કે : ૧૦ વરસ બઆદ ઝુહૂર થાસે ? અને ઝુહૂર શું માઅના ઉપર છે ? તવાલતના અમરને લઇને ચલનારા સાહેબનું ઝાહેરમાં રહેવું એજ ઝુહૂર છે ? જો કદી, એજ ઝુહૂરની માઅના હોતી, તો પછી, પોતાના ઝમાનનેજ ઝુહૂર સમજવું જોઇએ ! મગર પોતે તો પોતાના દૌરના—યાઅને ઝમાનના—બઆદ ઝુહૂર થાસે, એમ આપયે ફરમાયુ છે, તો હવે ઝુહૂરની માઅના શું થઇ, તે સોંચો !

તમો જાણો છો કે મૌલાના આદમ અ૦સ૦સી કે મૌલાના નબી મોહમ્મદ સ૦અ૦ તકનો ઝમાન દૌરૂસ-સતર હતો, ને મૌલાનલ મોહસિન મલક સાહેબના ઝમાનના બઆદનો ઝમાન, આવનાર કશ્ફનો ઝમાન છે. હવે બતાવો ! આપના દૌરની કારરવાઇ અને સતરના દૌરની કારવાઇમાં શું ફરક છે ? સતરમાં એ ઔહામી અમસાલો[9] મુકર્રર હતી, તેજ પ્રમાણે, તમારા ખ્યાલ મુવાફીક, તમારા કશફી ઝમાનમાંભી છે, પછી શું માઅના ઉપર કશ્ફ ને સતરની પહેચાન છે?

ઝાહેરી શરીઅત ઉઠસે, અને કાએમના કરનારયે પોતાના ઝમાન-માંજ એ ફેએલને કરી બતાયુ, યાઅને સલમાન મસ્જીદમાં સુઇ રહ્યા ને કહેનારયે કહ્યું તો આપયે ફરમાયુ કે : નમાઝ કરતા એની નીંદ બેહતર છે. તેજ પ્રમાણે, ઘાણુાસા દોઆતુલ-મુટલકીનયેભી શરીઅતની ઉઠવાની આગાહી આપી છે, અને તે મુવાફીક તે ઉઠી, અને તે ઉઠવા પરજ કશ્ફ અને સતરની તમીઝ છે.

---

[9] વેહમી ઓથાઓ

તમો પંજતનના નામમાં હેરફેર કરો છો—કે જે શરએ નબવીના પંજતનના નામો લઇએ છે તેમાં તમો ફરક કરો છો, અને તમારા ઝમાનના પંજતનના નામ બીજા લો છો—આ ફક્ત, શું પંજતનના નામમાંજ તબદીલી થઇ, અને શરીઅત વહોજ બાકી રહી? કેમ એકમાં એક, અને બીજામાં બીજુ રાખો છો, જ્યારે ઝમાનો બદલાવાનો યકીન રાખો છો, તો હર ચીઝમાં ફરક કરો. જો ઝમાનો તેજ બાકી છે, તો તેજ સઘળી ચીઝોને બાકી રાખો.

હવે સતરમાં દેખો, કે એક નબીના બઆદ બીજા નબીયે પોતાના ઝમાનમાં શરીઅતની તબદીલી કીધી, અને આખીર ઝમાનમાં નબીયે ફરમાયુ : 'લા નબીયા બાઅદી,' કે મારા બઆદ હવે કોઇ નબી આવનાર નથી—કે જેમ મુકદ્દમમાં[1] એકના બઆદ એક નબી આવતા ગયા ને શરીઅતની તબદીલી કરતા રહ્યા—હવે તો કશ્ફનો ઝમાન આવનાર છે.

અને તે મુવાફીક મૌલાનલ મોહસીન મલક સાહેબયે ફરમાયુ કે ઝુહુર થાસે, તે મુવાફીક ઝુહુર થયું અને શરીઅતના ઔહામ મૂકાયા. તેમાં તમો સવાલ કરો છો કે માલીક અને મમલુકના ફેએલમાં તફાવત કેમ? અને તે સાથ પાછા એમ ઇકિરારબી કરો છો, કે (લાઇન ૨૬૪-૨૬૫) મૌલાના મલક સાહેબયે કશ્ફના ઝમાનની કારરવાઇ કીધી, અને તેનો ટાઇમ ૫૦ હઝાર વરસનો બતાયો!

હજી દેખો, કે દૌરૂસ-સતરની ઉમર—યાઅને શરીઅતે ઝાહેરાને બાકી રાખવાની મુદ્દત—નબી આદમ અ૦સ૦ થી કે મૌલાના કાએમ અ૦સ૦ તક છે. મગર તે ટાઇમ આવવાના કબલ, તે ઝાહેરી શરીઅત બાકી રહેવીજ જોઇએ, કે જેની દલાલતમાં સૈયદના મોઅય્યદ અ૦કુ૦ નબી સાહેબના કૌલને પેશ કરે છે અને તેની તશરીહ કરીને સમજાવે છે—તે નીચે મુજબ છે—તેમાં તમે ગૌર કરો :

---

[1] અગાઉ

(من كتاب المسائل والوجوبة - لسيدنا المؤيد فى الدين)

قول النبي صلع . اعمار امتي ما بين الستين الى السبعين فمعني قوله اعمار امتي ما بين الستين اشارة انا مراتب الدين والحق المبين لجميع المتعدين تعلم وتصح فيما رتبة النطقاء الست من أدم الى محمد صلع وبالسبعين اشارة الى مارتبه الناطق فى المراتب الدعوة وقام به من بعده الائمة من ذريته هداة الامة الى القائم السابع من النطقاء وهوموفي حقوق الاباء - والطالب ثارهم من اهل الخلاف والعمى -

وفي وجه أخر ان رسول الله صلع اعلم امته وهم حدود دعوته والائمة من اهل بيته ان مدة عمر الدور الستر بسبعة نطقاء من أدم الى القائم صلع او بستة شرائع ظاهرة تجري للدين مجرى لصورة ويكون السابع لها بمنزلة الروح -

"નબી સ૦અ૦ નો કૌલ : 'મારી ઉમ્મતની ઉમર ૬૦ના દરમ્યાન છે, ૭૦ સુધી'—પછી આપના કૌલની માઅના કે 'મારી ઉમ્મતની ઉમર ૬૦ ના દરમ્યાન છે,' ઇશારો છે કે : દીનના મરાતિબ, અને હક એહવું કે રોશન, સવળા તૈયારના થાનારાઓ વાસ્તે જણાય છે અને સહી થાય છે, ૬ નોતોકાઓના તરતીબ કરવામાં, આદમથી મોહમ્મદ તક; અને ૭૦ વદલીક ઇશારો છે : વોહ ચીઝની તરફ કે તરતીબ કીધું નાતીકયે

દાઅવતના મરાતિબમાં, ને લઈ ઉઠા તે ચીઝ વદલીક તે નાતીકના પછી અઇમ્મત, તે નાતીકની ઝુરરીયતમાંથી કાએમ તક, કે તે કાએમ નોતોકાઓના સાતમાં છે, અને આબાઓના હકનાપુરાના કરનાર છે અને તે સઘળાના કીસાસના લેનાર છે—ખીલાફ અને આંધળપણુના લોકોથી.

" અને બીજી વજેહમાં આ વાત છે કે : ખબર કીધી રસુલીલ્લાહ સ૦અ૦ યે પોતાની ઉમ્મતને—અને તે ઉમ્મત મોહમ્મદની દાઅવતના હુદુદ છે અને અઇમ્મત છે તે મોહમ્મદના એહલે-બૈતમાંથી—ખબર કીધી આપયે આ વાતની કે : દૌરૂસ-સતરના ઉમરની મુદ્દત ૭ નોતોકા વદલીક છે, આદમથી કાએમ (સ૦અ૦) તક, યાકે ૬ ઝાહેર શરીઅત વદલીક છે—કે જારી થાય છે દીનના વાસ્તે સુરતના જારી થાવા વદલીક, અને હશે સાતમાં તે સુરતના વાસ્તે રૂહના મનઝેલામાં. "

હવે દેખો, ઝુહુરની અને કશ્ફના ઝમાનાની સઘળા મુઅમીનો ખ્વાહીશ રાખે છે, મગર તે ઝુહુર અને સતરના ઝમાનની શું પહેછાન છે, કે તેસી તે પહેછાનવામાં આવે કે આ સતરનો ઝમાન છે?

જો કહી, ઇમામુઝ-ઝમાનનું ઝાહેર થાવુ અને તવાલતના અમર પર ઝાહેર રેહવું—એજ ઝુહુરની માઅના છે, તો માઝીના (૨૦) વીસે ઇમામો ઝાહેરમાં તવાલતને કીધી? અથવા ઝુહુરની માઅના રીયાસતના ઉપર, યાઅને હુકુમત ઉપર ઇમામે તવલ્લી કરવી, તે ઝુહુરની માઅના છે, તો માઝીના ઇમામોયેબી—રીયાસતને કીધી, મગર દૌરૂસ-સતરના ઇમામો કહેવાયા !

તો પછી હવે ઇમામ ઝાહેર થાસે, તો તેબી ઇમામ દૌરૂસ-સતરના કહેવાસે, કેમકે, તેબી સઘળાએ નબવી શરીઅતની પાબંદી કરાવનાર હશે, તો પછી, હવે દૌરૂલ-કશ્ફની શું માઅના રહી, અને દૌરૂસ-સતરની શું તમીઝ રહી?

મગર માઝીના સાહેબોયે તેની તમીઝ કરાવી છે, કે દૌરૂલ-કશ્ફનો ઝમાનકુ ન-ફયકુનનો ઝમાન છે, યાઅને તે ઝમાનામાં અમસાલને મુકાસે, અને તે પ્રમાણે, હમારા મોહસીનો મોહકકીક બુઝુર્ગ સાહેબોયે તે અમસાલને મૂકી, અને હમને તે હકીકત ઉપર તરબીયત કીધા.

હવે તમે દેખસો અથવા ગૌર કરસો, તો માઅલુમ પડશે કે કશ્ફ અને સતરની પહેચાનજ યે છે, અને એહના સિવા કોઇ દલીલ હોય તો પેશ કરો. કેમકે, દૌરૂસ-સતરમાં—ઇમામો, દાઇઓ, વસી—સઘળા મકામના સાહેબોયે, તવાલતના અમરને લઇ ચલા, મગર તે સઘળો ઝમાન સતરનોજ કહેવાયો—એમાં એમ ન સમજવામાં આવ્યુ, કે દાઇ છે તો સતરનો ઝમાન છે અને ઇમામ છે તો ઝુહુરનો ઝમાન છે.

અમસાલ છે તે સતર છે, અને અસલ છે તે ઝુહુર છે.

આમાલનામા

તમો લખો છો કે (લાઇન ૨૧૨-૨૧૩) :—

" તમોએ જુઠો દાઅવો કીધો છે કે જેની સઝા તમોને રોઝે કયામતમાં મીલશે"—

તેના જવાબમાં લખવાનું કે: કીયામતના દિન હરએકના આમાલનામા એહના હાથમાં હશે, તે આગાહીના મુવાફીક તમારા બુઝુર્ગો ને હમારા બુઝુર્ગોના આમાલનામા દેખો :

તમો તમારી "મેહદીબાગ ઇનસ્ટીટયુશન"માં લખો છો કે 'મીસ્તર મલક'. દેખો, તમારી મૌલાના મલક શહેનશાહ સાહેબની ફીદાગીરી અને તેના વખાણુના જુમલાઓને— કે જે મોહસીનો મુકદદસ સાહેબના ફઝલ અને એહસાનસી દીન અને દુનિયામાં સરફરાઝ થયા, યાઅને દીનમાંહી તો અમીરે જમ્આત બના અને દુનિયામાંહી ટાઇટલ હોલડર થયા !

અને હજી, દુનિયાની હુબમાંહી અને અવામમાં ઇઝ્ઝત ખાતર અને લોકોને ખુશ કરવા ખાતર, ૧૯૧૧ માં ઑલ ઇન્ડીયા મોહોમેદન એજ્યુકેશનલ કોન્ફરન્સની માતેહત જે એક જલસો નાગપુરમાં સૈયદ મેહદી હસન સાહેબ એમ. એ., બેરીસ્ટર–ઍટ–લૉ, ડેપ્યુટી કમીશ્નર, દુર્ગ, ની પ્રમુખપદ હેઠળ થયો હતો, તેની ઝાહેર ખબરના પરચામાં તમારા બદર 'ખાદીમે કૌમ' લીખે છે. દેખો, એક દુનિયાની વાહવાઇના ખાતર અને અવામમાં ઇઝ્ઝત થાય તેના ખાતર તે હવે કૌમના ખાદીમ બનવાને તૈયાર થયા, મગર તેમાં, માઅબુદે હકીકીના ઇતના ફઝલો કરમમાં પલતાના હાલેબી, તે સાહેબના તાઅરીફના જુમલાઓ ના લીખી શકા !

બેશક, જનાબે અમીરનો કૌલ સહી થયો કે: હમે હમારા શીયાઓના નાક પર છરી મારીસે, મગર તે મુંહ નહીં ફેરનાર, અને હમે હમારા દુશ્મનોને સોનાના પહાડોબી આપીસે, તો તે ખુશ નહીં થાનાર.

હવે, હમારા મોહસીનો મુશરીક બુઝુર્ગ સાહેબોના આમાલનામા દેખો, કે આપ લોગો ઇતના ધન અને દૌલતના માલીક, અને તે સઘળી દૌલતને અતબાએ મલકની મઆશની તદબીરમાંહી[2] ખરચી, તેમ તે સાહેબોની ઝીંદગીમાં પોતાની ઝાતસી કોશીશબી કરતા રહ્યા, અને તે સાહેબોના ઇકિરાર, અને તે સાહેબોના ઇકિરારને વફા કરવામાંહી પોતાના ઝીંદગીના ટાઇમને પુરો કીધો, અને તે એહવી તંગદસ્તીની હાલતમાંહી–કે વેપાર તો કુજા, મગર મઝદુરીની હાલતમાંહી–પોતાના માઅબુદની હમ્દો સનાના સાથે, અને સાથ ઇસિબાતના—ઝબાની, તેમ ખતો કીતાબતસી ઇઝહારે શુક્ર ગુઝારી કરતા રહ્યા—સાથ નશાતના[3]—અને એમજ જતાવતા[4] રહ્યા કે હમે હમારા માઅબુદની ખીદમત કીધી

---

2 રોઝીની તજવીઝમાં

3 ઉત્સાહ

4 ખબરદાર કરતા રહ્યા

એમ ના ખ્યાલ કીધો અને એમ ના ઇઝહાર કીધો કે હમે હમારી દૌલતને હમારા રબને આપી.

અને તમને માઅલુમ હશે કે તમારા યહાં હમારા મોહસીનો મુશરીક બુઝુર્ગોએ મૌલાનલ મુકદદસ મલક સાહેબની કારરવાઇને સમજાવવા માટે ઘણી કોશીશો કીધી, અને ઘણાંસા રીસાલાઓ લખીને મોકલાયા : આબેદી સન ૧૪ માં એક રીસાલો તમારા યહાં મોકલવામાં આવેલો છે—કે જેની કોપી હમારા પાસે માંજુદ છે—તેના પાને ૧૦માંહી આપ લખે છે કે : હમે હમારો માલ, લાખ દોઢ લાખનો, હીજાબ અને હીજાબના અતબાઓની મઆશની તદબીરમાં ખરચ કીધો.

હવે તમે દેખસો તે કિતાબમાંહી, કે આપની ઇતની દૌલતની તસરરૂફના બઆદભી, આપના—યાઅને મૌલાનલ મુકદદસ મલક શહેનશાહ સાહેબના—તાઅરીફના અને હમ્દો સનાના કીતના જુમલાઓ છે, અને આપનું મબઉસ થાવુ શું માઅના ઉપર છે, તેને—સાથ બય્યેનત અને દલાલતસી—સુબુત કરવાની કોશીશ કીધી છે. આ મૌલાના અલીના કૌલને ઇસબાતની શહાદત છે, જે કે હાઝીર ઝમાનાના ઇમામ, મૌલાના હુમાયુન ઇબ્ને મુસાના શીયાઓ, ઇતની દુનિયાની તકાલીફોના સામનેભી, પોતાના માઅબુદની હમ્દો સનામાં ખુશો ખુરરમ રહ્યા.

અજબ તમારા મલકનું 'મેહદીબાગ ઇન્સ્ટીટયુશન' લીખવું છે! બેશક, તમારી એજ નીય્યત હતી કે એક રહીમો કરીમ મરહુમની હસ્તીને ઝાહેરમાંજ ન લાવો. ફકત લાવવાનીભી મતલબ એ હતી કે મરહુમને કરઝદાર બતાવવા, અને તમે લોકો તે કરઝના પૈસા આપા એજ બતાવવાની મતલબ હતી—જેસી તે સાહેબના નામનેભી લીધું, વર્ના ના લેત.

અજબ વફાદારી છે, કે લાયા તો એક પાઇભી નહીં, અને જે લાયા તેના નામનેભી હીસાબમાં જણાવવાની કોશીશ ન કીધી! બેશક, તમે આપા તેના નામને ઝાહેર કીધું, અને આયા તેના નામને ઝાહેર ન કરવું—એની મતલબ યે હતી કે તમારા બુઝુર્ગોની મુફલેસી જાહેર ન થાય અને હમારા બુઝુર્ગોની દૌલત આવી તેનો ઇકરાર કરવો ન પડે; બસ, એજ માઅના હતી કે જમાના નામ ના બતાયા, અને નામેની તફસીર લખી. દેખો, તમોએ તમારી કિતાબ 'મેહદીબાગ ઇન્સ્ટીટયુશન' ના પાને ૯૭ ઉપર નીચે મુજબ છપાવીને ઝાહેર કીધું છે, તેમાં નઝર કરો:

પહેલા ૮ વરસનો હિસાબ.

સાલ ૧૮૯૨ થી ૧૮૯૯ સુધી

આમદ	રકમ રૂ.	આ.	પ.	ખરચ	રકમ રૂ.	આ.	પા.
હદીયા ખાતે ...	૧,૪૭,૦૨૭	૦	૦	મરહુમ મૌલાના મલક સાહેબના કરઝમાં આપ્યા ...	૨૨,૮૨૮	૦	૦
હદીયા ખાતે જમા મકાનો જે હતા તે આ અરસામાં વેચેલા હતા તેની કીંમત રૂ. ૧૮,૦૦૦ થતાં હતા જે રૂપીઆ લેણા હતા પણ રોકડા આવ્યા ન હતા				મેમ્બરોના કરઝના આપ્યા. ...	૨,૦૪૪	૦	૦
				ઈમારત પર ખરચ્યા	૩૩,૦૦૦	૦	૦
				ખેરાત વિગેરામાં	૫,૦૦૦	૦	૦
				દીવાની તથા ફોજદારી મુકદદમામાં	૪,૭૬૫	૦	૦
				લીથો પ્રેસ તથા તેનું ખરચ ...	૫૦૦	૦	૦
				પાર્ટીઓમાં	૨,૦૦૦	૦	૦
				વાર તેહવારે ખરચ્યા	૫૦૦	૦	૦
				લાઇટ ખાતામાં	૧,૦૦૦	૦	૦

				સ્કૂલ ખરચ	૮૦૦	૦	૦
ખેતી ખાતાની આમદ	૨,૧૦૦	૦	૦	પોસ્ટ ટેલીગ્રાફના	૩૦૦	૦	૦
				દવાખાના ખરચના	૧,૦૦૦	૦	૦
				પહેરા ખાતે	૧,૨૦૦	૦	૦
				મુસાફરી ખરચના	૪,૫૦૦	૦	૦
				ગાડી ઘોડા ખરચના	૧૪,૦૦૦	૦	૦
				બગીચા ખરચના	૪,૦૦૦	૦	૦
				હુંડીયામણુ વટાવ	૧૮૦	૦	૦
				ફરનીચર ખરીદુ	૧,૦૦૦	૦	૦
				ખાધા ખરચના	૩૦,૦૦૦	૦	૦
				લીબાસ ખાતે	૫,૪૦૫	૦	૦
				ઉમરેઠ ગામ ખરીદુ	૭,૨૩૪	૦	૦
				ધોબી હજામના ખરચ ...	૧,૬૦૯	૦	૦
				ખાધા કપડા વગેરેના ...			
				સીવાનું પરચુરણ ખરચ ...	૮૧૧	૦	૦
				ખરચ પાસાનો જુમલો ...	૧,૪૩,૬૭૬	૦	૦
				જીનસ બાકી ...	૫,૪૫૧	૦	૦
જુમલે રૂપિયા ...	૧,૪૯,૧૨૭	૦	૦	જુમલે રૂપિયા ...	૧,૪૯,૧૨૭	૦	૦

તમે હમારા મોહસીનો ફીરામ સાહેબો માટે વારંવાર એજ સબબ પેશ કરો છો કે : આપ લોકોયે આપની ઇસ્ટેટને વકફ કરી ચુકા યા હદીયામાં પેશ કરી ચુકા પછી, આપ લોકોને યે ચીઝને વાપસ માંગવાનો શું હક છે ? મગર આપ લોકો ઇતમીનાનસી સોચીએ કે : હદીયો યા વકફ કોણે આપુ, કોયે કબુલ કીધું ! તે તો ઝરા સોચીએ !

મૌલાનલ મુકદ્દસ સાહેબયે પોતાના ઝાત ઉપર કોઈ હદીયાને યા વકફને લીધું નહિ. આપનારાઓયે આપુ અને કામના કરનારાઓને તે અમવાલને આપયે સોંપી દીધો. આપ તે કોઇ ચીઝને જો કબુલ કરત, તો ખુદ પોતે પોતાના નામ ઉપર તે અમવાલને જમા કરત, અને પછી, તે પોતે પોતાના અખત્યારસી, સહી સીકકાસી સોંપત. મગર ના ! તેમ ના કરતા, પોતે તે જમ્આતના માલને તે જમ્આતના મેમ્બરોને સોંપો, અને તે મેમ્બરો બેવફા ના થાય, તેસી તેજ લોકોસી સહી સાથનું ડૉકયુમેંટ લખાવી લીધું ; તે હવે તમે સમજી શકા હશો—કોણ વકફનો ધણી છે, અને કોને ઇસ્ટેટો વકફ થઈ, અને કોને હદીયો અપાયો !

હવે પાછા વિચાર કરીએ, કે હમે કેવી રીતે હકદાર થઈ શકીએ છે. શું આપ લોકોનો એમ ખ્યાલ નથી કે મૌલાનલ મુકદ્દસ મલક સાહેબયે હમારા મોહસીનો મુશરીક સાહેબને વકીલ બનાયા, અને તે વકીલ ઝાહેરી રીયાસતના માટેજ બનાયા છે—આપના ખ્યાલ મુજબ ? —તો પછી તેને ઝાહેરી માલ સોંપવુંજ જોઇએ.

હવે દેખીએ, મરહુમ મોહસીન મૌલાના મલક સાહેબ ને આપના સાહેબના તરીકાને દેખીએ ! આપ તો બેવેને એકજ મનાવવાની કોશીશ કરો છો, મગર તેના અમલમાં ઝરાભી નીગાહ નથી કરતા. દેખીએ, ખુદાઈ ગરઝ અને ખુદ ગરઝમાં કીતનો ફરક છે—તે દેખીએ ! મરહુમ મોહસીન સ્થાપક, જે વખત કે દાઅવતને કાએમ કીધી અને જે દૌલત આવી, તે પોતે પોતાના નામ પર ન રાખતા, જમ્આતને સોંપી. અને આપના ખ્યાલ મુજબ, આપના સાહેબ, જે વખત કે વીરાસતના માલીકનો દાઅવો કીધો અને જાનશીનના દાઅવેદાર થયા, તે પોતે તે

ઇસ્ટેટને પોતાના નામે પર રહેવા દીધી, અને કોઈ જમ્આતને અથવા મેમ્બરોને સોંપી નહિ. તો શું આ મુકીમ અને મનસુસના ફેઅલ એકજ છે—બેવેની નીય્યત એકજ દેખાય છે?

ખૈર, દેખીએ, હમારા હકને દેખીએ-હમે હકદાર છે યા નહિ—તેનો વિચાર કરીએ! શું મૌલાનલ મુકદ્દસ મલક સાહેબયે હમારા મોહસીનો બુઝુર્ગ સાહેબને વકીલ ના બનાયા? શું મૌલાના મલક શહેનશાહ સાહેબયે હમારા મોહસીનો મુશફરી વઝીર સાહેબને ઇખ્તયાર ના સોંપો? પછી શું હમે આ બેવે ચીઝસી, હમે હમારી ચીઝના માંગવાના હકદાર નહિ થઈ શકતા?

ખૈર! આપ દેખીએ, મૌલાનલ મોહસીન મલક શેહેનશાહ સાહેબના નામ ઉપર બૈઠનારા અને તે સાહેબના હક્કીયતના ઉપર બૈઠનારા—શું તે દૌલતના હકદાર ન કહેવાય? પછી, આ તો બાગે ફદકનો કીસ્સો છે, કે જેમ જમહુરયે એમજ હુજ્જત પેશ કીધી કે: બૈતુલ-માલ જમ્આતનો માલ છે, પછી તેમાં મૌલાતના ફાતેમતનો હકજ શું લાગે?—તેજ વાકેઆ યહાંભી સહી થાય છે, કે હવે આપનારયે શું માઅના ઉપર આપુ, અને લેનારયે શું માઅના ઉપર તેને પાછુ બખ્શુ, તેનો કોઈ ગૌરો ફીકર કરનાર નથી!

ખૈર, એ તો રીયાસતી ઉમુર છે—ફકત ઝાલીમ અને મઝલુમના ફેઅલ પર રોશની પડે, તેનાજ માટે ઇતની તુલ ફ્રીકર લખવાની ઝરૂરત પડી. હમારા સાહેબનો તમારા ઉપર હક જતાવવાનો બસ એજ મકસદ હતો કે અવામમાં હમે ઝાહેર કરી આપીએ, કે મરહુમ મૌલાના સાહેબની શું નીય્યત હતી—તે ઝાહેર થાય.

કેમકે, આપના મૌલાનાના ફેઅલને દેખીને મુખાલેફીનયે એમજ ખ્યાલ કીધો કે: આજ સ્થાપકની નેમ છે કે જેના ઉપર કામ ચલી રહ્યું છે! બસ, તેજ ઝાહેર કરવાની હમારી નેમ હતી.

જો કદી, તમે મરહુમ મૌલાનલ મુકદ્દસના પગલે ચાલતે, અને જો નવા વહીવટના કરનારાઓની કમીટી મુકરર કરતે, તો પછી તેમાં

તમે હમારા મોહસીનો મુશરીક વઝીર સાહેબને કાએમ રાખો યા ન રાખો, તે તમારો અખત્યાર હતો. મગર, તમે તેજ ડૉકયુમેન્ટના આધાર ઉપર ખુદ માલીક બનીને બેઠવાની કોશીશ કીધી, તેસી હમને હમારો હક માંગવાની ઝરૂરત થઇ.

હવે તમે દેખસો, કે મૌલાના મલક શેહેનશાહ સાહેબના ઝમાનમાંહી તમારા બુઝુર્ગોની શાન અને શૌકત અને તેના અખત્યારની કુશાદગી—કે પોતે પોતાના ઝાતના માટે એક કુરતા ને રૂમાલના માટે ખતો લીખે છે અને માંગણી કરે છે, અને તે ખતો હમારા પાસે મૌજુદ છે. હવે તમે દેખસો, કે માઝી સાહેબના ઝમાનમાંહી કોણ મુકર્રબ હતું અને કોણ સાહેબે ઇખત્યાર હતું?

તમે લખો છો—કે (લાઇન ૧૫૩-૧૫૪)

" સાહેબુલ હકનો દાઅઓ કરી બેઠા"—

મગર ખ્યાલ રહે, કે હરએક દાઅવેદાર દાઅવો કરે છે તેની કોઇ નીય્યત હોય છે. હર મોટી જમ્આત એમ ખ્યાલ કરે છે કે આ ચંદ નુફુસો પોતાના કસાફતના સબબ દાઅવતસી ખારીજ થયા, અને એક દાઅવો લઇ બેઠા. અને તેજ પ્રમાણે, સઘળા દાઇઓ, અને દોઆતોના ઝમાનમાં એજ ખ્યાલ રહ્યો; મગર યાદ રહે, નીય્યત દેખવી જોઇએ અને સબબ દેખવો જોઇએ, કે દાઅવો કરનાર દાઅવેદાર કેમ અને શું સબબ સર દાઅવતને ખડી કરે છે?

હવે, મોટી જમ્આતમાંથી અલગ થાવું, અને છોટી જમ્આત લઇને બેઠવું—યે હક અને બાતીલનો તમીઝ નથી. કદીમી[5] દાઅવતને એમ સમજવું કે તે સહી છે, કે તે ચલતી આવી, અને નવી દાઅવતના કરનારને એમ સમજવું કે તે બાતીલ છે, કેમકે તે આજે શુરૂઅ કરે છે!—તેસી, તે કદીમપણુ તેની હકકીયતની શહાદત નથી. જો કદી તે

---

5 પુરાણી

કદીમપણાની શહાદત અને તે મેજોરીટીની દલાલત હોત, તો સુનનીઓ થકી શીઆ અલગ ના થાત, અને ઇસના અશરીથી ઇસમાઇલી અલગ ના થાત.

મુખતસર યે, કે હવે તમે ઇતના દુર ઇમામોમાં ગોર ના કરતા—કે શું સબબ સર તે અલગ થયા—અપના નઝદીકમાંજ દેખીએ, કે દાઇઓના ઝમાનમાં શું થયું? દાઇ ૧૮ માના ઝમાનમાંહી જાઅફરયે દાઅવો ખડો કીધો; હવે તેના સબબને દેખો, કે પોતાના ઇલ્મની તકબ્બુરીસી એમ ખ્યાલ દીધો કે: મને હિંદની વલાયત નસીબ થાવી જોઇએ; અને સૈયદનાસી જે માંગણી કીધી અને તે માંગણી કબુલ ન થઇ, તો તે પોતાની ખબાસત[6] અને તકબ્બુરીના સબબ દાઅઓ ખડો કીધો.

હવે તેજ પ્રમાણે, દાઈ ૨૭ ના ઝમાનમાં સુલૈમાની દાઅવેદાર ખડા થયા; અને તેની નેમ દેખો અને સબબ દેખો, કે ૨૬ મા દાઈના ફરઝંદોને પોતાના વાલીદની દૌલત નસીબ ન થઈ—સબબ કે તે દૌલત હકની હકીકતની દાઅવતના સાહેબની છે, અને તે સાહેબના મનસુસ તેજ તેના ફરઝંદ ગીનાય—મગર, આ જીસ્માની ફરઝંદો પોતાના વાલીદની દૌલતને પોતાના ખાનદાનની સમજીને લેવા કોશીશ કીધી; મગર તે લોકોને જીસ્માની ફરઝંદોમાંસી બદલાય નફસાની ફરઝંદ થઈ જાવું ઇમકાન ન થયું, તેસી તે એક નફસાની ફરઝંદને બનાવવાની કોશીશ કીધી, અને તેજ સબબસી, આ સુલૈમાની દાઅવતનું વુજુદ આયુ.

અને એહવા ઘણુાસા દાખલાઓ છે. મગર ઝાહેરમાંબી દેખસો, કે ખુનનો કરનાર ખુન કરે છે, મગર, હર ખુની ફાંસીના લાકડે ચઢતો નથી—તેની નેમ દેખવામાં આવે છે: બસ, તે મુદાફેઅતના[7] માટે જો ખુન કીધું છે, તો તે શજાઅ અને રાવત છે; અને જો કદી તે પોતાના સ્વાર્થના ખાતર કીધું છે, તો તે ખુની છે. એજ હક અને બાતીલ દાઅવેદારની પહેછાનવાની તમીઝ છે.

---

[6] નાપાકી [7] બચાવના

દૂર શું કામ જાવ છો, તમે નઝદીકમાંજ દેખો, કે મૌલાનલ મરહૂમ મલક શેહેનશાહ સાહેબયે દાઅવતને ખડી કીધી, તે આપની શું નેમ હતી, શું સબબ હતો-તેમાં ગૌર કરો! શું આપને કોઇ ઇમદાદને દેનારાઓ હતા? શું આપ કોઇ દૌલતના ધણી હતા? શું આપ કોઇ ઝાહેરી કિતાબોના માલીક હતા? શું આપ કોઇ દોઆતુલ મુતલકીનના ઘરાનાના નબીરા હતા—કે આપને તે સબબ થયો કે: મેં મારા ઇલ્મસી દાઅવતને કાએમ કરૂં, અને મારા ઘરાનામાંસી વારસો ગએલો છે તેને સંભાળવાની કોશીશ કરૂં? શું સબબ હતો કે મરહુમ મૌલાના સાહેબયે દાઅવતની બુન્યાદને દાલી, પોતાની એક નાહની ઉમરમાંહી એક મબલગ કરિશ્માને[8] કરી બતાયો.

હવે જાહેલુન ભલે એમ કહે કે: આપયે કોઇ જીનને તાબેઅ કીધા; એ તો માઝીમાં નબી સાહેબના માટેભી એજ ખ્યાલ હતો કે આપ જાદુગર છે; તેસી કોઇ મતલબ નહિ! તમે દેખો, કે તે મુકદ્દસ સાહેબની દાઅવતનું બુન્યાદ નાખવું શું માઅના પર છે, અને શું ઝરૂરત છે?

મુસતકીમ અને કવી દલીલસી દેખો, કે હર જગા મેજોરીટી મૂકાય અને માઇનોરીટીમાં હક છુપાયુ. મજીદની દાઅવત મૂંકાય, અને ઝોએબી દાઅવત કાએમ થઇ. તે કદીમ દાઅવતને મૂકી, તેજ પ્રમાણે, તેના આગેભી બનતુ આયુ.

મુદાફેઅતનું કરવું ગુનાહ નથી? ઇસ્લામના લોકો પર એમ ઇલઝામ છે કે નબી સાહેબ (સ૦ અ૦) યે તલવાર પકડીને ઇસ્લામને મોહકમ કીધું. મગર જો તલવારસીજ હીદાયતનો સીલસીલો કાએમ થતો, તો મૌલાના અલી ઇબ્ને અબી તાલીબ (સ૦ અ૦) અને મૌલાના આમીર ઇબ્ને મુસતાઅલી (સ૦ અ૦) જાણુતાના હાલે ને થઇ શકતાના હાલેભી ખામોશગીને ઇખ્તયાર ના કરતે!

---

8 કમાલ કરામતને

તેજ પ્રમાણે, મૌલાનલ મુકદ્દસ મોહસીન મલક સાહેબયે દાઅવો ખડો કીધો, અને અવામયે એમ ખ્યાલ કીધો કે: પોતાની નેમ દૌલતને જમ્આ કરાવાની છે, અને તે સ્વાર્થી દાઅવો કીધો! મગર તે લોકોભી ખ્યાલ કરતે, અને મૌલાના મલક સાહેબની કારરવાઇનિ અંદરની[9] જાણુવાની કોશીશ કરતે કે: પોતે પોતાના સ્વાર્થના ખાતર યા પોતાના એહલો અયાલના માટે—શું મૂકી ગયા? મગર, તે લોકોનું દેખવુ, દુરસીજ હતું. કાશ, નઝદીક આવતા, અને જાસલીકના[1] મીસલ તલાશ કરતા કે: તે સાહેબની નેમ શું છે?

અને તેજ માઅના ઉપર હમારા મોહસીન બુઝુર્ગ સાહેબોનું અપના વતન ના જાવુ દુરૂસ્ત દેખુ—કે: કાશ, હમારા રબની કારરવાઇને કોઈ દેખનાર આવે અને તેની જગામાંજ ના પાય, તો તેને બાતીલ ના કહે. તેસી, પોતે પોતાના રબના સચવવાના અમરનેજ પોતાના માઅબુદની ખીઝમત સમજા, અને તેજ માટે, તેજ મોઝેઅને પોતાની ઇકામત કીધી કે: હમે હમારા ઝીંદગીના અય્યામ તક અને જહાં તક બની શકે, હમારા મોહસીનના કૌલ અને ફેઅલને સચાવવાની કોશીશ કરીએ. અને તેજ માઅના હતી કે હમારા મુશરીક બુઝુર્ગ સાહેબોએ તમારી જમ્આતમાં વણાસા રીસાલા અને ખતોને લીખા.

તમો સઘળા એમ દાઅવો કરો છો કે: હમારા સાથે વોહ આલીમો ફાઝીલ લોકો છે, કે તે મૌલાનલ મુકદ્દસની ગામીઝ[2] કારરવાઇને સમજી શકા, અને તમારા કસીફ નુફુસોએ તે ચીઝને ના સમજી શકા.

બેશક, હવે એ કૌલના ફેઅલમાંહી દેખો, કે કોણ આલીમો ફાઝીલ છે, કે ખતો કિતાબતની પેહલને કરતા રહ્યા, અને કોણ તેનાસી ડરતા અને ભાગતા રહ્યા? શું હમારા શરીફો રહીમ બુઝુર્ગ સાહેબો કંઈ

---

9 ભીતરમાં

1 મૌલાના અલી સ૦ અ૦ ના ઝમાનના એક મશહુર બાદશાહ

2 ગેહરી અને પોશીદા

દૌલત લઇને આયા છે, યા હમારા બુઝુર્ગ સાહેબો કોઇ ઝાહેરી ઈલ્મી કિતાબના દાઅવેદાર છે, કે તેસી હમારા બુઝુર્ગો હંમેશા કિતાબોને—પરચાઓ અને રીસાલાના રૂપમાં—વખતો વખત ઝાહેર કરતા રહ્યા ?

મગર, તમારા આલીમો ફાઝલ કિતાબોના સાહેબોયે એક કિતાબને લીખી—અને તેબી એક પારસીની યારી અને મદદ વદલીક—અને તેમાં દેખસો, કે તે કિતાબમાં કિતાબના સાહેબયે શું નેમ રાખી છે? આ દાઅવતે હાદીયાની કાએમ થાવાની નેમ શું હતી, તેમાં કંઇબા જણાવવાની કોશીશ કીધી છે? મકામાતે રબ્બાનીયાના કોઇબી એક જુમલાઓ એમાં છે?—તે દેખો !

અપની નેમ તો હીદાયતની છે, કોઈ હિસાબ અને કિતાબની ઝાહેર કરવાની નેમ નથી. મગર જો તેબી નેમ નેક નીય્યતીની હોતી—કે : હમે હમારા કૌમમાં વહેવારને સચોટ ઝાહેર રાખીએ—તો હદીયા આપનારાઓના સાહેબોના નામને તે હિસાબના પાસામાં ઝાહેર કરત ! મગર ના, તે નેમ હતીજ નહિ.

હવે હીદાયતની કિતાબ સમજયે, તો તેમાં કોઈ હીદાયતના લીકાબના સાથમાં કોઈ ઝીકર નથી. ઝાહેરી, 'પ્રેસિડન્ટ' અને ' મીસ્ટર ' સીજ ઝીકર છે; તેસી, હવે તે હીદાયતના રીસાલાસીબી કંઈ દુર છે.

અને હવે, હમારા નઇમો રહીમ બુઝુર્ગ સાહેબોના રીસાલાઓમાં દેખસો કે તેમાં શું છે ? અને જો કાશ, તમારા પાસે તે ચીઝો મૌજુદ ના હોય તો આવો, હમારા પાસે તે મૌજુદ છે. કેમકે, તે મરહુમોની કારરવાઈ છે, અને તે તમારા બુઝુર્ગો અને હમારા બુઝુર્ગોના આમાલ-નામા છે—કે તે પોતાના ઝમાનમાં શું સમજા અને શું કીધું—તેનું ઇઝહાર છે.

હમારા અને તમારા આમાલમાં ગૌર ના કરો ! કારણ કે, તેમાં તઅસ્સુબ અને હમીય્યત પૈદા થાય છે. મગર ગુઝરેલી ચીઝોમાંજ ગૌર કરો, કે ના તેમાં હવે ફરક થાનાર છે, ના કોઇ કરનાર છે.

નેમ

બઆદ, તમારૂ આ મીસલ સમજાવવું કે (લાઇન ૨૨૪–૨૨૭) :--

"સાહેબુલ-હકયે અબનાઓને પોતાના કદમો ઉપર ખરા રહી પોતાની કુતબશરી અને ગુઝરાન કરવા અર્થે જુદા કીધા છે નહિ કે દાઅવતે-હકથી જુદા કીધા છે. તેહમાં પણુ હીકમત સમાએલી છે કે જે એક અરસા પછી ખુલશે"—

તો માઅલુંમ થાય કે: મૌલાના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબ (આ૦ ક૦) ના ઝમાનમાં પોતે પોતાના આમીલોને તકલીદ લખી મોકલતા તેમાં પોતે જણાવતા, જે નીચે મુજબ છે: ("મોસમે બહાર" જીલ્દ ત્રીજી પાને ૬૨૦)

"આમીલને લાએક છે કે ખુદા તઆલા અને ખુદાના વલી સાહેબુઝ-ઝમાન અને એના નાએબ દાઇયુલ-વખ્ત વલ-અવાનના અમવાલને નીહાયત સંભાલે, ગૈર-વાજીબમાંહી[3] ખરચે નહિ, બેઇઝન[4] યેક દીરહમ કોઇને આપે નહિ; અને જમ્આતના અમવાલના ગાસબીલની આમદ[5] ચાર શખ્સના મશવરાસી એક મર્દે અમીનને સોંપે, પોતે રાખે નહિ, ખરચબી કરે તો ચારની રાએ મોઆફીક, પોતાની અકલ અને રાએસી ખરચે નહિ. અને ખુદના ખાસ માલનેબી પનાહ કરે, ઇસરાફ અને તબઝીરસી માલને તબાહ ન કરે. માલ આલમમાંહી ઇઝઝતનો સબબ છે, અને ઓયુબનુ આઅઝમ, મોહતાજગીના દફેઅ વાસ્તે મખલુકના નઝદીક માલનુ તલબ છે."

યાઅને, આપ ફરમાવતા કે તમો જહાં છો અને તમે જે કામ પર મુકર્રર છો, તેના સિવાના રીયાસતી ઉમૂરમાંહી દખલગીરી ના કરતા, વહાંનાજ રઇસોને તે અમર સોંપજો.

તેજ મુવાફીક, મૌલાનલ મુકદદસ મલક સાહેબયે દાઅવતના કારોબારને શુરૂઅ કીધો, તે વખત પોતેને તાબેઅ થનાર અબનાઓની

[3] બિન ઝરૂરીમાં [4] હુકુમ વગર [5] આવક

દૌલતને વેહવારનો ઇખત્યાર તેજ લોકોને સોંપો—યાઅને ૧૮૯૪ નું ડોકયુમેન્ટ (રેજીસ્ટર્ડ બુક નં૦ ૧, વોલ્યુમ ૬, પાને ૩૧૯-૩૨૨, સીરીઅલ નં૦ ૧૨૩૫, સને ૧૮૯૪, તા૦ ૧૧-૬-૧૮૯૪—નાગપુરના સબ રેજીસ્ટ્રાર) કે જેમાં તમારા બદર તેમ બીજા ત્રણ મેમ્બરો ઈકરાર લખી આપે છે કે : આ સઘળી દૌલત વ મીલકીયત દાઅવતની છે, અને હમે તેના વહીવટના કરનારાઓ છે—હમે એક, અથવા કોઇ હમારા વારીસ તે ઇસ્ટેટના હકદાર નથી.

તમે દસ્તાવેજ લખી લેવાનો સબબ સમજા હશો કે માઝી કાદીરો મુતલક સાહેબને—પોતે પોતાની નફસાની ખ્વાહીશના તાબેઅ થઈને હકના તલાશમાં રહેનારાઓ તાલેબુનને—પોતે પોતાના કુવ્વતસી ભમાવી સમજાવીને દૌલત જમ્આ કરવાનો મકસદ હતો, યાકે પોતે પોતાની દૌલતને ફના કરી, પોતે પોતાની નાહની ઉમરમાં બે બહેનો, એક ભાઈ અને મા સાહેબાના કુટુંબની ઝીમ્મેદારીને સમજતાના હાલે, અને નવા અમરને ઉભો કરતી વખત જેમ માઝીમાં બનતું આયુ તેમ મુશકીલેનો સામનો સમજતાના હાલે, હીમ્મત કીધી, અને પોતે પોતાની રબ્બાની કુવ્વત વદલીક તે દાઅવતને કાએમ કીધી ?

તે ડોકયુમેન્ટ ખોટા કરનારાઓના ખ્યાલ મુજબ, જો તેને જીસ્માનીજ ખ્વાહીશ હોત, તો પોતાના અંગત રીશતેદારોમાંથી મુકર્રર કરતા !—મગર ના, તેમભી ના કીધું; પોતે પોતાના અહેલો અયાલના માટેભી કોઈ જાગીર ના લીધી; મગર કૌમના સભાસદો—યાઅને આપના તાબેઅના થાનાર તાબેઊનભી—એમ ખ્યાલ ના કરે કે હમારી દૌલત લઈને હમને નંગા કરી દીધા—ના, તે લોકોના માટેભી આ એક ડોકયુમેન્ટ બનાવીને રેજીસ્ટર્ડ કરાવી આપુ કે આગે ચલતા વહીવટ કરનારાઓ—પોતાની માલેકીની સમજીને—તે કૌમને બરબાદ ના કરે, નહિ તો તે કૌમ એમ ના સમજે કે હમારા વાસ્તે કોઇ આધાર નથી, કે તે વહીવટ કરનારાઓને પૂછી શકીએ—તે માટે આ દસ્તાવેજને બનાવવાની નેમ રહી.

તે છતાં, ઝમાનાના વહેવાના સાથે અને ખ્યાલમાં ફરક થાવાના સબબ, અબનાએ દાઅવતસી, તમોએ એક લેખ લખાવી લીધો કે : આ ઇસ્ટેટમાં કોઇ મેમ્બરનો ઝરાભી હક નહિ. (રેજીસ્ટર્ડ બુક નં૦ ૧, વોલ્યુમ ૧, પાને ૭૫ થી ૧૦૦, સીરીઅલ નં૦ ૫, તા૦ ૬-૧-૧૯૩૨, સબ રેજીસ્ટ્રાર નાગપુર)

આ અબનાએ દાઅવતને પગભર કરવાની નેમ છે? !—કે જે વખત તે સવળાએ પગભર હતા, તો તેને તે સવળાના વહેવારથી અને તેની દોલતથી અલગ કરવામાં આયા, અને જે વખત તે દોલત એકહથ્થુ સત્તામાં આવી જવા બઆદ, તે સવળાને અલગ કરવામાં આયા? પહેલા, તે સવળાને—એમ ઇતમીનાન દેવા માટે—એમ લેખ લખી આપો કે : આ સવળી ઇસ્ટેટ કોમની છે, (રેજીસ્ટર્ડ નં૦ ૪૨૧, તા. ૨૩-૧૦-૧૯૧૭ સબ રેજીસ્ટ્રાર મુંબઇ, અને રેજીસ્ટર્ડ નં૦ ૧૦/૧૯૨૨ નાં, તા૦ ૨૯-૧૧-૧૯૨૨, સબ રેજીસ્ટ્રાર નાગપુર) અને પછી એમ લખાવી લેવામાં આયુ કે : આ સવળી ઇસ્ટેટ હાદીયે-વખ્તની છે! (૧૯૩૨ નું ડોકયુમેન્ટ).

હવે, તમે સમજા હશો કે આ બેવે નેમ એક સાહેબની નથી, મગર રેહનુમાઓના બદલાવાનો સબબ છે, કે જેવા રેહનુમાની જેવી નેમ હતી, તેવુ તેનું ફેએલ રહ્યું. હવે એક રેહનુમાની નેમ એમ રહી, કે આ ઇસ્ટેટ દાઅવતના ઉપયોગમાં અને દાઅવતનાજ વહેવારમાં અને દાઅવતના મેમ્બરોના વહેવારમાં અને ઇખત્યારમાં રહે, (૧૮૯૪ નું મૌલાના મુશરીક મલક સાહેબનું ડોકયુમેન્ટ), મગર બીજા રેહનુમાઓની એ નેમ રહી, કે પોતે ખુદ તેના માલીક અને વહીવટ કરતા રહે, અને કોમ પોતાનું કમાઇ ખાય. (૧૯૧૭, ૧૯૨૨, ખાન બહાદુર બદરૂદ્દીન ગુલામહુસેનનું ડોકયુમેંટ, તથા ૧૯૩૨, ખાન બહાદુર ઇ૦ રીઝાએ લખાવેલી રીલીઝ).

અને હજી જાણો કે : હમોએ હમારા ખતમાં જે તમસીલ આપી હતી કે : " મલક સાહેબના બઆદ દેખસો કે રીયાસતી દાઅવત,

યાઅને એક જથ્થાની દાઅવત, જુઝ જુઝની સુરતમાં ફના થઇ રહ્યું છે. તેને તમે કબુલ કરો છો કે : (લાઈન ૨૨૪–૨૨૬)

" અબનાઓને પોતાના કદમો ઉપર ખરા રહી પોતાની કુતબશરી અને ગુઝરાન કરવા અર્થે જુદા કીધા છે."

અને પછી, તમે અપના ફેઅલને સહી કરવા માટે એક તમસીલ આપો છો—મસલન, એક ઝમાના તક તે સઘળાને તપાવતા રહ્યા કે જેમ ઝાહેરી સુરજની તપીશસી હીરા અને માણેકને પાકવાની તમે તમસીલ આપો છો, (લાઇન ૨૨૭–૨૩૧), તો શું આ મલકી દાઅવતમાં તે સઘળાને તપાવીને એમ તૈયાર કરવામા આયા કે તે સઘળા પોતાની કુતબસરીને પૈદા કરવા માટે છુટા થાય ?

આજ તે દાઅવતનો મકસદ હતો કે તે સઘળા કુતબસરી પૈદા કરતા થા તેને રોકા અને તેને તે આઝાબમાંસી છુરાયા, અને પછી, તે સઘળાને પાછા તેજ અઝાબમાં નાખવામાં આયા—યાઅને જે કરતા થા તેસી રોકીને બેખબર કરા, અને હવે તેને તે મુશકીલમાં નાખવામાં આયા—કે જે મુશકીલોને દુર કરવું તેના ઇમકાનના બહાર થઈ પડુ ! મુખતસર એ, કે આ ઝાહેરી કુતબસરીસી એક વખ્ત તેને રોકવામાં આયા, અને બીજી વખ્ત તેને પાછા તેમાં નાખવામાં આયા.

અને શું સબબસર તેને તેસી રોકવામાં આયા થા, અને કયા કારણસર તેને પાછા છુટા મુકવામાં આયા—જો કદી, તેની તસવ્વર ઝાહેર ન થાય, તો પછી તે મુખાલેફીનનો કૌલ સહી થાસે કે : લોકોના માલ અને ઝરને લઇ લીધા, અને નંગા કરીને અલગ કરવામાં આયા, અને દાઅવતના સાહેબને દાઅવતનું કાએમ કરવું—લોકોનો માલ અને ધનને લુટી લેવા પર હતો.

અને તે મીસલનો એક કૌલ—" દોઆતુલ અકરમીન " (પાને ૩૭૮) માં તમે દેખી સકશો, અને તેનો ઉતારો આ મુજબ છે :—

"આપના (મોહમદ બુરહાનુદ્દીનના) ઝમાનમાં મુંબઇમાં અબ્દુ-લહુસેન નામના એક કપડવંજીએ દાવો કર્યો કે "હું ઇમામથી મુત્તસિલ છું"......આ દાવાથી કેટલાક એહલે ઇમાનના દીલોમાં વસવસા પેદા થયા ને ઘણા લોકો તેના દાયરામાં શામીલ થયા, તેમાં કેટલાક મશાએખો પણ જોડાયા, તે સાથે થોડકા દોલતમંદ વેપારીઓ શામીલ થયા અને નાગપુરમાં મેંહદીબાગ નામની સંસ્થા ચાલુ કરી. ટુંક વખતમાં આ પંથવાળાઓને વિદ્વાન મશાએખોએ દેખાડી આપ્યું કે, અબ્દુલહુસેન ખોટો દાવો કરનાર અને બહુ થોડા ઇલમવાળો માણસ હતો. તેનો મુળ હેતુ દુનિયાના નફા માટે દાવો કરી સભા સ્થાપવાનો હતો. તે વખતે નાગપુરમાં જનાબ શેખ એહમદઅલી હમીદુદ્દીન સાહેબની સાયેઅ અને કોશિષથી મેંહદીબાગના મશાએખોને હિદાયત હાંસિલ થઇ, હકને સમજ્યા અને ૭૦ માણુસો મજકુર મુદ્દઇ અબ્દુલહુસેનના ફંદામાંથી છુટા થયા. ત્યાર પછી તે મુદ્દઇની શીકસ્ત શરૂ થઇ અને આપની કોશિષના સબબ તે મંડળની યોજના ખરેખર દુન્યવી સાબીત થઇ."

હવે દેખો, જે મીસલ તમોને હમારા મોહસીનો મુશરીક મૌલાના વકીલ સાહેબની કારરવાઇમાં સમજ ના પડવાસી, તમો તે સાહેબના અમરને ના સમજી શકા, તેજ મુવાફીક, આ સવળાબી વોહ કાદીરો મુતલક મૌલાના મલક સાહેબની કારરવાઇમાં ના સમજી શકા અને મુખાલેફત કીધી.

અને જે મીસલ કે, જાસલીક બાદશાહને ખલીફાના દરબારમાં તશરીયો ના થાવાસી, પોતાના તે શક અને વેહેમને તેયે નબી મોહમ્મદ અ૦ સ૦ ની હક્કાનીયતના તરફજ મનસુબ કીધા, તેજ પ્રમાણે, મૌલાના મોઅઝઝીઝ મલક સાહેબના બઆદમાં, મેહદીબાગનો જે કારોબાર થયો તે દેખીને, અને ૭૦ આદમીઓને વહાંસી નીકલવાનો સબબ જે આમમાં ઝાહેર થયો તેને દેખીને, અવામયેભી વહોજ શક અને વેહેમની નીગાહસી મૌલાના મલક સાહેબના કારોબારમાંહી અને પોતાની લતીફ કારરવા-ઇમાંહી નઝર કીધી.

અને જે પ્રમાણે, મૌલાનલ મોહસીન મલક સાહેબના બઆદમાં, મેહદીબાગના આલેમાઓયે ગલત તસવ્વર બંધાવી અને સવળાને હકસી રોકા, તેજ પ્રમાણે, નજમી દાઅવતના આલેમાઓયેભી પોતાની કૌમને ગુમરાહીમાં વાકેઅ કીધા, અને તે સબબ થયો, કે તે સવળાએ મનવડત વાકેઆતને જમાઅ કરવા પર અને રીસાલાઓ છપાવીને અમરે હકની તરફ નફરત પૈદા કરવા પર કોશીશ કરતા રહ્યા.

અને તે આલેમાઓના એક, આ એહમદઅલી હમીદુદ્દીનભી છે, કે તે મૌલાનલ મુકદ્દસ મલક સાહેબની મુલાકાત લેવાસી અને મુબાહેસામાં ઉતરવાસી પોતે ના હિંમત થયા, પછી ખુદના બચાવ માટે ઉપજાયો એક વાકેઆને, અને તૈયાર કીધો એક રીસાલાને કે સવળાએ હકની તરફ ખ્યાલ કરવાસી રૂકી જાય.

મગર વાકેઓ શું બનો—પછી તે મરહુમ મૌલાનલ મોહસીન મલક સાહેબના ઝમાનમાં પોતેયે એક રીસાલાને છપાયો છે તેસી માઅલુમ થાસે, અને તે રીસાલાને હમો આ સાથમાં ઝાહેરમાં મુકીએ છે, તાકે મુનસીફ મીઝાજ સાહેબો તેસી આગાહ થાય, અને સહી શું છે અને ગલત શું છે, હક શું છે અને બાતીલ શું છે—તેમાં તમીઝ કરે :-

વુરૂદે કીતાબ અહેમદઅલી ઈબને વલીભાઈ—વ જવાબેહા

بسم الله الرحمن الرحيم

અમ્મા, બાઅદલ હમ્દ વસ-સના લીલ્લાહે રબ્બીલ આલેમીન વસસલાતો અલા સૈયેદેના મોહમ્મદીન ખાતેમીન નબીય્યીન વ સય્યેદીલ મુરસેલીન વ અલલ-ખોલોફાઈર-રાશેદીન વલ અઈમ્મતીલ મેહદીય્યીન, અઅલામ કરવામાં આવે છે કે : અજબ કૌમે બવાહીર વાસ્તે છે, કે જે બુરહાની કૌમ છે તેહના વાસ્તે અને એહના આલેમા વાસ્તે, કે જે અલલામા ને રોઓસા ઈલ્મનો દાખવો કરે છે અને રીયાસત ભોગવે છે અને નાહક યે લોગોને ખરાબ કરે છે, એહના મુકાબલાનો હમારો

અમર કે જે હક છે, તે આશકારા ઝાહેર થઇ રહયોછે અને એહનુ નીશાન બુલંદ થઇ રહ્યું છે અને તે આવાઝે બુલંદ તમામ સઘળાના કાનોના અંદરતક પહોંચો છે.

હાલાં, યે લોગોનો મોટો આલીમ, કે જે નીહાયત ફખર અને ઘમંડ રાખે છે, તેહનું યહાં નાગપુર આવુ થયુ છે, મગર અલ-મઝકુર અને અહેના અમસાલ કોઇબી મુકાબલા પર આવતા નથી, દૂરના દૂર રહે છે, રૂબરૂ આવા વાસ્તે આનાકાની કરે છે, જાની બૂજીને ચુપ રહે છે, ખાસો આમના દરમ્યાનમાં આવીને વાત કરવાની હીમ્મત કરતા નથી, તાકે સઘળા સુનનારાઓના નઝદીક હક અને બાતીલમાં તમીઝ માઅલુમ થાય. ઓલોમાનું કામ એજ છે કે દીનના અમરમાં મુકદદમ થાય; અહેવા વખતમાં મૈદાનમાં નીકલે અને હુજ્જતને કાએમ કરે, નહિ કે ઘરમાં ભરાઇ બેઠે !

હવે આ કૌમયે તો જાણુ કે હમારા ઓલોમાનો આ હાલ છે, તો સઘળા પર લાઝીમ અને વાજીબ છે કે પોતાના રોઓસા અને ઓલોમા પર વાજીબ કરે અને મુકાબલા પર લાવે: યે સઘળા શક અને શુબ્હ પર ના રહે, અને જેમકે યે લોગોને ઉલતુ સુલતુ સમઝાવી એક અમરસી રોકી રાખે છે, તેમના રોકાય.

ફજેરની રોશની હરએક આંખના સાહેબ વાસ્તે રોશન થઇ ચુકી છે. પછી ઓલોમા પોતાની રીયાસતના કાએમ રાખવાના વાસ્તે અને અમવાલની હુબ વાસ્તે બનાવટો કરીને જેમ તેમ સમજાવે છે તેમ એહના કૌલ પર ભરોસો કરીને પાછળ રેહવુ અને દુર રેહવુ ના જોઇયે, મુબાહેસા વાસ્તો સામને થાવુ ચાહીયે !

એહમદઅલી વલીભાઇનુ યહાં આવવું થયુ. અલમઝકુરની જેહેતસી એહના રસુલ હમારી તરફ રીસાલત પોંહચાવી. એહના જવાબમાં હમારા મૌલા અને માલીકયે મર્દમીયતસી અને ઉલુવે-હીમ્મતસી કેહલાયુ કે: આવો, મુબાહેસા વાસ્તે, બર સરે મલા, જહાં કે તમામ હુનુદ અને

મુસલેમીનનો મજમાઅ હોય, અને હરએક કૌમના ઓકોલા અને એહલુલ-માઅરેફત વત-તમીઝના રૂબરૂમાં તમારા અને હમાર દરમ્યાન વાતચીત થાય, મુબાહેસા થાય, તો અલમઝકુર એહમદઅલીની જેહેતસી, એહના ઉપરવાલાઓયે રીસાલતનાજ અમરને ઈનકાર કીધો, અને ફરીને મુબાહેસાની ઝીકરજ ઉરાવી દીધી. અફસોસ છે યે લોગો પર, ગૈરતની જા છે!

અગર પોતાના અમરમાં, યે લોગોની હકકીયતનો સુબુત છે, તો તેહને દલીલો બુરહાનસી સાબીત કરી આપે; અને અગર પોતાના બાતીલનુ યકીન છે, તો હકના અમરની તરફ વલે, બાતીલને છોડે, અને હમીય્યત, જાહેલીયત પર બાકી ના રહે. અગર યે લોગોને પોતાના રોઓસા અને ઓલોમા પોતાની રીયાસતના વાસ્તે કરીને, હઝાર તરેહસી સમજાવશે, મગર એક વખત યે સવળાને સાહેબુલ-અમર જે કાએમ થયા છે તેહના સામને લાવે, દરમ્યાન જે ઝીકર અને તકરીર થાય તેહને સુને; તે વખત અકલમન્દોના નઝદીક અમર મોતબય્યન થઈ જાસે.

હવે, અલમઝકુર એહમદઅલી ઈબ્ને વલીભાઈનો એક કાગઝ એક મુદદત દરાઝ બઆદ હમારા ઉપર આવેલો તે અને એહનો જવાબ અલમઝકુર ઉપર હમે વાલો, રજીસ્ટના તરીકસી, તેહને હમે આશકારા કરીયે છે, તાકે સવળા તમામ ખાસો આમમાં યે કેફીયત માઅલુમા થાય.

અને અલમઝકુર એહમદઅલીનું આવ્વુ પંદરાહ (૧૫) દિનના ફોકસી થયુ હતુ, અમ્મા આખેરન, પોતાના સફરના વખ્ત પર કાગઝ લીખો, અને તે સફરનો અમર કાગઝમાં જણાવેલો છે. એહના ઉપર લાઝીમ અને ફર્ઝ તો એમ હતુ કે હરએક એહની મતલબ ઉપર આ અમરને મુકદદમ કરે, અને તેહનુ ફૈસલ શીતાબી લાવે, તે બઆદ, પોતાની કૌમ પાસેથી હુકુકના પૈસા અને માલને ઉઘરાવીને લે! અમ્મા તેમ તો કીધું નહીં, અને સફરની વખ્ત પોતાના લોગોને સમઝાવી લેવાને, કાગઝ લખીને ચલતા થઈ ગયા!

હમને યહાં નાગપુરમાં આવાને વરસ રાા કરતા ઝીયાદા મુદ્દત ગુઝરી, અમ્મા, મુકાબલા પર કોઈ આયુ નહિ. સાબીક, જાબીર ગોવ-રાવાલા અને એહના સાથવાલાનું મુકાબલા પર ફકત આવ્વુ થયુ, તે એક નામ કરવાનેજ; પાંચ મીનીટનો અરસો ના ગુઝરો, કે બસ, અલમઝકુર જાબીર ઉઠીને રસ્તો લીધો. અયઝન, એહના સાથ આવેલા સઘળા ભાગા. એહને મૌલાનાંયે ઠેરવાનુ કહ્યું, મગર બેઠા નહીં, ચલા ગયા. હાકઝા, તૈયબઅલી ખમસીય્યા કરીને આયા હતા, તે તો મુકાબલા પલ આયાજ નહિ.

અજબ યે લોગોના ઓલોમા છે! દુનિયા અને પૈસાને સબ કરતા ઝીયાદા ગીને છે! દીન અને ઇમાન, બલ્કે ખુદા એહનો પૈસા છે! અને યે લોગોને ખોફ઼ છે કે: હકના અમરને કુબુલ કરવામાં દુનિયા હમારી જાતી રહેસે, અને હકના સાહેબ તો અદલ અને ઇન્સાફ઼ પર સઘળાને ચલાવસે, અને હમારૂ ખાવુ પીવુ અને ઐશ આરામ કરવ્વાની હમારી ગાદી અને તકીયા અને સુઝની પર બેઠવુ છુટી જાસે! તે વાસ્તે, હીદાયત લેતા નથી અને પોતાના કૌમને હીદાયત લેવા દેતાબી નથી.

એહમદઅલી ઇબિને વલીભાઇનો (અરબીમાં) આવેલો કાગઝ—કે જેનો આ તરજુમો છે. :

" અને ના કહો તમે વોહ શખ્સના વાસ્તે કે નાખો તેયે તમારી તરફ઼ સલામને કે : તું મુઅમીન નથી. એ મહારી કૌમ, અને અજબ પસતાવો તમારા ઉપર તમે કોણુ કે એક કૌમ, શું તમે નીંદ ને ઉંઘને તમારા થકી કેમ ખંખેરી નાખતા નથી. મહારૂ કહેવું તમારા કુલ વાસ્તે છે અને ખાસ કરીને કહું છું મેં તમારા સઘળા થકી, અગર જો નીદા કરતો હોઉં મેં કોઈ સુનનારને.

" ખાસ કરી, કહું છું મેં વોહ શખ્સને કે પસા કરૂ છું મે તેહને મહારી ખાલીસ મોહબ્બત થકી, કે જે તે શખ્સ લકબ અપવ્વાના છે તમારામાંહી હકીમ વદલીક, તે શખ્સ કોણુ કે હમારા મોહીબના

ફરઝંદ, કે જે મોહીબ સઘળી નમાઝો ઉપર અને વીચલી નમાઝો ઉપર મુદાવેમતના કરનાર હતા, અને વોહ કુરઆનના હાફીઝ હતા કે જે કુરઆનના મોઅત્તલ કરવાની બાબતને તમે ઝઅમ કરો છો. ખુદા તઆલા તે મોહીબને પોતાની રહેમત વદલીક અને કુદસ વદલીક ધાંકજો, અગરચે તમે એહવા મોહીબની મીસલમાં, તમે તે માઅનાના ઉલટા અમરનો ઝઅમ કરો છો. (યાઅને એહવા શખ્સને તમે બુરા કહો છો)

"ઇતિતેલા મેં તમને દઉં છું, આ વાતની કે મુકર્રર મેં તમારી તરફ શૌકસી હનીન કરતોજ રહ્યો છું, મહારા શૌકસી હનીન કરવાની મીસલ મહારા ભાઇઓની તરફ, કે જે સઘળાયે મહારી તરફ શૌકસી હનીન કીધું, તાહત કે, ના પરામા મેંયે તમારા અંદર મહારા સલામના કોઇ રદના કરનારાને, મહારા કલામના જવાબના દેનારને; તેસી મેં ચુપ રહ્યો અને યે વાતને મેંયે મુકી દીધી.

"પણ તેમાં શાન આમ છે, કે જવારે ખબર પોંહચાવી મને ભાઇયે, એહવા કે કદરના અઝીઝ, તે કોણ કે મુલ્લા અબ્દુલઅલી (મુરાદ-અબ્દુલઅલી ઇબ્ને ખાનભાઇની છે) તમારી જેહેત થકી, કે તમારા દીલમાં મૈલ અને મુઆફેકત થકી વોહ અમર છે, કે જે તમામ શૌકને ઉઠાવે છે, તે વખ્તના માલીક થઇ સકો મેં મહારા દીલને, એહવુ દીલ કે તરફરનારૂ, અને હમના પછી, મહારૂ નાગપુર તક પહોંચવુ હુસ્નુલ-ઇતિતેફાક છે.

"અને મેં તે અબ્દુલઅલીની ઇંતીઝારીમાજ હતો કે સુરતસી આવી પહોંચે, પણ તે આવી પહોંચા નહીં, તાકે અપના દરમ્યાન વાસ્તા બનીને મીલાપ કરાવે. સા વાસ્તે કે નથી સહી થાય દરમ્યાનમાં રસુલ બનવાના વાસ્તે અને રીસાલતના પહોંચાવા વાસ્તે મગર ઇલ્મ, અને બુઝુર્ગીના લોગો, નહિ કે વો શખ્સ કે તમારી તરફ થકી તે આયા હતા મોચીઓ થકી. પછી તે આવનાર શખ્સયે કમ ઝીયાદા કીધું પોતાની હીકાયતમાં અને કીસ્સા બયાન કરવામાં, તાકે મુકાબલા કરવાના નઝદીક તે શખ્સ ફઝીહત થયા.

"અને મુકીમ રહેવુ લંબાન થયુ અને ચલવુ નઝદીક થયુ, અને મકતુબ અલૈહેના હાથમાં (મુરાદ મમલુકે સૈયદનાની છે) ખુલી હુઈ રસીનુ મઝબુત કરવુ છે. હવે, અગર ચાહે તે મકતુબ અલૈહે અને ઉમ્મીદને તેહકીક કરી આપે, તો પછી અજબ ખુશી અને એહલન-વ-સહેલા વોહ શખ્સ વદલીક કે આયા એહવા મકાનમાં અપન મીલયે, કે જે મકાન તમામ પાંસાઓનું ખાલી હોય.

"અને ગોયા કે તેહકીક, મેં વોહ શખ્સ વદલીક છું (મુરાદ મૌલાના તવ-વલલ્લાહો ઉમરહુની છે) કે જે સાહેબ તમને પકડી રાખે છે ઝીલલતના સાથ અને તમરામાંહી ગુમાનો બદ રાખે છે, અગર તમે સઘળા સમજતા હોય, સા વાસ્તે કે તે સાહેબ તમારા થકી ભરોસા પર નથી, અગરચે તમારા સઘળાની હવા એહના પર મુત્તફીક છે, નથી છુટા મુકતા તે સાહેબ તમને કે તમે કોઇ દૂરના શખ્સસી યાકે નઝદીકના શખ્સસી ખીલવતમાં વાતચીત કરો, મગર વોહ હાલમાં કે તમારા ઉપર તે સાહેબને કોઇ જાસુસ છે, યેહ ફેએલ એક તોહમતના દેનારનો ફેએલ છે કે જે શકનો રાખનાર હોય.

"અને અમ્મા, મુબાહેસાનુ કરવુ વોહ શેઅમાં કે જેહના તમે દાઅવા રાખો છો સઘળા મકાલાત થકી, પછી મહારો કસ્દ એમ છે કે મુબાહેસાના બીકટપના થકી તમે અને હમે દૂર રહીએ.

"અને નથી ખૈર તે મુબાહેસામાંહી જહાંતક કે તે મુબાહેસા લીખાણુની જેહેત થકી ના હોય, નહિ કે મોંએમોં વાત કરવાની જેહેત થકી, તાકે અપન કુલ સલામત રહીએ જુઠ નીસ્બત કરવાના જોખમ થકી. વસસલામ."

આ કાગઝ એહમદઅલી હમીદુદ્દીનની તરફ થકી છે. અલમઝકુર તે બઆદ કહે છે: "અને મેં ઇનતીઝારનો કરનાર છું, જવાબના વાલવાના વાસ્તે નજદીક વખ્ત થકી."

(યે કાગઝમાં તારીખ લીખી હુઈ નોતી, મગર, હમારી તરફ યે કાગઝ તારીખ ૪ થી, મીન રબીઉલ-અવ્વલ, સને ૧૩૧૨ હીજરીયે પહોંચો) અને એહનો જવાબ તારીખ ૫ મી મીનશશહેરીલ મઝકુર વાલવામાં આયો—તે જવાબ આ મીસલ છે:—

જવાબ.

فَقَاتِلُوْٓا اَئِمَّةَ الْكُفْرِ اِنَّهُمْ لَآ اَيْمَانَ لَهُمْ لَعَلَّهُمْ يَنْتَهُوْنَ ۝ (سورة التوبة)

" પછી કતલ કરો કુફ્રના અઇમ્મતને, તેહકીક, નથી ઇમાન તે સઘળાના વાસ્તે—શાએદ કે તે સઘળા બઆઝ રહે."

وَالسَّلَامُ عَلٰى مَنِ اتَّبَعَ الْهُدٰى ۝ (سورة طٰه)

"અને સલામ વોહ શખ્સના ઉપર કે તાબેઅ થયા હીદાયતને."

يٰحَسْرَةً عَلَى الْعِبَادِ مَا يَاْتِيْهِمْ مِّنْ رَّسُوْلٍ اِلَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ۝ (سورة يٰسٓ)

" અને અજબ પસતાવો છે વોહ બંદાઓ ઉપર કે નથી આવતા તે સઘળા વાસ્તે કોઇ રસુલ, મગર ઇસ્તેહઝા કરે છે તે સઘળા તેહને."

એ વોહ કૌમ, કે ગુમરાહી અને દલાલતમાં વાકેઅના થાનાર છે—ઝાહેરમાં યે સઘળાને ઇખીત્તા ગુમાન કરવામાં આવે છે, વોહ હાલતના સાથ કે એહના દીલો મુતફરરેકા છે ખુસુબ કરીને, વોહ યે કૌમના કહેવાતા ઓલેમાના એક, કે જે રાસુદ-દલાલ છે, એહમદઅલી હમીદુદદીનના નામસી અને લકબસી પોતાને મશહુરના કરનાર, કે જે લકબ એહના વાસ્તે યવમુલ કીયામત અયનુલ-વબાલ છે, કે જે દીનમાં હરએક શખ્સ પોતાના ઇમામ વદલીક બુલાવવામાં આવસે, તે વખ્ત યેહ લકબના સાહેબ, વોહ ઇમામુલ-કુફ્ર વદલીક બુલાવવામાં આવશે કે જે આઅવરે દજ્જાલ છે.

તમારો રજીસ્ટરી કાગઝ પહોંચ્યો તમે શીહે લીખુ કે:—

" ખાસ કરી, કહુ છું મેં વોહ શખ્સને કે પસા કરૂં છું મેં તેહને મહારી ખાલીસ મોહબ્બત થકી, કે જે તે શખ્સ લકબ અપવવાના છે તમારામાંહી હકીમ વદલીક, તે શખ્સ કોણ કે હમારા મોહીબના

ફરઝંદ, કે જે મોહીબ સઘળી નમાઝો ઉપર અને વીચલી નમાઝો ઉપર મુદાવેમતના કરનાર હતા, અને વોહ કુરઆનના હાફીઝ હતા કે જે કુરઆનને મોઅતતલ કરવાની બાબતને તમે ઝઅમ કરો છો. ખુદા-તઆલા તે મોહીબને પોતાની રેહમત વદલીક અને કુદસ વદલીક ઘાંકજે, અગરચે, તમે એહવા મોહીબની મીસલમાં, તમે તે માઅનાના ઉલટા અમરનો ઝઅમ કરો છો!"

તમારૂ ખાલીસ મોહબ્બતને ઝાહેર કરવુ, વોહ શખ્સની તરફ કે જે તમારી મકરીની જાલસી હઝારહા ફરાસખ દૂર છે, અને તમારા અંદર, હકીકતન, ઇલ્મુલ યકીનસી તસવ્વરનો લેનાર, બસીરતના સાથ, કે તમે સઘળા મુકર્ર કૌમે બૂર છે, અને વોહ ચીઝ અને જાનીબની તરફ મોતહય્યીરનો થાનાર કે જહાં કુલ નૂર, નૂર છે, તમારૂ વસ્ફ અને સના કરવુ મમલુકે સૈયદનાના વાલીદે જીસ્માની વાસ્તે, એમ તમાઅ અને રગબત રાખીને કે શાએદ, કોઇ તરાહનીબી રીકકત કે હુબ પૈદા થાય હમારા કુલુબમાં, કે જે કુલુબ પોતાના રબના અનવારસી મુશર્રકા છે, અને આઅદાઉદ્દીન પર તે કુલુબની સુયુફુલ-હક મુબરરેકા છે, આપ-સમાં તે સઘળા રોહોમા છે અને અલલ કુફફાર અશદ્દા છે, (યાઅને તેઝ છે) પછી તમારી રજાએ કાઝીબ વાસ્તે હયહાત, સુમ્મા હયહાત છે, અને મુતકબ્બેરીન, બગૈર હક વાસ્તે સવાએક કારેઆત છે.

અને ફી અમરે તાઅતીલીલ-કુરઆન તમારૂ અલૈના (હમારા ઉપર) તાઅન કરવુ બીલકુલ બેજા છે. હકીકતન કુરઆને-નાતીક બીલ હકના હમે લોગો મુસબીત અને મુસદ્દીક છે, અને કુરઆનના એહકામને ઝાહેરા વ બાતેના લઇને ઉઠનાર છે. અને તમે લોગો ફીલ વાકેઅ, યે કુરઆન થકી મુંહને ફૈરનાર છો, અને તે કુરઆનના એહ-કામને છોડનાર અને તરકના કરનાર છો, અને તે કુરઆનના મનાહી પર ઇરતીકાબના કરનાર છો.

અને તમારૂ દોઆ કરવુ આ હાલના સાથ કે ખુદાતઆલા ફરમાવે છે કે (سورة الرعد) وَمَا دُعَاءُ الْكٰفِرِيْنَ اِلَّا فِيْ ضَلٰلٍ ۝ "અને

નહી દોઆ કરે કાફેરીન મગર ગુમરાહીમાં''—અને તે અમરના તમારા ઈલ્મના સાથ-યે એક નૌઉન મીનલ મખરેકતે વત-તમવીય્યાહ (યાઅને હીલા અને ફરેબ નો એક ફાંતો છે). અયઝન, તમારા હનીન અને શૌકનુ ઝાહેર કરવુ યે તમામ હીલાઓ અને ફરેબો છે, કે જેસી હમે હમારા રબની હીફાઝત અને હીરાસતમાં છે, અબાલીસના વસાવીસ અને ખતરાતસી અમાનમાં છે.

તમારૂ સલામ બોલવુ અને કલામ કરવુ વોહ લોગના સાથ હોવુ જોઇયે કે જે તમારી જીન્સ અને નૌઅ થકી છે. લાશૈઅ અને શૈઅના સાથ કોઈ તરાહની જીનસીય્યત કે નીસબત નહિ, આઅમા અને બસીર ને બીલકુલ કુરબત નહિ, નૂર અને ઝુલમત બેવે આપસમાં એક બીજાના ઝીદ છે, ઈમાન અને કુફ્રુ, બેવેમાં તફાવત અને બોઓદ બેહદ છે.

બીજુ તમારૂ લીખવુઃ—"પણુ તેમાં શાન આમ છે કે, જીવારે ખબર પહોંચાવી મને ભાઇયે એવા કે કદરના અઝીઝ, તે કોણુ કે મુલ્લા અબદુલઅલી, તમારી જેહેત થકી, કે તમારા દીલમાં મૈલ અને મુવાફેકત થકી વોહ અમર છે કે જે તમામ શૌકને ઉઠાવે છે, તે વખ્ત ના માલીક થઇ સકો મેં મહારા દીલને, એહવુ દીલ કે તરફરનારૂ, અને હમના પછી, મહારૂ નાગપુર તક પહોંચવુ હુસ્નુલ-ઈત્તેફાક છે."

તે બાબતમાં જાણુવુ કેઃ યે તમારૂ લીખવુ બીલકુલ બીલઅકસ છે. અબદુલઅલી ખાનભાઇને હમે હંમેશા કહેતાજ રહ્યાથા અને તમે અને તમારા મીસલના અશખાસસી ડરાવતાજ રહ્યા થા કે : 'એ અબદુલઅલી હુશીયાર થાવ ! યે મીસલના સાંપોના નરમાસથી ખુબ ડરો ! વોહ ઝહેરને મહેબુબ તરીકસી ફુંકે છે કે જેહનુ ઈલાજ કરવુ તે બઆદ મુશકીલ છે, અને ખાસસતન, તમે જે શખ્સસી મોતઅલ્લીક છો અને અલૈહા સીકત રાખો છો, તે શખ્સ દીનનો આઅદાઅલ-અદુ છે.' અને ઈનદલ મઝકુર, જે જે દુશમનીના ઉમૂર અને લોગોની અનસબીલીલ્લાહે રોકવાના અસબાબ અને હકના મુકાબલા પર ફીતનતોને બરપા કરવાના

અસબાબ યે શખ્સથી બના થા, તેની બઆઝ બઆઝ ઝીકરબી કીધી થી, અને અલમઝકુરયે ઇનદના (હમારા નઝદીક) ઇકિરારબી કીધો કે : 'હાં ! યે સઘળુ બરાબર છે.'

હવે તમારૂ લીખવુ કે અબદુલઅલીયે એહવી ઝીકર કીધી કે તેસી મમલુકે મૌલાનાનો મૈલ અને મુવાફેકત તમારી તરફ માઅલુમ થઇ અને તમને શૌક પૈદા થયો—તો યે અમર અકલસી અબઅદ બઇદ છે. અને અગર અલાઝઅમક સહી હોય, તો ફલાઅનતુલ્લાહે વ લાઅનતે મલાએકતેહી વનનાસે અજમઇનિ અલલ કોઝેબીન છે. બલ્કે, આખેરન, અબદુલઅલી અલમઝકુરયે બુરહાનપુરસી એક કાર્ડ આવેલો મમલુકને દીખાયો તેમાં લીખુ હુવુ થુ:—'તમે તમારા ફરઝંદને લેવા વાસ્તે ગયા છો, તો યે તમને પોતાના અમરની તરફ ખેંચી લે, તે કરતા ઔલા એમ છે કે તમે એહને તમારી તરફ ખેંચી લાવો.'

તે વખ્ત, મમલુકે સૈયદનાયે, અલમઝકુરને કહ્યું કે : 'આ શખ્સે કાતીબ કીવો ઇબલીસે લઇન છે, અને કીતના દરજા પર એહના દીલમાં હકની અદાવત છે, અને એહને હસદ છે, કે મુબાદા તમેં હકના અમરમાં શામીલ ના થઇ જાવ અને યે રહી જાય.

હમારા દીલમાં યે મીસલના બાતીલના એહેલ વાસ્તે નીહાયત જલન છે કે સાબીકના દુશમનોયે મૌલાનલ હુસૈન (અ. મ.) વ એહલે બૈતેહીના અજસામ પર ઝુલ્મ અને સીતમ ગુઝારા, અને આ મલાઇનોયે હઝારહા લોગોના નુફુસને હલાક કીધા અને બરબાદ કીધા, હીદાયત લેવા દીધી નહિ. આ મીસલના સખ્ત કલામ હમે ઇનદલ-મઝકુર કહ્યા હતા તે અગર તમે ચાહો તો અલમઝકુરને ઇનદા ઇતતેફાકલ લીકાઅ કસમ દઇને પુછજો.

અને અલમઝકૂર હાહોના, મોંહસી હકનો ઇકરાર કરતા, અને લે મૌલાનલ-માલેકુલ-મનનાન હંમેશા ખુશુઅ અને તસલીમ અને ખુઝુઅ કરતા રહ્યા અને આજીઝીના સાથ ઇકરાર કરતા રહ્યા કે : 'મેં આપનો મમલુક છું, હકનો મોઅતકીદ છું', મને આપના ઝુમરામાં ગીનીયે

અને મોઆહેદીનના જુમલામાં શુમાર કર્યો !' મગર, યે મીસલ ઈકરારેહા બીલલીસાનને કહાં સાહેબુલ-હક ગીને છે યાકે શુમાર કરે છે, જહાં લગન કે ઝાહેરન વ બાતેનન બાતીલ અને એહના એહેલસી બરી ના થાય, અને ઇલા એહલે દાઅવતીલ-હક કુલતન મુનકતેઅ થઈને આવી ના જાય.

અને તમારૂ લીખવુઃ—'પછી, મહારૂ નાગપુર તક પહોંચવુ હુસ્નુલ ઈતતેફાક છે'—તે તમારા ઉપર વાજીબ અને લાઝીમ છે કે તમે તે હુસ્નુલ ઇતતેફાકને ગનીમત લવ, તમારા કબાએર-ઝ-ઝુનુબ-વ-સગાએરેહાસી તાએબ થાવ અને તકબ્બુર અને હસદ અને બુગઝને મૂકો અને ખાલીસ દીલસી અને સફા નીય્યતસી મેહદીબાગના દરવાઝા પર તમારા માથાને આવીને મુકો અને દેવરીને લાઝીમ થાવ, તાકે તમારા વાસ્તે મૌલાનલ -માલીકને કંઈ રાફત અને રેહમતની નઝર થાય, વ-ઈલ્લા, તમારા વાસ્તે અસફલુસસાફેલીનનો ખદદો તૈયાર છે.

અને તમારૂ લીખવુઃ—"અને મેં તે અબદુલઅલીની ઈતીઝારમાંજ હતો કે સુરતસી આવી પહોંચે પણ તે આવી પહોંચ્યા નહિ. તાકે આપના દરમ્યાન વાસ્તો બનીને મીલાપ કરાવે, સા વાસ્તે કે નથી સહી થાય દરમ્યાનમાં રસુલ બનવાના વાસ્તે અને રીસાલતના પહોંચાવવા વાસ્તે મગર ઈલ્મ અને બુઝુર્ગીના લોગો, નહિ કે વોહ શખ્સ કે તમારા થકી તે આયા હતા મોર્ચીઓ થકી. પછી તે આવનાર શખ્સયે કમ ઝીયાદા કીધુ પોતાની હીકાયતમાં અને કીસ્સા બયાન કરવામાં તાકે મુકાબલા કરવાના નઝદીક તે શખ્સ ફઝીહત થયા."

હવે તમે અલમઝકુર અબદુલઅલીની ઇતીઝાર કરો છો, અમ્મા જે વખ્ત કે મલેકુલ-મૌત આવીને તમારી ગરદન પકરસે તે વખતબી અબદુલઅલીની ઈતીઝાર કરસો કે તમને આવીને મૌતના પંજાસી છુરાવે? જે સખ્સ કે હીદાયત અને હકનો તાલીબ હોય, તે શખ્સના વાસ્તે સેહેલ તરીક છે, કે તકબ્બુરીની રીદાઅને નાખી દે, માથુ ઝુકાવી લે, તૌબા, તૌબા પુકારે! અને મુરાસેલત અને બલાગનું શું કામ છે? તમે

તમારા નફસને લઇનિ આવો, તઝલલુલ અને ઇનિકીસાર અને ઇકિરાર બીલ હક, રસુલ અને વસીલા બનાવો આ આયાતે કુરઆનીય્યાને, યાદ કરો.

يَوْمَ تَأْتِي كُلُّ نَفْسٍ تُجَادِلُ عَنْ نَّفْسِهَا۔ (سورة النحل)

"વોહ દીન કે આવસે હરએક જાન બેહેસ કરતો તેહના જાન તરફસી."

દેખો, કે મમલુકે મૌલાનલ-મલક તવ્વલલ્લાહો શરીફે બકાએહી હુબબુલ-હક સાદીકથી અને વલીયુલ્લાહે સલવાતુલ્લાહે અલૈહેના મુનાદીની નીદા અને અઝાનને સુની, તેજ વખ્ત ઘરબારને એહલો અયાલને છોડીને, આહોઝારી કરતો હુવો, બુકા કરતો હુવો, તૌબા, તૌબા પુકારતો હુવો ઇકિરાર બીઝઝન્બ કરતો હુવો આયો, રહીમ, કરીમના દરવાઝા પર આવાસી, વોહ નેઅમતસી બેહરેવર થયો, કે જે લાઝવાલ છે.

અબ્દે મૌલાનાયે ફી હઝરતે-હીલ-આલીયા આવીને તમામ ઉલુમ અને મઆરીફની અદીલ્લત અને બરાહીનસી હકનું સુબુત કીધું, અને દલાઇલે અકલીયા વ દલાઇલે નકલીયાસી યકીન કરી લીધું કે મુકર્રર, આ સાહેબ વલીયુલ્લાહે-સલવાતુલ્લાહે અલૈહેની તરફસી સચ્ચા રસુલ છે, તાઇદે કુલ્લીના સાહેબ છે; યે સાહેબના અકવાલ અને અફઆલનું સુદુર અલલહીકમત વ મુકતઝા અલ-અકલ છે; અવલીયા ઉલ્લાહની સીરતે આદેલા અને સુન્નતે હમીદા ઉપર ચલનાર અને ચલાવનાર છે; સતરની ઝુલ્મતમાં માનીંદે આફતાબ, પુર અનવાર છે; અને એહના અકાવીલ, અને ઇલ્મી બયાન વાસ્તે આફાક અને અનફુસ શાહેદા છે; ઉલુમ અને મઆરીફ અને ફુનુન, ઇલ્મુલ મબ્દએ વલ મઆદના બહેરે મવ્વાજ છે; હરએક મહેફીલ અને મજલીસમાં યે સાહેબની ઝબાને મુબારકસી ઇલ્મની અનહાર, અસરારે અવલીયાઉલ્લાહની જારીયાહ છે; આ વખ્ત અને યૌમ, વોહ યૌમ છે કે :

لَا يَنْفَعُ مَالٌ وَّلَا بَنُوْنَ ۙ اِلَّا مَنْ اَتَى اللّٰهَ
بِقَلْبٍ سَلِيْمٍ ۙ (سورة الصّٰفّٰت)

" અને નહિ ફાયદો કરે માલ અને ઔલાદ, મગર વોહ શખ્સને કે જે ખુદા તરફ કલ્બે સલીમથી આવે છે.'

અને જે તમે તઅન કીધી કે મીનલ-અસાકેફહ (મોચીઓ થકી) તમારી તરફ આયા—તે જાણવુ કે: યે તમારૂ લીખવુ બેજા છે. ઈબ્તેદાઅન, અલમઝકુર તમારી તરફસી આયા, ઇનદા મૌલાનલ મન્નાન, તારીખ ૨૫ મી આયા; બાઅદલ મગરીબ, ફી જમાઅતીલ મુઅમેનીન મૌલાના તશરીફ રાખતા હતા, તે વખ્ત તમારી રીસાલત પહોંચાવી; સુનીને, તે વખ્ત, શેરે બબરયે વોહ બહાદુરી અને શજાઅત અને ઉલુવે-હીમ્મતસી જવાબે મર્દાના કેહલાયો, કે તેસી તમામ સાહેબાતે મગઝલ અસવરત પહેનીને ઘરોના હીજાબમાં પેઠી ગઇ.

અને અલા રસુલે-કૌમુલ-વારેદુલ મઝકુર મૌલાનાયે ઇજાબ અને ઇલિઝામ કીધુ, કે રીસાલતનો જવાબ બરાબર મીન ગૈરે ઝીયાદતીન, વ લા-નુકસાન, તમારી તરફ પોંહચાવે; અને તે વખ્ત, હજી બીજાબી એહલુલ-ઇસ્લામના આઅયાન અને અઇઝઝાઅ હાઝીર હોય. તેહના રૂબરૂમાં યેહ તબલીગ હોય. અને લેઝાલેકા, યહાંના માલગુઝાર કરીમુલ્લાહખાન અને મૌલવી અસસૈયદ મોહમ્મદ બુખારી અને બીજા મૌલવી અને હસનઅલી અલવાએઝી હાજી મોહમ્મદ કાસીમ, અલમઝકુરીનને લઇને તમારી તરફ આવાનો ઇરાદો કીધો. અવ્વલન, (પહેલા) આ સઘળા અબદુલહુસેન નુરૂદ્દીનની દુકાન પર ઠેરા, ઇનતીઝારમાં. અમ્મા, તમારા યહાંના કારોબારમાં ઠીકાનુ નહિ. લેઝાલેકા, ઘણી વાર બઆદ કરીમુલ્લાહખાન, અને મૌલવીયો ચલા ગયા. અને હાજી મોહમ્મદ કાસીમ અને હસનઅલી અલવાએઝી અને ફહીમુલ્લાહ અને મુનશી ફઝલુદ્દીન તમારી તરફ આયા. મઆ-હાઉલાએ, (તે સઘળાના સાથ) તમારા આમીલ ઇસાભાઇયે મુવાજેહતન (મોંથી) વાત કીધી, તેહમાં રીસાલત

મોકલવાનો ઇનકાર કીધો, અને જે ઝીકર અને મહાવેરત, બયના ફહી-મુલ્લાહ વ બયના અબદુલહુસેન ઇલાહબખ્શ થઇ હતી, એહુઝુરેકુમ વ એ-ઇશારતેકા, વ અમરેકા, તેહને બાઝારી વાત ઠેરાવી, અને ઇલા અબદુલહુસેન ઇશારા કરીને કહ્યું કે: હમને અલેહે અને હમારી કૌમના કોઇ શખ્સ પર એઅતેમાદ નથી: તે બઆદ કહ્યું કે: 'તમારો સવાલ કંઇ હોય તો ઝીકર કરો, અને જે રીસાલત તમારા સાથ હોય તેને પહોંચાવો.'

તો હાજી મોહમ્મદ કાસીમયે કહ્યું કે: 'હમને શું હાજત કે સવાલ કરીયે? હમને કંઇ ગરઝ નથી; અને જ્વારે તમારા સાહેબયે રીસાલત મઆ ફહીમુલ્લાહ નથી મોકલી, તો પછી હમને એહના જવાબને પોંહચાવવાની કંઇ હાજત નથી; અને યે જવાબ અમાનત છે, કે જે અમાનત એહના સાહેબની તરફ પહોંચાવવાની છે, નહિ કે તમારી તરફ; અને હમે જઇયે છે'—યે મીસલ કહીને હાજી મોહમ્મદ કાસીમ વ મન-મઅહુ ચલા આયા.

આ કેફીયતસી હમને માઅલુમ થયુ કે અબદુલહુસેન ઇલાહબખ્શ આ કઝીયાને ઉલટાવી નાખવાની મખાદેઅત અને મમાકેરત (દગો અને મકર) કરીને મુબાહેસા અલા રૂઉસીલ-મલાના અમરને ઉડાવી દીધો, જે વખ્ત કે તમે દેખુ કે ખુનાક (ફાંસો) તમારી ગરદનમાં આવી પડુ. યેહ મીસલ કરવું હમેશા તમારી જીબીલ્લત અને આદતમાં છે.

અને અગર, 'મીનલ અસાકેફહ' (મોચીઓ થકી) કહીને, તમને અહેની હકારત મનઝુર હોય, તો એમઅુન-નઅલ (બુત વહેંચવુ) વ તીજારતેહા બીલ-હલાલ બેહતર છે, તમારા શુગુલ કરતા, કે જે બીલ-હરામ લઇ બેઠા છો. અઇમ્મતુદ-દલાલ (ગુમરાહીના અઇમ્મત) નું નીયાબત કરવુ અને બાતીલની તબાઅત કરવુ, બાતીલ સમઝીને અને જાણીને, અને ઝરાહસી દુનિયાની રીયાસત અને માલની હુબના વાસ્તે પોતાના જાન અને પોતાના અત્બાઅના અનફુસને હલાક કરવુ, એહવે તમારો શનીઅ (બદ) અને કઝીઅ (બુરો) છે કે એહના ઝુકને તમે

ચાખસો- (سورة الشعراء) ذُقْ اِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْكَرِيْمُ

(યાઅને, "ચાખ! તહેકીક, તું છે અઝીઝુલ કરીમ.") યે શખ્સ તમારા કરતા હઝાર ચંદ અઝીઝ છે. તે સાથ, અલમઝકુરને હમેયે તો ઇબતીદાઅન મીન જેહતના રસુલ બનાયાજ નથી.

હવે તમારૂ લીખવુ—" અને મુકામ રેહવુ લંબાન થયુ અને ચલવુ નઝદીક થયુ અને મકતુબ અલૈહાના હાથમાં ખુલી હુઇ રસીનું મઝબુત કરવુ છે. હવે અગર ચાહે તે મકતુબ અલૈહે અને ઉમ્મીદને તેહકીક કરી આપે, તો પછી અજબ ખુશી અને એહલન-વ-સહેલા વોહ શખ્સ વદલીક કે આયા એહવા મકાનમાં અપન મીલયે, કે જે મકાન તમામ પાંસાઓનુ ખાલી હોય."

હવે તમે કહોછો કે ચલવું કરીબ થયુ—તો હૈફ છે તમારી મીસલના વાસ્તે, કે અકલમંદીનો દાઅવો કરો છો! તમને યહાં આવવાને કરીબ પંદરાહ દીન ગુઝરા હશે! હવે તમારી નીંદ ખુલી અને ગફલતની ઉંઘ થકી ચોંકા અને હુશીયાર થયા! ઇતના દિનોસી કહાં ગયા હતા? દુનિયા, ખાવુ, અને ઝીયાફતોમાં અલવાન અને અતઅમતનુ લંબા હાથો કરીને નોશ કરવુ અને અગબીયાએ જહાલને ઉલટી ઉલટી તસવ્વરો આપીને સમઝાવીને કામ નીકાલી લેવુ, કેમ તમને ગવારા થયુ—આ હાલતના સાથ, કે તમારો નફસ તો મહાવીન નીરાનમાં ગીરી રહ્યો થો, ચારે જવાનીબસી એહલુલ હકનો આવાઝ ઝોર શોરસી બુલંદ થઇ રહ્યા થા, તમારા મુકાબલા પર હીદાયત અને રશાદનું નીશાન કાએમ થયુ હુવુ થુ, અને તમારા ઉપર મલામત અને મતાઅનના ભલાઓ અને તીરો પહોંચી રહ્યા થા! શું તમારી આંખો વીચાઇ ગઇ થી? ના, આંખો અંધી નોતી થઇ, મગર વોહ કુલુબ કે સીનાઓમાં છે, તે અંધા થઇ ગયા થા.

અને હજી શું ગયુ છે? જાવુ મૌકુફ કરો; યહાં થૈરો; તમારા અનસાર (યારીદૈન) અને આઅવાનલ—બાતીલનેબી, અગર તમને

ઉમ્મીદ હોય તો લાવો; તમારા મકામતમાં સાબીત રહો અને મુકાબલા પર આવો; અગર તમને ઉમ્મીદ છે, તો અલા રઉસીલ અશહાદ મુલાકાતનો ઇરાદો રાખો; હા મગર તમે તાલેબુલ-હક અને રાગીબ ઇલર-રશાદ થઇને આવસો અને બાતીલને છોડવા પર કમરબસ્તા થાસો અને તવાઝોઅ અને ખુશુઅ અને ખુઝુઅની રીદાઅને ઓઢસો અને ઇનદા મૌલાનલ મન્નાન એમ સાબીત થાસે કે તમે તમારી શીરઆનીયતને છોડીને રસ્તા પર આયા છો, તો તે વખ્ત બે-અમરેહીલ-મોઅતમર ખીલવતમાંબી તમારાસી મીલીસે.

હવે તમારૂ લીખવુ—“ અને ગોયા કે તેહકીક, મેં વોહ શખ્સ વદલીક છું કે જે સાહેબ તમને પકરી રાખે છે ઝીલતના સાથ અને તમારામાંહી ગુમાનો બદ રાખે છે, અગર તમે સવળા સમજતા હોય, સા વાસ્તે કે તે સાહેબ તમારા થકી ભરોસા પર નથી, અગર યે તમારા સવળાની હવા એહના પર મુતતરીક છે, નથી છુટા મૂકતા તે સાહેબ તમને કે તમે કોઇ દુરના શખ્સસી યાકે નઝદીકના શખ્સસી ખીલવતમાં વાતચીત કરો, મગર વોહ હાલમાં કે તમારા ઉપર તે સાહેબનો કોઇ જાસુસ છે. યે ફેએલ, એક તોહમતના દેનારનું ફેએલ છે, કે જે શકનો રાખનાર હોય.”

તે બાબમાં જાણવુ કે : યે હમારા મૌલા અને હમારા જાનો કરતા અફઝલ અને ઔલા, હુજ્જતે અમીરૂલ-મુઅમેનીન, યે સાહેબયે પોતાના કનફે મનીઅમાં હમને લીધા, અને કરમ અને ફેઝે આમ કરીને હમારી હીમાયત કીધી, અને દલાલત અને ગવાયતના લોગોની ફીતન અને ગવાએલ (મુશકીલો) સી હમને બચાયા, અને બાતીલના કીલાબ અને સબાએ ઝારીયાના અન્યાબ અને મુખાલીબ (જંગલી અને ઇઝા દેન હેવાનોના દાંતો તથા પંજાઓ) થકી પનાહ કીધા, તો યે તો હમારા ઉપર યે મૌલાનુ ઐન કરમ અને મેહેઝ જૂદ છે— કે જેહની શુકુર ગુઝારીસી હમારી ઝબાનો કાસીરાહ છે. અને યે સાહેબના હાથમાં હમે હમારા અનફુસને ખુશીસી અને અકલમંદીસી

અને બસીરતસી સુપુર્દ કીધા છે, અને એ સાહેબનું કબુલ રાખવુ એન રહેમત અને હમારા પર કરમ છે, એહના અબવ.બ યહાંસી -- યાઅને મહેદીબાગસી — જાનાર વાસ્તે મફતુહા છે — ઇઝન અને રઝાની તરફ હાજત નથી—નયા વારીદ વાસ્તે ઇઝન અને રઝાની તરફ હાજત છે.

અને અમર અગર એમબી એકવાર હોય, તો ભલા, વલીયુલ્લાહ સલવાતુલ્લાહે—અલયહે હમારા જેવા નાકેસુન ઉપર કેમ ભરોસો અને સીકત રાખસે, કે જે હમે તમામ હમારી ઉમરને બુતલાનમાં ગુઝારી હતી, અને હુનાકની આદતો પરી હુઇ થી, તો તે આદતોના હમારામાં વુજુદના સાથ હમારા પર ભરોસો ના રાખવુ એન રેહમત છે કે નહિ? અને હમે તો હમારા અનફુસનો કુલ ઇખત્યાર અને હવાલા ખુશીસી અને રીઝામંદીસી સોંપી દીધો છે — યે સાહેબનો કોઇ તરાહબી જબર યા ઝબરદસ્તી નથી.

અને તમારૂ લીખવુ: "અને અમ્મા મુબાહેસાનું કરવુ વોહ શેઅમાં, કે જેહના તમે દાઅવા રાખો છો, સવળા મકાલાત થકી, પછી મહારો કસ્દ એમ છે કે મુબાહેસાના બીકટપના થકી, તમે અને હમે દુર રહીએ."

તે બાબમાં તમે જાણો કે: મુબાહેસા શીફાહન કરવુ યે અમર પર સાબીક ઝમાનમાં મવાલીત-તાહેરીનબી ગુઝરા છે— મસલન સૈયદના મોઅય્યદ શીરાઝી આઅલલ્લાહો કુદસહુ વ સૈયદના અબી યાકુબ અસ-સીજીસતાની રઝકનલલાહો શફાઅતહુ. અને મુબાહેસા મોવાજેહતન હોય તોજ ફેસલ થઇ શકે છે, અને કિતાબન મુબાહેસા કરવુ, એહમા તૂલ થાય છે અને એહનો પાર આવો ઘણો બઇદ થઇ પડે છે.

હવે તમે ઇફતરાઅનો ખોફ અને ખતર બતાવો છો તે બાબમાં જાણવુ કે: અલા રઉસીલ-અશહાદ મુબાહેસાની જે વખત મજલીસ મુનઅકદ થાસે અને તમામ હુનુદ, મુસલેમુન અને બીજી કૌમના

આઅયાન અને એહલુલ-ફેહેમ વત-તમીઝ હાઝેરૂન હશે, તે વખ્ત તમારૂ બોલવુ અને હમારૂ બોલવુ લફઝન લફઝા લીખવામાં આવસે, અને સવાલ વ જવાબની કેફીયતપર તકરીર થાસે, તો પછી કિતાબન વ શીફાહન, એવે અમર નુમૂદમાં આવસે, અને ઇફતેરાઅનો ખોફો ખતરસી તમને અને હમને અમાન થાસે.

આ જવાબનુ લીખવુ તમારા કૌલ અને હુજ્જતના કતેઅ કરવા વાસ્તે છે, અને તમને હમારા મુકાબલા પર આવવુ તો ઘણુ બઇદ લાગે છે.

હાઝા મા લઝમા તેહરીરહૂ ચવમુલ-ખામેસે (૫) મીન રબીઉલ અવ્વલ મીન સને ૧૩૧૨ હીજરી.

અલ મોહરર-અબ્દે મૌલાનલ-આબીદ અબ્દેઅલી અલહુસામ મૌલાનલ-મલકાલ-મુકરરબીલ-અમીનલ-મુતસીલ એહી અદ-દાઇયુલ અજલ સૈયદના બદરૂદ્દીન તુલલ્લાહો શરીફે બકાએહા એલા યવમીદ-દીન.

અશ-શેખ અબ્દેઅલી હકીમુદીન.

આ રીસાલા પર મુતતલેઅના થાનાર સાહેબોને અઅલામ કરવામા આવે છે કે : અલમઝકુર એહમદઅલી ઇબને વલીભાઇની તરફ હમારા જવાબના પહોંચા બઆદ તેજ દિન ચલા ગયા—તારીખ છઠ્ઠી મીન રબીઉલ અવ્વલ હમારો રેજીસ્ટ્રી કાગઝ એલયહે પહોંચો અને સાતમી રાતે રવાના થયા. લાઝીમ તો એહને એમ હતું કે યહાં નાગપુરમાં રહી જાતા પોતાના નઝદીક અગર હક હતુ, તો તેહને બરસરે મલા સાબીત કરી દેતા, અને અગર હક નોતુ, (અગરચે ફીલ વાકેઅ તો હક એહના નઝદીક નથીજ) તો હકની તરફ વલતા, કે જેહને હમે સાબીત કરી આપતા, અને અલમઝકુર હકની તરફ વલતા અને પોતાની કૌમને વાલતા.

અને જહાદમાં દુશમનોના મુકાબલાસી ભાગવું મોટા ગુનાહ છે—કે જે ગુનાહનો સાહેબ ફીલ અખેરેતો મૂખલ્લદ ફી અઝાબુન-નાર છે.

હવે જે કૌમે બુરહાનીને પોતાના રોઅસા અને ઓલોમા યે સવળાને અંધારામાં રાખ્યા છે, અને જેમ તેમ સમજાવી રાખ્યા છે, તો એ સવળા પર સીકત અને ભરોસો ના રાખે, અને યે સવળા પર વાઝ્બ કરીને, જે સાહેબુલ અમર કાએમ થયા છે તેના મુકાબલા પર લાવે.

وَاللّٰهُ يَهْدِيْ مَنْ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ۝

(سورة البقرة)

(અને ખુદા, જે શખ્સને ચાહે છે તેનજ સીરાતુલ મુસતકીમની તરફ હીદાયત આપે છે.)

આ રીસાલોનો તબ્અ મતબએ ફોર કશન પ્રેસમાં થયું છે, ફીલયવમીલ હાદી અશર મીન રબીઉલ-અવ્વલ મીન સને ૧૩૧૨ હીજરી, સલામુલ્લાહે અલા સાહેબેહા. (ઠેકાણું મેહદીબાગ શ્રી નાગપુર સીટી).

" નાસીપાસી " !

બઆદ ભાઈ, તમો કરબલાની તમસીલ આપો છો કે (લાઈન ૨૫૩ – ૨૫૬):—

" મુશકીલના વકત પોતાના જાનોનેબી ફીદાકરી દે, જે મીસલ કે કરબલાના મૈદાનમાં મૌલાના હુસૈન અલૈહીસ્સલામના ખ્વેશો અકરૂબા અને દાઅવતના લોગોએ એ આકાના કદમે મુબારક પર પોતાના સરોને કટાવી દીધા"—મગર હમારા મોહસીનો મુશરીક બુઝુર્ગ સાહેબોને લોઆમ કરો છો કે (લાઈન ૪૪—૪૬) :—

રીયાસતની ખ્વાહીશથી " જવાબ આપો હતો......મગર તેહમાં તમોને નાસીપાસી " થઈ—

તેમાં જાણો કે : કરબલાના વાકેઆમાં—કે જેને ઉબેતીદાઅસી લો— કે નબી સાહેબના ગેબતના બઆદ, મૌલાના અલી ખુશી ખુશીથી

અવ્વલને એહેદ આપવા ના ગયા, "નાસીપાસ" થઇ ઘરમાં બેઠી રહ્યા! મગર સાનીએ જબરન લઇ જઇને દાબા હાથ પર કનાઅત કીધું.

તેજ પ્રમાણે, મૌલાતેના ફાતેમત પોતાના બાગે ફદકના હકને માંગવા ખોલેફાઓના દરબારમાં ગયા, મગર "નાસીપાસ" થઇ પાછા વલા!

તેજ પ્રમાણે, મૌલાના હસનયેમી દ મદીના ખીલાફતના અમરને લઇ ચલા, મગર રીયાસતી નુફુસોના ફીતનો ફસાદથી તંગ આવીને, તે રીયાસતના સાહેબ સાથે સુલેહ કરી અને તે અમર તેને સોંપો.

તેજ પ્રમાણે, મૌલાના હુસૈન કરબલામાં હીદાયત વાસતે ગયા, મગર વહાં પોતેબી "નાસીપાસ" થયા, અને તમો જણાવો છો તે પ્રમાણે, દુનિયાની જહન્નમમાં જલતા રહ્યા, યાઅને રેત પર લાશા તડપતા રહ્યા ને એહલે બૈત બેરીદા થઇ ફરતા રહ્યા, અલી ઇબને હુસૈન તોક અને ઝંજીરમાં કૈદ થઇ ફરતા રહ્યા.

આ સઘળી આ દુનિયામાંજ—તમારા ચાહવા મુજબ—ઝીલ્લતો અને જલતું છે! કાશ, તે હાશમી ખાનદાન "ખીલાફતને" છીનવાની "હસદ" ના કરતા, તો ઇમામતના "ચીથરા" ને લઇ ફીરવાનો શોખ ના કરતા, તો આ મીસલ નેઝા ઉપર માથા મુબારક ના ફીરતુ, ને એહલે બૈત દુનિયાની નઝરમાં ના જલત!

મગર જે હક છે ને થનાર છે તેજ થયું. દેખો, "ખલીફાઓની" શેહેનશાહી અને રીયાસતની કુવ્વત અને જવાંમર્દી અને ફતેહયાબી કે તે હાશમી ખાનદાનને બીસ્માર કીધા! દેખો, તે બની ઉમય્યાના ખાનદાનયે રીયાસત કીધી, અને તે ઇસ્લામના રવૈયાએ હરામ કીધેલી ચીઝોને હલાલ કીધી! આ તેની બુલંદબખ્તી છે? આ તેની ફતેહયાબી છે?

તેજ પ્રમાણે, આજના નકશાને લો. મૌલાનલ મુકદ્દસ મલક સાહેબના ગુઝરવા બઆદ, મૌલાના વકીલ સાહેબ ખુશી ખુશી, તમારા

બદરની તાબત ના કીધી ને તેસી તમારા બદરને પોતાની કોર્ટમાં બુલાવીને એમ કહેવાની ઝરૂરત પડી કે : " જો તમો મારો ઈકરાર નહિ કરો, તો તમને તમારા તુકડા તુકડા કરીને મારો ઇકરાર કરાવા લગાવીસ, મગર તમો વકીલની ચીઝને મૂકો." તો આપયે ફરમાયુ : " શું મેં ચીમહાનાસી લઇ આયો થો ?"

તેજ "નાસીપાસી" સબબ બનો, કે તે વકીલ સાહેબના જુમલાને મરહુમ મૌલાના મલક સાહેબયે ફરમાયો થો. તે વકીલની વકાલતની ખીઝમતને લઈ ઉઠવા માટે આપને મુશકેલીઓ ખમવી પડી, કે આપને મેહદી બાગસી નીકાલવામાં આયા, દુનિયાની તંગદસ્તીનો મુકાબલો કરવો પડો, આપના અસહાબોએ પોતાની મઆશની તદબીર માટે રેતીની ગાડીઓ ને લાકડાની ગાડીઓ હાંકવી પડી.

કાશ ! જો તે વકીલના જુમલાની એહમીય્યત ના હોતી, તો તેના માટે વોહ શાહી હતી કે જે ગીરની, કપડાની દુકાન, કીરાનાની દુકાન અને ખેતી મબલગ હતી, તેમ સાહુકારીના ધણી હતા, મગર આ વકીલના જુમલાયે આ નતીજાને પહોંચાયા.

પહેલાનું તો સઘળું તેના મુસતહીકોએ લઇ લીધું. મગર બઆ-દમાંભી, તે ચીઝના ઇમદાદના પહોચાવનારા ઘણા આયા, મગર તવકકલ –તો–ઇલાહ, તે પાક ઝાતના તરફજ પોતાનો ખ્યાલ રાખી કોઈની ઇમદાદ પર ખ્યાલ ના કીધો. આજ વકાલતનીજ અસર હતી, યા તેની ખીઝમત હતી, કે તેના એવઝ આ મુશકેલીઓને ખમતા રહ્યા. હવે, આપ " નાસીપાસ " થયા, યા શું થયું તે આરેફીન જાણશે !

તે હાશમી ખાનદાનની રીયાસત ગઇ તેની " હસદમાં " ઝઝુમવું હતું, કે જેની " નાસીપાસીમાં " મુશકેલીઓને ખમતા રહ્યા, કે તે અમરે ઇલાહી હતો, કે તેને લઇને ચલવુ તાલીબે આરીફ ઉપર એહસાન કરવાની મકસદ હતી, કે તેના માટે અમરને લઇને ચલા ! ?

અને જો કદી તે ઉમ્મીદ ના હોત, તો જેમ કરબલાના વાકેઆમાં અલી અસગરને કહેવામાં આયું કે : આવો ! તમો હમારા સરદારના સગા છો, હમો તમને ઇઝઝત આપીયે, અને તમને સુબાએ મુલ્ક કરીએ, મગર તે ચીઝને કબુલ ના કીધી, અને તે "નાસીપાસીનેજ" લબયૈક કીધી.

મગર દેખો, કે "ખીલાફતની" બાદશાહી કે જે ઉમ્મીદમાં હતી તે પુરી થઈ. દીનની જમ્આતના તો અમીર બના, મગર આલમુત–તબીઅતમાંહીબી ઇઝઝત મલી, કે જે માકબલમાં નહોતી. માકબલમાં તો એક નોકરીનોજ પેશો હતો, મગર આ ઝફરયાબીમાં તો એક કૌમના અમીર બના, બાદશાહતના મુસાહેબોમાં ચુના ગયા, યાઅને ટાઇટલ હોલડર થયા, ખાનબાહદુરના ખીતાબસી સરફરાઝ થયા. ફ્રીમેશનના મેમ્બર થયા અને તેના એહેદમાં બંધાયા, ઇસ્લામયે રવાં ના રાખુ, તે ચીઝના રવાંદાર થયા. બેશક, ઝફરયાબી ઝફરયાબી છે!

હવે એજ મીસલ માઝીમાંબી જે વાકેઆત ગુઝરા, તેની ઝીકર દોઆતુલ–અકરમીનમાં (પાને ૩૫૮) નીચે મુજબ છે—તેમાં તમીઝ કરો :

"આપ સૈયદનાને (અબદુલ કાદર નજમુદ્દીનને) હીજરી ૧૨૮૩ ઇસ્વી ૧૮૬૬ માં હીઝ એકસેલનસી સર બર્ટલેરીયર, તે મુંબઇના ગવર્નર સાહેબ તરફથી પહેલા વર્ગના સરદાર તરીકેનો માનવંતો હોદ્દો આપવામાં આવ્યો હતો જે આપ નામદારે ઉપકાર સહીત કબુલ કર્યો હતો.

"અગાઉ પહેલા વર્ગના સરદારનો ઇલકાબ મી. બીનીંગ ગવર્નર તરફથી સૈયદના ઇઝઝુદ્દીન બીજા, તે ૪૪ માં દાઇ, અને સૈયદના ઝેનુદ્દીન બીજા, તે ૪૫ માં દાઇને તે હોદ્દો આપવાનું કહેવામાં આવ્યું હતું; પણ, આ બન્ને દાઇઓએ તે સ્વીકારવાની આભાર સાથે ના પાડી ને માન

સાથે કહ્યું કે અમોને દુન્યવી માનના ખીલકાબની દરકાર નથી, પણ ગવર્નમેન્ટ અમારા ભાઇઓની તરફ માયા રાખે એવી ખાહેશ છે.”

બેશક, જેવી જેની નેમ હતી તેમાંજ તે સાહેબને ઝફરયાબી થઈ !

પછી શું તે ‘ નાસીપાસી ’ નો સબબ હતો કે માઝીમાં તે સઘળા સાહેબોયેબી તે દુનિયાના માન અને મોહટાઇને કબુલ ના ફરમાયુ ? મગર ના તે સાહેબોતો તારેકુદ-દુનિયાના રોશન રાહગીરો છે, પેશવાએ દીન અને રેહમતુનલીલ-આલેમીન છે, પછી દુનિયા તો સામી આવી, મગર તે સાહેબોયે તે ઉપર નઝર ના ફરમાવી, મગર પોતાના જુદો એહસાનસી પોતાની રેહનુમાઇને હમારા પર જારી રાખી—કે જે અમલ આપ કરી ગુઝરા તે હમારા માટે સબક બની રહે—બસ.

કશ્ફી કારરવાઈ.

તમારૂ લખવું કે (લાઇન ૨૬૪—૨૬૫) :—

“ આપયે કશફી દાઅવતની કારરવાઈ કીધી. જેહની મીઆદ ૫૦ હઝાર વરસની મુકરર કીધી છે ”—

તે તમારૂ ઇકરાર કરવું છે; મગર આપયે શું માઅના ઉપર ૫૦,૦૦૦ વરસના દૌરની આગાહી આપી, તે તમે કોઈ કિતાબી દલાલતથી ઝાહેર ના કરી શકો, મગર દેખો, કુરઆનમાં આ મીસલ ઝીકર છે :

مِنَ اللّٰهِ ذِی الْمَعَارِجِ ۝ تَعْرُجُ الْمَلٰٓئِكَةُ وَالرُّوْحُ
اِلَيْهِ فِيْ يَوْمٍ كَانَ مِقْدَارُهٗ خَمْسِيْنَ اَلْفَ سَنَةٍ ۝
فَاصْبِرْ صَبْرًا جَمِيْلًا ۝ اِنَّهُمْ يَرَوْنَهٗ بَعِيْدًا ۝
وَّنَرٰىهُ قَرِيْبًا ۝ (سورة المعارج)

"ખુદા તરફ—કે જે ઉંચા દરજ્જાઓનો માલીક છે તેના તરફ—મલાએકતો અને રૂહ એક દિનમાં ચડે છે, કે જે દિનની મીકદાર ૫૦,૦૦૦ વરસની છે. પછી સબર કરો, બહેતર સબરસી, તેહકીક, તે સઘળા તે દિનને દુર દેખે છે, અને હમો દેખાએ છે તે દિનને—નઝદીક દેખાએ છે."

અને તેજ ઝમાનો 'કુન-ફયકુન' નો છે—કે જાહેલુન દેખે છે દુર અને આરેફુન દેખે છે કરીબ. જાહેલુનના માટે તે તુલ ઝમાનો છે અને આરેફુનના માટે તો—તેનો ફકત ઝમાન એક હતો—તે એક દિનની મીકદારમાં છે.

હજી હમે તમને યાદ દીલાવીએ છે કે માઝીના સાહેબએ કશ્ફી કારરવાઇ શું કીધી, તેમ તે સાહેબના આગેના સાહેબોએ કશ્ફી ઝમાનમાં શું થાસે તેની આગાહી આપી છે—યાઅને, મૌલાનલ મુકદ્દસ મલક સાહેબ મુંબઇ તશરીફ લઇ ગયા અને એક ઝુહુરની દોઆ બનાવી અને તે દોઆના બનાવનારના નામ હમારા મોહસીનો મુશફ્ફી વઝીરે આઅઝમ હસનઅલી સાહેબનું નામ આપુ, તેમ આપને અમર કીધો કે: તમો હદને કાએમ કરો!

તો આપએ શેખ અલીમોહમ્મદ ધોરીવાલા ઉજ્જૈની તથા શેખ તાહેરઅલી દાઉદભાઇને હદ્દે-કશ્ફમાં કાએમ કીધા: તેજ આ કશ્ફી કારરવાઇ છે. અને તેજ આ કશ્ફના સાહેબ છે, કે જે હદને કાએમ કીધા.

હવે દેખો, તે હુદુદએ—પોતાના અખત્યારસી નહિ, મગર પોતાના રબના અમરની પાબંદી કરવીજ પડી, અને તે પાબંદીના મુવાફીક—સર આદમજી પીરભાઇની મુંબઇની સેનેટોરીયમમાં જઇને મુલ્લા રેહમત-અલી મુબારકપુરીને ઝુહુરના અમરસી આગાહ કરવું પડ્યુ; તેજ સાહેબુલ અમરની કુવ્વત અને કુદરતનો કરીશમો છે, કે તે પોતે મજબુર થઇને તે ફેઅલને કરી ગુઝરે છે—જો કદી. અખત્યારસી કરતા, તો પોતેબી પોતાના ઝાતના માટે કોઇ મનફઆતને હાંસીલ કરતા.

હવે માઝીના સાહેબયે કશ્ફમાં શું થાસે તેની તશરીહ કિતાબોમાં બયાન ફરમાયુ છે તે નીચે મુજબ છે :

" તાવીલુઝ—ઝકાત " માં સૈયદના જાઅફર બીન મનસુરીલ-યમન ફરમાવે છે :

فَيَكُوْنَ دَوْرَهُ دَوْرَ عِلْمٍ بِلَا عَمَلٍ لِاَنَّهُ يُزِيْلُ الْاَعْمَالَ وَيُبْطِلُ الشَّرَائِعَ وَيُسْقِطُ الظَّاهِرَ وَتَكْلِيْفَهُ بِظُهُوْرِ التَّاوِيْلِ الَّذِيْ هُوَ مِنْ فِعْلِ الْقَلْبِ وَعَمَلِهِ فَيَكُوْنُ عِلْمًا مَحْضًا خَالِصًا كَخَلَصِ الذَّهَبِ وَصَفَائِهِ.

" પછી કાએમનો દૌર ઇલ્મનો દૌર છે, અમલ બગૈર, કેમ કે આપ આઅમાલને દુર કરસે અને શરીઅતોને બાતીલ કરસે, અને ઝાહેરને અને તેની તકલીફને સાકીત[2] કરસે—તાવીલના ઝાહેર થાવાના સબબ, કે જે તાવીલ દીલનું ફેઅલ છે અને તે દીલનું અમલ છે—પછી ફકત ખાલીસ ઇલ્મ રહી જાસે, ખાલીસ સુન્નાની મીસલ અને તેની સફાઇની મીસલ. "

આખીરમાં.

હવે હમોએ જે લખુ તેમાં બે ઝમાનાના ચીતારને પેશ કીધો કે : માઝીમાં દુનિયાની કુશાદગી અને ગદાગીરી કોને નશીબ થઇ, તેજ પ્રમાણે, આ ઝમાનામાંબી શાહી અને તંગદસ્તી કોને મીલી—તે આરેફુન બહેતર સમજી સકશે; હમોને એ કહેવાની ઝરૂરત નથી કે કોણ કોના મુસતહીક છે—મુનસીફ મીઝાજ ખુદ સમજી લેશે.

---

[2] દૂર

બી. ર. મો. સા.

શુક્રગુઝારી અને આરઝુ

શુક્રગુઝારી, એ રઝઝાક, તારી જનાબે અકદસમાં, પછી છે ટાલિબ મોહતાજ તારી જૂદો સખા વાસ્તે. શુક્રગુઆરી, એ મૌલા, તારી જનાબે આલીમાં, પછી કસીફનો છે તવજ્જોહ તારા ફૈઝે લટીફ વાસ્તે. શુક્રગુઝારી, એ માલિક, તારી શૈઅતના દરબારમાં, પછી છે લાશે મુશતાક તારા જલ્વએ નૂર વાસ્તે.

પછી એહસાન છે બેશુમાર વોહ એહસાનની ઝાતનું. પછી હરગાહ ઇમકાન નહિ શુક્રગુઝારીનું કરવું એક લાશે મોહતાજને. પછી અઝમતના સાહેબ છે આપ, હશમતના સાહેબ છે આપ; ગની બીને ગની છે આપ, સખી બીને સખી છે આપ; પછી ખુશબખ્તી મોહતાજની જો પહોંચે વોહ દાતારની દરબારે શૈઅતમાં.

પછી અજબ રે ખુશી ! કે નસીબ થઈ ઝિયારત વોહ નૂરના સાહેબની. પછી છે તે નૂર હાઝિરો મૌજૂદ, અને નથી કોઇ મોઝે કે મેહરૂમ રાખે તે તેની મૌજૂદગીસી.

પછી સોઆલ કરવું સઘળાનું : ' કહાં છે ઝમાનાના ઇમામ ?'— સબબ છે સઘળાના દિલોની હાલતનો. પછી જગા છે જો દિલોમાં તે નૂરના એક શોઆ વાસ્તે, પછી નહિ મેહરૂમ રાખે તે નૂર તે દિલોને પોતાની રોશનીસી. પછી છે તે નૂરના સાહેબ રેહમતની ઝાત, ફઝલો કરમના સાહેબ.

પછી તો મેહરૂમ રહેનારને મેહરૂમ રહેવાનો સબબ ખુદનો સબબ છે, અને નહિ વઝે થાય ગૈરઇન્સાફનું હોવું તે ઇન્સાફની ઝાત પર અને

સખ્તીનું રવાં થાવુ તે રેહમતની ઝાતસી. પછી છે તે સાહેબ લઈને ચલનાર હિદાયતના સિલસિલાને, પછી નવાઝિશ ફરમાવશે આપ મુસતહિકૂનને—કરશે તેના ઝરાને ઝિયાદા ને ભરશે ખાલી ઝોળીને આપની જૂદો સખાના ફૈઝસી.

પછી નઝર કરીએ અપને આ કુદરતના કિતાબમાં અને દેખીએ આ આફતાબની રોશનીને કે નહિ મેહરૂમ રાખે તે ઝમીનના કોઇબી ટબકાને પોતાની રોશનીસી મગર તાહમબી, બેશુમાર છે ટબકાઓ કે ઘેરાય ગયા સઘળા અને ધંપાય ગયા સઘળા જંગલોની ઘટાસી અને ગુફાઓના ટૂલસી અને તાલાબ અને નદીઓ અને દરિયાઓની ગેહરાઇસી. પછી આ આફતાબની રોશની રોશન છે અને માજૂદ છે, મગર દેખો, આ ટબકાઓની હાલતને, કે તે નૂરસી દૂર, રોશનીસી બેખબર અને અંધકારમાં ગરક છે.

પછી તે અંધકારનું હોવું શું વઝે થાસે વોહ રોશન આફતાબ પર, કે ના, તે અંધકારનો સબબ તે અંધકાર-પસંદ મૌજૂદાતનો ઝાતી સબબ છે, કે ઇનકાર કીધો સઘળાએ રોશનીસી અને ખડી કીધી એક આડને પોતીકા અટરાફમાં ?

પછી અમસાલમાં છે તેમજ અસલમાં છે; પછી ઝમીનોનો તેમજ ઝમીરોનો ઝાતી સબબ છે કે ઇનકાર કીધો સઘળાએ નૂરસી અને ખડી કીધી એક ખુદ્દારીની આડને, પછી બાકી રહ્યા સઘળા અંધકારમાં. મગર હીદાયતનું નૂર છે, કે સદા તે મૌજૂદ છે, પછી રોશન થાસે ઝમીરો કે મુખાટિબ થાસે તેના તરફ.

પછી અજબ ખુશનસીબી, કે કરાર પાયા અપને એક ઝમીરોના બાદશાહે-વખ્તની સરમુખત્યારીમાં. પછી નિરાકાર છે તેની મમલેકત અને નિરાકાર છે કારરવાઇ. પછી દેખે છે નિરાકાર નિરાકારને નિરાકારથી, અને નહિ કામ આવે તે મુલ્કમાં આકારની કોઇ શહાદત.

પછી દેખવું હર ચીઝને એબા એક ખ્યાલ છે. પછી સેવે છે તે ખ્યાલને હર કસો–નાકિસ, મગર ગોતું ખાય જાય છે તેની દેખભાળમાં. પછી દેખવા દેખવામાંબી તફાવત છે ઝમીનો–આસમાનનો. પછી લઇએ અપને તમસીલને અને મિલાવીએ એક મુકાબલાને કે ગવાહી આપી તવારીખયે કે તે બેવે અશરફુલ-મખલુકાત છે અને બેવેની બીનાઇ છે સહીયો-સાલિમ. પછી એક છે તેમાંહી, કે તે દરિઆની તેહતમાંહી ડૂબકી મારે છે અને લાવે છે અનમોલ મોતીઓના સીપોને, મગર બીજો છે, કે તેનાજ નઝદીક તેની કીમત છે, તેની કદર છે.

પછી દેખો વોહ શખ્સને કે પોતે પોતાની ઝાત પર મેહનતો મશકત ઉઠાવે છે અને દરિઆની તેહતમાંસી ઝમીનની પીઠ ઉપર મોતીઓને લાવે છે, અને સબબ બને છે તે જોહરને પેશ કરવાનો તેના ચાહનારાઓ નઝદીક—પછી તે તેના એવઝમાં શું ચીઝને કબુલ કરે છે?

પછી લિખે છે લિખનારાઓ કે તે અશરફુલ—મખલૂકાતના દાઅવેદાર વોહ હમજીન્સ મખલૂકાતના મુલ્કમાંહી કાંચના આયનાઓને અને તેની મુનાસેબતની ચીઝોને લઇ સફર કરતા હતા, અને તેજ સઘળી ચીઝો હતી કે નિહાયત ખુશીના સાથ તે મોતીઓના મુબાદેલામાં કબુલ કરવામાં આવી.

પછી દેખો આ ઇન્સાનોને, કે તે બેવેના નઝદીક તે દાણાઓને દેખવું ઇમકાન થયું. પછી તેમાંહી એક છે કે દેખે છે તેના આકારને, મગર તેના જોહરને દેખવું તેને ઇમકાન ના થયું. મગર બીજો છે કે તે તેમાંહી તેનાં જોહરને પરખે છે, પછી તેનાજ નઝદીક તેની આઅલા કદર છે.

પછી આ આલમે કસીફમાંહીબી દેખવા દેખવામાં એક સમજનો તફાવત પડી ગયો, પછી વોહ આલમે લટીફમાંહી તો આ કસીફ બીનાઇનું કામ નથી, કોઇ ઠામ નથી.

મગર ઐન સઆદત આ નાચીઝ મમલૂકોની કે તે આલમે દકીકના માલિકો મૌલા વોહ હિલ્મ અને રેહમતની ઝાત છે કે આપના એહસાનો ઈશ્ફાકની કોઈ હદ નથી, કોઇ શુમાર નથી. પછી તે મોહસિનો મુશફીકનું ચાહવું છે- પછી તે મુતબર્રિક ફૈઝનું જારી થાવુ છે—પછી બસ, તે અપના ઝરાને ઝિયાદા કરી આપશે.

પછી તે લટીફ બીનાઈ છે મુસતહિકૂન વાસ્તે, કે નહિ નસીબ થાય તે બીનાઈ જો નહિ હોય શામીલે-હાલ તેમાંહી ઈશ્ફાકો રેહમત વોહ આલમે ઉલવિય્યતના સાહેબની. પછી નથી કોઈ હદ અને નથી કોઈ બંદિશ કે રોકે તેની રફતારને સૈર કરવા થકી વોહ આલમે લટીફમાંહી. પછી ખુશી છે અજીબો-ગરીબ—લટીફો-દકીક.

પછી શુક્રગુઝારી, ઐ મૌલા! કશ્ફ ફરમાયો આપયે રાસ્તાને: પછી જાવુ છે આલમે શૈઅતમાં, પછી થાવુ છે લાશૈ: પછી મિલવું છે પિયાસી, પછી લેવી છે ફકીરી; પછી મિલાવી છે કુરબત હકીકી ઇન્સાનસી, પછી મીટાવી છે અપની સીરતે હૈવાનીયા. પછી મીટાવીએ ઐ મૌલા, હમારૂ ખુશ થાવુ; પછી બાકી રહે ઇશતિયાક: શું છે આપનું ખુશ થાવુ!

પછી નુકસાન છે ખતરનાક વોહ મૂઝી મખલુકાત વાસ્તે કે વાકેઅ થયા અંધકારમાં અને આમાદા થયા અઝિય્યત ઉપર વોહ ઇન્સાને હકીકીની રોશન રેહનુમાઇમાંહી, અને દખલગીર થયા તે સાહેબના કાફલાની મઝિલે મકસૂદમાંહી.

પછી કદમ છે તે કાફલાનો મઝિલને તેહ કરવા ઉપર; પછી દાખિલ થયો તે કાફલો બયાબાન ટબકાઓમાંહી કે પાત્ય છે આબાદી મુનતઝિર ઇન્સાનોની. પછી કસીફ છે તે ઇન્સાનો અને નાકેસૂન છે તે ઇન્સાનો, મગર મુશતાક છે સઘળા ચલવા પર, કે શામીલ થયા તે કાફલામાંહી.

પછી બીજી બી મખલૂકાત છે કે મુકીમ છે તે ઝમીનમાંહી. પછી મુતફર્રિક થઈ તેની મુનાસેબત વોહ કાફલાના ચલનારાઓસી, કે નથી

થાતુ ઇરિફાન તેને આ સફરની હાલતનું. પછી નાગવારા ગુઝરૂ તેને તે કાફલાનું ગુઝર કરવું અને પરેશાની થઈ તેને તેની ઝાતી એકરારીસી, પછી બરપા કીધો એક શોરોગુલને, કે હતું તે તેના ઇમકાનમાંહી.

મગર હમદર્દી ફરમાવી વોહ સરદારે કારવાંયે તે નાહક પરેશાની પર અને તહમ્મુલ ફરમાયુ આપયે તેની અઝિય્યત પર; મગર નાહમબી, બાકી રહી વોહ મખલૂકાત અપની તબીઅત પર. પછી સફર કરી ગુઝરો તે કાફલો તેની હદના બાહેર, કે વલી ગઇ વોહ મખલૂકાત પોતાની અનસતની તરફ.

પછી દેખીએ, આ અઝિય્યતના પહોંચાવનારને અને દેખીએ, વોહ મંઝિલે મકસૂદના ચલનારને, કે એવે છે પૈદાઇશ ખુદાની; પછી એકની સીરત હૈવાની સીરત છે અને બીજાની—કે અઝમ છે તે હાસિલ કરવા પર ઇન્સાની સીરતને.

પછી વોહ સરદારે કારવાં છે—કે આપ આપના ફઝલો કરમ વદલિક લઇને ચલનાર છે અમરે ઇલાહીને અને બાકીના રાખનાર છે વોહ રોશન હિદાયતોનો સિલસિલો. પછી વોહ કાફલો—કે તે દાઅવતે હાદિયાનો કાફલો છે—પછી તે હમેશા ફૈઝે બાકિય્યા પર પલનાર છે, જો ચલનાર છે.

પછી આલમે રૂહાનીની વોહ મુકદ્દસ હસ્તીઓ છે, કે નઝર આવે છે તે હસ્તીઓ ઇન્સાની સૂરતમાં, અને આ મુઝિર મખલૂકાતબી છે—કે તે દીનના દુશ્મનો છે—કે દિખે છે તેબી ઇન્સાની કાલીબમાં! પછી હરએક ઇન્સાન શું ઇન્સાન છે? મગર ના; તે ફક્ત દેખાય છે તે સૂરતમાંહી. પછી હકીકી ઇન્સાન તો વોહ ઇન્સાન છે કે જે તેની સૂરત છે, તે તેની સીરત છે; વર્ના બાકી હૈવાનો છે, કે નઝર આવે છે સઘળા ઇન્સાની કાલિબમાં, મગર તેની ખ્વાહિશાત મબની છે હૈવાની સીરત ઉપર.

પછી દેખીએ છે આ દુનિયાનાબી નિઝામમાંહી કે ગુનેહગારોના માટે કૈદની સઝા છે. પછી મુખતલિફ છે તેની કિસ્મો, કે તે આસાની અને સખ્તી, દરજાઓ અને મુદ્દતો છે. પછી તેજ પ્રમાણે, આ મજબૂરીનું આલમબી છે, કે કિસ્મતદાર થયું મુતફરરિક સૂરતોમાંહી—કે ગિરફતાર છે તે સૂરતો માઅદિન્યાતમાંહી અને નબાતાતમાંહી અને હૈવાનાતમાંહી, અને મુકર્રર છે તેની મુદ્દતો.

પછી આ આલમને છુડાવનાર વોહ એહસાનો કરમની હસ્તીઓને મુઝિર થાનારનો હશરબી વોહ ઇન્સાફનો દિન છે- કે સઝા દેવરવવાસે તે વોહ અઝાબસી—કે ઉહસે તે તેની સૂરતમાંહી અને ગિરફતાર થાસે એક ચકરાવામાંહી એક મુદ્દતોના અરસા તક—કે મુકર્રર કરવામાં આયુ તે અઝાબ તેની સીરતના મુટાબિક.

પછી શું છે કૈદે–હયાત આ ઇન્સાની કાલિબમાં? પછી છે તે ટબકાઓમાંસી એક ટબકો, કે બખ્શે છે મૌકો દુરૂસ્તગીના માટે. પછી છે ટબકાઓ બેહિસાબ; પછી છે સઘળા એક દવ્વારના ચકરાવામાંહી. પછી ફિરે છે મખ્લૂકાત તે ચકરાવામાંહી.

પછી મૌકુફ કરવું છે તે ફિરવુ કે નેમ છે હિદાયતોની. પછી તશરીફ લાવે છે હાદી હુદાત તે નેમને સમજાવવા માટે, કે સબબ બને છે કાએમ થાવાનો વોહ આઅલા ઇલ્લીય્યીનને આ આલમે ફસાદમાંહી.

પછી લટીફ છે તે સઘળા કે મિલે છે આ કસીફમાંહી, તો નુમૂદમાં આવે છે એક નવી સૂરત. પછી તે તેનું એન એહસાન છે. પછી એજ મિસલ બને છે હર દોરના ઇબતિદામાંહી.

પછી એક ગહુંનો દાણો છે કે તેમાં વોહ કુવ્વત છે, કે ખેંચે છે તે એક કસીફ માદ્દાને ઝમીનની તેહતમાંસી. પછી તે કુવ્વત છે કે નથી તે આકારમાં, મગર વોહ દાણો છે, કે છે તે એક આકારમાંહી. પછી તે તેનું જીસ્મ છે, કે મિલે છે તે માદ્દામાંહી.

પછી નહિ ઈમકાન થાય બનવું એક નવી સૂરતનું, જો નહિ તૈયાર થાય એક કુવ્વત હરકત કરવાને એક આકારની સૂરતમાંહી, યા નહી જમાઅ થાય એક આકાર તે નિરાકારના અટરાફમાંહી. પછી તે મૂકવું છે અપની અપની હાલતોને; પછી કામિલ હતુ ઈતમિનાન તે હાલતોમાંહી, મગર બસ, ખર્ચ કરી દેવું છે અપની ખુદની ઝાતને એક પૈદા કરવાની રાહમાંહી, પછી બેશક, તે તે સઘળાનું એહસાન છે, ઇશ્ફાક છે.

પછી કુવ્વત છે કે અખત્યાર કીધું એક જીસ્મને, અને અરબા અનાસીર હતા કે જમાઅ થયા તે જીસ્મમાંહી. પછી ઇબિતિદા થઇ એક કારરવાઈની. પછી દાખિલ થયા સગળા એક ઝમીનોના તેહતમાંહી. પછી શુરૂઅ થાય છે ખેચવુ તે કસીફ માદ્દાઓનું. પછી બસ, તે, તે સઘળાનુ એહસાનજ છે.

પછી એજ મિસલ બને છે આ રોઝે રોશનમાં, આ દૌરે કશ્ફના ઇબતિદામાંહી. પછી છે તે ઇબિતિદાના સાહેબો વોહ બુલંદીના સાહેબો, વોહ બુઝુર્ગીની હસ્તીઓ, કે ફેરવું છે તે સાહેબોનું હમેશાના હાલે એક ઇતમિનાનના આલમમાં, ઇસતિકલાલના મકાનમાંહી. પછી નહોતી ઝરૂરત કોઇબી અમલની અપના આપના વાસ્તે, કે હતી તે હસ્તીઓ ખુદ પાક હતી, ખુદ સાફ હતી.

પછી છે વોહ પાક હસ્તીઓ અપના મોહસિનો મુશ્ફીક બુઝુર્ગ શેહેનશાહોની, કે તે સાહેબોયે આપના લુટફો કરમના નિહાયત વદલિક શુરૂઅ કીધી એક દાઅવતની કારરવાઇને. પછી હિદાયતના મુસતહિકૂન માટે, બસ, એક પોતીકા જૂદો કરમનોજ સબબ હતો, કે જારી અને સારી ફરમાયો તે અઝમતો હશમતના સાહેબોયે આ હિદાયતે પાકનો સિલસિલો. પછી બાકી રહી આ હિદાયતની નેહેર, કે સૈરાબ થાય હર મુસતહિક હર ઝમાનમાં તે બકાવંતા ઝીંદા પાણીસી અને હાસિલ કરે હયને વોહ આલમે બકામાંહી.

પછી ખર્ચ કરી દીધું તે શરીફો રહીમ હસ્તીઓયે આપના એક લુટફો કરમના ભંડારને અને નવાઝિશ ફરમાયા મુસતહિકૂનને તે બકાવંતા ખઝાનાઓસી.

પછી પૈદા કીધી એક નવી સૂરતને વોહ હાલતમાંહી કે ખંખેરી નાખુ આપયે હર કુશાદગીની ઠંદકને, મગર ફરમાયુ એક સબરે અઝીમને એક ટૂલો ટવીલ અરસા તક ઝમાનાની હર સખ્તી અને બેહુર્મતી પર, હર ગિરદિશો મુશ્કિલાત, હર તંગી અને ઇફ્લાસ, હર ઝુલ્મો સિતમ અને અઝિય્યત ઉપર, આપની ઝવાતે પાક પર આપની ઝીંદગીઓના પૂરા અય્યામ તક.

પછી તે, વોહ મોઅજ્જીઝ કુદરતો કરામતનોજ સબબ હતો, કે સાબેરીન અને મઝલૂમીનની હાલતમાંહી, જારી અને બાકી ફરમાયો તે એહસાનોના ધણીઓયે આપના એહસાનોના વઝીરાને તે હિદાયતે પાકની રાહમાંહી. પછી ઇતમિનાનો ઇસંતિકલાલમાંહી રહ્યા આપ આપના ચીઝ ઉપર અને ગાળી નાખી આપની ઝવાતે પાકને, ખુશો ખુર્રમ રેહતાના હાલે આપના માઅબૂદે હકીકીના હમ્દો સનામાંહી.

પછી નથી મકદૂર અને નથી મિકદાર આ કસીફ મઆદાની કે અદા કરી શકે પોતાની વાજેબાતમાંહી પોતાની શુક્રગુઝારીને એક ઝર્રાહનીબી મિકદારમાં, વોહ બુઝુર્ગો બુલંદ શેહેનશાહ સાહેબોની જનાબે અકદસમાં, કે રવાં ફરમાયા આપયે આપના લુટફો કરમના નિહાયતને, તાકે, વોહ માદ્દો કે તયાર છે તે ખેંચાવાને, પછી ઇમકાન થાય તેનુ ખેંચાવું તેના ખેંચનારની તરફ, અને તરક્કી પાતો રહે તે મુવાફેકત અને હમખ્યાલીની હાલતમાંહી, તાકે પહોંચે વોહ ફજોના તબકાને, પછી પૂરી થાય તે પૈદાના કરનારની નેમ અને નુમૂદમાં આવે ઇનતિહામાંહી વહોજ નિરાકારો નિરંજન કુવ્વત, કે હતી તે બુન્યાદમાંહી.

પછી અરઝ કરીએ છે હમે બાઅદબો એહતેરામ લાખ લાખ શુક્રના સજદાતને હમારી અદના વાજેબાતમાંહી વોહ મોહસિનો મુશ્ફીક

બુઝુર્ગ શેહેનશાહ સાહેબોની જનાબે અકદસમાં, કબુલ રખવાની ઇલ્તિજા કરતાના હાલે, આપના લુટફો કરમ અને એહસાનો ઇશ્ફાકસી.

પછી ખુશનસીબ છે સઘળા કે શામીલ થયા એક મુતમઇન કાફલામાંહી, કે બાકી રહ્યો ચલવા ઉપર. પછી ચઢનાર છે સઘળા—વોહ હશમી સરદારના સાયામાંહી—એક ઉલવિય્યતની મૌઝે પર, કે પહોંચાવશે તે ઇસતિકલાલના મકાનમાંહી.

પછી નવાઝિશ ફરમાયા અપને અપના મૌલાયે આપની રેહમતના બારિશસી. પછી જઝબ કીધું અપને અપની અદના હેસીઅતના મુવાફિક. પછી ચાલ્યું વોહ કાદિરો મુટલક સવારયે કમઝોર સવારીને. પછી કોશિશ કીધી ઇઝહારે ઝમીર કરવાની આપનીજ યારી અને રેહમતના સબબ. પછી નથી કંઇબી અપની ઝાતસી, મગર અપના મૌલાનાજ એહસાનસી—સિવાયે કુસૂરો નુકસના, કે છે તે અપની કસાફતોની આડના સબબ.

પછી શુક્રગુઝારી, ઐ મૌલા, આપની દરબારે શૈઅતમાં કે મુશરરફ ફરમાવી આપયે લાશૈ સવારીને. પછી રૂજુ થઇએ છે આપની રેહમતના દરબારમાંહી, મોઆફી ટલબ કરતાના હાલે હમારી કમઝોરીની અને કુસૂરોની અને ઇલ્તિજા કરીએ છે આપની યારી અને કુવ્વત વાસ્તે કે ચલીએ હમે હમારી મંઝિલે મકસૂદ પર, આપના સાયામાંહી, અપના ઇશ્ફાકો એહસાનનાજ સબબ.

પછી અજબ છે એહસાન વોહ એહસાનની ઝાતનું કે તહમ્મુલ ફરમાયુ આપયે અઝદાદોની અઝીય્યત ઉપર. પછી માલિકો મૌલા છે આપ દીનો દુનિયાના, પછી શું છે સબબ કે ઢીલા મૂકે છે આપ દીનના દુશ્મનોને ?

પછી નેમ છે તે સાહેબની હિદાયતના સિલસિલાને મોહકમ કરવાની, નહિ કે રિયાસતના. પછી તે આપનું એહસાન છે. વર્ના,

પાક છે અને સાફ છે તે મુબારક હસ્તીઓ, પછી શું છે સબબ કે તશરીફ લાવે છે આપ આ આલમે ફસાદમાંહી ?

પછી હાદી હુદાત વોહ ઇશ્ફાકો રેહમતની ઝાત છે, કે ડૂબી હુઇ મખલૂકના આપ મોહસીનો તારનહાર છે; પછી ફરમાવે છે આપ તહમ્મુલ પોતાની સબરે અઝીમની કૂવ્વતસી. બેશક, રંજૂર છે આપ નાકિસો નાદાન સમજેસી અને એહની નાજાએઝ હરકતોસી, અને આગાહ છે આપ દુશ્મનોને દીનના બારીકમાં બારીક મકરો ફરેબસી. પછી માહેર છે આપ આ આલમે અજરામો અજસામના ચકરાવાના ભેદસી, અને જાણુકાર છે આપ તે દવ્વારના કાનૂનો કુદરતની હિકમતસી. પછી રોશન છે ઇલ્મ આપના નઝદીક હરએક ખૈરો શરનું અને તેની જઝાનું અને સઝાનું હર ઝર્રાહ ઝર્રાહ.

પછી મજબૂર છે હર દુશ્મને દીન તે જઝા અને સઝાના કાનૂનની કૈદમાં. પછી ફિરસે તે તેના ચકરાવામાંહી મુદ્દતોના અરસા તક, અને લેહેકવું એક શમ્મા બરાબર તેની જેહેતો હદ થકી, પછી તે તેની કોશિશ થકી દૂર અને અખત્યારના બાહેર છે.

મગર ફૌક છે અને બુલંદ છે વોહ શૈઅતના સાહેબ આ કાનૂને કુદરતના દવ્વાર થકી. પછી તે હસ્તીઓ છે કે પાક છે અને સાફ છે અને કાદિરો મુટલક છે તે કાનૂને કુદરત પર. પછી આપજ છે કે માલિક છે અને મૌલા છે, આકા છે અને રબ છે, અને આપનું જે ચાહવું છે, પછી કુદરત મજબૂર છે.

પછી તે હસ્તીઓનીજ હશમતો અઝમતની મુબારક શાન છે કે દીનો દુનિયાના માલિક હોતાના હાલેબી, નથી દખલ ફરમાવતા આપ તે જઝા અને સઝાના કુદરતો કાનૂનમાં, અને અરહમુર-રાહેમીન હોતાના હાલે અને રેહમતુનલિલ-આલમીન હોતાના હાલેબી અખત્યાર ફરમાવે છે આપ સબિરો મઝલૂમ થઇને રેહવાનું આ આલમે ફસાદમાંહી, તાકે સબક બને, જે કે અમલ થયું, વોહ આલમે ઇસતેહકાકમાંહી. પછી, એ મૌલા ! તારી કુદરત ન્યારી છે, બેહદ પ્યારી છે !

પછી ઝાલિમ અને મઝલૂમના કિસ્સામાંહીબી દેખીએ, કે નબી આદમસી લઈને કે આજ તકના ઝમાનમાંહી, ઝુલ્મ ઉપર આમાદા કોન થયું, ને સબર પર લાઝિમ કોન રહ્યું ?

મગર પછી, જે કે નેમ છે તે નેમના ખાતર, અગર આપનું ચાહવું છે, પછી આમેલૂન થાસે હર કૂવ્વતો કુદરત આપનાજ ચાહવા મુવાફિક. પછી જે કે મુખાલેફીન છે કે આડે આવનાર છે, પછી ઢીલા મૂકશે આપ, જીવારે ચાહસે આપ, અને પકડશે આપ, જીવારે ચાહસે આપ—પછી તે આપનો અખત્યાર છે. પછી એજ મિસલ, અગર ચાહસે આપ, પછી મગફેરત પાસે સઘળા કે ખુફ્રના કરનાર છે અને નવાઝિશ થાસે સઘળા કે ખુશૂના કરનાર છે—પછી તેબી આપનો અખત્યાર છે.

પછી એક ઝમાન હતો કે સબર ફરમાયુ આપયે—સતર ફરમાયુ આપયે. પછી એક ઝમાન છે કે હિસાબ થાસે અને ઇન્સાફ થાસે અને લઇ આવશે હરએક અપના આમાલનામા અપના હાથમાંહી. પછી કાદિરો મુટલક છે આપ હર કૂવ્વતો કારોબાર ઉપર અને માલિકો મુખતાર છે આપ હર અશ્યા ઉપર. પછી દેસે જઝા તે સાહેબ અને દેસે સઝા તે સાહેબ. પછી નિરાળા છે આપના તરીક અને નિરાળી છે આપની કારરવાઈ, પછી નિરંજન છે અને નિરાકાર છે આપની કુદરતો કરામત. પછી મુશકિલો મહાલ થયું જાણવું અને સમજવું તે કારરવાઇમાંહી.

પછી શુક્રગુઝારી, ઐ મૌલા, કે જમ્આ કીધો આપયે આ ભૂલેલા કાફલાને આપની રેહમતભરી ઠંડી છાંઉમાંહી. પછી તૌફીક અતા ફરમાવીએ, ઐ મૌલા, કે ના ગાલિબ આવે હમારા દિલો પર હમારી કાયરતા અને ના મુકીમ થઈ જઈએ કોઈ એક મૌઝે પર તે મૌઝેની અનસતસી, અને ના ભૂલી જઈએ આગે ચલવું હમારી મંઝિલે મકસૂદ પર.

પછી આરઝૂ છે, ઐ મૌલા, કે કવી થઈએ હમે આપની યારી અને તૌફીક વદલિક અને આપના એહસાનનાજ સબબ, કે રહીએ

હમે જેમ ચાહો આપ, ને રહીએ હમે જેમ રાખો આપ. પછી તપાવીએ એ મૌલા, ગર ચાહો આપ, મુશ્કિલોની તાવાનમાં, કે ફતેહ-યાબ થઇએ ઇમતેહાનમાં.

પછી ઇરશાદ ફરમાયુ વોહ હિકમતના સાહેબએ કે જહો જેહેદ છે તે નફસાનિયતને મીટાવાની મફહૂમે હકીકતમાંહી. પછી છે તે જહાદ અકબરી કે કહેવામાં આયું કે આવશે તે એક ઝમાનમાં, કે પહોચનવાયો કિયામતસી, કે ઊઠશે એક સાઅતમાં મુરદાઓ તેની કબરોસી.

અને હજી ઇરશાદ ફરમાયુ વોહ મુરશીદ મૌલાયે કે છે તે ઝમાન સઆદતનો ઝમાન કે બેદાર થાસે સઆદતમંદ પોતાની ગફલતસી. પછી રોશન થાસે ઝમીરો કે ખાલી થાસે ઝુલ્મતસી. પછી મુશ્કિલ છે તે જહાદ, કે છે તે નિરાકાર અને છે તે નિરાકારની અને છે તે નિરાકારથી. પછી મોટી છે તે જહાદ કે છે તે હર લેહઝા અને છે તે હર ઘડી, તાહટ કે ફતેહ થાય લટિફ ઝિંદીયત ઉપર, કે છે તે હમલવર કુરબતની હાલત-માંહી, અને નસીબ થાય ચઢવું બુલંદી ઉપર, કે છે તે નિરંજન અને ઇકલીમે કમાલમાંહી.

પછી ખઝાનો છે બકાનો કે બક્ષો વોહ સાહેબને, કે હિદાયત દેશે આપ જેને કે ચાહસે આપ. પછી મુસતહિક થાવુ વોહ ફૈઝના, થાસે આપની ખુશીસી. પછી મિલાવુ તે ખુશીને, થાસે વોહ મોહ-બ્બતસી, કે મુશતાક થાસે આમેલૂન અમલ ઉપર કે મુવાફિક હોય તે અમલ આપની ખુશીના. પછી વાજીબ છે ટાલિબને કે શિતાબી કરે તે અમલમાં.

પછી વિખેરે છે આપ આકારમાં ને વિખેરે છે નિરાકારમાં, આપના ઇરફાકો એહસાનના સબબ, એક ટૂલ અરસાસી. પછી લાયક છે ચલનારને કે કમરબસ્તા થાય જહોજેહેદ ઉપર કે આવે તે સબક પોતીકા અમલમાં.

પછી સફર દૂર દરાઝ છે અને ચલવું વાગ્યું બાકી છે. પછી આરઝૂ છે ઐ મૌલા, આપની ઇમિદાદની, કે નહિ થાય ચલવું, મગર આપની ખુશી—આપની નઝરાતસી.

પછી નથી કોઇ મુસતહિક મગર વોહ મોહસિનના એહસાનસી. પછી નથી અમસાલ, મગર તેનું અસલ છે, અને નથી કોઇ શરીઅત મગર તે શરીઅતના સાહેબ. પછી ઇબાદતોનો મફહૂમ—પછી તે મિલાવુ છે વોહ ખુશીને, કે રોશન થાસે ઝમીરો વોહ નઝરાતની બરકાતસી.

પછી કાદિર છે તે ઝાતે પાક ને મજમાએ છે તે ઝાતે પાક હર એક સિફાતના. પછી ઇઝહાર કરવું ને કલમબંદ કરવું તે સિફાતને એક ઝર્રોહનીબી મિકદારમાં, પછી નામુમકિન છે તે લુગતમાંહી. પછી નિરંજન છે તે ઝાતે પાક ને નિરાકાર છે તે ઝાતે પાક, અને મુમકિન નહિ થાય કે આવે તેની સિફાત કોઇ જેહેતની કૈદમાંહી. પછી લુગત બી એક કૈદ છે કે કોશિશ થઇ કહેનારની અપની ઇઝહારે ઝમીરને પેશ કરવાની એક લુગતની બંદિશમાંહી.

પછી નહિ બસ થાય અદાયે શુક્રે નેઅમત કોઇબી મિકદારમાં વોહ રૂહાનિયતના કુલ વાસ્તે—કે કેમ શુક્ર થઇ શકે, હમારા વોહ મૌલાના અઝહદ એહસાનોનું! પછી અર્ઝ કરે છે આ જુઝ અપના લોહ અને મોહબ્બતને અને ઇલિતજા કરે છે ખુઝૂસી, ખુલૂસસી, વોહ ખુશીની પાક બરકાત વાસ્તે કે મીટી જાય આ નફસાનિયતના ઝુલ્માત તે બરકાતના નૂરસી.

પછી તમન્ના છે બસ, આ રૂહાનિયતને વોહ રૂહાનિયતસી મિલવાની—આ જુઝને વોહ કુલસી મિલવાની–અને ના હોય હાયલ દરમ્યાનમાંહી નફસાનિયતના પરદાઓ!

પછી શુમાર નથી વોહ એહસાનોના બારિશની નવાઝિશનો કે વરસાયો તે બારિશને વોહ એહસાનની ઝાતયે. પછી નિરાકાર છે કુલ

ને નિરાકાર છે ઝુઝ, ને નિરાકાર છે મેહસૂસાત વોહ એહસાનોના બારિશનો. પછી મુશ્કિલો મહાલ થયું આ નાકેસૂન મજમાઅને ઇતની માઅરેફતને હાસિલ કરવું.

પછી થયું જે બી થયું અપના માલિકની યારી અને કુવ્વતસાજ થયું—અને આપના એહસાનો ઇશ્ફાકના બરકાતના સબબ. મગર કુસૂરો નુકસ કે આમેઝ છે આ અઝમમાંહી, પછી સબબ છે તે અપની નફ્સાનિયતની આડનો. પછી મોઆફી ટલબ કરીએ છે હમે, ઐ હમારા મૌલા, કબૂલ રખવવાની ઉમ્મીદ કરતાના હાલે આપની દરબારે રેહમતમાંહી, અને અર્ઝ કરીએ છે હમે હમારા આ અઝમને—સાથ સજદાતના, હમારી શુક્રગુઝારીમાંહી, હમારી હકગુઝારીમાંહી—કબૂલ રખવવાની ઉમ્મીદ કરતાના હાલે આપની જનાબે અકદસમાં, આપના લુટફો એહસાનસી, આપના મેહરો ઇશ્ફાકસી.

ઇઝાફો

પાને ૨૯, લાઇન ૯ પછી નીચે મુજબ વધારો કરી વાંચવું :

અને "શનીવારના દિન"ની તશરીહ સૈયદના કાઝીનનોઅમાન (આ૦ કુ૦) આપના કીતાબ તાવીલુદદઆએમની પેહલી જીલ્દની દસમી મજલીસમા આ મિસલ ફરમાવે છે :

"અને શનીવારના દિનનુ મસલ કાએમુલ કીયામા (સ૦અ૦) નુ મસલ છે."

પાને ૩૬ લાઇન ૨૨ પછી નીચે મુજબ વધારો કરી વાંચવું :

યહાંકન ઇરાદના કરનારનું ઇરાદ કરવું કે : હમો હમેશા ખુદા અને ખુદાના નબી (સ૦અ૦) અને સઘલી આઅલા હસ્તીઓના પાક કલામોને મુકાબલો મીલાવવા વાસ્તે પેશ કરીએ છે, તેમાં જાણવું જોઇએ કે અપના માઝીના હાદી હુદાતો અને મોહસીનોનોભી એજ રવૈયો રહ્યો. સુલેમાનના વાકેઆમાં દેખો, કે સૈયદના દાઉદ બીન કુતુબશાહ (આ૦ કુ૦) આપના અમલને ઉપરનીજ કુરઆનની આયતના મુંતાબીક ઝાહેર કરે છે, કે જેનુ બયાન 'મોસમે-બહાર' જીલ્દ ત્રીજી, પાને ૧૯૪ ઉપર આ મિસલ છે :

"ઝેહરાને દાઉદ બીન કુતુબયે કહ્યુ કે એ ઝેહરા મેં સુલેમાનને યમનની વલાયતસી અઝલ કરૂં છું; ખુદાતઆલાનો કૌલ કે : 'વમા-કુનતો મુત્તકેઝલમોઝેલ્લીના અદોદા,' પર સુલેમાનના બાબમાંહી અમલ કરૂં છું."

પાને ૬૨ લાઈન ૧૫ પછી નીચે મુજબ વધારો કરી વાંચવું :

હવે આ જુવાબમાં તેઓ માટે દેખવુ છે અને ગૌર કરવું છે કે જેઓ આજકાલ આ હદીસ મુબારકના માનનારાઓનો દાઅવો કરતાના હાલે અને માઝી સાહેબોના કોલને સહી માનતાના હાલે, એમ કહે છે કે હજી તો તુલ ઝમાન ગુઝરવાનો છે અને ૧૦૦ ઈમામો થાસે પછી ઝુહુર થાસે વિગેરે, તો પછી શું નોહતુ ઈમકાન અને આસાન સૈયદના (આ૦ કુ૦) ને તે મુજબ ફરમાવવું, બજાયે આ મિસલ કે: "ઉકશેશના !"—"દારો ગીનોજ બઈ છે ના !"

આ "ઝમીમા" ખાસ અતબાએ મલક વકીલ માટે છે

ઝમીમએ કિતાબ—

"જવાબુલ-જવાબ."

તસનીફ મીન-જાનિબ વલીયુઝ-ઝમાન સાહેબના અદના મમલુકો

મોહમ્મદ જાફર ઈસાભાઇ તપયા

તૈયબજી અબદુલહુસેન રેશમવાલા

અમીરૂદ્દીન સીરાજુદ્દીન વાસી

તૈયબી અલીભાઇ અમીરૂદ્દીન

અમીર ફીદાઅલી વારાવાલા

હિન્દ પ્રિન્ટીંગ વર્કસ, ગિરગામ, મુંબઈ.

મુદ્રક અને પ્રકાશક :
જયવંત મોરેશ્વર માહીમકર, બી. એ.,
હિન્દ પ્રિન્ટીંગ વર્કસ, રાજબાગ સ્ટેટ, ગિરગામ મુંબઈ.

બી. ર. મો. સા.

હમોને મેહદીબાગ તરફથી તા. ૩૦-૮-૧૯૪૪ નો જે જવાબ મલો—કે જેની કોપી હમોએ કિતાબ 'જવાબુલ-જવાબ'માં પ્રગટ કીધી છે—તેમાં એક ફકરો (લાઇન ૨૨૪-૨૨૭) આ મુજબ છે:

"સાહેબુલ-હકયે અબનાઓને પોતાના કદમો ઉપર ખરા રહી પોતાની કુતબશરી અને ગુઝરાન કરવા અર્થે જુદા કીધા છે નહી કે દાઅવતે-હકથી જુદા કીધા છે. તેહમાં પણ હીકમત સમાએલી છે કે જે એક અરસા પછી ખુલશે"—

હવે ભાઇ, તમે આ તમારા ફેએલને સહી કરવા માટે તમસીલો લઇને, "તેમાં હીકમત સમાએલી છે" એમ સમજી, સમજાવીને, દિલને તસકીન દિલાવાની કોશિશ કરી રહ્યા છો, મગર, મૌલાનલ મુકદ્દસ મલક શેહેનશાહ સાહેબની જે કારરવાઇ થઇ, અને તેમાં સમજ ના પડવાસી, મુખાલેફીનનો જે આ લોમ

છે કે: પોતાની મકસદ લોકોના માલ અને ઝરને જમ્આ કરવા પર હતી—તેનો તો કોઈ ખુલાસો તમો ના કરી શકા.

પછી હકના સાહેબોસી, ઝાહેરી વેહવારમાંબી તે પાક હસ્તીઓની શું નેમ રહી, તેની ઝિકરને હમોએ 'જવાબુલ-જવાબ'માં પેશ કીધી, તે તમો "નેમ"ના પ્રકરણમાં—પાને ૧૨૭-૧૩૨ ઉપર—દેખી શકશો. પછી મરહૂમ મૌલાનલ મુકદ્દસ સાહેબની જે કારરવાઇ થઇ, પછી તેનો શું સબબ છે—તે ઝિકરને હમો આ સાથે પેશ કરીએ છે, કે તે કિતાબ 'જવાબુલ-જવાબ'માં જોડીને, નીચે મુજબ પઢી લેજો.

ઉતારો— "જવાબુલ-જવાબ", પાને ૧૩૧ પેરેગ્રાફ બીજો

"હવે દેખો, જે મીસલ તમોને હમારા મોહસીનો મુશરીક મૌલાના વકીલ સાહેબની કારરવાઇમાં સમજ ના પડવાસી, તમો તે સાહેબના અમરને ના સમજી શકા, તેજ મુવાફીક, આ સવળાબી વોહ કાદીરો મુતલક મૌલાના મલક સાહેબની કાર-રવાઇમાં ના સમજી શકા અને મુખાલેફત કીધી."

ઉપલા પેરેગ્રાફના બઆદમાં આ ઝિકરને જોડી દેવું

મગર ના! મરહૂમ મૌલાનલ મુકદ્દસ સાહેબયે પોતાના તાબેઉનને, યાઅને પોતાની ઇસતિજાબતના કબૂલ કરનારાઓસી, વતન અને રોઝગાર છુડાયો તેની મતલબ એ નોહતી કે સવળાનુ ધન અને દૌલત પોતા પાસે જમ્આ થાય, મગર ના, તે સવળા નુફૂસો પોતાના

પાસે જમ્આ રહે અને પોતે પોતાના અશ્ગાલોસી છૂટા થાય—કેમ કે, પોતાનો ઝમાનો ઘણી થોડી મુદ્દતનો હતો—અને પોતાને પોતાના ઝમાનામાં જે કામ કરવુ થુ અને જે બયાનો ફરમાવા થા, તે બ-ઝાતે ખુદ તે સઘળા મુસતજીબૂન સુને. કેમકે, અશ્ગાલોમા અને બહાર મુકામોમા જો તે રહે, તો તે સઘળા—તે નુફૂસો—એમ ઇનકાર કરશે કે હમારા પર તે ચીઝો ગુઝરીજ નહિ, તેના માટે--તે હુજ્જતને કાએમ કરવા માટે—તે સઘળાને જમ્આ રાખા.

કેમકે, માઝીના ઝમાનમાં અંબીયાઓએ ઝુહૂર કીધુ અને તે સઘળા સાહેબોના સિલસિલાબી ચલા, અને તફર્રૂકાતબી પઢા, મગર માઝી અને મુસતકબલ એકજ હતુ; યાઅને, નબી મૌલાના મુસા (અ. સ.) ઝાહેર થયા તેના પેહલાનો ઝમાનોબી સતરનો છે, અને આપના ઝુહૂર કરા બઆદનો ઝમાનોબી સતરનો છે—યાઅને દોરૂસ-સતરજ કહેવાયો.

મગર, મરહૂમ મૌલાનાનો ઝમાનો-માઝી અને મુસતકબલમાં ફરક છે— માઝી સતર છે, અને મુસકતબલ કશ્ફ છે.

તેજ માટે, આપયે આ તરીકાને ઇખત્યાર કીધો, કે સઘળા ટાલિબો પોતાની કારરવાઈમાં સમજી શકે અને સોંચી શકે—તે માટે—તે સઘળાઓ પોતાના ધંધા અને રોઝગાર અને વતનને મૂકીને, પોતાના બયાનમાંજ ગૌરો ફીકર કરે કે: પોતાના ઝમાનમાં અને આવનાર ઝમાનમાં ફરક થાનાર છે. કેમકે,

પોતાના બઆદના ઝમાનાના સાહેબો જે કારરવાઇને કરશે તેનો મુકાબલો પોતાના ઝમાન સાથે મીલી નહિ શકે.

આ તો, મુખાલેફીનનો કૌલ છે, કે મૌલાનલ મુકદ્દસ સાહેબયે આ તરીકને ઇખ્તયાર કીધો, કે ઇસતિજાબતના કબૂલના કરનાર પોતાના ધન અને દૌલતને મૌલાના સાહેબને સોંપી દે! મગર ના! પોતે તો તે સઘળાને તેની દુનિયાની તકાલીફોસી તો દૂર કીધા, અને પોતે પોતાની ઝીમ્મેદારી પર—તેની નફસાની વ જીસ્માની—તેની હીફાઝત અને મોહાફેઝતના ઝીમ્મેદાર થયા.

આ તમો લખો છો કે તેને છૂટા મૂકા તેને કમાઇ ખાવાના માટે, મગર ના! હુદાતોની તાઅલીમ એ નથી કે અબનાએ-દાઅવત કેમ કમાવીને ખાય છે, અને કેમ કમાવે તે શીખાવે—તે નથી. જે મઆશની તદબીર કરી નથી જાણતો, પછી તે રૂહાની તરક્કી શું જાણશે? જે અમસાલમાં નથી આયો, પછી તે અસલને શું પુછશે કે: શું છે તે અસલ?

પછી આ સાતમા નાટિકની એક શરીઅત છે કે માઝીમાં અમસાલોની શરીઅત પર તે સઘળા ઝમાનાના લોગો લાગી રહ્યા, અને જે વખ્ત કે અમસાલના છુડાવનાર સાહેબો આયા, અને તે અમસાલ છે એમ સમજાવવાની કોશિશ કીધી, તો તે સઘળાએ એ હુજ્જત કીધી કે: શું તે માઝી સાહેબોએ અમલ ના કરાયુ? અને તેમાં મનફઆત ના બતાવવામાં આયો?

પછી તેની માઅરેફત તે બાટિનના લોગો—યાઅને તે બાટિનના ખ્યાલ રાખનારા—જાણે છે. પછી આ ઝાહેરને દેખીને લોગોએ મરહૂમની કારરવાઇ પર ગૌર ના કીધો અને લોમ કીધો કેઃ આ હિદાયતનો તરીકો નથી, મગર દૌલત જમ્આ કરવાનો તરીકો છે—પછી તમેબી ઈકરાર કરો છો કે હવે તેને કમાવા વાસ્તે છૂટા મૂકવા !

મગરના તે મકસદ તે સાહેબની નોહતી.

વધુમાં 'જવાબુલ-જવાબ'માં "શરીઅતે ઝાહેરા"ના પ્રકરણમાં નીચે મુજબ ઇઝાફાને જોડી દેવું (પાને ૧૦૧, લાઇન ૭ પછી):

તેમજ સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબ (આ. કુ.)ની ઝબાની મુબારક સૈયદી સાદિકઅલી સાહેબ (ક. રૂ.) પોતાની નસીહતમાં (પાને ૮૩, જીલ્દ પહેલી) પેશ કરે છે અને તે હજરે-અસ્વદના મફહૂમનો ઈશારો આ મિસલ ફરમાવે છે:

"કહ્યુ થુ આપયે મજલીબ કદમમાં—
હજરે-અસ્વદ છે પથ્થરની કિસમમાં

શરફ એહનુ છે ઝાહેર સબ ઉમમમાં
ફરઝ છે ચુંમવુ લોહો કલમમાં

સિયાહ પથ્થરમાં શું છે ભેદ આઅલા
અઝ્મત ને નબી ચુંબીને ચાલા."

હવે આજ હજરે-અસ્વદ છે કે તેના માટે પણ ખલીફાએ-સાની પોતાના ખ્યાલને આ મિસલ ઝાહેર કરે છે :

(જુઓ "મિશ્કાતુલ-મસાબીહ" નો હવાલો મૌલવી મોહમ્મદ અલીના કુરઆને શરીફના અંગ્રેઝી તરજુમામાં પાને ૯૦ ઉપર)

"Verily I know that thou art a stone; thou dost no good or harm in the world, and if it was not that I saw the Prophet kiss thee, I would not kiss thee."